પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામી વિરચિત

# "શ્રી આચારાંગ સૂત્ર"

પ્ર. શ્રુતસ્કંધ - બંભચેરાણિ નો

ભાવાનુવાદ

# "આત્મજ્ઞાન"



અનુવાદક: મુમુક્ષુ નગીનદાસ કેવળદાસ પાટડીવાળા

પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામી વિરચિત

# શ્રી આચારાંગ સૂત્ર

પ્ર. શ્રુતસ્કંધ - बंभचेराणि નો

ભાવાનુવાદ

## “ આત્મજ્ઞાન ”


અનુવાદક

મુમુક્ષુ નગીનદાસ કેવળદાસ શાહ પાટડીવાળા

## -: પ્રાક્કથન :-

### સંસાર અને મુક્તિ

જગતનાં સમસ્ત દુઃખોનું મૂળ કારણ – અજ્ઞાન અને મોહ છે,
અજ્ઞાન અને મોહને કારણે જીવ હિંસાદિ અસત્પ્રવૃત્તિ કરે છે,
અસત્પ્રવૃત્તિથી જીવને કર્મો બંધાય છે,
કર્મબંધનથી જન્મ-મરણનું ચક્ર ચાલતું જ રહે છે,
આનું નામ જ સંસાર.
તેથી ઊલટી રીતે વર્તવાથી જીવનો મોક્ષ થાય છે
અર્થાત્

**अणुसोओ संसारो**
**पडिसोओ मुक्खमग्गो त्ति**

---


વિક્રમ સંવત્ ૨૦૩૫ ० કોપી ૧૦૦૦

જૈનધર્મનાં પુસ્તકો શક્ય તેટલી ઓછી કિંમતે પહોંચાડવાના ઉદ્દેશથી
કિંમત રૂપિયા ત્રણ

પ્રકાશક : સંપાદક :
નગીનદાસ કેવળદાસ શાહ
૩૫, ભાવસાર સોસાયટી,
નવા વાડજ
અમદાવાદ-૧૩

મુદ્રક :
કે૦ ભીખાલાલ ભાવસાર
શ્રી સ્વામીનારાયણ મુદ્રણ મંદિર
૬૧૨/૨૧, પુરુષોત્તમનગર,
નવા વાડજ બસસ્ટેન્ડ સામે,
અમદાવાદ-૩૮૦૦૧૩

---

પ્રાપ્તિસ્થાન :

શ્રી રતીલાલ બાદરચંદ
દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

★

જૈનશ્રેયસ્કર મંડળ,
મહેસાણા-પાલીતાણા

શ્રી જસવંતલાલ ગિરધરલાલ
દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

★

શ્રી સોમચંદ ડી.-શાહ
પાલીતાણા

ત્રીસેક વર્ષ જેમની છત્રછાયામાં રહી જેમના ગુણોનો આસ્વાદ કર્યો

તે

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજજીને સમર્પણ

જન્મ : વિક્રમ ૧૯૫૨ સ્વર્ગવાસ : ૨૦૨૭



स्वार्थत्यागकी कठिन तपस्या बिना खेद जो करते हैं,

ऐसे ज्ञानी साधु जगतके दुःखसमूहको हरते हैं ॥



सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं........

પૂજ્ય પિતાશ્રી

**શ્રી કેવળશી બાવલભાઈ**

પૂજ્ય માતુશ્રી

**શ્રી ઉજમબહેન**

ના

ઋણસ્વીકાર નિમિત્તે

ચિ. નગીન

અ. સૌ. સુશીલાબેન નગીનદાસ

## સંસાર અને મુક્તિ—જૈનઆગમની દૃષ્ટિએ

પ્રથમ જીવની અસ્મિતા સમજવી.

જીવ અને કર્મનો સંબંધ સમજવો તથા સ્વીકારવો.

શુભાશુભ કર્મસંયોગે જીવો દેવ–મનુષ્ય–નરક–તિર્યંચ
—એ ચાર ગતિરૂપ સંસારમાં ભટકે છે.

સ્વાર્થ કે પ્રમાદવશ; તથા રાગ કે દ્વેષવશ
જે જીવો સાથે સ્નેહભાવ કે વેરભાવના સંબંધો બંધાયા હોય
તે જીવોનો પૂર્વભવના ઋણાનુબંધને યોગે
તે તે વ્યક્તિ સાથે જીવન સંબંધ બંધાય છે અને
તે ઋણાનુબંધ પૂર્ણ થતાં સૌ છૂટા પડી જાય છે.
ફલતઃ અજ્ઞાનીજીવો રાગદ્વેષથી નવા સંબંધો ઊભા કરે છે
આનું નામ જ સંસાર.

જ્ઞાની એટલું સમજી લે છે કે—
દરેક જીવો આપણા કોઈક પૂર્વભવના સંબંધી જ હતા.
તેથી તત્ત્વતઃ વિચારીએ તો—કોઇ પરાયું નથી.
એમ સમજી દરેક સાથે મૈત્રીપૂર્ણ સદ્વ્યવહાર રાખે,
પરંતુ સ્વાર્થ કે પ્રમાદ વશ; રાગ કે દ્વેષ વશ
સારા નરસા સંબંધો આપણે જ ઉભા કરેલા છે.
માટે કોનો રોષ–તોષ કરવો ?

કર્મબંધનું યથાર્થ સ્વરૂપ સમજી,
આવી પડેલા સારા–નરસા સંયોગોમાં રાગદ્વેષ ન કરતાં
અનાસક્તિપૂર્વક જીવન જીવનારને જ્ઞાની કહ્યો છે.
ક્રમશઃ તે જીવ સંસારથી મુક્ત થઈ જાય છે,

અર્થાત્

ક્લેશે વાસિત મન = સંસાર ક્લેશરહિત મન તે ભવપાર.

卐

# ગ્રંથાનુક્રમ


* મુખપૃષ્ઠાદિ ૧
* પ્રાક્કથન ૨
* આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ૦નો ફોટો તથા સમર્પણ
* ઋણ સ્વીકાર ૩
* સંસાર અને મુક્તિ--જૈન આગમની દૃષ્ટિએ ૪
* ગ્રંથાનુક્રમ ૫
* બોધિસત્ત્વની જાતક કથા ૬
* આમુખ ૭-૯
* પ્રસ્તાવના ૧૦-૩૨

ગ્રંથનું નામ

કર્તા અને સમય

ધર્મની વ્યાખ્યા

અહિંસા એજ આજ્ઞા છે અને આજ્ઞા એજ ધર્મ છે.

વિવેક

કષાયો અને આસક્તિ એ જ સંસાર

જૈનધર્મની અપેક્ષાએ કર્મસ્વરૂપ

સાચી સમજ, શ્રદ્ધા અને તદ્રુપ આચરણમાં જ મોક્ષ

ચારિત્રનું સ્વરૂપ

તપ

ભ૦ મહાવીરની અહિંસા

,, નો સ્યાદ્વાદ

,, નો સર્વોદય

,, ની વાણી

પ્રથમશ્રુતસ્કંધ-૯ અધ્યયનનો ટૂંકસાર

પ્રાચીનકાળ અને વર્તમાનકાળ

આજનો જૈન સમાજ

અભિપ્રાય અને આશય

આભાર

* પ્રથમ શ્રુતસ્કંધ-નવ અધ્યયનનો ભાવાનુવાદ ૧ થી ૧૨૩
* ,, ,, નું વિસ્તૃત વિવેચન ૧૨૪થી ૧૪૬

# બોધિસત્ત્વની જાતક કથા

સુમેધે મનોગત એમ કહ્યું કે–

"હું ભાવિબુદ્ધ તો છું, પરંતુ એવા બુદ્ધત્વને એમ સહેલાઇથી શી રીતે પ્રાપ્ત કરી શકાય ?

એ મેળવવા માટે તો મનુષ્યે પ્રથમ પોતાની જાતને યોગ્ય અને સુપાત્ર બનાવવી જોઈએ. એ વિના એ અમૂલ્ય સ્થાન કદાપિ પ્રાપ્ત થઇ શકે નહીં, વળી એક જ ભવમાં પણ એ કાર્ય સિદ્ધ થઈ શકે નહીં.

"એ માટે તો અનેક યોનિઓમાં અનેક જન્મો લેવા પડશે, અને ઉત્તમ ગુણોને ખીલવવા પડશે, તથા

આત્માના વિકાસને રૂંધી નાખનાર તામસી તત્ત્વોનો નાશ કરવો પડશે.

દાન, શીલ, નૈષ્કર્મ્ય, પ્રજ્ઞા, વીર્ય, ક્ષમા, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી અને ઉપેક્ષા એ દશ લોક હિતકારક ગુણોની વૃદ્ધિ કરવી પડશે.

સાચા બુદ્ધત્વને પ્રાપ્ત કરવા માટે આ દશેય પારમિતાઓનો મારે અભ્યાસ કરવો પડશે."

આટલું વિચારીને જાગૃત ધર્મબુદ્ધિવાળા સુમેધે મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે—

"મારો જન્મ ગમે તે યોનિમાં થાય, તોપણ આ દશેય ગુણોને ખીલવવાના પ્રયત્નમાં હું પ્રમાદ સેવીશ નહિ."

મનના દૃઢ સંકલ્પે તેના મુખ પર એક સાત્ત્વિક સ્મિત ફરકયું અને એજ ક્ષણથી સુમેધને બોધિસત્ત્વની સંજ્ઞા પ્રાપ્ત થઈ.

બુદ્ધ થયા પહેલાના જન્મોમાં તે બોધિસત્ત્વના નામથી ઓળખાતા હતા અને તે પ્રત્યેક ભવની કથાને જાતકકથા કહેવાય છે.

# આમુખ

વૈદિકોમાં જેમ વેદ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેમ જૈનોમાં આચારાંગનું મહત્ત્વનું સ્થાન છે. આચાર્ય ભદ્રબાહુસ્વામીએ તો આચારાંગને 'વેદ' સંજ્ઞા પણ આપી છે જૈન ધર્મના સર્વ ઉપદેશનું મૂળ આ આગમમાં છે. આથી તેની 'વેદ સંજ્ઞા' જે આપવામાં આવી છે તેમાં ઔચિત્ય છે.

અત્યારે જે આગમો ઉપલબ્ધ છે તેમાં સૌથી પ્રાચીનતમ જ નહીં પણ ભ. મહાવીરના ઉપદેશને નિર્ભેળ રીતે રજૂ કરનાર કોઈ આગમ હોય તો તે આચારાંગ જ છે.

આથી સમગ્ર જૈન સાહિત્યમાં તેનું વિશેષ મહત્ત્વ હોય તે સ્વાભાવિક છે. પણ દુર્ભાગ્યે આ આગમ તેના મૌલિકરૂપમાં સંપૂર્ણરૂપે ઉપલબ્ધ નથી, છતાંપણ જે રૂપમાં તે છે તે પણ ભ. મહાવીર જાણે કે સાક્ષાત્ જ ઉપદેશ આપી રહ્યા હોય તેવી વાચક ઉપર છાપ પાડે છે.

અહીં જે આચારાંગની વાત કરવી છે તે તેના પ્રથમ શ્રુતસ્કંધ પૂરતી જ છે.

તેના નામ પ્રમાણે તે આચાર વિષેનું જ શાસ્ત્ર છે, પણ તેમાં આચારના નિયમોની ચર્ચા નથી. તે તો તેના બીજા શ્રુતસ્કંધમાં છે, કે જે તેમાં પાછળથી ઉમેરવામાં આવ્યું છે—એ બાબત સર્વવિદિત છે. આમાં તો આચારના સિદ્ધાંતોની ચર્ચા છે. તો જોઈએ કે—તે સિદ્ધાંતો કયા કયા છે?

ઉપનિષદોના એકાત્મવાદના સિદ્ધાન્તને આધાર બનાવવામાં આવે તો અહિંસા, કર્મ આદિની પારમાર્થિક ચર્ચાનો સંભવ જ ન રહે. આથી ભારતીય દર્શનોમાં એકાત્મવાદને માત્ર વેદાન્તમાં જ સ્થાન મળ્યું છે. ઇતરપ્રસિદ્ધ ભારતીય દર્શનોમાં અનેકાત્મવાદ માનનારાની સંખ્યા અધિક છે. અને તે વાદના પુરસ્કર્તા તરીકે ભ. મહાવીર અને તેમના પુરોગામિઓ હતા —એ નિઃસંદેહ છે.

આચારાંગના પ્રારંભમાં જ કહેવામાં આવ્યું છે કે—જે એમ જાણે છે કે—'જે આત્મા અનેક જન્મોના ફેરા કરનાર છે તે હું છું અને તે જ ખરો આત્મવાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી છે' અને ભ. મહાવીરે એ આત્માના આ પુનર્જન્મના ચક્રનું નિરાકરણ કરવાનો માર્ગ બતાવ્યો છે, અને તે છે 'કર્મપરિજ્ઞા'

એટલે કે જીવ નાના પ્રકારના કર્મસમારંભો કરે છે. તેથી જ તે પુનર્જન્મના ચક્રમાં ફર્યા કરે છે. એટલે જો તે કર્મસમારંભથી વિરત થાય તો જ તે ફેરામાંથી મુક્ત થાય. આમ કર્મ એ શું છે? તે જાણે અને તેનાથી વિરત થાય તે 'કર્મપરિજ્ઞા' છે.

આ કર્મપરિજ્ઞાને સમજવા માટે પ્રથમ તો એ જાણવું જરૂરી કે--જીવોના પ્રકાર કેટલા છે? અને જીવો કર્મસમારંભ કરે છે એટલે શું? આની સ્પષ્ટતા કરવામાં આવી છે કે જીવનિકાય છ છે. તેમાં ઘણા તો એવા છે કે જે અત્યંત સૂક્ષ્મ હોઈ તેના અસ્તિત્વનું જ ભાન આપણને થઈ શકતું નથી. આથી ભારતીય દર્શનોમાં આ ષડ્જીવનિકાયનો સિદ્ધાન્ત ભ. મહાવીરે આચારાંગમાં સર્વપ્રથમ પ્રરૂપ્યો છે. તે છે--પૃથ્વી, અપ, તેજસ્, વાયુ, વનસ્પતિ અને ત્રસ--આ છ પ્રકારના જીવોનું અસ્તિત્વ. ચાલતા-ફરતા ત્રસ જીવોનું અસ્તિત્વ તો આપણને સૌને સુગમ છે પણ 'પૃથ્વીઆદિમાં પણ જીવ છે' -એ વાત ભગવાન મહાવીરે જે સમજાવી છે—તે સર્વ સુગમ નથી અને તેથી જ જે માનવો અજાણ્યે આ સૂક્ષ્મ જીવોને ધર્મનિમિત્તે પણ દુઃખ આપી રહ્યા હતા તે વિષે માનવને તેમણે સભાન કર્યો.

સૌ સંસારી જીવો દુઃખી છે. એટલે એ દુઃખ માત્ર માનવ જેવા ત્રસ જીવોને જ છે એમ નહીં પરંતુ આ ઉક્ત સૂક્ષ્મ જીવો પણ દુઃખનો અનુભવ કરે છે અને માનવ તેના અજ્ઞાનને કારણે એ દુઃખ એ સૂક્ષ્મ જીવોને આપીરહ્યો છે--તે તરફ ધ્યાન દોરવાનું કામ આચારાંગમાં ભ. મહાવીરે કર્યું છે.

'કર્મસમારંભ' એટલે શું? સંક્ષેપમાં કહેવું હોય તો 'હિંસા'.

જીવો સંસારમાં રહી નાનાપ્રકારે હિંસાનું આચરણ કરી અન્ય જીવોને દુઃખ દેતા હોય છે. એ હિંસાનું મૂળ શામાં છે? આનો જવાબ છે કે--જીવો પોતાને માટે જ બધું ભેગું કરે છે અને પરિગ્રહી બને છે. એ પરિગ્રહ વધારવામાં બીજાને શું કષ્ટ પડે છે? તેનું ધ્યાન તે રાખતો નથી. આથી હિંસાનું મૂળ પરિગ્રહ છે.

માનવ એ ભૂલી જાય છે કે-જેમ મને સુખ પ્રિય છે તેમ સર્વજીવોને સુખ ગમે છે, મને મૃત્યુ નથી ગમતું કે દુઃખ નથી ગમતું તેમ સર્વજીવોને પણ મૃત્યુ કે દુઃખ નથી ગમતું. પરંતુ તે પોતાની સ્વાર્થસિદ્ધિ માટે બીજાના દુઃખનો વિચાર નથી કરતો. જીવોના આ મિથ્યાચારનું નિવારણ ભ. મહાવીરે સમભાવમાં જોયું અને તેથી તેમણે સર્વપ્રથમ સામાયિકનો ઉપદેશ આપ્યો. એટલે કે જીવોએ સર્વજીવો પ્રત્યે સમભાવ રાખવો. આ સમભાવના પરિણામે તે કોઈને પણ દુઃખ

આપશે નહીં. આમ ઉપનિષદ્‌ના બ્રહ્મભાવને સ્થાને ભ. મહાવીરનો સમભાવ જૈનધર્મમાં સિદ્ધાન્તરૂપે સ્થિર થયો છે. 'એ સમભાવમાંથી અહિંસા એ પરમધર્મ છે' એ ફલિત થાય છે.

સમગ્ર આચારાંગમાં હિંસા ક્યાં ક્યાં કેવી રીતે થઈ રહી છે? એનો નિર્દેશ કરી તેથી વિરત થવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ઉપનિષદો પછી અહિંસાનો ઉપદેશ કોઈ પણ શાસ્ત્રમાં સર્વ પ્રથમ મળતો હોય તો તે આ આચારાંગમાં છે અને તેને જ કારણે સમગ્ર ભારતીય સાહિત્યમાં આ આચારાંગનું મહત્ત્વ છે.

આચારાંગનો અનુવાદ કે ભાવાર્થ લખવાનું કામ સરલ નથી અને વળી તે સર્વસુગમ બને એ રીતે એ કાર્ય કરવું તે તો વળી વધારે કઠણ છે. અત્યાર સુધીમાં તેના અનેક અનુવાદો થયા પણ છે. અને તેમાં આ એકનો વધારો કરી આપવા માટે પં. શ્રી નગીનભાઈ સૌ વાચકોના ધન્યવાદને પાત્ર બનશે—એમાં મને સંદેહ નથી. શબ્દોને વળગ્યા વિના માત્ર તેના ભાવને પકડીને જ તેમણે આ અનુવાદ કર્યો છે. અને તેમાં ભાવાર્થ પણ આપવાનો પ્રયત્ન તેમણે કર્યો છે. તેમાં તેમની મુખ્ય દૃષ્ટિ વાચકને મૂળસૂત્રનું હાર્દ આપી દેવાની છે. એટલે ખપી વાચકને તે અત્યંત ઉપયોગી થશે એમાં મને સંદેહ નથી.

લા. દ. વિદ્યામંદિર
અમદાવાદ-૯
તા. ૨૩-૧-૭૯

(શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના
મા. ડાયરેક્ટર)
દલસુખ માલવણિયા

卐

पुप्फ-फलाणं च रसं सुराइ-मंसाइ-महिलियाणं च ।
जाणंता जे विरया ते दुक्करकारया वंदे ॥

❀

તે પુરુષો પુણ્યશાળી છે કે-જેઓ સ્ત્રીઓના હૃદયમાં વસે છે,
પરંતુ તેઓ તો દેવોને પણ વંદનીય છે કે
જેમના હૃદયમાં સ્ત્રીઓ વસતી નથી.

# પ્રસ્તાવના

## નામ

પ્રસ્તુત આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ (વિભાગ) છે.

પહેલા શ્રુતસ્કંધનું નામ–**आयारो (बंभचेराणि)** છે. તેના ૯ અધ્યયનો છે.

બીજા શ્રુતસ્કંધનું નામ–**आयारग्ग छे. અર્થાત્ આચાર(૯ બ્રહ્મચર્ય અધ્યયનો)** નામના પહેલા શ્રુતસ્કંધને પૂરક બીજો શ્રુતસ્કંધ છે. તેના ૧૬ અધ્યયનો છે. તે બધા આ રીતે ચાર ચૂલિકામાં વહેંચાયેલા છે (મૂલ અધિકાર કહ્યા પછી, તેને પૂરક–વિશેષ જે કાંઈ કહેવું હોય તેને **चूला** કહેવાય છે).

| | |
|---|---|
| ૧ થી ૭ અધ્યયન | ... **प्रथमा चूला** |
| ૮ થી ૧૪ અધ્યયન | ... **द्वितीया चूला** |
| ૧૫મું ભાવના અધ્યયન | ... **तृतीया चूला** |
| ૧૬મું વિમુત્તી અધ્યયન | ... **चतुर्थी चूला** |
| નિશીથસૂત્ર | ... **पंचमी चूला** |

આચારાંગમાં પ્રયુક્ત '**बंभचेराणि**'ને યાદ કરતાંની સાથે જ ધર્મસૂત્રોમાં પ્રયુક્ત બ્રહ્મચર્ય આશ્રમ, ઉપનિષદોમાં ઉલ્લિખિત બ્રહ્મ શબ્દ તથા બૌદ્ધોના બ્રહ્મવિહારની યાદ તાજી થાય છે.

નામની સમાનતા હોવા છતાં અર્થમાં જે અંતર છે તે ઉપર ધ્યાન દેવું જરૂરી છે.

**ધર્મસૂત્રોમાં** બ્રહ્મનો અર્થ વેદ કર્યો છે. તેથી ત્યાં જ્ઞાન તથા જ્ઞાન પ્રાપ્તિ માટેની ચર્યાનું નામ બ્રહ્મચર્ય કહેલ છે.

**ઉપનિષદોમાં** બ્રહ્મનો અર્થ આત્મા, તેની પ્રાપ્તિ અથવા સાક્ષાત્કાર કરવાની ચર્યાનું નામ બ્રહ્મચર્ય કહેલ છે.

**બૌદ્ધોમાં** મૈત્રી–પ્રમોદ–ઉપેક્ષા અને કરૂણા : આ ચાર ભાવનામાં વિચરણ કરવું તે બ્રહ્મવિહાર માનેલ છે.

**આચારાંગમાં** બ્રહ્મનો અર્થ સંયમ કરવાથી સંયમનું આચરણ એટલે બ્રહ્મચર્ય—એવો અર્થ કરેલ છે.

જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્ય એટલે બ્રાહ્મણોની ચર્યા પણ નહિ અને અજ્ઞાની લોકોનો બસ્તિ નિરોધ પણ નહીં, પરંતુ ૧૭ પ્રકારનો સંયમ તેમાં વિશેષતયા પ્રતિપાદિત હોવાથી તે ૯ બ્રહ્મચર્યાધ્યયન કહેવાય છે.

અહિંસા અને સમભાવપૂર્વકની સાધનાનું નામ જ સંયમ છે અને તેનો જ ઉપદેશ આચારાંગમાં કરેલ હોઈ તેનું 'બ્રહ્મચર્ય અધ્યયન' નામ સાર્થક છે.

મહાવીર ભગવાન ક્ષત્રિય હોવા છતાં નવમા અધ્યયનમાં माहणेण मईमया કહેલ છે. અહીં બ્રાહ્મણ શબ્દના અર્થને પૂર્ણતઃ સંસ્કારિત કરેલ છે.

યજ્ઞયાગાદિ તથા હિંસામાં સંલગ્ન, લોહીથી ખરડાયેલા હાથવાળા તે વખતના વૈદિક બ્રાહ્મણો ક્યાં ? અને આત્મસાધનામાં સંલગ્ન તથા અહિંસાના પૂજારી આ મહાવીર બ્રાહ્મણ ક્યાં ? અર્થાત્ બ્રાહ્મણ શબ્દનો આધ્યાત્મિક રીતે વિકસિત અર્થ કરીને તેને આચારાંગમાં ઠેરઠેર સ્થાન આપેલ છે.

વીર–મહાવીરનો અર્થ જગતમાં બળ અને ક્રુરતાની દૃષ્ટિએ અથવા હિંસા અને શોષણની દૃષ્ટિએ આપણે જુદો કરીએ છીએ, પરંતુ ભગવાન અહિંસકપણે જીવી વીર–મહાવીર કહેવાયા છે. વળી આચારાંગમાં ઠેર ઠેર આવે છે કે—'અહિંસાની સાધના એ વીરનો માર્ગ છે', કેમકે લાખ્ખોના વિજેતા વીરમાં જે શક્તિ નથી હોતી, તે શક્તિ આ વીર સાધકના સંકલ્પ બળમાં હોય છે.

આચારાંગમાં પ્રયુક્ત माहण, मेधावी, वीर, बुद्ध, पंडित, आर्य, वेदवित् આદિ શબ્દોનો વ્યવહાર જગતમાં જુદા જુદા અર્થમાં થાય છે. અહીં ભગવાને તે શબ્દોને ખરા અર્થમાં મૂક્યા છે.

કોઈને હણે નહીં તે मा+हण

આત્મતત્ત્વને જાણે તે मेधावी, पंडित, बुद्ध, वेदवित्

બદલો લેવાનું સામર્થ્ય હોવા છતાં જીવો ઉપર દયા રાખે અને કષાયોને જીતે તે वीर, महावीर

શિષ્ટ વ્યવહાર રાખે તે आर्य ઇત્યાદિ.

## કર્તા અને સમય

**अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा निउणं ।**
**सासणस्स हियट्ठाए तओ सुत्तं पवत्तेइ ॥** आव० निर्युक्ति १९२

આચારાંગના મૂલ નિર્માતા મહાવીર ભગવાન છે અને તેને સૂત્રબદ્ધ કરનાર તેમના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી છે એટલે આચારાંગનો સમય ઈસ્વીસન

પૂર્વે છઠ્ઠી શતાબ્દી ગણાય, પરંતુ આ હકીકત પહેલા શ્રુતસ્કંધ માટેની છે, કારણકે આવ૦નિ૦માં બીજા શ્રુતસ્કંધને સ્થવિરકૃત માનેલ છે.

थेरेहिऽणुग्गहट्ठा सीसहिअं होउ पगडत्थं च ।
आयाराओ अत्थो आयारग्गेसु पविभत्तो ॥ આવ૦નિ૦ ૨૮૭

**સ્થવિર** શબ્દની વ્યાખ્યા કરતાં શીલાંકાચાર્યે ચતુર્દશપૂર્વધરને સ્થવિર માનેલ છે, પરંતુ ચૂર્ણિકારે સ્થવિરનો અર્થ ગણધર કરેલ છે.

**तत्र इदानीं वाच्यम् , केनैतानि निर्यूढानि ?...एयाणि पुण आयारग्गाणि आयारां चेव निज्जूढाणि । केण णिज्जूढाणि ? थेरेहिं । थेरा गणधरा ।**--आचा० चूर्णि०

## ધર્મની વ્યાખ્યા

**धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो**

જેમાં અહિંસા–સંયમ અને તપનું આચરણ હોય તે ધર્મ ઉત્કૃષ્ટ હોવાથી મંગલસ્વરૂપ છે. આવો ધર્મ ફક્ત મનુષ્યો જ પાળી શકે, કેમકે મનુષ્યમાં સારા-સારની વિવેકબુદ્ધિ વિશેષ રૂપે રહેલી છે અને તેથી જ મનુષ્ય સર્વજીવોમાં મુગટ રૂપે ગણાય છે. માનવ ધારે તો દિવ્યત્વને મેળવી શકે છે.

અને અવળા માર્ગે ચાલે તો દાનવતાને પંથે પડે છે.

## 'અહિંસા એ જ આજ્ઞા છે અને આજ્ઞા એ જ ધર્મ છે'

**आणाए धम्मो**

સર્વજ્ઞ ભગવાને આજ્ઞા પાલનમાં જ ધર્મ કહ્યો છે.

પરંતુ, તે આજ્ઞા કયી ?

**जे अईया जे य पडुप्पन्ना जे य आगमेस्सा अरहंता भगवंता ते सव्वे एवमाइक्खंति...सव्वे जीवा...ण हंतव्वा ण अज्जावेयव्वा...एस धम्मो सुद्धे...**
...आचा० १३२

જોકે દરેક જીવોના સુખ-દુઃખ જુદા જુદા હોય છે. એકે માનેલું સુખ બીજાને દુઃખરૂપ હોય છે અને એકે માનેલું દુઃખ બીજાને સુખરૂપ હોય છે પરંતુ જીવવું તો સૌને જ ગમે છે, મરવું કોઈને ગમતું નથી. તેથી ભગવાને **तत्थ खलु भगवया परिण्णा पवेइया** ઠેરઠેર કહ્યું છે અર્થાત્ હેય-જ્ઞેય અને ઉપાદેયને તત્સ્વરૂપે જાણવા-સ્વીકારવા તથા ત્યાગ કરવાનો વિવેક કરવાનું ફરમાવ્યું છે. અર્થાત્

જીવો તથા તેના આરંભ-સમારંભથી થતી જીવહિંસાને સમજીને તેથી દૂર રહેવાની ભગવાનની આજ્ઞા છે. તેને જ સમ્યક્ત્વ અને તેને જ સંયમ કહેલ છે.

આ આજ્ઞાને પૂર્ણરૂપે સમભાવે જે કોઈ પાળે તે જ ખરેખર! મુનિ છે અને એ રીતે કર્મોનો ક્ષય કરી તે જીવ મુક્ત થઈ જાય છે-એમ ફરમાવ્યું છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે- જૈન ધર્મના પ્રરૂપક-તીર્થંકરોએ અહિંસાને જ તેમની મુખ્ય આજ્ઞા માનેલ છે, કારણકે-

અહિંસા બધાય જીવોને પ્રિય છે, અહિંસામાં જ વિશ્વશાંતિનું મૂળ છે.

વિશ્વનો કોઈ પણ માણસ ભગવાનની 'અહિંસા'ની આ આજ્ઞાને ધારે તો સહેલાઈથી પાળી શકે છે. તે કારણે ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે કે--

**न दीसई जाइविसेस को वि** અહીં નાત-જાતનું કોઈ પણ બંધન નથી તથા આ ધર્મ કોઈપણ એક બદ્ધ સંપ્રદાય, નિશ્ચિત સમાજ કે જ્ઞાતિ વિશેષ માટેનો નથી, પરંતુ પ્રાણીમાત્ર માટે આશીર્વાદરૂપ હોવાથી આ ધર્મને જે કોઈ સમજે અને પાળે તે સૌ કોઈનો ગણાય, પરંતુ-

સામાન્ય જીવો અજ્ઞાનવશ 'આ ધર્મ વાણિયાનો છે અને તેથી તેમનામાંની કોઈકની વ્યવહારુ ખામી આ જૈન ધર્મ કે તેમના ધર્મગુરુઓને નામે ચડાવી તેનો હિંસક બદલો લેવાય છે, પરંતુ તે ખરેખર! તેમની અજ્ઞાનતા છે.' જૈન ધર્મના દ્વાર માનવ માટે તો શું? પશુપંખી માટે પણ ખુલ્લા છે. તે પણ તેમની ભૂમિકા મુજબ સાધના કરી શકે છે.

ધર્મશાસ્ત્રોમાં સૌપ્રથમ આચારાંગને મૂકયું છે તે વ્યાવહારિક રીતે પણ યથાર્થ છે. કેમકે **आचारः प्रथमो धर्मः** અર્થાત્ કોઈ પણ ચીજનું જ્ઞાન ત્યારે જ સાર્થક ગણાય છે કે તે જાણ્યા પછી યથાસમયે તેનો તે મુજબ અમલ થાય.

અગ્નિ દઝાડે છે, સાપ કરડે છે-આદિનું ભાન જ્યાં સુધી બાળકને હોતું નથી ત્યાં સુધી તેને મન અગ્નિ અને સાપ પકડવાની અને રમવાની ચીજો ગણાય છે. અને તેથી જ તેને આપણે અબૂઝ બાળક ગણીએ છીએ.

તે રીતે અહિંસા અને ઉપશમભાવથી જીવને ઉચ્ચગતિ પ્રાપ્ત થાય છે,
તથા હિંસા અને ક્રોધાદિકષાયોથી જીવને નીચગતિ પ્રાપ્ત થાય છે,

-એવું આત્મકલ્યાણનું સીધું અને સાદું તત્ત્વજ્ઞાન અને તદનુસાર વર્તન જેમનું હોતું નથી તે બાહ્ય જગતની દૃષ્ટિએ ગમે તેવો મોટો પંડિત, અધિકારી સુખી કે ડાહ્યો ગણાતો હોય, પરંતુ શાસ્ત્રકારની દૃષ્ટિએ તો તે અજ્ઞાની જ છે.

અહિંસા એ માનવતાનું નવનીત છે. આધ્યાત્મિક સાધનામાં અહિંસાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. બધા ધાર્મિક અનુષ્ઠાનો આ અહિંસાથી જ જીવિત છે અને તેને આધારે જ તે બધા નવપલ્લવિત, પુષ્પિત અને ફલિત થાય છે. અહિંસાના અભાવમાં કોઈપણ સાધના જીવિત રહી શકે નહીં.

તેથી જ તીર્થંકરોએ સાધનામાં અહિંસાને મુખ્ય સ્થાન આપ્યું છે, પાંચ મહાવ્રતોમાં પાછલા ચાર અહિંસાથી જ સંબદ્ધ છે. જે સાધકના જીવનમાં અહિંસા-દયા-અનુકંપા અથવા સામ્યભાવનું પવિત્ર ઝરણું વહેતું નથી ત્યાં સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકાસ થવો પણ અસંભવિત છે. તેથી સ્પષ્ટ છે કે-અહિંસા સાધનાનો પ્રાણ છે અને તેથી જ પ્રથમાધ્યયનના દરેક ઉદ્દેશાને અંતે કહ્યું છે કે-

"ષટ્કાયના આરંભને સમજીને, તેથી થતી જીવહિંસાથી જે સાધક સર્વથા દૂર રહે તે જ ખરો મુનિ છે."

આથી સ્પષ્ટ સમજાય છે કે—'પૃથ્વીકાયાદિમાં પણ જીવ છે'—તે સંબંધી જેને જ્ઞાન જ નથી તે તેના આરંભ–સમારંભથી દૂર રહી શકે જ નહીં. તેની પ્રવૃત્તિ હિંસામય જ રહે. ફલતઃ ૮૪ લાખ જીવાયોનિરૂપ સંસારમાં તે ભટકતો જ ફરે.

પરંતુ, જેને તદ્વિષયક જ્ઞાન હોય છે તે તેનો આરંભ-સમારંભ કરતો પણ નથી, બીજા પાસે કરાવતો પણ નથી અને અંતે તે કર્મમુક્ત થઈ જાય છે. આરંભસમારંભથી વિવશ બનેલો જીવ સંસારમાં આંધળાની જેમ આમતેમ ભટકે છે.

કયારેક તે નરકગતિના ભીષણ દુઃખો ભોગવે છે,
ક્યારેક તે તિર્યંચગતિમાં ક્ષુધા–પિપાસા તથા ભયાદિનો ત્રાસ વેઠે છે,
કયારેક તે મનુષ્યગતિમાં અનેક પ્રકારના આધિવ્યાધિ અને ઉપાધિ જન્ય કષ્ટોનો અનુભવ કરે છે, અને
કયારેક પુણ્યયોગે પ્રાપ્ત થયેલ દેવગતિમાં પણ તે જીવ માનભંગ તથા અલ્પઋદ્ધિ-સિદ્ધિ આદિને કારણે માનસિક દુઃખોનો અનુભવ કરે છે.

આ બધા દુઃખોથી ગભરાઈને તે જીવ તેના નિવારણ માટે પુનઃ જીવહિંસા-દ્વારા અકાર્યો કરવામાં પ્રવૃત્ત થાય છે. ફલતઃ નવાકર્મોનો બંધ અને તેનો વિપાકોદય ચાલુ જ રહે છે.

એમ સંસારમાં પરિભ્રમણ અને દુઃખપરંપરા અવિચ્છિન્નરૂપે ચાલુ જ રહે છે.

આ રીતે દુઃખો સહન કરતાં કરતાં અકામ નિર્જરા દ્વારા ઉપાર્જિત પુણ્ય-પુંજને પ્રભાવે જીવને મનુષ્યભવ, સંપૂર્ણ ઇંદ્રિયો, દીર્ઘાયુ, સ્વાસ્થ્યાદિ ઉત્તમ

સામગ્રીઓ મળવા છતાં પોતાની અજ્ઞાનતા અને પ્રમાદને કારણે તેનો દુરુપયોગ કરે છે. તે કારણે ફરી પાછો તે એવી ભીષણ અવસ્થામાં આવી જાય છે કે– જ્યાં અનંતકાળ સુધી તેને વિકાસનું સાધન મળતું નથી.

અહિંસામાંથી જ મૈત્રી–કરુણા–સદ્ભાવના–સેવા–ઉપકાર–સહકારાદિ દિવ્ય ભાવનાઓનો વિકાસ થાય છે, કે જેના પ્રભાવે માનવસમાજની સંસ્કૃતિ અને સભ્યતા પૂર્વકાળથી ટકી રહેલી છે. હિંસાથી કંટાળેલા રાષ્ટ્રો આજે પણ પંચશીલ જેવા સિદ્ધાંતો ઔપચારિક રીતે તો કબૂલે છે જ, પરંતુ અંતરમાં માયામૃષા ભરેલી હોવાથી હેતુ સરતો નથી.

જો માનવીમાં અહિંસાની ભાવના જન્મી નહોત તો માનવીનો કોઈ પરિવાર ન હોત, ન સમાજ હોત, ન રાષ્ટ્ર હોત અને આ બધા ઉપર દીપ્તિમાન રહેનારો કોઈ ધર્મસંબંધ પણ ન હોત.

અહિંસા જૈન સંસ્કૃતિ અને જૈન દર્શનનો મૂલ પાયો છે. આ કારણે જનતાના મન–મસ્તિષ્કમાં પૂર્વકાળથી જ અહિંસા અને જૈનધર્મ પરસ્પર જોડાયેલા શબ્દો બની ગયા છે.

એ કારણે જ જૈન ધર્મનું નામ લેતાં જ અહિંસા દષ્ટિગોચર થઇ જાય છે અને અહિંસાનું નામ લેતાં જ જૈન ધર્મનું સહજ સ્મરણ થઈ જાય છે.

## વિવેક

અહિંસા મહાન છે, એમાં તો બેમત છે જ નહિ, કેમકે તેનું આચરણ પ્રત્યેક જીવને ગમે છે, પરંતુ આ મહત્ત્વ ખરેખર અહિંસાના વિવેકમાં છે. વિવેક જ હિંસા અને અહિંસાનું યોગ્ય વિશ્લેષણ કરે છે. જેમકે–

એક દિવસે સત્યા અને અસત્યા નામે બે બહેનો નદીએ કપડાં ઉતારીને નાહવા લાગી. થોડીવારમાં અસત્યા બહાર નીકળી અને સત્યાના કપડા પહેરવા લાગી.

સત્યા તો હજુ નાહતી જ હતી, પરંતુ તેનું ધ્યાન અસત્યા ઉપર પડતાં જ તે બોલી ઊઠી—અરે ! અસત્યા ! તું મારાં કપડાં કાં પહેરે છે ?

પણ અસત્યા શાની સાંભળે ? એ તો સત્યાના કપડાં પહેરીને ત્યાંથી પલાયન થઈ ગઈ.

સત્યા બિચારી પાણીમાંથી નીકળી બહાર આવી. પણ હવે શું થાય ? તેને અસત્યાના કપડાં પહેરવા જ પડ્યા.

આ દુનિયામાં પણ આપણે એવું જ જોઈએ છીએ કે—

માણસમાં સત્યાસત્ય પારખવાનો વિવેક ન હોય તો સત્યના વાઘા પહેરીને

ફરતા અસત્યને સત્ય માની લે છે અને છુપી રીતે રહેલા ખરા સત્યને તે ઓળખી શકતો નથી.

વિવેકના અભાવમાં અહિંસા હિંસાનું રૂપ લઈ લે છે અને વિવેકના સદ્ભાવમાં હિંસા પણ અહિંસાની સીમામાં આવી જાય છે. તીક્ષ્ણ હથિયારોથી ઓપરેશન કરતો ડોક્ટર પ્રત્યક્ષરૂપે વાઢકાપ કરતો હોવા છતાં જેમ તેનો ઈરાદો શુદ્ધ છે તેની જેમ અહિંસા કે હિંસા એ તત્ત્વથી બાહ્ય વસ્તુ નથી. એ તો અંતરની શુદ્ધ અને અશુદ્ધ બે મનોવૃત્તિઓ છે. બહારતો ક્રિયા કે હલનચલનનું સમાન જ રૂપ હોય છે, પરંતુ અંદર અધિકારીભેદથી વિભિન્નસ્વરૂપે એ પ્રતિબિંબિત થાય છે.

એકને માટે જે અશુભ અને અપ્રિય છે તે બીજાને માટે શુભ કે પ્રિય હોઈ શકે છે. શ્રીગૌતમસ્વામી માટે ભગવાન પ્રિય હતા, તે જ ભગવાન ગોશાળા માટે પ્રતિસ્પર્ધી અને દ્વેષ્ય હતા.

આ રીતે વિચારતાં એ સ્પષ્ટ થાય છે કે-કર્મ બંધનના બીજ બે જ છે. રાગ અને દ્વેષ. આ રાગ-દ્વેષ જ ખરેખર હિંસા છે અને તે જ સંસારના મૂલ છે.

બાહ્યહિંસાના મૂળમાં જો રાગ-દ્વેષ ન હોય તો હિંસા પણ અહિંસા છે. અને બાહ્ય અહિંસાના મૂળમાં જો રાગ-દ્વેષ છે તો અહિંસા પણ હિંસા જ છે.

જૈનદર્શન વિવેક હીન-અબૂઝ અને મિથ્યાદષ્ટિ વ્યક્તિની અહિંસાને હિંસાજ માને છે અને તેના સત્યને પણ અસત્ય. કારણકે અહિંસાની આધારભૂમીરૂપ સમ્યગ્ જ્ઞાન(વિવેક)નો તેને અભાવ છે

વળી અહિંસાનું આ ચિંતન જ્યાંસુધી સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં ગતિશીલ રહ્યું, ત્યાંસુધી તો એ જૈન ધર્મને ગૌરવપ્રદાન કરતું રહ્યું-તેને યશસ્વી બનાવતું રહ્યું, પરંતુ જ્યારથી તેના ઉપર અજ્ઞાનની કાળી છાયા પડી, જ્યારથી તે સૂક્ષ્મ ચિંતનમાંથી ખસીને સ્થૂળ ચિંતનમાં પરિણમી, ત્યારથી અહિંસાનું સમગ્રરૂપ જ વિકૃત થઈ ગયું. જૈન સમાજનો હ્રાસ પણ અહિંસાના ખોટા ચિંતનને કારણેજ થયો છે-એમ કહીએ તો ખોટું નથી.

દાર્શનિક ચિંતનના અભાવમાં અહિંસાનો સ્થૂલ આચાર જડ થઈ ગયો. આપણે આજે અહિંસાના નામે સંપૂર્ણપણે ગતિહીન અને મતિહીન એવા અહિંસાના શબને માથા ઉપર ઉઠાવી રહ્યા છીએ. આ પ્રાણહીન અહિંસા પણ હિંસા જ છે. 'કોઈને સુધારવાને બ્હાને કે ધર્મને નામે કડવાશ જન્માવી તેને પ્રશસ્તરૂપ આપવું'-આ રીત સદંતર ખોટી છે.

# કષાયો અને આસક્તિ એ જ સંસાર

જોકે ક્રિયામાત્રથી કર્મબંધ થાય છે, છતાં રાગ-દ્વેષાદિ કષાયો અને આસક્તિવાળા આત્માને થનાર કર્મબંધ; કષાયો અને આસક્તિની તરતમતા મુજબ ન્યૂનાધિક સ્થિતિવાળા તથા શુભાશુભ ફળ દેનારા બને છે અને તે સાંપરાયિક કહેવાય છે.

તથા કષાયો અને આસક્તિરહિત આત્માને થનાર કર્મબંધ કષાયો અને આસક્તિના અભાવને લીધે ફક્ત બે જ સમયની સ્થિતિવાળો હોય છે અને તે જૈન પરિભાષામાં ઈર્યાપથિક કહેવાય છે

આ રીતે રાગ–દ્વેષાદિ કષાયો અને આસક્તિને કારણે થતા આરંભ-સમારંભરૂપ જીવહિંસાથી કર્મો બંધાય છે. અને તેથી જ તેના અભાવમાં કર્મમુક્ત થવાનું જૈન દર્શન માને છે.

ભીના કપડા ઉપર લાગેલી ધૂળ જેમ કપડા સાથે ચોંટી એકમેક થઈ જાય છે અને તે સાફ કરવા માટે મેલ અને ચીકાશ મુજબ તેવા તેવા પ્રયત્નો કરવા પડે છે, તે રીતે કષાયો દ્વારા બાંધેલા કર્મો આત્માસાથે સંબદ્ધ થઈને દીર્ઘકાળ-સુધી ચોંટી રહે છે અને પૂર્ણ સમયે તે તે કર્મોનો ઉદય થતાં તેનું ફળ જીવને ભોગવવું પડે છે; અથવા તે તે કર્મોનો ક્ષય કરવા માટે તેવા તેવા તપશ્ચર્યાદિ અનુષ્ઠાનો કરવા પડે છે.

પરંતુ સૂકા કપડાં ઉપર લાગેલી રજ તેને ખંખેરતાની સાથે જ જેમ કપડાથી છૂટી પડી જાય છે તે રીતે રાગદ્વેષાદિ કષાયોરૂપી ચિકાસ વિના માત્ર યોગોના વ્યાપારથી બંધાયેલાં કર્મો પ્રયત્ન વિના જ આત્માથી છૂટાં પડી જાય છે.

સારાંશ એ છે કે—ત્રણેય પ્રકારના યોગોની સમાનતા હોવા છતાં તેમાં જો કષાયો ભળેલા ન હોય તો કર્મોનો સ્થિતિબંધ અને રસબંધ થતો નથી. આ કારણથી જ **जे गुणे से मूलट्ठाणे** કહેલ છે.

આવું સમજીને સંસારનું પરિભ્રમણ રોકવા માટે મુમુક્ષુએ વિષયકષાયો છોડી માનસિક, વાચિક કે કાયિક ક્રિયાઓનો નિરોધ કરવો જોઈએ. તેથી કર્મબંધ પણ નહીં થાય અને સંસારનું પરિભ્રમણ પણ અટકી જશે.

હરકોઈ વ્યક્તિ તદ્યોગ્ય પુરુષાર્થ કરીને કર્મમુક્ત થઈ શકે છે. આ રીતે મુક્ત થયાના અનેક જ્ઞાતિઓના અનેક વ્યક્તિઓના દૃષ્ટાંતો મોજૂદ છે. મુક્તઃ થયા પછી તે વ્યક્તિ અન્યસિદ્ધોની જેટલીજ પૂજ્ય બને છે.

## જૈનધર્મની અપેક્ષાએ કર્મસ્વરૂપ

જૈન ધર્મ ગુણપૂજક છે, વ્યક્તિપૂજક નહિં અને તેથી જ જૈન ધર્મનો મૂલ મંત્ર- **नमो अरिहंताणं** આદિપાંચપદો દ્વારા સ્તવાતા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ: આ નામો પણ ગુણવાચક છે. આવા ગુણોવાળી વ્યક્તિઓને જ જૈનો પૂજે છે. નિર્ગુણ વ્યક્તિઓને નહિ.

વળી, કોઈપણ સાધક મહાન હોય કે ક્ષુલ્લક; જો તે ખરેખર! દોષિત હોય તો મોક્ષે જતાં સુધી પણ કર્મ તેને છોડતું નથી. એ હકીકત મહાવીરસ્વામી જેવી વિશિષ્ટ વ્યક્તિઓનેપણ થયેલા વિવિધ ઉપસર્ગોને ઝીણવટપૂર્વક તપાસવાથી સમજાશે.

દેવો પાસે હોવા છતાં ગોશાલો ભગવાનને ઉપસર્ગ કેમ કરી શકયો?

સમુદ્રમાં સુભૂમચક્રીનું ચર્મરત્ન પકડનાર ૧૪૦૦૦ દેવોને, જ્યારે સુભૂમનું આવી બન્યું ત્યારે સૌને એકસરખો જ વિચાર આવ્યો કે-હું એકલો મુકી દઉં તો તેમાં શો વાંધો છે?

નિર્દોષ ગર્ભિણી હરિણી અને તેના બચ્ચાને બાણથી વીંધી નાખી. તેની પ્રશંસા કરવાના પાતકથી શ્રેણિકરાજાએ ગાઢ નરકાયુષ્ય બાંધ્યું. તે પછી મહાવીર ભગવાનના સંસર્ગથી તીર્થંકર નામકર્મ તો બાંધ્યું, છતાં નરકે તો જવું જ પડયું.

કર્મોનું સ્વરૂપ સમજમાં આવી ગયાપછી સમજાઈ જશે કે-બધાય માટે કર્મોનું ફળ ભોગવવાની બાબતમાં સમાનતા છે.

## સાચી સમજ, શ્રદ્ધા અને તદ્રુપ આચરણમાં જ મોક્ષ

દેહ અને આત્માના ભેદનો સાક્ષાત્કાર = સમ્યગ્દર્શન

" " " સાક્ષાત્કાર કરનારીદૃષ્ટિ = સમ્યગ્દૃષ્ટિ

" " " સાક્ષાત્કાર કરવાવાળોજીવ = સમ્યગ્દૃષ્ટિજીવ

વીતરાગ ભગવાન, નિર્ગ્રંથગુરુ અને વીતરાગભાષિત ધર્મઉપરની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહેવાય છે.

'સર્વજીવોને પોતાના આત્માસમાન ગણી સમભાવ રાખવાની સર્વજ્ઞભગવાને જે આજ્ઞા ફરમાવી છે' -તે સમજી, તે મુજબ વર્તવાની શ્રદ્ધાને ક્રમશ: નિશ્ચયજ્ઞાન અને નિશ્ચય સમકિત કહેવાય છે. અને તે મુજબ વર્તે તેને નિશ્ચય ચારિત્રી કહ્યો છે.

જૈન શાસ્ત્રોનું એવું વિધાન છે કે-- મુક્તિ માટે સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યગ્ચારિત્ર : એ ત્રણેય પરસ્પર અપેક્ષિત છે. સમ્યગ્દર્શનના અભાવમાં સમ્યગ્જ્ઞાન થઈ શકે નહિ અને તે બેયના અભાવમાં સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થઈ શકે નહીં. સમ્યગ્જ્ઞાનના અભાવમાં કરાતી બધી ક્રિયાઓ મિથ્યા છે.

આ રીતે સમ્યગ્જ્ઞાન મોક્ષના હેતુરૂપ તો છે, પરંતુ ચારિત્રવિના તે એકલું મોક્ષસાધક થઈ શકે નહિ.

જે ક્રિયાથી બીજા જીવો દુભાય તેથી પાપકર્મો બંધાય છે. તે અશુભક્રિયાઓ કહેવાયછે. આવી પાપક્રિયાઓનો ત્યાગ કરીને શુભક્રિયાઓમાં પ્રવૃત્ત થવાથી પુણ્યપ્રકૃતિનો બંધ થાય છે. વળી નવાં અશુભકર્મો બંધાતા નથી અને પુરાણાં કર્મોનો ક્ષય થાય છે.

**ચારિત્રનું સ્વરૂપ** : વ્યવહારચારિત્ર અને નિશ્ચય ચારિત્ર—એ રીતે ચારિત્ર બે પ્રકારનું છે. પાંચ મહાવ્રતો અને પાંચ સમિતિઓનું પાલન તથા અનશનાદિ જે કાંઈ પરસાપેક્ષ છે, તે વ્યવહાર ચારિત્ર કહેવાય છે.

નિશ્ચયચારિત્રમાં કોઈપણ પદાર્થોની અપેક્ષા રહેતી નથી. તે પૂર્ણતયા સ્વાત્માવલંબી છે. વ્યવહાર ચારિત્ર સાધન છે, નિશ્ચયચારિત્ર સાધ્ય છે.

વ્યવહાર ચારિત્રની સફળતા નિશ્ચયચારિત્રની પ્રાપ્તિમાં છે.

## તપ

સાહિત્ય, સંગીત, કળા, વિજ્ઞાન, અર્થોપાર્જન કે એવી બીજી સર્જનાત્મક બાહ્ય પ્રવૃત્તિઓમાં ય કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં તપશ્ચર્યાને અવકાશ ન હોય, પરંતુ અહીં તો જે તપનું વિધાન છે તે આધ્યાત્મિક વિકાશને અનુલક્ષીને છે.

આત્માની અવરાએલી શક્તિઓ પ્રગટ કરી એમનો સંચય કરવો–તેનું નામ તપ.

જુદી જુદી રીતે વહીજતા અનેક ઝરણાઓના પાણીનો સંગ્રહ કરવાથી જેમ સ્થાયી સંચય થાય છે અને મહાન કાર્ય સિદ્ધ કરી આપે છે,

છુટા છવાયા સૂર્યના કિરણો કશું કાર્ય કરી શકે નહિં, પરંતુ તે એકત્રિત થતાં જ્વલંત શક્તિ પ્રગટે છે,

તેમ ચૈતન્યની સંગ્રહિત શક્તિ પણ અનેકગણુ કામ આપી શકે છે.

કોઈપણ ધર્મ સંસ્થાપકે તપની આવશ્યકતા સ્વીકારી છે,

પરંતુ એ સંગ્રહિત થયેલી શક્તિ ખોટે માર્ગે ન વેડફાઈ જાય,

દીવાલમાં ગાબડું પડીને પાણી ચાલ્યું ન જાય અથવા તેમાં અનિષ્ટ તત્ત્વ ભળી ન જાય. તેની સંપૂર્ણ કાળજી રાખવાની પણ જરૂર પડે છે.

આ કારણથી જ ભગવાને જ્ઞાન અને ધ્યાનની સાથે જ તપને સ્થાન આપ્યું છે.

"પરપદાર્થોથી દૂર રહેવાની કાળજી રાખવા છતાં, જ્યાં સુધી મોહનીયકર્મનું જોર હોઈ મમતા કે અહંતાનું આરોપણ થઈ જાય અને તેમાં સુખ છે—એવી ઊંડે ઊંડે વૃત્તિ રહે ત્યાંસુધી આત્મવિકાસ સાધવો–એ કેવળ વલખા માત્ર છે."

આવું સમજી, સંયમ સ્વીકાર્યા પછી પણ ૧૨॥ વર્ષો જેટલી દીર્ઘ અને કઠિન તપશ્ચર્યા કરી ભગવાન સાધનામાં સફળ થયા.

જ્ઞાન એટલે વિવેકબુદ્ધિ. તપશ્ચર્યા કેવળ નિષ્કામ રહે–તેની તકેદારી આ વિવેકબુદ્ધિ રાખે છે. કારણકે કોઈપણ ક્રિયા કર્યાં બાદ તેના ફળની ઇચ્છા માનવ માત્રને રહે છે. એટલું જ નહિ, બલ્કિ–કાંઈપણ નવીન જુએ ત્યારે 'આવું મને મળે તો ઠીક'–એવી ઊંડે ઊંડે સ્પૃહા પણ રહે છે. સામાન્ય રીતે જીવમાત્રમાં અને પ્રગટ સ્વરૂપે માનવ માત્રમાં એ લાલસા અતિસ્પષ્ટ દેખાય છે. આને વાસના પણ કહી શકાય. આ કારણે તપશ્ચર્યા અશુદ્ધ બની જાય છે પરંતુ આવી તુચ્છવૃત્તિ કે જે શલ્યની પેઠે જીવને ડગલે ને પગલે ખૂંચ્યા કરે છે, તે કાંટાને સાચું જ્ઞાન દૂર ફેંકી દે છે. એ દૃષ્ટિએ જ્ઞાનની અગત્યતા છે.

જ્ઞાની સાધકને જગતના અભિપ્રાયની દરકાર હોતી નથી. તેને માત્ર આત્માનો જ અવાજ બસ હોય છે.

આવા સાધકની તપશ્ચર્યા 'અહં'ની વૃદ્ધિ માટે, ગારવ માટે, મહત્ત્વાકાંક્ષા માટે અથવા લોકપૂજા કે પ્રતિષ્ઠા માટે થતી નથી.

માટે જ તે તપ આદર્શ અને સફલ ગણાય છે.

તપશ્ચર્યામાં જ્ઞાનની સાથે ધ્યાનનું પણ સ્થાન આવશ્યક છે, કારણકે બહારથી ઘૂસી જતા વિકલ્પોના અનિષ્ટની ચોકી તો ધ્યાન જ રાખી શકે છે. સર્વ ઇંદ્રિયો, મન વાણી અને કર્મને સત્ય પર એકાગ્ર કરી રાખવાની અદ્‌ભુત શક્તિ પણ ધ્યાન દ્વારા જ સાંપડે છે.

એટલે આ રીતે જ્ઞાન અને ધ્યાન એ બન્નેય તપસ્વીને અનિવાય આવશ્યક છે. તપશ્ચર્યાનો સંબંધ સીધી રીતે આંતરિક વૃત્તિઓ સાથે છે, એ હેતુ બરાબર જળવાઈ રહે તે માટે ભગવાને અનેક જીવોની અપેક્ષાએ તપના ૧૨ પ્રકારો શાસ્ત્રમાં વર્ણવ્યા છે.

તપશ્ચર્યા એ કર્મો બાળવાની પ્રચંડ ભઠ્ઠી છે, વળી પૂર્વાધ્યાસો તથા પૂર્વ કર્મોના વેગને દાબવાનો કે પૂર્વ સંસ્કારોની શુદ્ધિ કરવાનો માત્ર આ એકજ ઉપાય છે.

આવી તપશ્ચર્યાનો લાભ જ્ઞાની અને વીરસાધક જ લઈ શકે છે.

બાહ્ય દેખાતી ઇંદ્રિયદમન અને દેહદમનની તપશ્ચર્યા પણ આવશ્યક તો છે જ, પરંતુ તેની આવશ્યકતા અંતરશુદ્ધિ અને આંતરવિકાસની અપેક્ષાએ છે.

બાહ્ય તપશ્ચર્યાથી ચિંતન, ચિત્તપ્રસન્નતા અને ધ્યાનલક્ષિતાને ટેકો મળે છે અને આત્મસ્વરૂપ તથા જગત્સ્વરૂપને સમજવાની તક સાંપડે છે.

જે તપશ્ચર્યા આ રીતે વૃત્તિના સંસ્કારો પલટી, ચિત્તખિન્નતાને સ્થાને ચિદાનંદ સ્ફુરાવે, તે તપશ્ચર્યા જીવનમાં વણવાનો સૌ કોઈ પ્રયાસ કરે.

તપશ્ચર્યા એ શરીર, મન, અને આત્મા: એ ત્રણેયને તંદુરસ્ત કરનારી સફળ જડી બુટ્ટી છે. વૈરાગ્યવૃત્તિ તથા અભ્યાસથી એ સહજ રીતે સુસાધ્ય બને છે.

# ભ. મહાવીરની અહિંસા

મહાવીર ભગવાને જન્મને લીધે માનવામાં આવેલી વર્ણ વ્યવસ્થાને તે તે પ્રકારની યોગ્યતાને પ્રગટાવવા અને રક્ષણ કરવા માટે સ્વીકારી છે.

તેઓ યોગ્યતાને માટે તથા યોગ્યતાને કારણે થયેલ સમાજ વ્યવસ્થામાં માનતા હતા.

કારણકે વ્યક્તિની શ્રેષ્ઠતાનો આધાર તેની યોગ્યતા અને આચાર વિચાર ઉપર છે, જન્મ ઉપર નહિં. યોગ્યતાની ઉપેક્ષા કરીને ફક્ત જન્મને લીધે ઊંચ-નીચનો ભેદ કરવો એ પણ હિંસાત્મક આચરણ છે.

ધર્મનું સર્વ શ્રેયસ્કર સ્વરૂપ ત્યાં સુધી પ્રાપ્ત થઈ શકતું નથી, જ્યાંસુધી કોઈપણ જાતનો કદાગ્રહ દૂર થતો નથી, કારણ કે કદાગ્રહ અને પૂર્વગ્રહ વિગ્રહને જન્મ આપે છે અને મનુષ્યને અસહિષ્ણુ બનાવી મૂકે છે.

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે-ધાર્મિક અસહિષ્ણુતાને લીધે સંસારમાં પુષ્કળ લોહી રેડાયું છે અને ખૂબ ઝઘડા થયા છે. આને ધર્મ કયી રીતે કહી શકાય? જ્યારે જ્યારે ધાર્મિક આગ્રહ સહિષ્ણુતાની હદને ઓળંગી જાય છે ત્યારે પોતાનો સારો અને સાચો પ્રચાર અને પ્રસાર પણ હિંસાનો આશ્રય લેવા માંડે છે.

મહાવીર ભગવાનની અહિંસાના અનેક રૂપો છે.

અનેકાંત-સ્યાદ્વાદ અને અપરિગ્રહ, અહિંસાના જ રૂપાંતરો છે.

અહિંસાની દિવ્યજ્યોત :

વિચારક્ષેત્રમાં અનેકાંત,

વચનવ્યવહારના ક્ષેત્રમાં સ્યાદ્વાદ,

અને સામાજિક તથા આત્મશાંતિના ક્ષેત્રમાં અપરિગ્રહના રૂપમાં પ્રગટે છે

# ભ.મહાવીરનો (જૈનદર્શનનો) સ્યાદ્વાદ

એકદા રાજકુમાર વર્ધમાન પોતાના રાજમહેલના ચોથા માળે એકાંતમાં વિચારમગ્ન બેઠા હતા. તેમના બાલમિત્રો તેમને મળવા આવ્યા. તેઓએ ઠેઠ નીચે રહેલા ત્રિશલા માતાને પૂછ્યું-વર્ધમાન ક્યાં છે?

માતાએ કહ્યું-ઉપર છે.

બધા બાળકો દોડ્યા અને એકીસાથે સાતમે માળે પહોંચી ગયા. ત્યાં વર્ધમાન નહોતા, પરંતુ ત્યાં રહેલા સિદ્ધાર્થ રાજાને વર્ધમાન વિષે પૂછ્યું.

ત્યારે તેમણેકહ્યું-નીચે છે.

માબાપના પરસ્પર વિરોધી વચનો સાંભળીને બાળકો મુંઝાઈ ગયા. છેવટે દરેક માળે શોધતા શોધતા ચોથે માળે વિચારોમાં મગ્ન વર્ધમાનને જોયા.

સર્વ સાથીઓએ ફરિયાદભર્યા સ્વરે કહ્યું– તમે અહિં છુપી રીતે બેઠા છો અને અમે સાતેય માળે ફરી વળ્યા.

કેમકે માતાએ કહ્યું કે–વર્ધમાન ઉપર છે. ઉપર જઈને પૂછતાં પિતાશ્રીએ કહ્યું કે–નીચે છે. ક્યાં શોધીએ ? આમાં કોણ સાચું છે ?

વર્ધમાને નિરાકરણ કરતાં કહ્યું કે–બન્નેય સાચા છે.

નીચેવાળાની અપેક્ષાએ હું ઉપર ગણાઉં, તેથી તે પણ સાચા છે.

અને સાતમા માળવાળાની અપેક્ષાએ હું નીચે ગણાઉં તેથી તે પણ સાચા છે. આ રીતે ઉપર નીચેનો વ્યવહાર સાપેક્ષ હોય છે. વસ્તુસ્થિતિ બીજાથી ભિન્ન હોવા છતાં તેનું કથન બીજાની અપેક્ષા રાખે છે. આને જ સ્યાદ્વાદ કહેવાય છે.

સ્યાદ્વાદ એ એક એવી શૈલી છે કે જેમાં એકબીજાને કશો વિરોધ આવતો નથી. સર્વસમાધાનકારી અને સર્વસમન્વયયુક્ત આ વાણી છે.

આ રીતે બાળક વર્ધમાન સ્યાદ્વાદ જેવા ગંભીર સિદ્ધાંતો પણ બાળકોને વ્યવહારુ દષ્ટાંતપૂર્વક સહજપણે સમજાવી દેતા.

## ભ. મહાવીરનો સર્વોદય

ભગવાન મહાવીરનો સર્વોદય વર્ગોદયવિરૂદ્ધ એક વૈચારિક ક્રાંતિ છે.

જેમાં બધાયનો ઉદય થાય તે જ સર્વોદય કહેવાય.

તેઓ ફક્ત મનુષ્યનો જ નહિ, પ્રાણીમાત્રનો ઉદય ઇચ્છતા હતા. ધર્મના સર્વોદય સ્વરૂપનું તાત્પર્ય સર્વજીવ સમભાવ અને સર્વજાતિ સમભાવ દ્વારા છે. બધા જીવોની ઉન્નતિ અને સુખ માટે સમાન તકોની પ્રાપ્તિ એ જ સર્વોદય છે. પારકાનું અહિત ઇચ્છીને કે કરીને, કોઈપણ વ્યક્તિ પોતાનું હિત સાધી શકતી નથી.

સામાજિક જીવનમાં જ્યાં સુધી અસમાનતા રહેશે ત્યાં સુધી કોઈપણ વર્ગ સુખી અને શાંત રહી શકે નહિ.

એક બાજુ પુષ્કળ ભોગસામગ્રી સહેલાઈથી મળતી હોય–વેડફાતી હોય,

અને બીજી બાજુ શ્રમ કરવા છતાં જીવનનિર્વાહની સામગ્રી પણ ન મળે. આ પરિસ્થિતિ કદાપિ ચાલી શકે નહિ.

જોકે આ બધું પૂર્વકૃત પુણ્ય અને પાપને કારણે જ બનતું હોય છે, છતાં ભ૦ મહાવીરે પરિગ્રહની વ્યવસ્થાને ઉપાદેય ગણી છે.

# ભ. મહાવીરની વાણી

'મીઠી વાણી બોલકે જગ અપના કર લેત'

લોકો વશીકરણાદિ મંત્રોની માગણી કરે છે, પરંતુ ભગવાન કહે છે કે- મીઠી વાણી જગતને વશ કરવાનો અમોઘ ઉપાય છે. આ વાત તેમણે આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવી.

એકતો-તીર્થંકર ભગવાનનો અતિશય, સત્ય વાણી અને પોર-પોર લોહી ચડે તેવી તેમની મધુરી વાણીએ મેઘકુમાર, રોહિણીયો ચોર તથા ચંડકૌશિક સાપ જેવાને પડતા બચાવ્યા.

જેની આપણને રાત-દિવસ તૃષ્ણા છે તે ધન-સંપત્તિને કુબેર ભંડારી ધન્ના-શાલિભદ્રે લાત મારી, શરીર શોષવી સિદ્ધિ મેળવી. આ બધું શી રીતે શક્ય બન્યું?

પોતે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને, દેહની મૂર્છા ત્યજીને, ઉપસર્ગો-પરીસહોમાં સમભાવ રાખવા છતાં જીવન-વ્યવહારમાં ક્યાંય ઉદ્વેગ કે કડવાશ દેખાતી નહોતી -એવા ભ. મહાવીરની મીઠી-મધુરી વાણીનો પ્રતાપ. અત્યારે પણ તે પ્રત્યક્ષ અનુભવવી હોય તો 'આચારાંગનું' મનન કરો. તેમાં ઠેરઠેર से वसुमं, से मेधावी, से पंडिए, से णाणी, आउसं આદિ શબ્દો આવે છે. આ સાંભળીને કોને ચાનક ન ચડે ! લ્યો, ચાલો ત્યારે સર્વજીવહિતકર તે વાણીને આસ્વાદીએ.

## આચારાંગ—પ્રથમ શ્રુતસ્કંધ - નવ અધ્યયનનો ટૂંકસાર

### ૧

૧. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ તથા ત્રસકાય જીવોનું અસ્તિત્વ અને સ્વરૂપ સમજીને 'તે જીવોની રક્ષા કરવી'- એ જ ભગવાનની આજ્ઞા છે"

કર્મબંધના કારણરૂપ જીવહિંસાથી સર્વથા અટકવું.

અર્થાત્ તે જીવોની રક્ષા કરનાર જ મુનિ કહેવાય છે.

### ૨

૧. રાગ-દ્વેષ અને આસક્તિને કારણે જીવ અનેક પાપો કરે છે. તેથી કર્મો બંધાય છે. તેથી જ તેને સંસારના મૂળ કહ્યા છે.

જેને માટે અજ્ઞાની જીવ રાગ-દ્વેષ અને છલપ્રપંચો કરે છે,

તે સ્વજનો પણ મૃત્યુ સમયે તેને બચાવવા સમર્થ નથી.

વળી, જેની સાથે છલપ્રપંચો કરે છે તેમની સાથે નવા વેર વિરોધ ઉભા કરે છે.
આ લેણ-દેણ ચૂકવવા તેને સંસારમાં ભટકવું જ પડે છે.
આ રીતે તે પોતેજ પોતાનો દુશ્મન બને છે.
'દરેક જીવો પોતેજ પોતાના સુખ-દુઃખના કર્તા અને ભોક્તા છે'
—એમ સમજી ઉંમર વીતી ન જાય તે પહેલાં સત્કૃત્ય માટેની તક ઝડપી લેવી.

૨. દીક્ષા લીધા પછી મોહક પ્રસંગો પ્રાપ્ત થતાં વિરૂદ્ધ માર્ગે ચાલી તે મેળવવાના ઉપાયોમાં જેઓ રચ્યા પચ્યા રહી મોહમાં અહોનિશ ડૂબેલા રહે છે, તેઓ નથી આપાર કે નથી પેલેપાર. માટે સંયમમાં થયેલી અરુચિના કારણરૂપ અજ્ઞાન, લોભ અને મોહનું યથાર્થ સ્વરૂપ સમજી સંયમમાં જ રુચિ કેળવવી.
અજ્ઞાની અનેક રીતે આરંભ-સમારંભ કરી જીવહિંસા કરે છે.
પરંતુ જ્ઞાની પ્રાપ્ત કામભોગોનું પણ સેવન કરતો નથી.
તે જ ખરો અણગાર કહેવાય છે.

૩. સંયમમાં અરુચિ થવાના કારણરૂપ અહંકાર તથા પ્રાપ્ત પદાર્થોમાં આસક્તિ તજી સમભાવપુર્વક જીવવું.

કેટલાકને અસંયમી જીવન જ પ્રિય લાગે છે, પરંતુ મુમુક્ષુ જન્મ-મરણના મૂળને શોધી તેથી છુટવાના ઉપાયરૂપે સંયમી જીવન જીવવાનો જ પુરુષાર્થ કરે છે.

૪. આત્મદર્શન માટે બાહ્ય સંસાર અર્થાત્ ધન-ધાન્ય-માતપિતા-સ્ત્રી પુત્ર-પરિવાર અવરોધક છે. અહીં મૂર્છા-મમત્વ-આસક્તિ તથા લૌકિકપણાને કર્મબંધ (સંસાર પરિભ્રમણ)ના મૂલ કારણરૂપ બતાવ્યા છે. તેથી તેનો ત્યાગ કરવાનું ફરમાવ્યું છે. લોકો સ્ત્રીઓને કારણે મહાદુઃખી છે.
ભોગોની પાછળ રોગનો ભય રહેલો છે.
સંસાર સ્વાર્થી હોવાથી સ્વજન રોગી થતાં જ તેની ઉપેક્ષા થાય છે.
છતાં, મોહ અને અજ્ઞાનને કારણે મૂઢ બનેલો જીવ ધર્મના મર્મને સમજી શકતો નથી.

૫. ગૃહસ્થો અનેક કારણે પરિગ્રહ કરી આરંભ-સમારંભ કરે છે.
પરંતુ, ત્યાગી મુનિએ ભિક્ષા પણ કયાંથી ? કેટલી અને કેવી લેવી ? તેનું વર્ણન કર્યું છે. અજ્ઞાની ઝોરતા અને છલપ્રપંચો કરે છે પરંતુ તે તેને જ ઘાતક નિવડે છે. માટે દેહ તથા કામભોગોનું યથાર્થ સ્વરૂપ સમજી, તે માટે થતા સંકલ્પ-વિકલ્પોમાંથી મુક્ત થવું.

૬. જે સાધક પરિગ્રહની મૂર્છા (મમત્વ)નો ત્યાગ કરી શકે છે.
તે પરિગ્રહનો પણ ત્યાગ કરી શકે છે.

મુનિ દેહનિર્વાહાર્થે લોકનિશ્રામાં રહે, પણ ક્યાંય મમતા રાખે નહિ,
તથા અસંયમી જીવનના આનંદ–પ્રમોદ અને મોહક પ્રસંગોમાં ફસાય નહિ.
જેનું ચિત્ત મોક્ષમાર્ગમાં સ્થિર છે અને
કર્મક્ષય કરવામાં જે નિપુણ છે તેને મુનિ કહ્યો છે.
ઉપદેશ કોને કેમ કરવો તે? વિષેની સૂચના.

# ૩

૧ 'જગતમાં જીવો અનેક પ્રકારના જે આ દુઃખો ભોગવે છે.
તે આરંભ–સમારંભ–પરિગ્રહ તથા હિંસાના ફળ સ્વરૂપ છે,
વળી રાગદ્વેષ અને આસક્તિ કર્મોની જડ છે.'
–એમ સમજી 'આત્મા કર્મોથી લેપાય નહિ'–એ રીતે જ્ઞાની સદા જાગ્રત રહે છે, પરંતુ, અજ્ઞાની જીવો મોહ નિદ્રાધીન હોવાથી ધર્મના ખરા સ્વરૂપને જાણી શકતા નથી.

૨. અજ્ઞાની પાપકાર્યોથી આજીવિકા ચલાવે છે,
હાસ્ય–વિનોદને કારણે હિંસા કરીને આનંદ માને છે,
પોતે અજર–અમર હોય તેમ અનેક સંકલ્પ–વિકલ્પો તથા
આરંભ–સમારંભ કરવાપૂર્વક જીવહિંસા કરે છે.
પરંતુ જ્ઞાની સર્વ જીવોને પોતાની સમાન માની કોઈપણ જીવને દુઃખ પહોંચાડતો નથી.
આ રીતે બેયના પંથ જુદા છે,
માટે અસંયમી અને અજ્ઞાનીની સોબત કરવી નહિ.

૩. લોકૈષણાથી પર રહી, બધાય જીવોને સમાન માની વિશુદ્ધ જીવન જીવનારને સંયમી કહેલ છે. સન્માર્ગગામી આત્માજ પોતાનો મિત્ર છે. તાલીમિત્રો શા કામના?
કર્મના ફળ વિષે અજ્ઞાનીના મતનું ખંડન.

૪. આત્મજ્ઞાનીને સર્વશાસ્ત્રવેત્તા કહ્યો છે.
પ્રમાદીને સર્વત્ર ભય છે, અપ્રમત્ત નિર્ભય છે.
'દુઃખોના મૂલ કારણરૂપ સાંસારિક સંયોગો તથા આસક્તિનો ત્યાગ કરનાર નિર્મોહી જગતને પણ વશ કરી શકે' આદિ તત્ત્વજ્ઞાન.

# ૪

૧. આપણી જેમ દરેક જીવોને જીવન તથા સુખ પ્રિય છે–તેથી કોઈપણ જીવને દુઃખ ન થાય તેમ વર્તવું.

ભગવાનની આ આજ્ઞા અહિંસા પરમો ધર્મ: ઉપર અટલ શ્રદ્ધા રાખવી તથા હિંસકવૃત્તિ, લોકૈષણા અને બહિર્મુખદૃષ્ટિનો ત્યાગ કરી જીવન વિતાવવું.

૨. જે પદાર્થો કર્મબંધના પ્રત્યક્ષ કારણરૂપ છે,
તે જ પદાર્થો નિરાસક્તિ તથા સાચી સમજને કારણે કર્મક્ષય પણ કરાવી શકે.

વળી કર્મક્ષય કરાવી શકે તેવા પદાર્થો

મૂર્છા તથા ખોટી સમજને કારણે કર્મબંધના કારણરૂપ પણ બની શકે. અર્થાત્ પદાર્થો નહિ, પણ ચિત્તવૃત્તિ જ કર્મબંધ કે કર્મક્ષયના કારણરૂપ છે.

પાયામાં જ ભીંત ભૂલેલા હોવા છતાં, પોતાના પંથને સાચો ઠરાવનારા અન્યવાદીઓ પોતે તથા તેમના અનુયાયીઓ જીવહિંસાને કારણે દુર્ગતિમાં રખડે છે.

૩. જ્ઞાન, શ્રદ્ધા અને સંયમની સાથે તપની પણ જરૂર છે.
પરંતુ તેના અજીર્ણરૂપે ક્રોધને દૂર કરવો.

૪. તપની સાથે નિરવદ્ય સંયમ પણ જરૂરી છે.

## ૫

૧. પાપી વૃત્તિને પોષવા કોઈક મુનિ એકાકી વિચરે છે, છતાં દુર્ભાગ્યવશ તેની કામેચ્છા પૂરી થતી નથી. તેથી તે સંસારસુખની નજીક પણ નથી, અને તેનો ત્યાગી ન હોવાથી સંસારથી દૂર પણ નથી. પરંતુ, મોક્ષથી તો દૂર છે જ:

માટે સત્યજ્ઞાન મેળવવા જિજ્ઞાસાવૃત્તિ કેળવવી

૨. આત્મા કર્મોનો કર્તા છે અને તે કર્મોનો તે જ ભોક્તા છે, અર્થાત્
બંધ અને મોક્ષ પોતાના જ પુરુષાર્થ ઉપર અવલંબિત છે.

માટે, પરિગ્રહ કે તુચ્છવૃત્તિઓમાં ન રાચતાં આવતા પરીષહોને સહન કરી સંયમપંથે આગળ વધવું.

૩. 'કોઈપણ જીવની હિંસા ન કરવી–એ ભગવાનની આજ્ઞા છે.
આજ્ઞા એ જ ધર્મ છે. ધર્મ સમભાવમાં છે.

મોહાદિ શત્રુઓ સાથે જ તું યુદ્ધ કર. બહાર દેખાતા દુશ્મનો નિમિત્તમાત્ર છે.
જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં સમ્યક્ત્વ છે.
જ્યાં સમ્યક્ત્વ છે ત્યાં સંયમ (મુનિપણું) છે,
–એમ સમજી સમભાવપૂર્વક અહિંસાધર્મને આરાધવો.

૪. કામવાસના પીડે તો. મુનિ તેને શાંત કરવાના અનેક નિર્દોષ ઉપાયો કરે. વળી કામભોગો ભોગવ્યા પહેલાં કે પછી કેટલાક પાપો તથા વિડંબના સહન કરવી પડે છે–તેનો વિચાર કરી મુનિ કુમાર્ગે જતાં અટકે.

૫. સરોવરનું રૂપક.

શંકાશીલ વ્યક્તિ સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી.

સાધકની ચતુર્ભંગી. સમ્યક્-મિથ્યાની વ્યાખ્યા.

'બીજાને હણનાર આત્મા પોતે જ કર્મોથી હણાય છે' ઇત્યાદિ તત્ત્વવિચારણા.

૬. પરિવર્તનશીલ, ક્ષણભંગુર તથા સારહીન આ સંસારમાં અહિંસા (સંયમધર્મ) જ સારભૂત છે. માટે સાધકે સમ્યગ્માર્ગનું અવલંબન કરતાં કરતાં અશુભ ક્રિયાઓથી નિવૃત્ત થવું, અને સાંસારિક પ્રલોભનોથી અલિપ્ત રહી સન્માર્ગે પુરુષાર્થ કરવો.

'આસક્તિ જ કર્મબંધનું કારણ છે'–માટે આસક્તિ–મૂર્છા–મમતા તજવી. સિદ્ધનું સ્વરૂપ.

## ૬

૧. કાચબાની જેમ કેટલાક મૂઢ મનુષ્યો નજીવા સુખને માટે પ્રાપ્ત થયેલી તક ગુમાવી બેસે છે.

ત્રણેય ઋતુનાં અનેક શીતાદિ કષ્ટો વેઠવા છતાં, જેમ વૃક્ષો પોતાનું સ્થાન છોડી શકતા નથી,

તેમ કુલાચારો અને પૂર્વગ્રહની પકડમાંથી ભલભલા માણસો પણ છૂટી શકતા નથી. અંતે અચાનક રોગો આવી પડે છે અને જીવો પરવશ થઈને દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

૨. 'આસક્તિ એ જ સર્વ દુઃખોનું મૂળ છે'–એવું સમજી મુનિ મોહમાયામાં ન ફસાતાં લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરે. ભગવાને આજ્ઞાપાલનમાં જ ધર્મ કહ્યો છે.

૩. ઉપકરણ અને આહારાદિની લાઘવતાની સાથે મૂર્છાત્યાગનો આશય હોવો જરૂરી છે.

૪. સંયમ લીધા પછી આત્મશુદ્ધિ કરવી જરૂરી છે. તેથી અહીં કર્મરૂપી મેલને ધોવાના ઉપાયોનું દિગ્દર્શન કરાવેલ છે.

વળી સંયમ લીધા પછી પૂર્વના મોહજન્ય સંસ્કારો જાગ્રત થઈને સાધકને વિચલિત કરી શકે છે.

માટે સાવધાન થઈને ઇંદ્રિયદમન તથા સમભાવપૂર્વક અનાસક્તિ ભાવ કેળવવો જોઈએ.

વિવિધ પ્રકારના સાધકોનું વર્ણન.

૫ યથાયોગ્ય હિતોપદેશ દ્વારા પરોપકાર કરનાર મુનિ મૃત્યુનું સહર્ષ સ્વાગત કરે તો તે સંસારનો પાર પામી જાય છે.

## ૮

કુશીલ ત્યાગ, પ્રલોભનવિજય, પ્રતિજ્ઞાપાલન, સ્વાદનિગ્રહ, વૃત્તિસંક્ષેપ તથા સમાધિમરણની અર્થાત્ બાહ્ય-અભ્યંતર તપની સુંદર છણાવટ કરી છે.

૧. 'જીવો સર્વત્ર રહેલ છે, આરંભ-સમારંભથી જીવહિંસા થાય છે' કેટલાકને આ તથા આચાર સંબંધી અન્ય જ્ઞાન, વિવેક કે તદ્રુપ આચરણા હોતી નથી, તેથી અસંયમી તથા અસમાન સામાચારીવાળાનો સંગ તજવો, કેમકે વ્યવહારુ દષ્ટિએ પણ તેમની માન્યતાઓ અસંગત હોય છે.

તેથી તે વાદીઓ પોતે પણ ડૂબે છે અને બીજાને પણ ડૂબાડે છે.

૨. મુનિ અકલ્પ્ય આહારાદિ લે નહિ, તે કારણે ઉપસર્ગ આવે તો પણ સહન કરે.

૩. ઉત્તમ સાધકના લક્ષણો.

૪ થી ૭. સાધનાને જીવનમાં રચનાત્મક બનાવવા માટે સંકલ્પબળની જરૂર પડે છે. આવું સંકલ્પબળ કેળવવા માટે અનેકવિધ અભિગ્રહો- પ્રતિજ્ઞાઓ લેવાની હોય છે. તેવા સાધકના પ્રકારો અહીં દર્શાવ્યા છે.

'સાધનાની શરૂઆતથી મરણ સુધીના પ્રત્યેક પ્રસંગે ધ્યેયમાં અડગ રહેવું' એ તેનો સાર છે. અર્થાત્ જે ક્રિયાથી સમભાવ પ્રાપ્ત થાય અથવા જે ક્રિયા કરતાં સમભાવ રહે તે જ ક્રિયા ધ્યેયને પહોંચવાનું સાધન ગણી શકાય.

૮. ભક્તપરિજ્ઞા, ઇંગિતમરણ તથા પાદપોપગમન મરણ.

આ ત્રણ પ્રકારના સમાધિમરણની વિધિ તથા તેનું ફળ બતાવેલ છે.

## ૯

પૂર્વોક્ત મુનિચર્યા ભગવાને કેવી રીતે પાળી ?

સાધના વખતે પરીષહ તથા ઉપસર્ગો આવતાં સહનશીલ થઈને ભગવાને કેવી રીતે સંયમની સાધના કરી સિદ્ધિ મેળવી ? તેનું વર્ણન છે.

સાધકે પણ એ જ રીતે સાધના કરવી જોઈએ-એ બતાવ્યું છે.

# પ્રાચીનકાળ અને વર્તમાનકાળ

એક જમાનો એવો હતો કે-

ખેડુત-લુહાર- કુંભાર-ધોબી-સોની-માળી-વણકર-નાવિક તથા સૈનિક વિગેરે હરકોઈ જૈનધર્મ-અહિંસાનું પાલન કરતા હતા. પોતાના પરંપરાગત ધંધા કે કાર્યોમાં રચ્યાપચ્યા રહેવા છતાં તેઓ અહિંસાના દૃઢ ઉપાસક હતા

આજે અહિંસાના મિથ્યા-વિવેકરહિત જ્ઞાનના પરિણામે જૈનધર્મ વિરાટજન-જીવનમાંથી દૂર ખસતો ખસતો કેવળ એક નાના વેપારીવર્ગમાં સીમિત થઈ ગયો છે.

આ વ્યાપારી વર્ગમાં કેટલું જૂઠાણું અને છળપ્રપંચો ચાલે છે? કેટલા કાળાબજાર અને શોષણ થાય છે?

તે હકીકત સ્પષ્ટ હોવા છતાં આજના કેટલાક મર્યાદાહીન શોષક વ્યાપારીઓ જૈનનું બિરુદ ધરાવે છે. તેઓ થોડાક પૈસા ખરચીને જૈન સમાજમાં ઊંચું સ્થાન નિભાવી રાખે છે, અને કોઈક મેળાવડા જેવા પ્રસંગે હિંસા-અહિંસાની બેઢંગી ફિલોસોફી ઝાડતા રહે છે

એમની ધૂંધળી નજરમાં ખેડૂત-કુંભારાદિ હિંસક છે, અહિંસક તો છે માત્ર તેઓ જ, કેમકે તેઓ ખેતી કે ગળું કાપવા જેવી પ્રત્યક્ષ પાપક્રિયા કરતા નથી પરંતુ બીજું બધું ગુપચૂપ રીતે કરી શકે છે.

આ લોકોએ અહિંસાના તલસ્પર્શી ચિંતનને ઉતારી જ પાડયું છે.

## આજનો જૈન સમાજ

શ્રી આચારાંગકારે આધ્યાત્મિક જીવનનું ચિત્ર એટલું તો નૈસર્ગિક, રસિક અને પ્રેરક દોર્યું છે, કે કોઈપણ સાધક કોઈપણ ક્ષેત્રમાં રહેવા છતાં એને ઝીલી શકે અને પાળી શકે એટલું એ સરલ છે.

આચારાંગમાં આલેખાયેલું જૈન સંસ્કૃતિનું ચિત્ર જે બોધ આપે છે તે અને આજના જૈન સમાજનું માનસ : એ બેમાં આકાશ-પાતાળ જેટલું અંતર છે—એમ ઊંડાણથી વિચારનારને સહેજે સમજાશે.

હિંસાનો, મમત્વનો અને આસક્તિનો ત્યાગ : એ જૈન સંસ્કૃતિનો પ્રધાનસૂર છે. વિશ્વમૈત્રી અને જીવનશાંતિનું મૂળ એ બે તત્ત્વોમાં છે એ વાત ખરી છે, પરંતુ તેનો સંબંધ પદાર્થ કરતાં વૃત્તિ સાથે વિશેષ છે-એમ એ કહે છે. જુઓ સૂત્ર ૧૭૪.

સૌથી પ્રથમ એ સ્વીકારી લેવું જોઈએ કે-કોઈપણ મૌલિક સંસ્કૃતિ દૂષિત નથી હોતી. એના બાહ્ય આચારો અને ક્રિયાકાંડો અમુક સમયે અમુક ઉદ્દેશ માટે વ્યવસ્થિત યોજાએલા હોય છે, પરંતુ મૂળ ઉદ્દેશ ભુલાઈ જતાં એ રૂઢિનું સ્વરૂપ પકડી લે છે. દાખલા તરીકે-ભગવાનની પૂજાનું શાસ્ત્રોમાં વિધાન છે તે સહેતુક છે.

વસ્તુતઃ તેમના સિદ્ધાંતો(આજ્ઞા)નું પાલન એજ ખરી પૂજા છે. આ વાત વાગોળવા માટે પૂજાનિમિત્તે એકાંત શુદ્ધસ્થાન એવા મંદિરો તથા ઉપાશ્રયોના નિર્માણ થયેલા છે નહીં કે ચોકા જમાવવા, પરંતુ જ્યાં ત્યાં ચોકાબંધી જોતાં જ એ સમજી શકાય છે કે-ભગવાનના આદર્શો-આજ્ઞાપાલનની વાત દૂર રહી ગઈ, ચીલાબંધી ચાલુ રહી અને તેટલેથી જ આપણે ધન્ય માનીએ છીએ.

વળી જયારથી અપેક્ષિતસિદ્ધાંતને પણ સંપૂર્ણ અને સર્વાંગસત્ય માની-મનાવી લેવામાં આવ્યો છે ત્યારથી બીજાની જેમ જૈન સંસ્કૃતિમાં પણ સંકુચિતતા પેસતી આવી છે.

જે જૈનસમાજ ત્યાગપૂજા, ગુણપૂજા અને વિકાસપૂજામાં માનનારો હતો,
તે સમાજ બદલાઈને ધનપૂજક અને તે કારણે વ્યક્તિપૂજક બન્યો છે.
અમુક ધન આપે એ સંઘનો સભ્ય બને.
એથી વિશેષ ધન આપે તે માનનીય સભ્ય બને, અને
તેથી પણ વિશેષ ધન આપે તે સંઘપતિ સુદ્ધાં બની શકે
આ રીતે જોતાં પરિગ્રહવૃત્તિ તથા સંગ્રહવૃત્તિને સ્હેજે પોષણ મળે છે.

પરિગ્રહ વધારવા પાપો કરવાં જ પડે અને અહિંસા તથા અપરિગ્રહવૃત્તિ ન જળવાતાં વિશ્વમૈત્રી અને જીવનવિકાસ : એ બેય ધુરા તૂટી પડે–એ સ્વાભાવિક છે. આમ જ્યારે શ્રી આચારાંગસૂત્ર મુખ્યત્વે આંતરિકદોષોના નિવારણ પર અને એ આંતરિક દોષોના નિવારણના ધ્યેયની પૂર્તિ માટે બાહ્યક્રિયાઓ ઉપર ગૌણરૂપે ભાર મૂકે છે, ત્યારે વર્તમાન જૈન સમાજ મુખ્યત્વે બાહ્ય ક્રિયાઓ ઉપર જ ભાર મૂકતો નજરે પડે છે.

વળી બાહ્ય ક્રિયામાં પણ સગવડિયા ધર્મ જેવું વલણ દેખાય છે.

પરિણામે અહિંસા,-ચબૂતરા ચણાવવા સુધી, પાંજરાપોળ સુધી, કતલખાના સુધી કે એવા નાના નાના જીવો સુધી જ પહોંચી શકે છે, પરંતુ માનવ મૈત્રી તો ઉચ્ચારણ પૂરતી જ રહે છે. અરે ! સાધર્મિક વાત્સલ્યનું હાર્દ પણ વીસરાઈ ગયું છે.

દરરોજ સામાયિક, પ્રતિક્રમણ પૌષધ પૂજા કે વ્યાખ્યાન સાંભળનારા રૂઢિચુસ્ત જૈનોની પણ પરિગ્રહલાલસા તો એવી ને એવી જ રહે છે.

એ રીતે સામાજિક અને ધાર્મિક જીવનનો અક્ષમ્ય દુર્બળ નજરે દેખાય છે.

જે સમાજ વીરતાભરી અહિંસામાં માનનારો હતો
તે જ આજે પામર અને કાયર બન્યો છે.

જે સમાજ સંયમ અને સત્યનો પુજારી હતો
તે આજે પરિગ્રહી અને વિલાસી બન્યો છે.

જે સમાજ શ્રમજીવી અને સ્વબંધુપ્રેમી હતો
તે આજે આળસુ અને કલેશી બન્યો છે.

જે સમાજ વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વનો હિમાયતી હતો
તે આજે સત્તાપૂજક અને સ્વાર્થાંધ બન્યો છે

વર્તમાનમાં દેખાતી જૈન કોમની અવદશા અને પ્રગતિ રૂંધનનું મૂળ આ જ છે.

આજના જૈન સમાજનું રેખાચિત્ર દોરતાં એક સમર્થ સમાલોચક કહે છે કે– "એક સામાન્ય મતભેદ માટે અંદરોઅંદર લડીને સાધન, શક્તિ અને સમયને વેડફી નાખનાર કોઈ સમાજનું ચિત્ર જોવું હોય તો આજના જૈનસમાજ ઉપર દૃષ્ટિ ફેંકજો."

આ કેટલું શરમજનક છે ?

આ બધાનું મૂળ કારણ વારસામાં મળેલી અસહિષ્ણુતા છે.

જ્યારથી જૈન સંસ્કૃતિમાં બાહ્ય ક્રિયાકાંડો ઉપર ભાર મુકાતો ગયો અને આંતરિક વિકાસ ગૌણ બનતો ગયો ત્યારથી મૌલિક જૈન સંસ્કૃતિ ભુલાતી ગઈ. અને તે કારણે જીવન અને ધર્મના રસ્તા જુદા પડી ગયા.

તેથી અહિંસામાંથી વીરતા ઘટી ગઈ.

સંયમ અને ત્યાગને બદલે, ધર્મને નામે પણ પરિગ્રહ વધ્યો.

"સવિ જીવ કરું શાસનરસી'–ને બદલે, ઘરઘરમાં જ નજીવા કારણસર કલેશો વધ્યા. દેખાદેખી ભોગોપભોગની સામગ્રી અને જીવન જરૂરીયાતો વધારી દીધી. તેને પહોંચી વળવા અનીતિનો આશ્રય પણ લેવો પડે. તે બધાનું કારણ જૈન ધર્મ કે શાસ્ત્રો નહિ, પણ વારસામાં મળેલી વિકૃત સંસ્કૃતિ છે. અને તે આમૂલ પલટો માગી લે છે.

માનવજાત જીવતાનો સદુપયોગ કરવાને બદલે, મર્યાપછી તેના નામના કીર્તિસ્થંભો ઊભા કરે તો પણ શોલાભ? શાસ્ત્રોમાં આનંદઘનજી જેવાને નહિ ઓળખ્યાનાં દૃષ્ટાંત મોજૂદ છે. અર્થાત્ લક્ષ્મી અને સરસ્વતીના સુભગ સુમેળથી જ સામાજિક ઉત્થાન શક્ય બનશે.

## અભિપ્રાય અને આશય

આચાર્ય મહારાજે એકવાર વ્યાખ્યાનમાં કહ્યુ–

મુનિને જોઇ તમને એવા ભાવ થાય છે કે–

'આ ફાવી ગયા. અને અમે રહી ગયા'

હા, જો આવી ભાવના ખરેખર ! ઉંડાણથી વિચારાતી હોયતો,

જેમ ભરતચક્રીને આરીસાભુવનમાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું,

તેમ તે ક્યારેક જરૂર લાભદાયી નિવડે.

ડિગ્રીઓ કે તે દ્વારા ધનના ઢગલા ભલે ન મેળવ્યા, પરંતુ સદ્ભાગ્યે આચારાંગસૂત્ર વાંચવા-વિચારવાની તક મળી ત્યારથી સર્વજ્ઞભગવાનના કથનનો ગૂઢ-ગર્ભિત આશય સમજાયો, અને પ્રત્યેકપ્રસંગે તે દૃષ્ટિસન્મુખ તરવરવા લાગ્યો.

તેથી હું તો ફાવી જ ગયો છું –એવો મારો અભિપ્રાય છે.

આ વાંચ્યા સિવાય બીજા મુમુક્ષુઓ પણ ન રહી જાય–એ ઉદ્દેશથી ભગવાનની વાણી બહુગર્ભિત હોવાથી સૂત્રોનો અક્ષરશઃ અનુવાદ નહીં, પણ વિશેષ સ્પષ્ટીકરણ થાય–એ હેતુથી મેં આ ભાવાનુવાદનો પ્રયાસ કરેલ છે.

હું કોઈપણ વિષયનો તલસ્પર્શી વિદ્વાન નથી. અભ્યાસી-જિજ્ઞાસુ જરૂર છું, તેથી ક્યાંક સમજફેર કે ક્ષતિ હોવાનો પણ સંભવ છે. વિદ્વાનો ક્ષમાકરી જરુર માર્ગદર્શન આપશે –એ શુભાકાંક્ષા

# આભાર

સ્વનામધન્ય **મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ** કે જેઓ ઔદાર્ય, ગાંભીર્ય, લાગણીસભરતા તથા નિખાલસ સ્વભાવને કારણે અનેકના આશ્રયસ્થાન તથા પ્રેરણામૂર્તિ હતા, તેઓ ગવાતા યશોગાનને કારણે આજે પણ જીવંત જ છે. જેમના ગુણાનુવાદ અનેક મુનિઓ, વિદ્વાનો તથા ભક્તોએ ગાયા છે, તે મુનિ શ્રીનો મારા ઉપર પણ અનહદ ઉપકાર હતો. તેમની લાગણીને હું કયી રીતે નવાજું ? તેમનું અર્થાત્ શ્રી સંઘનું પવિત્ર આગમ કાર્ય કરી રહેલા પૂ મુનિશ્રી **જંબુવિજયજી** મ૦ના ગુણાનુવાદ હું કયી રીતે વિસરી શકું ? કે જેમને મેં આગમો વાંચતી વખતે હૃદયથી નાચતા જોયા છે. ઉત્કટ ત્યાગી–વૈરાગી મુનિશ્રીને મારી કોટિશઃ વંદના.

પ.પૂજ્ય **આચાર્યશ્રી ભદ્રંકરસૂરિજી (બાપજી)એ** આ અનુવાદ વાંચી કવચિત્ સુધારા દર્શાવ્યા છે, પરંતુ તેમનું નામ છપાવવાની તેમની અનિચ્છા છતાં આભાર માનવાની મારી ઇચ્છા હું રોકી શક્યો નથી

ગુરુદેવ પં. પૂ. શ્રી **અભયસાગરજી** મ.ને કોટિશઃ વંદન.

સન્માન્ય **પં. શ્રી દલસુખભાઈ માલવણીયા** ઉચ્ચકોટિના વિદ્વાન હોવા છતાં તેમની સરલતા, નિખાલસતા અને ઔદાર્યાદિ ગુણો ખરેખર ! પ્રશસ્ય છે.

મેં ૪–૫ મુનિઓ તથા પંડિતોને મારું આ લખાણ વાંચી જવા આપ્યું, પરંતુ મને ક્યાંયથી પ્રત્યુત્તર સુધ્ધાં મલ્યો નથી. શ્રી દલસુખભાઈને બતાવતાંની સાથે જ મારું આ લખાણ વાંચવા માંડયું. તુર્તજ મને કહ્યું– વાંચીને મોકવાવી દઈશ. તેમના પ્રત્યુત્તરથી જ આ છપાવવા હું પ્રોત્સાહિત થયો છું.

જેમ મુખાકૃતિ ઉપરથી માણસનું હાર્દ ઓળખી શકાય છે તેમ તેમણે લખી આપેલું આ+મુખ જૈન ધર્મના પ્રાણસમા આ ગ્રંથના હાર્દને વિશેષ સ્પષ્ટ કરતું હોવાથી તે ખરેખર ! આ પ્રકાશનના યશકલગી રૂપ છે.

યથા સમયે યથાયોગ્ય સલાહ સૂચન બદલ મુ. શ્રી **રતીલાલ દીપચંદ** દેશાઈનો પણ હું આભાર માનું છું.

શ્રી **મહાવીર જૈન વિદ્યાલય** સંપાદિત આચારાંગના સૂત્રાંકો મેં અનુવાદમાં સ્વીકાર્યા છે કે જેથી વાચકને સરલતા રહે આ સંસ્થા દ્વારા મુનિ શ્રી જંબુવિજયજી મ. પાસે રહીને મને આચારાંગ વાંચવા-વિચારવાની તક મળી તે બદલ સંસ્થાનો આભાર માનું છું.

અન્યહિંદી–ગુજરાતી અનુવાદોનો મેં યથાયોગ્ય ઉપયોગ કર્યો છે. તે બદલ તે સૌનો હું અનહદ ઋણી છું

ધર્મપ્રિય, હોંશીલા શ્રી **કે૦ભીખાલાલ ભાવસારે** ચીવટરાખી મુદ્રણ કરી આપ્યું છે. તેમને તો હું કયી રીતે વીસરી શકું ?

નાદુરસ્ત તબિયત હોવાછતાં અને મને ઓળખતા પણ નહોવા છતાં મારો પત્ર મળતાં જ મુનિશ્રીનો બ્લોક મને મોકલી આપવા બદલ શ્રી સેવંતિલાલ ચીમનલાલ શાહનો હું આભારી છું.

# આચારાંગસૂત્ર

## શસ્ત્રપરિજ્ઞા

### ૧–૧

### ૧. (શ્રી સુધર્માસ્વામી કહે છે–)

હે ચિરંજીવ જંબુ! મેં સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી સાંભળ્યું છે. ભગવાને એવું કહ્યું છે કે–

આ જગતમાં કેટલાક જીવોને એવું જ્ઞાન નથી હોતું કે–
હું અહીં પૂર્વ દિશાથી આવેલ છું કે પશ્ચિમ દિશાથી ?
દક્ષિણ દિશાથી આવેલ છું કે ઉત્તર દિશાથી ?
ઊર્ધ્વદિશાથી આવેલ છું કે અધોદિશાથી ?
અથવા બીજી કોઈ દિશાથી આવેલ છું કે વિદિશાથી ?

એ પ્રમાણે કેટલાક જીવોને એવું જ્ઞાન પણ નથી હોતું કે–
મારો આત્મા પુનર્જન્મ પામનારો છે કે નહીં ?
હું પૂર્વભવે કોણ હતો ?
અને અહીંથી મરીને બીજા જન્મમાં હું શું થઈશ ?.

૨. પરંતુ, કોઈક જીવ × જાતિસ્મરણ કે અવધિ આદિ વિશિષ્ટ જ્ઞાન દ્વારા,
કોઈક જીવ તીર્થંકર કે કેવલી ભગવાનની દેશના સાંભળીને,
અથવા કોઈક જીવ વિશિષ્ટજ્ઞાની પાસેથી ઉપદેશ સાંભળીને
એવું જાણી લે છે કે–

---

× सह सम्मुइए समणे દ્વિ૦ શ્રુત૦ ૧૫મું અધ્યયન
मुहसम्मुइए આ પાઠ ખે. જે.ની વૃત્તિ પોથીમાં પણ છે, જુઓ વૃત્તિ પૃ. ૨૨૬.

હું પૂર્વાદિ કોઈ પણ દિશામાંથી કે વિદિશારૂપ અમુક પ્રજ્ઞાપક દિશામાંથી અથવા ચારગતિરૂપ * અમુક ભાવદિશામાંથી અહીં આવેલ છું. તેજ પ્રમાણે કેટલાક જીવોને એવું જ્ઞાન પણ પ્રાપ્ત થઈ જાય છે કે-

મારો આત્મા પુનર્જન્મ પામનારો-ઉત્પત્તિશીલ છે, કે જે— આ સર્વ દિશા કે વિદિશામાં આવ-જા કરે છે.

વળી તે એવું પણ જાણી લે છે કે—

આ સર્વ દિશા કે વિદિશામાં ભટકનારો આત્મા તે + હું પોતે જ છું.

૩. આત્મા તથા તેના પુનર્જન્મને જાણનારો આવો જીવ ખરેખર! આત્મવાદી છે, લોકવાદી છે, કર્મવાદી છે અને ક્રિયાવાદી છે. અર્થાત્ આવો જીવ આત્મા, સંસાર, કર્મ તથા હિંસાના સ્વરૂપ અને સંબંધને સારી રીતે જાણે છે.

૪. મેં કર્યું, મેં કરાવ્યું, મેં કરનારને પ્રોત્સાહન આપ્યું,

હું કરું છું, હું કરાવું છું, હું કરનારને પ્રોત્સાહન આપુ છું,

હું કરીશ, હું કરાવીશ, હું કરનારને પ્રોત્સાહન આપીશ.

આ નવ પ્રકારે થતી હિંસા મન-વચન અને કાયાના યોગથી થતી હોવાથી તે ૯ને ત્રણે ગુણતાં ૨૭ ભેદ થાય.

૫. આ સંસારમાં આત્માને કર્મબંધનના હેતુભૂત પાપક્રિયાઓના આટલા ભાંગા છે. તેનું સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ.

૬. જે જીવ કર્મબંધનના કારણભૂત આ પાપક્રિયાના યથાર્થસ્વરૂપને જાણીને તેથી અટકતો નથી,

તે જીવ ખરેખર! આ દિશાઓ, વિદિશાઓ અને અન્ય સર્વ દિશાઓમાં પોતે કરેલા કર્મો સાથે બીજી ગતિમાં સંચરે છે,

* मणुया तिरिया काया तहऽग्गबीया चउक्कगा चउरो ।
देवा नेरइया वा अट्ठारस होंति भावदिसा ॥

+ सोऽहं પ્રયોગ અન્ય શાસ્ત્રોમાં પણ આવે છે.
બે અક્ષર ઘણો ઊંડો અર્થ સમજાવે છે.

કર્મવશ પરિભ્રમણ કરે છે,
અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે,
અને ત્યાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

૭. ભગવાને કર્મબંધનના કારણભૂત આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી તેથી અટકવાનું કહેલ છે.

પરંતુ, લોકો આ ક્ષણભંગુર જીવનને જ સુખી બનાવવા માટે,
માન-કીર્તિ તથા પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી થતા ભોજનસમારંભ નિમિત્તે,
જરા (વૃદ્ધાવસ્થા) તથા મરણના દુઃખથી છૂટવા માટે,
અર્થાત્ અમર થવા માટે કરાતી કાયાકલ્પાદિ ક્રિયા નિમિત્તે,
અથવા દુઃખોથી છૂટવા કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી

અજ્ઞાની જીવો પંચાગ્નિ તપાદિ કરે છે તથા અભક્ષ્ય ભોજનાદિ દ્વારા જીવહિંસા કરે છે. વળી બીજા અનેકવિધ દુઃખોથી મુક્ત થવા માટે અનેક પાપારંભ કરે છે.

તેથી કર્મબંધ થાય છે અને તેથી સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે.

૮. માટે, આ સંસારમાં આત્માને કર્મબંધનના હેતુભૂત થનારી આરંભ-સમારંભવાળી આ બધી પાપક્રિયાઓને જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ.

૯. આ વિશ્વમાં કરાતી કર્મબંધનના હેતુભૂત આ બધી પાપ ક્રિયાને સમજીને, તેથી સર્વથા દૂર રહે તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

---

* આત્મા જ પોતાનાં સુખદુઃખનો કર્તા અને ભોક્તા છે. તેથી જ કહ્યું છે કે–

अप्पा मित्तममित्तं च दुप्पट्ठिअ सुपट्ठिओ

સન્માર્ગગામી આત્મા પોતાનો મિત્ર છે,
ઉન્માર્ગગામી આત્મા પોતાનો શત્રુ છે. *

ૐ

૧૦. જંબુ! જો, આ સંસારમાં જીવો જ્ઞાન અને વિવેકહીન હોવાથી વિષય-કષાયોથી પીડાયેલા છે અને અજ્ઞાનમય જીવન ગાળી રહેલા હોવાથી દુર્લભ બોધિ છે.

વળી, તેઓ વિશિષ્ટ બોધરહિત હોવાથી આતુરતાપૂર્વક આ સંસારની કલેશ-ભઠ્ઠીમાં પોતે સળગે છે અને ખાણ ખોદવી આદિ અનેકવિધ તે તે પાપકાર્યો દ્વારા વ્યથિત અને પીડિત એવા પૃથ્વીકાયના જીવોને પોતાના ભૌતિક સુખને માટે અનેક રીતે સંતાપ ઉપજાવે છે.

(જંબુ! જો, આર્તતા અને આતુરતાથી પીડાતો આ લોક અજ્ઞાનતાથી જ પીડાઈ રહ્યો છે, છતાં ખેદની વાત છે કે-તેને બોધ થતો નથી. ઉપરાંત ખાણ ખોદવી૦૦૦૦૦)

(આ જગતમાં કેઈક જીવો વિષય કષાયોથી પીડાયેલ છે, કેઈક જીવો કાયાથી પરિજીર્ણ થઈ ગયેલ છે અને કેઈક જીવો અજ્ઞાની છે. એ બધાય દુઃખી જીવો પોતપોતાની ઇચ્છાઓ પૂરી કરવા તથા ઇષ્ટ સુખ મેળવવા આ પૃથ્વીકાયના જીવોને અનેક પ્રકારના ઉપાયો વડે પરિતાપ ઉપજાવે છે.)

૧૧. જંબુ! જો, આ સંસારમાં જીવો એકબીજાને આશ્રયીને સર્વ સ્થળે રહેલા છે. તે રીતે પૃથ્વીને આશ્રયીને બીજા પણ અનેક જીવો રહેલા છે.

૧૨. તેનું સ્વરૂપ જાણીને તે જીવોને પરિતાપ ન થાય એ રીતે સંયમી પુરુષો સંયમી જીવન જીવે છે.

પરંતુ, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ'-એવું કહેનારા કેટલાક અન્ય સાધુઓ પૃથ્વી સંબંધી આરંભ-સમારંભના કાર્યો દ્વારા આ પૃથ્વીકાયના જીવોની તથા તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારના શસ્ત્રો વડે હિંસા કરે છે.

૧૩. સર્વજ્ઞ ભગવાને આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી, જીવ હિંસાથી અટકી, નિર્દોષ જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.

પરંતુ, લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ તથા પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી થતા ભોજનસમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મરણથી બચવા માટે અર્થાત્ અમરત્વ મેળવવા કરાતી કાયા કલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
અથવા મુક્તિ મેળવવાના ઉદ્દેશથી,
અજ્ઞાની જીવો પંચાગ્નિ તપ તથા અભક્ષ્ય ભોજનાદિ દ્વારા જીવ-હિંસા કરે છે. વળી બીજા અનેકવિધ દુ:ખોથી મુક્ત થવા માટે પૃથ્વીકાયના જીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે કરાવે છે,
અથવા કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ તે બધું તેમને માટે અહિતકર અને દુ:ખદાયી છે.

૧૪. આ સંસારમાં પૃથ્વીકાય જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી સત્ય ધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે-

આ આરંભ-સમારંભ કર્મ બંધના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ સંસારપરિભ્રમણના કારણરૂપ છે
આ આરંભ-સમારંભ નરકાદિ દુર્ગતિના કારણ રૂપ પણ બને છે.
છતાં ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માનપાનાદિમાં આસક્ત જીવો પૃથ્વી સંબંધી આરંભ-સમારંભના કાર્યોમાં પૃથ્વી-કાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રો દ્વારા હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.

૧૫. જંબુ! તે હિંસા કઈ રીતે થાય છે ?, તે હું વિસ્તૃતપણે સમજાવું છું—
કોઈક માણસ કોઈક આંધળા-મૂંગા-બહેરા કે પાંગળા માણસને ભાલા વિગેરેથી છેદન-ભેદન કરે,
કોઈક તેના પગનું છેદન-ભેદન કરે,

કોઈક તેની ઘૂંટણ કે જાંઘ વિગેરે અવયવોનું છેદન-ભેદન કરે,
કોઈક માણસ તેને મૂર્છિત કરી નાખે કે મારી પણ નાખે,
છતાં જેમ તે આંધળો જોઈ શકતો નથી, પાંગળો દૂર ભાગી શકતો નથી, બોબડો બોલી શકતો નથી, પરંતુ તે બધાને જે રીતે સ્પષ્ટ વેદના થતી જણાય છે,

તે પ્રમાણે પૃથ્વીકાયાદિ જીવોને પણ વેદના તો થાય જ છે પરંતુ તે જીવો ફક્ત એક ઇંદ્રિયવાળા હોવાથી દુઃખને વ્યક્ત કરી શકતા નથી અથવા ત્યાંથી દૂર ભાગી શકતા નથી.

૧૬. એ પ્રમાણે-'પૃથ્વીકાય સજીવ છે,
તેમાં શસ્ત્ર પ્રયોગ કરવાથી તે જીવોને વેદના થાય છે,
ભટ્ઠા વિગેરે આરંભ-સમારંભના કાર્યોથી કર્મબંધ થાય છે.'
અજ્ઞાની જીવો આ હકીકતથી અપરિચિત હોવાથી આરંભ-સમારંભ રૂપ તે તે પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોતા નથી.

પરંતુ, પૃથ્વીકાયમાં શસ્ત્રાદિ પ્રયોગ ન કરનારને આ બધા આરંભ-સમારંભોથી થતા કર્મબંધનું જ્ઞાન હોવાથી આરંભ-સમારંભ-રૂપ તે તે પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થઈ જાય છે.

૧૭. -એવું જાણીને બુદ્ધિમાન પુરુષ પોતે પૃથ્વીકાયિક જીવો ઉપર આરંભ-સમારંભ દ્વારા શસ્ત્રપ્રયોગ કરે નહીં,
બીજા પાસે શસ્ત્ર પ્રયોગ કરાવે નહીં,
તથા શસ્ત્ર પ્રયોગ કરનારનું અનુમોદન પણ કરે નહીં.

૧૮. જે સાધકને પૃથ્વી સંબંધી આરંભ-સમારંભથી થનાર કર્મબંધનું જ્ઞાન હોય છે, અને તેથી સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

★

૧૯. જંબુ ! સર્વજ્ઞ ભગવાનપાસેથી સાંભળેલું હું તને કહું છું કે—
જીવન-પ્રપંચોથી મુક્ત થઈ ઘરનો ત્યાગ કરનાર, સરલ અંતઃકરણવાળા તથા મોક્ષ માર્ગનો સ્વીકાર કરનાર સાધકને અણગાર કહેવાય છે.

૨૦-૨૧. સાધકે જે શ્રદ્ધાપૂર્વક દીક્ષા લીધી હોય તેથી આડે માર્ગે ન ફંટાતાં મોહજન્ય સર્વસંબંધોનો ત્યાગ કરીને તેવી જ શ્રદ્ધાપૂર્વક યાવજ્જીવ સંયમ પાળવું જોઈએ, કારણ કે- કેટલાય મહાપુરુષોએ આ મોક્ષમાર્ગને સાધ્યો હોવાથી, હે સાધક ! તેમાં શંકા-કુશંકા કરવા જેવું કાંઈ પણ નથી.

૨૨. માટે,ભગવાનની આજ્ઞાનુસાર અપ્કાયાદિ જીવોનું સ્વરૂપ બરાબર સમજીને
જેથી તને કોઈનો ભય રહે નહીં,
અને કોઈપણ જીવને તારો ભય ન રહે,
—એવા સંયમનું તું પાલન કર.

'અપ્કાયમાં જીવ છે'-એવું ભગવાન પાસેથી સાંભળેલું હું તને કહું છું કે-
મુમુક્ષુએ અપ્કાય જીવો વિષે કે આત્માના અસ્તિત્વ વિષે શંકાશીલ રહેવું ન જોઈએ,
કારણકે-જીવ અને જગતનો ગાઢ સંબંધ પ્રત્યક્ષ દેખાવા છતાં અપ્કાય જીવોના અસ્તિત્વને જે ઉડાવી દે છે અર્થાત્ માનતો નથી,
તે આત્માના અસ્તિત્વને પણ માને નહીં
તથા આત્માના અસ્તિત્વને જે માને નહીં,
તે અપ્કાય જીવોના અસ્તિત્વને પણ માને નહીં.

૨૩. જંબુ ! જો, આ સંસારમાં જીવો એકબીજાને આશ્રયીને સર્વ સ્થળે રહેલા છે, તે રીતે પાણીમાં પણ બીજા અનેક જીવો રહેલા છે.

તેનું સ્વરૂપ જાણીને તે જીવોને પરિતાપ ન થાય તે રીતે સંયમી જીવો સંયમી જીવન જીવે છે.

પરંતુ, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ'–એવું બોલનારા કેટલાક અન્ય સાધુઓ પાણી સંબંધી આરંભ-સમારંભનાં કાર્યો દ્વારા આ અપ્કાય જીવોની તથા તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારના શસ્ત્રો વડે હિંસા કરે છે.

૨૪. <u>સર્વજ્ઞ ભગવાને આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી જીવહિંસાથી અટકી, નિર્દોષ (શુદ્ધ) જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.</u>

પરંતુ, લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ કે પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી કરાતા ભોજન સમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી બચવા માટે અર્થાત્ અમરત્વ મેળવવા કરાતી કાયા કલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
તથા બીજા અનેકવિધ દુઃખો મટાડવા માટે,
કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી,
અપ્કાય જીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે કરાવે છે,
અથવા કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ તે બધું તેમને માટે અહિતકર અને દુઃખદાયી છે.

૨૫. આ સંસારમાં અપ્કાય જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞ ભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી સત્ય ધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે—

આ આરંભ-સમારંભ કર્મ બંધના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ સંસાર પરિભ્રમણના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ નરકાદિ દુર્ગતિના કારણરૂપ પણ બને છે.

છતાં, ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માનપાનાદિમાં મૂઢ બનેલા જીવો પાણી સંબંધી આરંભ-સમારંભના કાર્યોમાં અપકાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રોથી હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.

૨૬. હે જંબુ ! ભગવાન પાસેથી સાંભળેલું હું તને કહું છું કે—

પાણીમાં બીજા પણ અનેક ત્રસ અને સ્થાવર જીવો રહેતા હોય છે. તે તો પ્રત્યક્ષ છે, પરંતુ સર્વજ્ઞ પ્રરૂપિત આ આગમમાં તો 'પાણી પોતે જ અપ્કાય જીવોનો પિંડ છે'–એવું મુનિઓને કહેવામાં આવ્યું છે.

હે જંબુ ! તું બરાબર વિચાર કરીને જો કે—

આ અપ્કાયના તરહ-તરહના શસ્ત્રો બતાવ્યા છે.

અનેક પ્રકારના શસ્ત્રપ્રયોગથી નિર્જીવ બનેલું પાણી જ નિર્દોષ કહ્યું છે.

વળી, આ જીવોની હિંસા કરનારને ચોરીનો દોષ પણ લાગે (કારણકે દરેક જીવોને જીવવાનો સ્વતંત્ર અધિકાર આથી છીનવાઈ જાય છે)

૨૭. કોઈક વાદી એમ કહે છે કે–અમારા શાસ્ત્રોમાં પાણીની મનાઈ કરી નથી, તેથી અમારા માટે તે ગ્રાહ્ય છે.

,, –અમને સચિત્ત પાણી પીવાની છૂટ છે

,, –અમને સચિત્ત પાણી પીવાની તથા હાથપગ અને મલશુદ્ધિ માટે વાપરવાની છૂટ છે.

પરંતુ ખરેખર ! તેઓ અનેક પ્રકારના શસ્ત્રોથી અપ્કાય જીવોની હિંસા કરે છે.

૨૮. વળી, તેમનું માન્ય શાસ્ત્ર પણ આ વિષયમાં કોઈ પણ પ્રકારનો તાત્ત્વિક નિર્ણય કરવા સમર્થ નથી.

૨૯. 'અપકાય સજીવ છે,

તેમાં શસ્ત્ર પ્રયોગ કરવાથી તે જીવોને વેદના થાય છે,

તેના આરંભ-સમારંભથી કર્મબંધ થાય છે'

–આ હકીકતથી અજ્ઞાની જીવો અપરિચિત હોય છે અને તે કારણે આરંભ-સમારંભરૂપ તે તે પાપકાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોતા નથી.

પરંતુ અપ્કાયમાં શસ્ત્ર પ્રયોગ ન કરનારને આ આરંભ-સમારંભોનું અને તેથી થતા કર્મબંધનું જ્ઞાન હોવાથી આરંભ-સમારંભ રૂપ બે તે પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોય છે.

૩૦. —'એવું જાણીને બુદ્ધિમાન પુરુષ પોતે અપ્કાય જીવો ઉપર આરંભ-
સમારંભ દ્વારા શસ્ત્રપ્રયોગ કરે નહીં,
બીજા પાસે શસ્ત્ર પ્રયોગ કરાવે નહીં,
તથા શસ્ત્રપ્રયોગ કરનારનું અનુમોદન પણ કરે નહીં.

૩૧. જે સાધકને અપ્કાયના આરંભ-સમારંભથી થનાર કર્મબંધનું જ્ઞાન
હોય છે અને તેથી સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીરસ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

卐

समियाए धम्मे आरिएहिं पवेदिते
ભગવાને સમતા-સમભાવમાં જ ધર્મ કહ્યો છે.

卐

૩૨. જંબુ! સર્વજ્ઞ ભગવાન પાસેથી સાંભળેલું હું તને કહું છું કે-

મુમુક્ષુએ અગ્નિકાય જીવો વિષે કે આત્માના અસ્તિત્વ વિષે શંકાશીલ ન રહેવું જોઈએ, કારણકે--

અગ્નિકાય જીવોના અસ્તિત્વને જે ન માને
તે આત્માના અસ્તિત્વને પણ માને નહીં,
તથા આત્માના અસ્તિત્વને જે માને નહીં,
તે અગ્નિકાય જીવોના અસ્તિત્વને પણ માને નહીં.

* વનસ્પતિના સૌથી મોટા શસ્ત્રરૂપ અગ્નિકાયના સ્વરૂપને તથા તેની ક્ષેત્ર-મર્યાદાને જે જાણે છે તે સંયમના સ્વરૂપને પણ બરાબર જાણે છે, તથા સંયમના સ્વરૂપને જે બરાબર જાણે છે તે અગ્નિ-કાયના સ્વરૂપને તથા તેની ક્ષેત્રમર્યાદાને પણ બરાબર જાણતો હોય છે.

૩૩. સદા જીતેન્દ્રિય, સદા અપ્રમત અને સંયમી વીરપુરુષોએ પરીષહોને જીતી, કર્મક્ષય કરીને કેવલજ્ઞાન દ્વારા આ અગ્નિકાયનું સ્વરૂપ બરાબર જોયું અને જાણ્યું છે કે-

અગ્નિ એ જીવહિંસાનું શસ્ત્ર છે અને તેથી દૂર રહેવું તે જ સંયમ છે.

---

મદ, વિષય, કષાય, પ્રમાદ તથા અશુભયોગને કારણે જે વ્યક્તિ તેમાં પ્રમત્ત થઈને રહે, તે પોતાનો સ્વાર્થ સાધવા બીજા જીવોને દંડતો હોવાથી શાસ્ત્રકારે તેને જુલ્મી અને અન્યાયી કહ્યો છે.

માટે, અગ્નિકાયના આરંભ-સમારંભથી થનારા અનર્થને જાણીને બુદ્ધિમાન પુરુષ એવો નિર્ણય કરે કે-

અત્યાર સુધી મેં પ્રમાદવશ હિંસાનાં જે કાર્યો કર્યાં છે તે હવે હું નહીં કરું.

---

* સૂક્ષ્મનિગોદ લોક અને અલોકમાં પણ વ્યાપ્ત હોવાથી વનસ્પતિને દીર્ઘલોક કહેલ છે.

૩૪. જંબુ ! જો, આ સંસારમાં જીવો એકબીજાને આશ્રયીને સર્વ સ્થળે રહેલા છે, તે રીતે અગ્નિનાં સાધનોને આશ્રયીને પણ બીજા અનેક જીવો રહેલા છે. તેનું સ્વરૂપ જાણીને તે જીવોને પરિતાપ ન થાય તે રીતે સંયમી પુરૂષો સંયમી જીવન જીવે છે.

પરંતુ, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ'–એવું બોલનારા કેટલાક અન્ય સાધુઓ અગ્નિ સંબંધી આરંભ-સમારંભના કાર્યો દ્વારા આ અગ્નિકાય જીવોની તથા તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારનાં શસ્ત્રો વડે હિંસા કરે છે.

૩૫. સર્વજ્ઞ ભગવાને આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી, જીવહિંસાથી અટકી, શુદ્ધ જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.

પરંતુ લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ તથા પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી કરાતા ભોજન સમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી બચવા માટે અર્થાત્ અમરત્વ મેળવવા કરાતી કાયાકલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
બીજા અનેકવિધ દુઃખો મટાડવા માટે,
કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી
અજ્ઞાની જીવો પંચાગ્નિ તપ તથા અભક્ષ્ય ભોજનાદિ દ્વારા જીવહિંસા કરે છે તથા અગ્નિકાયજીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે કરાવે છે,
અથવા કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ તે બધું તેમને અજ્ઞાનવર્ધક હોવાથી દુઃખદાયી છે.

૩૬. આ સંસારમાં તેઉકાય જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞ ભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી સત્યધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે—

આ આરંભ–સમારંભ કર્મબંધના કારણ રૂપ છે,
આ આરંભ–સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ–સમારંભ સંસારપરિભ્રમણના કારણરૂપ છે,
આ આરંભ–સમારંભ નરકાદિ દુર્ગતિના કારણ રૂપ પણ બનેછે.

છતાં ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માન-પાનાદિમાં આસક્ત જીવો અગ્નિ સંબંધી આરંભ–સમારંભના કાર્યોમાં તેઉકાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રોથી હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજાપણ અનેક જીવોની હિંસા કરે છે.

૩૭. જંબૂ! તે હિંસા કઈ રીતે થાય છે? તે હું વિસ્તૃતપણે સમજાવું છું—

પૃથ્વી, ઘાસ, પાંદડા, લાકડા, છાણ તથા કચરાને આશ્રયીને રહેલા નાના-મોટા અનેક જીવોનો અગ્નિથી નાશ થાય છે, વળી માખી-ભંમરા-પતંગીયા વિગેરે કેટલાક ઉડતા જીવો અકસ્માત અગ્નિમાં આવી પડે છે, ત્યારે તેમાંના કેટલાક જીવો તો તુરત જ ખાખ થઈ જાય છે, કેટલાક જીવોના શરીર અગ્નિના સ્પર્શથી સંકોચાય છે, ત્યાર બાદ મૂર્છિત થાય છે અને અંતે પ્રાણ ગુમાવે છે.

૩૮. એ પ્રમાણે જે વ્યક્તિ અગ્નિ વિષેનો આરંભ–સમારંભ કરે છે, તે વ્યક્તિ 'આ આરંભ–સમારંભ કર્મબંધના કારણરૂપ–છે'–એ વાતથી અજાણ હોય છે,

અને તે કારણે આ આરંભ–સમારંભરૂપ પાપકાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોતા નથી.

પરંતુ, તેઉકાયમાં શસ્ત્રપ્રયોગ ન કરનારને આ આરંભ–સમારંભોનું અને તેથી થતા કર્મબંધનું જ્ઞાન હોવાથી આ આરંભ–સમારંભરૂપ પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોય છે.

૩૯. –એવું જાણીને બુદ્ધિમાન પુરુષ અગ્નિ વિષેનો આરંભસમારંભ કરે નહીં
બીજા પાસે કરાવે નહીં,
તથા આરંભ–સમારંભ કરનારનું અનુમોદન પણ કરે નહીં.

જે મુમુક્ષુને તેઉકાયના આરંભ–સમારંભથી થનાર કર્મબંધનું જ્ઞાન હોય છે, અને તેથી સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

△

नालस्सेण समं सुक्खं न विज्जा सह निद्दया ।
न वेरग्गं पमाएणं नारंभेण दयालुया ॥

આળસુને સુખ
ઊંઘણશીને વિદ્યા
પ્રમાદીને વૈરાગ્ય
આરંભ–સમારંભનાં કાર્યો કરનારમાં દયા
–સંભવિત નથી.

▽

૪૦. જીવાદિ નવતત્ત્વો તથા સંયમનું યથાર્થ સ્વરૂપ જાણીને, દીક્ષા લઈને મુમુક્ષુ એવો સંકલ્પ કરે કે—

'હવે હું વનસ્પતિકાયના જીવોની હિંસા નહીં કરું.'

અભયદાનનું સ્વરૂપ જાણીને કરેલા સંકલ્પ પ્રમાણે તે જીવોની હિંસા જે ન કરે, પરંતુ હિંસાદિ કાર્યોથી તથા સંસારના બંધનોથી જે મુક્ત થાય તેને અણગાર–મુનિ કહેવાય છે.

૪૧. + પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ ૨૩ વિષયો તથા તેની આસક્તિને કારણે જ સંસારમાં પરિભ્રમણ થાય છે અર્થાત્ સંસારના પરિભ્રમણનું મૂળ શબ્દાદિ ૨૩ વિષયો તથા તેની આસક્તિ જ છે.

જીવ ઊર્ધ્વ–અધો–તિર્છા તથા પૂર્વાદિ દિશાઓમાં અનેક પદાર્થોના સંપર્કમાં આવતાં વિવિધ રૂપસૌંદર્ય જુએ છે, વિવિધ શબ્દો સાંભળે છે, [ વિવિધ ગંધ સૂંઘે છે, વિવિધ રસોનો સ્વાદ કરે છે અને વિવિધ પદાર્થોનો સ્પર્શ પણ કરે છે. ]

ઊર્ધ્વાદિ દિશાઓમાં આ પદાર્થોને જોઈને, સાંભળીને [ સૂંઘીને, સ્વાદ કરીને અને સ્પર્શ કરીને ] અનેક જીવ તે પદાર્થોમાં મૂર્છિત પણ થાય છે.

**ભગવાને આ મૂર્છા (આસક્તિ)ને જ સંસાર કહેલ છે.**

આ ૨૩ વિષયોમાં જે વ્યક્તિ આસક્ત રહે છે તે ભગવાનની આજ્ઞામાં નથી,

કારણ કે–શબ્દાદિ વિષયોનો વારંવાર આસ્વાદ કરવાથી જીવ અસંયમી– કુટિલ થઈ જાય છે. એ રીતે વિષયોમાં આસક્ત વ્યક્તિ સંયમથી દૂર ખસતાં–ખસતાં ગૃહસ્થ જેવો થઈ જાય છે.

૪૨. જંબુ! જો, આ સંસારમાં જીવો એકબીજાને આશ્રયીને સર્વ સ્થળે રહેલા છે, તે રીતે વનસ્પતિને આશ્રયીને પણ બીજા અનેક જીવો રહેલા છે. તેનું સ્વરૂપ જાણીને તે જીવોને પરિતાપ ન થાય તેવું સંયમી જીવન સંયમી પુરુષો જીવે છે.

પરંતુ, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ'-એવું બોલનારા કેટલાક અન્ય સાધુઓ વનસ્પતિ સંબંધી આરંભ-સમારંભના કાર્યો દ્વારા આ વનસ્પતિકાયના જીવોની અને તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારના શસ્ત્રોવડે હિંસા કરે છે.

૪૩. સર્વજ્ઞ ભગવાને આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી જીવહિંસાથી અટકી, નિર્દોષ જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.

પરંતુ, લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ તથા પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી કરાતા ભોજન સમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી બચવા માટે અર્થાત્ અજર-અમર થવા કરાતી કાયાકલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
તથા બીજા અનેકવિધ દુઃખો મટાડવા માટે,
કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી
વનસ્પતિના જીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે કરાવે છે
અથવા આરંભ-સમારંભ કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ તે બધું તેમને માટે અહિતકર અને દુઃખદાયી છે.

૪૪. આ સંસારમાં વનસ્પતિકાય જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞ ભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી અહિંસા અને સત્ય ધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે—

આ આરંભ-સમારંભ કર્મબંધના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ સંસારપરિભ્રમણના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ નરકાદિ દુર્ગતિના કારણરૂપ પણ બને છે.

છતાં, ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માનપાનાદિમાં આસક્ત જીવો વનસ્પતિસંબંધી આરંભસમારંભનાં કાર્યો દ્વારા વનસ્પતિકાયના જીવોની અનેક પ્રકારનાં શસ્ત્રોથી હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.

૪૫. જંબુ ! 'વનસ્પતિ સજીવ છે'–તે હું તને વિસ્તારથી સમજાવું છું—

જે રીતે આ મનુષ્યના દેહનો જન્મ થાય છે,
તે જ રીતે આ વનસ્પતિ પણ નવેસરથી ઊગે છે;
જે રીતે આ મનુષ્યનો દેહ ક્રમશઃ મોટો થાય છે,
તે જ રીતે આ વનસ્પતિ પણ ક્રમશઃ વધે છે;
જે રીતે બાલ-કુમાર-યુવા તથા વૃદ્ધત્વાદિ અવસ્થાવાળો આ મનુષ્યદેહ સચેતન છે,
તે જ રીતે આ વનસ્પતિમાં પણ કુણી-કાચી-પરિપકવ તથા ઘરડી આદિ અવસ્થાઓ હોવાથી તે પણ ચેતનવંત છે;
જે રીતે આ મનુષ્યદેહ છેદન-ભેદનથી મુરઝાય છે,
તે રીતે આ વનસ્પતિ પણ છેદનભેદનથી મુરઝાયેલી જણાય છે;
જે રીતે મનુષ્ય સ્વદેહની પુષ્ટિ માટે આહાર લે છે,
તે રીતે આ વનસ્પતિ પણ જમીનમાંથી રસો ખેંચી પુષ્ટ થાય છે;
જે રીતે આ મનુષ્યદેહ અનિત્ય, અશાશ્વત અને ક્ષણભંગુર છે;
તે રીતે આ વનસ્પતિ પણ તે તે સમયમર્યાદા જેટલી જ સચેતન રહે છે;
જે રીતે આ મનુષ્યદેહ પુષ્ટ, દુર્બલ તથા બીજાં પરિવર્તનો થવાના સ્વભાવવાળો છે,
તે રીતે આ વનસ્પતિ પણ આ બધા ધર્મોથી યુક્ત છે.

૪૬. છતાં, જે વ્યક્તિ વનસ્પતિ વિષેનો આરંભ-સમારંભ કરે છે,
તે વ્યક્તિ 'આ આરંભ-સમારંભ કર્મબંધના કારણરૂપ છે' —એ હકીકતથી અજાણ હોય છે,

અને તે કારણે આરંભ-સમારંભરૂપ તે તે પાપકાર્યોથી
તેઓ નિવૃત્ત થયેલા હોતા નથી.

પરંતુ, વનસ્પતિમાં શસ્ત્રપ્રયોગ ન કરનારને આ બધા આરંભ-સમારંભથી થતા કર્મબંધનું જ્ઞાન હોવાથી આરંભ-સમારંભરૂપ તે તે પાપકાર્યોથી તેઓ નિવૃત્ત થઈ જાય છે.

૪૭. –એવું સમજીને જ્ઞાની વનસ્પતિ વિષેનો આરંભ-સમારંભ પોતે કરે નહીં,
બીજા પાસે આરંભ-સમારંભ કરાવે નહીં,
તથા આરંભ-સમારંભ કરનારનું અનુમોદન પણ કરે નહીં.

૪૮. 'વનસ્પતિ સંબંધી આરંભ-સમારંભ કર્મબંધના કારણરૂપ છે'
–એવું જે મુમુક્ષુને જ્ઞાન હોય છે,
અને આરંભ-સમારંભોનો ત્યાગ કરીને સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

नाऽतः परमहं मन्ये जगतो दुःखकारणम् ।
यथाऽज्ञानमहारोगो दुरन्तः सर्वदेहिनाम् ॥

અજ્ઞાન દુઃખનું મૂળ છે.
આત્મજ્ઞાન સુખનું મૂળ છે.

૪૯. જંબુ! સર્વજ્ઞ ભગવાન પાસેથી સાંભળેલું હું તને કહું છું કે—
ત્રસજીવો આ રીતે આઠ પ્રકારે છે—

અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક.

આ જીવોનો સમુદાય એ જ સંસાર કહેવાય છે.

હિતાહિતના વિચારથી શૂન્ય–અજ્ઞાની જીવો આ સંસારમાં પરિભ્રમણ કરે છે.

જંબુ! ચિંતન, મંથન અને પર્યવલોકન કરીને હું તને કહું છું કે–

બેઇંદ્રિયાદિ બધાં પ્રાણીઓ, વનસ્પતિ વિગેરે બધા ભૂતો, પંચેંદ્રિયાદિ સર્વ જીવો તથા પૃથ્વ્યાદિ બધાં સત્ત્વોને માત્ર સુખ જ પ્રિય છે, કોઈ પણ જીવને લેશમાત્ર દુઃખ પ્રિય નથી કેમકે દુઃખ પીડાકારક હોવાથી મહાભયરૂપ છે.........એમ હું કહું છું.

જંબુ! જો, દિશા અને વિદિશાઓમાં–એમ સર્વ સ્થળે જીવો એક-બીજાને આશ્રયીને રહેલા છે. તેઓ એકબીજા જીવોથી ત્રાસ પામે છે.

કારણકે– વિષય-કષાયોને કારણે આતુર બનેલા જીવો પોત-પોતાના ભિન્નભિન્ન સ્વાર્થને કારણે કરતા આરંભ–સમારંભનાં કાર્યો દ્વારા તે તે જીવોને કષ્ટ પહોંચાડે છે.

૫૦. પરંતુ, સંયમી પુરુષો તેનું સ્વરૂપ જાણીને,
તે જીવોને પરિતાપ ન થાય – એ રીતે સંયમી જીવન જીવે છે.

છતાં, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ '–એવું કહેનારા કેટલાક અન્ય સાધુઓ ત્રસકાય સંબંધી આરંભ-સમારંભનાં કાર્યો દ્વારા આ ત્રસકાયના જીવોની તથા તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારનાં શસ્ત્રો વડે હિંસા કરે છે.

૫૧. સર્વજ્ઞ ભગવાને આ સર્વ પાપક્રિયાઓનું જ્ઞાન મેળવી, જીવહિંસાથી અટકી, નિર્દોષ (શુદ્ધ) જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.

પરંતુ, લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ તથા પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી કરાતા ભોજનસમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મરણથી બચવા માટે અર્થાત્ અજર-અમર
થવા કરાતી કાયાકલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
તથા, બીજાં અનેકવિધ દુઃખો મટાડવા માટે,
કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી,

ત્રસજીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે આરંભ-સમારંભ કરાવે છે,
અથવા આરંભ-સમારંભ કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ, તે બધું તેમને અજ્ઞાનવર્ધક હોવાથી દુઃખદાયી છે.

૫૨. આ સંસારમાં ત્રસકાય જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી સત્ય ધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે-

આ આરંભ-સમારંભ કર્મ બંધના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ સંસારપરિભ્રમણના કારણરૂપ છે
આ આરંભ-સમારંભ નરકાદિ દુર્ગતિના કારણ રૂપ પણ બને છે.

છતાં, ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માનપાનાદિમાં આસક્ત જીવો ત્રસકાય સંબંધી આરંભ-સમારંભનાં કાર્યો દ્વારા ત્રસકાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રોથી હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.

જંબુ! તેઓ શા માટે હિંસા કરે છે ?, તે હું વિસ્તૃતપણે સમજાવું છું
કોઈક દેવ-દેવીની અર્ધ્યબલિ-પૂજા નિમિત્તે જીવહિંસા કરે છે,
કોઈક ચામડી માટે, કોઈક માંસ માટે અને કોઈક લોહી માટે,
એ રીતે કોઈક હૃદય, પિત્ત, ચરબી, પીંછા, પૂંછડી,
કેશ-વાળ, શિંગડાં, દાંત, દાઢ, નખ, નસો (સ્નાયુ) તથા હાડકાં વિગેરે પદાર્થો મેળવવા જીવોનો વધ કરે છે. પરંતુ, કેટલાક તો સાપ-વીંછી-કાચંડા-ગિરોળી વગેરે જીવોની નિષ્કારણ હિંસા કરે છે.

'મને કે મારા સ્વજનને પૂર્વે તે કરડેલ છે'
– એ કારણે પણ કોઈક માણસ તેવા જીવની હિંસા કરે છે,
'આ જીવ મને કરડવા આવેલ છે'
– એ કારણે પણ કોઈક માણસ તેવા જીવની હિંસા કરે છે.
'આ હિંસક પ્રાણી હોવાથી ભવિષ્યમાં કોઈકને કરડશે કે ડંખ દેશે.'
– એ કારણે પણ કોઈક માણસ તેવા જીવની હિંસા કરે છે.

૫૩. એ પ્રમાણે જે વ્યક્તિ ત્રસકાય વિષેનો આરંભ-સમારંભ કરે છે,
તે વ્યક્તિ 'આ આરંભ–સમારંભ કર્મબંધના કારણરૂપ છે'
– એ બાબતથી અજાણ હોય છે
તે કારણે આરંભ–સમારંભોથી તેઓ અટકતા નથી.
પરંતુ, જે વ્યક્તિ ત્રસકાયનો આરંભ-સમારંભ કરતો નથી,
તે વ્યક્તિ આરંભ-સમારંભથી થતા કર્મબંધથી પરિચિત હોય છે.

૫૪. માટે, ત્રસકાયના આરંભ-સમારંભને કર્મબંધના કારણરૂપ જાણીને,
સુજ્ઞપુરુષ પોતે ત્રસકાય વિષેનો આરંભ-સમારંભ કરે નહીં,
બીજા પાસે આરંભ–સમારંભ કરાવે નહીં,
તથા આરંભ–સમારંભ કરનારનું અનુમોદન પણ કરે નહીં.

૫૫. 'ત્રસકાય સંબંધી આરંભ–સમારંભ કર્મબંધના કારણરૂપ છે'
– એવું જે મુમુક્ષુને જ્ઞાન હોય છે,
અને આરંભ-સમારંભોનો ત્યાગ કરીને નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધસંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

**णो णिहेज्ज वीरियं**

કોઈ પણ સાધકે પોતાની શક્તિ છુપાવવી નહીં.

૫૬. જંબુ !

'આરંભ-સમારંભરૂપ પાપકાર્યોથી બંધાતાં કર્મોનું ફળ દુઃખદાયી છે'

– એવું સમજનાર સાધક વાયુકાયના આરંભ-સમારંભ કે તદ્રૂપ હિંસાથી પણ નિવૃત્ત થઈ શકવા સમર્થ છે. કારણકે—

જે વ્યક્તિ પોતાનું હિતાહિત કે સુખદુઃખ સમજી શકે છે,

તે વ્યક્તિ બીજાનું હિતાહિત કે સુખ-દુઃખ પણ સમજી શકે છે,

અર્થાત્ જે વ્યક્તિ બીજા જીવોનું સુખદુઃખ સમજી શકે છે,

તે વ્યક્તિ પોતાનું હિતાહિત કે સુખદુઃખ પણ સમજી શકે છે.

સાધકે આ સમતુલાને ઓળખવી જોઈએ.

આ જૈનશાસનમાં ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યને સમજાવનાર સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રની સાધનાથી પરમશાંતિને વરેલા સંયમી પુરુષો વાયુકાયના જીવોની હિંસા કરીને પોતાના જીવને ક્ષણિક સુખ આપવાની ઇચ્છા કરતા નથી.

૫૭. જંબુ ! જો, આ સંસારમાં જીવો એકબીજાને આશ્રયીને સર્વ સ્થળે રહેલા છે, તે રીતે આકાશમંડલમાં વાયુ સાથે પણ બીજા અનેક જીવો રહેલા છે. તેનું સ્વરૂપ જાણીને તે જીવોને પરિતાપ ન થાય તે રીતે સંયમી પુરુષો સંયમી જીવન જીવે છે.

પરંતુ, 'અમે ગૃહત્યાગી (અણગાર) છીએ'–એવું બોલનારા કેટલાક અન્ય સાધુઓ વાયુ સંબંધી આરંભ-સમારંભનાં કાર્યો દ્વારા વાયુકાયના જીવોની તથા તેની સાથે સંલગ્ન બીજા પણ અનેક જીવોની અનેક પ્રકારના શસ્ત્રો વડે હિંસા કરે છે.

૫૮. સર્વજ્ઞ ભગવાને આ સર્વ ક્રિયાઓનું જ્ઞાન મેળવી જીવહિંસાથી અટકી, નિર્દોષ (શુદ્ધ) જીવન જીવવાનો વિવેક સમજાવેલ છે.

પરંતુ, લોકો આ ક્ષણભંગુર શરીરને હૃષ્ટપુષ્ટ બનાવી તેને વધુ ટકાવવા,
માન-કીર્તિ કે પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
જન્મોત્સવ તથા મૃત્યુ પછી કરાતા ભોજનસમારંભ નિમિત્તે,
વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી બચવા માટે અર્થાત્ અજર-અમર
થવા કરાતી કાયા કલ્પાદિ ક્રિયાઓ નિમિત્તે,
તથા બીજા અનેકવિધ દુઃખો મટાડવા માટે,
કે મુક્તિ મેળવવાના ઉદ્દેશથી,
વાયુકાય જીવોની હિંસા થાય તેવા આરંભ-સમારંભ પોતે કરે છે,
બીજા પાસે કરાવે છે,
અથવા કરનારનું અનુમોદન કરે છે.
પરંતુ તે બધું તેમને માટે અહિતકર અને દુઃખદાયી છે.

૫૯. આ સંસારમાં વાયુકાયના જીવોની હિંસાને અહિતકર સમજતા એવા કેટલાક જીવોને સર્વજ્ઞ ભગવાન અથવા તેમના મુનિઓ પાસેથી સત્ય ધર્મનું શ્રવણ કરીને એવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે કે—

આ આરંભ-સમારંભ કર્મબંધના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ મોહ તથા આસક્તિના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ સંસાર પરિભ્રમણના કારણરૂપ છે,
આ આરંભ-સમારંભ નરકાદિ દુર્ગતિના કારણરૂપ પણ બને છે.

છતાં, ઉપર જણાવ્યા મુજબ આહાર, આભૂષા અને માનપાનાદિમાં મૂઢ બનેલા જીવો વાયુ સંબંધી આરંભ-સમારંભનાં કાર્યો દ્વારા વાયુકાયના જીવોની અનેક પ્રકારના શસ્ત્રોથી હિંસા કરે છે, સાથોસાથ તેને આશ્રયીને રહેલા બીજા પણ અનેક જીવોની હિંસા થાય છે.

૬૦. જંબુ! તે હિંસા કઈ રીતે થાય છે? તે હું વિસ્તૃતપણે સમજાવું છું—

માખી-ભમરા-પતંગિયા વિગેરે કેટલાક ઉડકણા જીવો અકસ્માત વાયુકાયના ચક્રમાં આવી જાય છે અને કોઈ પણ કઠોર સ્પર્શ થતાં જ વાયુકાયના જીવોની હિંસાની સાથે જ તે જીવોમાંના કેટલાક સંકુચિત થઈ જાય છે, કેટલાક મૂર્છિત થાય છે અને ક્રમશઃમરી પણ જાય છે. એ પ્રમાણે-'વાયુકાય સજીવ છે,
તેમાં શસ્ત્રપ્રયોગ કરવાથી તે જીવોને વેદના થાય છે,
તે સંબંધી આરંભ-સમારંભનાં કાર્યોથી કર્મબંધ થાય છે.'

અજ્ઞાની જીવો આ હકીકતથી અપરિચિત હોવાથી આરંભ-સમારંભ રૂપ તે તે પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થયેલા હોતા નથી.

પરંતુ, વાયુકાયમાં શસ્ત્રાદિ પ્રયોગ ન કરનારને આ બધા આરંભ-સમારંભોથી થતા કર્મબંધનું જ્ઞાન હોવાથી આરંભ-સમારંભ-રૂપ તે તે પાપ કાર્યોથી તેઓ નિવૃત્ત થઈ જાય છે.

૬૧. માટે, વાયુકાયના આરંભ-સમારંભને કર્મબંધના કારણરૂપ જાણીને
સુજ્ઞપુરુષ પોતે વાયુકાય સંબંધી આરંભ-સમારંભ કરે નહીં.
બીજા પાસે શસ્ત્રપ્રયોગ કરાવે નહીં,
તથા શસ્ત્રપ્રયોગ કરનારનું અનુમોદન પણ કરે નહીં.
જે સાધકને વાયુ સંબંધી આરંભ-સમારંભથી થનાર કર્મબંધનું જ્ઞાન હોય છે, અને તેથી સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.
...એમ હું કહું છું.

૬૨. પરમાર્થ સમજવા છતાં જેઓ સદાચારમાં પ્રવૃત્તિ કરતા નથી,
પરંતુ, હિંસા કરવા છતાં 'અમે સંયમી છીએ'-એવું બોલે છે,
તથા સ્વચ્છંદાચારી થઈ આરંભ-સમારંભમાં તન્મય રહે છે,
તેઓ, પૃથ્વ્યાદિ છકાયમાંથી એકનો આરંભ-સમારંભ કરે,
તોપણ છયે સાંકળરૂપ હોવાથી છયે કાયનો વિરાધક ગણાય છે
'જે કાર્ય પોતાને અપ્રિય અને અહિતકર છે, ...એમ તું જાણ.
તે કાર્ય બીજા જીવોને પણ અહિતકર હોવાથી અપ્રિય છે.'
વિશિષ્ટ જ્ઞાનથી આ સમજીને સંયમી એવું પાપકાર્ય કરે નહીં.
આ આરંભ-સમારંભને કર્મબંધના કારણરૂપ જાણીને,
સુજ્ઞપુરુષે પોતે છજીવનિકાય વિષેનો આરંભ-સમારંભ કરવો નહીં,
બીજા પાસે આરંભ-સમારંભ કરાવવો નહીં,
તથા આરંભ-સમારંભ કરનારનું અનુમોદન પણ કરવું નહીં.
'છજીવનિકાય સંબંધી આરંભ-સમારંભ કર્મબંધના કારણરૂપ છે'
– એવું જે મુમુક્ષુને જ્ઞાન હોય છે
અને તેથી સર્વથા નિવૃત્ત પણ થાય છે,
તે જ શુદ્ધ સંયમનો આરાધક મુનિ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીરસ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

# લોકવિજય

## ૨-૧

૬૩. જંબુ! શબ્દાદિ ૨૩ વિષયો જ સંસારના મૂળ છે,
અર્થાત્ સંસારના મૂળ શબ્દાદિ ૨૩ વિષયો જ છે.

[અર્થાત્ ગમતા કે અણગમતા શબ્દાદિ વિષયોને કારણે રાગ-દ્વેષ-ક્રોધ-મોહાદિ થાય છે. આ રાગાદિ કષાયો જ સંસારના મૂળ છે.]

આ વિષય-કષાયોને લીધે જીવ પ્રમાદી બનીને, તે દ્વારા પોતે જ ઊભા કરેલા શારીરિક અને માનસિક દુઃખોનું સંવેદન કરવાપૂર્વક સંસારમાં આ રીતે ગળાબૂડ રહે છે—

[વિષય-કષાયોનો અર્થી જીવ તે મેળવવા સંકલ્પ-વિકલ્પો કરે છે,
મળેલા તે ચાલ્યા જતાં શોક કરે છે,
અને ફરી મેળવવા અવનવા પ્રયત્નો કરે છે.
તદ્રૂપ પરિતાપને લીધે તે પોતે જ શારીરિક અને માનસિક દુઃખો ઊભા કરે છે. આ કારણે થતા રાગ-દ્વેષને લીધે તે વ્યક્તિ સંસારમાં આ રીતે ગળાબૂડ રહે છે—]

મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન, મારી પત્ની, મારી પુત્રી, મારી પુત્રવધૂ, મારા મિત્રો, મારા સ્વજનો, મારા સ્નેહીઓ, મારા સંબંધીઓ, મારા હાથી-ઘોડા-શયનાદિ ઉપકરણો, મારી ખાદ્યસામગ્રી અને મારાં વસ્ત્રો ઇત્યાદિ અનેક પદાર્થોની મમતામાં ફસાયેલા લોકો જીવનના અંતભાગ સુધી ગાફેલ બની, આસક્તિને કારણે જ કર્મબંધ કરતા રહે છે.

સ્વજનો તથા ધનાદિની આસક્તિને લીધે રાત-દિવસ સંકલ્પ-વિકલ્પોને કારણે દુઃખી થતો,
કાલ-અકાલનો વિચાર કર્યા વિના પરિશ્રમ કરતો,
કુટુંબ તથા ધનમાં લુબ્ધ બનેલો હોવાથી ધનનો લાલચુ,
બીજાનું ગળુ કાપવું તથા ચોરી-ધાડ આદિ દુષ્કર્મો કરનારો.
પરિણામનો વિચાર કર્યા વિના કાર્ય કરનારો,

આ રીતે સ્વજનો-વિષયસુખ તથા ધનપ્રાપ્તિમાં જેનું ચિત્ત ચોટેલું છે,
—એવો જીવ પૃથ્વીકાયાદિ જીવોની વારંવાર હિંસા કરે છે.

૬૪. આ સંસારમાં કેટલાએક માણસોનું આયુષ્ય પહેલેથી જ ટૂંકુ હોય છે. વળી વૃદ્ધાવસ્થામાં કાન-આંખ-નાક-જીભ તથા સ્પર્શનેન્દ્રિયનું જ્ઞાન દિનપ્રતિદિન ઘટતું જાય છે. રોગો, જરા અને મૃત્યુથી ઘેરાયેલ પોતાની વિકૃત શારીરિક અવસ્થા જોઈને ખેદ થવાથી જીવ શૂન્યમનસ્ક થઈ જાય છે.

વળી, પાપકાર્યો કરીને પ્રથમ જેમનું ભરણપોષણ કર્યું હતું અને જેમની સાથે રહીને આખી જિંદગી વિતાવી તે સ્વજનો પણ વૃદ્ધાવસ્થામાં તેનો તિરસ્કાર કરીને નિંદા કરે છે. પોતાની નિંદા સાંભળીને અકળાયેલો તે વૃદ્ધ પણ તે સ્વજનોની પાછળથી નિંદા કરે છે.

હે જીવ! પુણ્યાઇને લીધે કોઈક સ્થાને કદાચ આવું ન પણ બનતું હોય, તો પણ તે સ્વજનો તને તે રોગો કે જરા-મરણાદિ દુ:ખમાંથી બચાવી શકે તેમ નથી અને તું પણ તેમને રોગો કે જરા-મરણાદિ દુ:ખમાંથી મુક્ત કરી શકે તેમ નથી.

વળી વૃદ્ધાવસ્થામાં માણસ હાસ્યવિનોદ, રતિક્રીડા, ભોગવિલાસ કે શૃંગારાદિ માટે યોગ્ય પણ રહેતો નથી.

૬૫. —આવું સમજીને સંયમાનુષ્ઠાન માટે તત્પર (સંયમમાં સ્થિર ચિત્તવાળા) થઇને, ભાગ્યયોગે પ્રાપ્ત થયેલી આ સોનેરી તકને નજરમાં રાખીને બુદ્ધિમાન પુરુષ એક સમયનો પણ પ્રમાદ કરે નહીં. કેમકે-બાલ્યકાળની જેમ યુવાવસ્થા અને આ ઉંમર પણ વીતી જશે.

૬૬. આ સંસારમાં જીવનની ક્ષણભંગુરતાનો જેને ખ્યાલ નથી એવો પુરુષ વિષય-કષાયોને વશ થઇને 'આજ સુધીમાં બીજા કોઈથી નહીં થઈ શકેલું કામ કરવામાં હું પાવરધો છું'
—એવી અજ્ઞાનતાપૂર્વકની સમજને લીધે,
આરંભ-સમારંભ દ્વારા ષટ્કાય જીવોની હિંસા કરે છે,
તેમના અંગોપાંગનું છેદન-ભેદન કરે છે,
ચોરી કરે છે, બીજાનું ધન લૂંટે છે,
સમૂહની હત્યા કરે છે અથવા તેમને ત્રાસ ઉપજાવે છે.

વળી, જેમની સાથે તે રહે છે તે સ્વજનો ક્યારેક પહેલાં પણ તેનું ભરણપોષણ કરે છે, અને પછી સારી અવસ્થામાં સ્વજનોનું તે ભરણપોષણ કરે છે, પરંતુ બેયમાંથી કોઈપણ એક–બીજાના રોગો કે જરા–મરણાદિ નિવારવા સમર્થ નથી.

૬૭. આ સંસારમાં ખાતા–પીતાં બચેલું અથવા વાપર્યા વિના બચાવેલું ધન જીવ મોહવશ પોતાને માટે કે સ્વજનો માટે સંઘરી રાખે છે પરંતુ જીવને કર્મવશ ક્યારેક અસાધ્ય રોગો ઉત્પન્ન થઈ જાય છે.

આ અસાધ્ય રોગો ઉત્પન્ન થયા બાદ જેમની સાથે તે અહોનિશ રહે છે તે સ્વજનો કાં તો પહેલાં તેને છોડી દે છે અથવા તે રોગી જીવ સંયોગવશાત્ પાછળથી તેમને છોડી દે છે. પુણ્યયોગે કોઈક સ્થાને કદાચ આવું ન પણ બને, પરંતુ બેયમાંથી કોઈ પણ એકબીજાના રોગ કે જરામરણાદિ નિવારવા સમર્થ નથી.

૬૮. હે સુજ્ઞ! 'દરેક જીવો પોતે જ પોતાના સુખ-દુઃખના નિર્માતા છે. અને તે સુખ--દુઃખના પોતે જ ભોક્તા છે,

–એવું સમજીને આ શરીર રોગોથી ઘેરાય નહીં ત્યાં સુધીમાં,
'સત્કૃત્ય માટેની તક હજુ વીતી ગઈ નથી'
–એવું જાણીને તું સમય ઓળખ.

હે સુજ્ઞ! જ્યાં સુધી કાન, આંખ, નાક, જીભ તથા સ્પર્શનેન્દ્રિય સાબૂત છે અર્થાત્ ઇન્દ્રિયોની વિવિધ શક્તિઓ ક્ષીણ નથી થઈ ત્યાં સુધીમાં તું, તારા આત્મહિતને માટે બરાબર પુરૂષાર્થ કરી લે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

छिंदिज्ज सोतं लहुभूयगामी
કર્મોથી હળવા કે મુક્ત થવાની ઇચ્છાવાળા જીવે
કર્મપ્રવાહને રોકવો જોઈએ.

૬૯. જંબુ ! સંયોગવશ પ્રાપ્ત થયેલ સંકલ્પ-વિકલ્પોની જાળને તથા તે કારણે સંયમમાં ઉત્પન્ન થયેલી અરૂચિને દૂર કરીને સુજ્ઞપુરુષ અલ્પસમયમાં કર્મોથી મુક્ત થઈ જાય છે.

૭૦. પરંતુ, મોહથી ઘેરાયેલા કેટલાક સાધકો પરીષહો આવતાં જ વીતરાગની આજ્ઞાથી વિરુદ્ધ માર્ગે ચાલી સંયમથી ભ્રષ્ટ થાય છે.

'અમે અપરિગ્રહી થઈશું'—એવી ભાવનાથી દીક્ષા લીધી હોવા છતાં, વિષયભોગો પ્રાપ્ત થતાં જ જિનાજ્ઞાથી ભ્રષ્ટ થઈ તેમાં ડુબી જાય છે. ત્યારબાદ તે મેળવવાના ઉપાયોમાં રચ્યાપચ્યા રહી મોહમાં અહોનિશ ડૂબેલા રહે છે.

તેઓ નથી આ પાર કે નથી પેલે પાર

૭૧. પરંતુ, જે મહાપુરુષો ધન-પુત્ર-પરિવારાદિથી વિમુક્ત થઈ યાવજ્જીવ તેની મૂર્છાથી પર રહે છે,

તેઓ આ સંસારનો પાર પામી જાય છે.

જે વ્યક્તિ ધન-પુત્ર-પરિવાર અને સાંસારિક પદાર્થોની મમતા છોડીને,
સહજભાવે પ્રાપ્ત થતા કામભોગોનું પણ સેવનકરતો નથી,
પરંતુ-દીક્ષા લઈને, તે જ રીતે નિઃસ્પૃહપણે સંયમી જીવન જીવે છે,
તે જીવ ક્રમશઃ કર્મરહિત થઈને સર્વજ્ઞ થાય છે.
—આવું સમજીને, જે વ્યક્તિ લોભમાં તણાય નહીં તે જ સાધક ખરો અણગાર કહેવાય છે.

૭૨. પરંતુ, સ્વજનો તથા ધનાદિની આસક્તિને લીધે દિવસ-રાત સંકલ્પ-વિકલ્પોને કારણે દુઃખી થતો,
કાલ-અકાલનો વિચાર કર્યા વિના પરિશ્રમ કરતો,
કુટુંબ તથા ધનમાં લુબ્ધ બનેલો હોવાથી ધનનો લાલચુ,
વિશ્વાસઘાતી, પ્રપંચી તથાચોરી-ધાડ આદિ દુષ્કર્મો કરનારો,
પરિણામનો વિચાર કર્યા વિના કાર્ય કરનારો :

આ રીતે સ્વજનો-વિષયસુખ તથા ધનપ્રાપ્તિમાં જેનું ચિત્ત ચોંટેલું છે,
—એવો જીવ પૃથ્વીકાયાદિ જીવોની વારંવાર હિંસા કરે છે.

૭૩ વળી, તે અજ્ઞાની જીવ :
શરીર બળ,
જ્ઞાતિ બળ,
મિત્ર બળ,
પરલોક બળ,
દેવ બળ,
રાજ બળ,
ચોર બળ,
અતિથિ બળ,
ભિક્ષુક બળ,
શ્રમણ બળ,
ઇત્યાદિ વિવિધ ઐશ્વર્ય અને શક્તિ મેળવવા,
અનેક પાપ પ્રવૃત્તિ દ્વારા જીવહિંસા કરે છે.
વળી ક્યારેક ભયને કારણે પણ હિંસા કરે છે,
ક્યારેક પાપોથી છૂટવા ધર્મને બહાને,
અથવા ક્યારેક કોઈક લાલચથી પ્રેરાઈને પણ,
આરંભ–સમારંભ દ્વારા જીવહિંસા કરે છે.

૭૪. પરંતુ, 'જીવહિંસાનું ફળ દુઃખદાયી છે'
-એવું સમજીને સુજ્ઞપુરુષે પોતે હિંસા કરવી નહીં,
બીજા પાસે હિંસા કરાવવી નહીં,
તથા હિંસા કરનારને પ્રોત્સાહન પણ આપવું નહીં.
આ પ્રશસ્તમાર્ગ સર્વજ્ઞભગવાને બતાવેલ છે.

માટે હે હિતચિંતક! હિંસાદિ પાપકાર્યો દ્વારા તારો આત્મા કર્મોથી જે રીતે ન લેપાય તેમ વર્તજે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું

★

૭૫. જંબુ! આ જીવ ઘણીવાર ઉચ્ચગોત્રમાં તથા ઘણીવાર નીચગોત્રમાં પણ ઉત્પન્ન થઈ ચૂકયો છે. તેમાં કશી મહત્તા કે ન્યૂનતા નથી.
–એવું જાણીને જરાયે અહંકાર કે દીનતા પણ ન કરવી,
કે કોઈપણ મદસ્થાનની સ્પૃહા પણ ન કરવી. કેમકે–
'જે વ્યક્તિ જેનો મદ કરે છે, તે વ્યક્તિ પરભવે તેની હીનતા પામે છે.'

–એવું સમજીને કોણ પોતાના ગોત્ર વિષે ગર્વ કરે?
અથવા શેમાં આસક્તિ કરે?
માટે, સુજ્ઞપુરુષે હર્ષ કે શોક ન કરતાં સમભાવે રહેવું.

૭૬. હે મુમુક્ષુ! 'બધા જીવોને સુખ પ્રિય છે'
–એવું સમજીને સર્વપ્રકારની જીવહિંસાથી તું અટક,
વળી, તું એવો તત્ત્વદર્શી થા કે–
સંસારમાં જીવો મોહ અને અજ્ઞાનને કારણે પોતપોતાના કર્મવશ:
આંધળા-બહેરા-બોબડા-ગૂંગામૂંગા-કાણા–કુબડા ને કુરૂપ થાય છે.
અનેક પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે.
અને ત્યાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખો ભોગવે છે.

૭૭. –આ કર્મસ્વરૂપને નહીં જાણનાર અજ્ઞાની જીવ આધિ-વ્યાધિ અને ઉપાધિથી પીડિત થઈને તથા પરાભવ પામીને જન્મમરણનાં દુઃખો ભોગવતો સંસારમાં પરિભ્રમણ કરે છે.

છતાં, આ સંસારમાં કેટલાએક જીવોને ખેતર, મકાન તથા પૌદ્ગલિક ચીજો પર આસક્તિપૂર્વકનું અસંયમી જીવનજ પ્રિય લાગે છે. રંગબેરંગી કપડાં, મણિ–મોતી તથા સોનાના આભૂષણો અને કામિનીને મેળવી, તેમાં જ આસક્ત થયેલા જીવો એવું બોલે છે કે–
'આ સંસારમાં તપ-યમ-નિયમાદિનું કાંઈપણ ફળ દેખાતું નથી.'
આ રીતે ફક્ત અસંયમી જીવનની જ કામનાવાળા અત્યંત અજ્ઞાની જીવો વિષયભોગાદિની પ્રાપ્તિ માટે મિથ્યા પ્રલાપ કરવાપૂર્વક મૂઢ બનીને વિપરીત આચરણ કરે છે.

૭૮. પરંતુ, જે મુમુક્ષુ છે, તેઓ અસંયમી જીવનની ઇચ્છા જ કરતા નથી
તેઓ તો જન્મ-મરણના મૂળને શોધી,
તેથી છૂટવાના ઉપાયરૂપે સંયમી જીવન જીવવાનોજ પુરુષાર્થ કરે છે.

મૃત્યુ ક્યારે આવશે? તે કોઇને ખબર નથી.
જીવવું સૌને ગમે છે, બધાય જીવોને સુખ ગમે છે,
દુઃખ કોઈને ગમતું નથી,
બધાય જીવોને વધ અપ્રિય લાગે છે ને જીવવું સારું લાગે છે.

૭૯. છતાં, દુઃખના કારણરૂપ અસંયમી જીવન જ સૌને ગમતું હોવાથી, મનુષ્યો દાસ-દાસી તથા પશુ-પંખીઓને તે તે કાર્યોમાં જોડીને, તે દ્વારા મેળવેલ ધનને ભોગવવામાં મન-વચન અને કાયાથી મશગૂલ રહે છે.

તેમ છતાં, અંતે જે કાંઈ થોડું કે ઘણું ધન વધે તેને-
સગા સંબંધીઓ વહેંચી ખાય છે,
કાં તો ચોર ચોરી જાય છે,
કાં તો રાજા લૂંટી લે છે,
કાં તો વ્યાપારાદિમાં નુકસાન થાય છે,
કાં તો અગ્નિ આદિ ગમે તે કારણે તેનો નાશ થાય છે.

એ રીતે કુટુંબાદિ માટે કુકર્મો કરીને એકઠું કરેલું ધન બીજે સ્થાને ચાલ્યું જતાં તેને ખૂબ દુઃખ થાય છે અને તેથી મૂઢ જેવો બનીને, ફરી પાછો વિપરીત પ્રવૃત્તિ કરે છે.

વીતરાગ ભગવાને આ ફરમાવ્યું છે કે--
જે જીવો અસંયમી અને વિષયલોલુપ છે-
તેઓ સંસારના પ્રવાહને રોકી શકતા નથી,
કે રોકી શકવા સમર્થ પણ નથી,
તેઓ સંસારનો અંત કરી શકતા નથી,
કે સંસારનો અંત કરી શકવા સમર્થ પણ નથી.
તેઓ સંસારનો પાર પામી શકતા નથી-
કે સંસારનો પાર પામી શકવા સમર્થ પણ નથી.

અજ્ઞાની પુરુષ સંયમ લીધા પછી પણ તેમાં સ્થિર રહેતો નથી
પરંતુ મિથ્યોપદેશ સાંભળીને અસંયમ સ્થાનમાં સ્થિર થાય છે.

૮૦. જંબુ! *તત્ત્વદર્શી પુરુષને ઉપદેશની જરૂર હોતી નથી.

પરંતુ, અજ્ઞાની જીવ જ રાગના બંધનમાં બંધાઇને કામભોગોમા
મશગૂલ રહે છે, છતાં-અગ્નિમાં ઘીની જેમ,
કામભોગોની તૃપ્તિ થતીજ ન હોવાથી તે અતૃપ્ત રહે છે.
વળી, ભોગાસક્તિને કારણે કર્મબંધ થાય છે,
અને તેના ફળસ્વરૂપે પ્રાપ્ત થતા દુઃખોને લીધે-
તે દુઃખીજીવ દુઃખોના જ ચક્રમાં અટવાયા કરે છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

---

* કોઈક નટ રાજાની ભૂમિકા ભજવે કે રંકની; પરંતુ-બન્નેય સ્થિતિમાં 'પોતે નાટકિયો છે'--એવું તેને ભાન હોય છે તેથી રાજા કે ભિખારીના વેષની અસર તેના મન ઉપર થતી નથી
એ રીતે-પોતાના સ્વરૂપનું ભાન થયા પછી, જે દૃષ્ટા બની ગયેલ છે તેવા પુરૂષને સારા કે માઠા પ્રસંગો સાથે સંબંધ હોવા છતાં તેની સારી કે માઠી અસર તેને વળગી શકતી નથી.
એટલે કે, સારી માઠી-અસર અર્થાત્ રાગ-દ્વેષ જ કર્મબંધના કારણરૂપ છે. સારા-માઠા પ્રસંગો નહીં.

इमेण चेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झतो ?

હે સાધક! કામ-મદ-માયા અને લોભાદિ દુર્ગુણો રૂપી
અભ્યંતર શત્રુઓ સાથે તું યુદ્ધ કર.
બહારના શત્રુઓ તો નિમિત્ત માત્ર છે.
તેમની સાથે યુદ્ધ કરવાથી કાંઈ વળવાનું નથી.

૮૧. જંબુ! તે કામભોગોના સેવનથી,
કે પૂર્વે બાંધેલ અશાતા વેદનીય કર્મના ઉદયથી,
જીવને ક્યારેક અસાધ્ય રોગો ઉત્પન્ન થઈ જાય છે.
આવો રોગી જેમની સાથે રહે છે તે સગા સંબંધીઓ જ કંટાળીને તેનો તિરસ્કાર અથવા નિંદા કરે છે.
તેથી અકળાયેલો તે રોગી પણ તે સ્વજનોની પાછળથી નિંદા કરે છે.
હે જીવ! પુણ્યાઈને કારણે આવું કોઈક સ્થાને ન પણ બને,
તો પણ તે સ્વજનો તે રોગોથી તને મુક્ત કરી શકે તેમ નથી,
અને તું પણ તેમને તે દુઃખમાંથી બચાવી શકવા સમર્થ નથી.

૮૨. કારણ કે-<u>પ્રત્યેક જીવને સ્વકૃત કર્માનુસાર</u> <u>સુખ-દુઃખ ભોગવવા પડે છે.</u>
આ સંસારમાં કેટલાએક માણસો જીવનના અંત સુધી વિષયવાસના અને ભોગોનું જ ચિંતન કર્યા કરે છે. તેમણે જે કાંઈ થોડું-ઘણું ધનાદિ એકત્ર કર્યું હોય તેના ભોગવટામાં જ તેઓ મન-વચન અને કાયાથી મસગૂલ રહે છે.
વપરાતાં વપરાતાં ભાગ્યયોગે કદાચ તેની પાસે થોડું કે ઘણું ધન વધે તો,
અંતે તેના સગા-સંબંધીઓ વ્હેંચી ખાય છે,
કાંતો ચોર ચોરી જાય છે,
મિલ્કતવેરો-મૃત્યુવેરો કે નિર્વંશને બહાને રાજા લૂંટી લે છે,
કાંતો વ્યાપારાદિમાં નુકસાન થાય છે,
અથવા આગથી તેની માલમિલ્કત સળગી જાય છે.
એ રીતે કુટુંબાદિ માટે કુકર્મો કરીને એકઠું કરેલું ધન બીજે સ્થાને ચાલ્યું જતાં તેને ખૂબ દુઃખ થાય છે અને તેથી મૂઢ જેવો બની, ફરી પાછો વિપરીત પ્રવૃત્તિ કરે છે.

૮૩. માટે, હે ધીરપુરુષ ! વિષયોની આશા-તૃષ્ણા અને સંકલ્પ-વિકલ્પોનો
ત્યાગ કર તું પોતેજ આ કાંટાને હૃદયમાં રાખીને વ્યર્થ દુઃખી થાય છે.
જે ધનથી ભોગાદિ સામગ્રી મેળવી શકાય છે, તે ધન હોવા છતા,
અંતરાયકર્મના ઉદયથી તે ભોગાદિ સામગ્રી પ્રાપ્ત ન પણ થઈ શકે,
અથવા મેળવ્યા પછી ભોગવી પણ ન શકાય.
—એવું આ સંસારમાં પ્રત્યક્ષ અનુભવાય છે
છતાં, જે માણસો મોહ અને અજ્ઞાનથી ઘેરાયેલા છે,
તેઓ આ સીધી-સાદી વાત સમજી શકતા નથી.

૮૪. આ જગતમાં લોકો સ્ત્રીઓને કારણે મહાદુઃખી છે,
છતાં, મોહવશ તેઓ એવું બોલે છે કે—
"આ સ્ત્રીઓ ભોગ્ય હોવાથી સુખના સ્થાનરૂપ છે."
પરંતુ, તેમનું આ કથન મોહજન્ય હોવાથી અંતે દુઃખદાયી છે.
તેથી તેમને મૃત્યુ પછી નરક-નિર્યંચગતિમાં જ અટવાવાનું રહે છે.
છતાં, મોહવશ મૂઢ બનેલો જીવ ધર્મના મર્મને જાણી શકતો નથી.

૮૫. મહાવીર ભગવાને કહ્યું છે કે—
"હિતેચ્છુએ સ્ત્રીઓમાં આસક્ત થઈ પ્રમાદી થવું જોઈએ નહીં.
કેમકે-પ્રમાદથી જન્મ-મરણના ચક્કરમાં અટવાવું પડે છે,
અને અપ્રમાદથી શાંતિ અને અંતે મોક્ષ મળે છે."
-એવું સમજીને તથા આ શરીરની ક્ષણભંગુરતા અને વિનશ્વરતાનો
વિચાર કરીને બુદ્ધિમાન પુરૂષે પ્રમાદથી દૂર રહેવું જોઈએ.
હે મુમુક્ષુ ! તું વિચાર કરી જો કે—
ભોગોથી તૃપ્તિ થતી જ નથી,
બલ્કે તે ભોગોને કારણે આ ભવમાં રોગો ઉત્પન્ન થાય છે,
અને પરભવે દુર્ગતિઓમાં ભટકવું પડે છે.
—માટે તેથી વિરક્ત થા.
જંબુ ! જો,
આ સંસારમાં દરેક જીવોને ચોતરફથી એકબીજાનો વત્તો-ઓછો ભય છે
અને તે કારણે આખુંય જગત દુઃખી છે,
માટે, મુનિ કોઈપણ જીવને દૂભવે નહીં.

૮૬. આ રીતે સંયમનું પાલન કરતાં, ઉપસર્ગોને પ્રસંગે ખેદ પણ કરે નહીં
—આવા વીર મુનિની ઇંદ્રો પણ પ્રશંસા કરે છે.
ભિક્ષાદિ ન આપનાર વ્યક્તિ ઉપર મુનિ ગુસ્સો કરે નહીં,
થોડું આપનારની નિંદા કરે નહીં,
તથા ના પાડ્યા પછી ત્યાં ઉભા પણ રહે નહીં,

હે મુનિ ! તું આ રીતે સંયમની ઉત્તમ આરાધના કર.
હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

★

संधिं लोगस्स जाणित्ता आततो बहिया पास

હે જીવ ! આ સંસારમાં કર્મોથી મુક્ત થવાનો સુઅવસર આવેલો જાણીને,
—પ્રમાદ કર નહીં.
બધાય જીવોને પોતાની જેવા જ માની સમાન આચરણ કર.

★

૮૭. જંબુ! આ સંસારમાં ગૃહસ્થો પોતાને માટે,
પુત્ર-પુત્રીઓ કે પુત્રવહુઓ માટે,
જ્ઞાતિભાઈઓ માટે કે રાજા માટે,
ધાવમાતા માટે કે દાસ-દાસીઓ માટે,
નોકરનોકરાણી માટે કે મહેમાનોના ભોજન માટે,
—વિવિધ શસ્ત્રોદ્વારા આરંભ-સમારંભ કરે છે.
વળી, પુત્રો અને કુટુંબીઓને વહેંચવા માટે,
તથા અન્ય કેટલાએક માણસોના ઉપભોગ નિમિત્તે,
વિવિધ દ્રવ્યોને સંઘરી પણ રાખે છે.

૮૮. પરંતુ, 'કર્મો ખપાવવાની આ સુંદર તક મળી છે,'
—એવું સમજીને મુનિ સંયમમાં ઉદ્યમી થાય
પવિત્ર અંતઃકરણવાળો, પરમાર્થી, ન્યાયનીતિસંપન્ન થાય,
દ્રવ્ય-ક્ષેત્રકાળ-ભાવને ઓળખી તદનુસાર વર્તનારો થાય.
આવો મુનિ સદોષ આહાર લે નહીં,
બીજાને સદોષ આહાર લેવાની પ્રેરણા કરે નહીં,
તથા સદોષ આહાર લેનારનું અનુમોદન પણ કરે નહીં.
પરંતુ, સદોષનો ત્યાગ કરીને નિર્દોષ આહાર લેવા પૂર્વક
—સંયમનું પાલન કરે.
ક્રય-વિક્રય નહીં કરતો એવો તે મુનિ ધર્મોપકરણ પણ ખરીદે નહીં,
બીજા દ્વારા ખરીદ-વેચાણ કરાવે નહીં,
તથા ખરીદ-વેચાણ કરનારનું અનુમોદન પણ કરે નહીં.
આવો મુનિ સમયસૂચક હોય,
આત્મબળનો જાણકાર હોય,
આહારાદિ ક્યાંથી કેટલું લેવું ? તેનો જ્ઞાતા હોય,
સંસારના સ્વરૂપનો જાણકાર હોય,
વિનયી અને સંયમી હોય,

જૈન-જૈનેતર શાસ્ત્રોનો જાણકાર હોય,
દાતાના ભાવને સમજનારો હોય,
પરિગ્રહની મમતારહિત હોય,
યથાસમય સંયમાનુષ્ઠાન કરનારો હોય.

વળી, હીન (તુચ્છ) પ્રતિજ્ઞા કે નિયાણુ નહીં કરવાપૂર્વક નિરાસક્ત થઈને, રાગદ્વેષના બંધનોનો વિચ્છેદ કરીને મુનિ એ રીતે મોક્ષમાર્ગે આગળ વધે છે.

૮૯. વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, ઉપાશ્રયાદિ સ્થાન, સંથારો કે આસનાદિ ધર્મોપકરણો સદોષ છે કે નિર્દોષ ?
--તે જાણીને મુનિએ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.
શુદ્ધ આહાર પ્રાપ્ત થતાં, ક્યાંથી કેટલો આહાર લેવો ?
તેનો વિવેક ભગવાને જે રીતે સમજાવ્યો છે તે પ્રમાણે વર્તે.
વળી, ઈષ્ટ અને પૂરતો આહાર મળતાં મુનિ રાજી પણ ન થાય,
અથવા ગર્વ પણ કરે નહીં,
રૂક્ષ અને અપૂરતો આહાર મળતાં મુનિ શોક પણ ન કરે.
ઘણો આહાર પ્રાપ્ત થતાં મુનિ સંઘરી રાખે નહીં. પરંતુ,
પરિગ્રહ બુદ્ધિ-મૂર્છા કે મમતાથી આત્માને દૂર રાખે
વળી ધર્મોપકરણો ઉપર પણ મમત્વન રાખતાં, તે ધર્મના સાધનરૂપ છે,
—એમ સમજીને પરિગ્રહ અને મૂર્છાનો ત્યાગ કરે.
જંબુ ! આ પ્રશસ્ત માર્ગ સર્વજ્ઞ ભગવાને બતાવ્યો છે. માટે-
હે બુદ્ધિમાન સાધક ! જે રીતે તારો આત્મા પાપકર્મોથી ન લેપાય.
-તેમ વર્તજે........એમ હું કહું છું.

૯૦. જંબુ ! કામભોગોની વાસનાઓને કાબુમાં રાખવી અતિદુષ્કર છે,
જીવન અતિ ચંચળ છે,
આયુષ્ય વધારી શકાય તેમ નથી,
બલ્કે દિનપ્રતિદિન ઘટતું જાય છે.
છતાં, * આ જીવની કામવાસના શાંત થતી નથી

* હિંસાનું સ્વરૂપ સમજીને, પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરી શકે એવો ફક્ત મનુષ્યભવ જ છે. વળી મનુષ્યોમાં પણ પુરૂષની પ્રધાનતા હોવાથી પુરિસ શબ્દ અહિં મૂકેલ છે. આગળ પણ આ શબ્દ ઠેર ઠેર આવે છે.

પરંતુ, ઘણું ભોગવવા છતાં ખરેખર ! આ જીવ અતૃપ્ત જ રહે છે,
વળી કામભોગોની ઇષ્ટપ્રાપ્તિ ન થતાં જીવ શોક કરે છે,
ઝૂરે છે, રૂએ છે અને ખેદપૂર્વક પશ્ચાત્તાપ કરે છે.

૯૧. પરંતુ, સંસારના સાચા સ્વરૂપને જાણનાર દીર્ઘદર્શી મુનિ ફક્ત ભોગજન્ય સુખોને ન જોતાં, ઉર્ધ્વ–અધો અને તિર્છાલોકમાં ભોગોથી પ્રાપ્ત થનારી સ્થિતિને પણ જુએ છે અને જાણે છે કે—

વિષયવાસનામાં આસક્ત લોકો સંસારમાં પરિભ્રમણ કરે છે.

માટે, ચોર્યાસીના ફેરામાંથી છૂટવા માટેની આ માનવજીવન રૂપી અમૂલ્ય તક આવેલી જાણીને, વિષયવાસનાનો જે ત્યાગ કરે, અને પોતે બંધનમુક્ત થયા પછી બીજાને પણ બંધનમુક્ત કરાવે,

તે વીરપુરુષ પ્રશંસાપાત્ર છે.

૯૨. આ શરીર જેવું અંદર મલ–મૂત્રથી અપવિત્ર છે,
તેવું જ રોગાદિને કારણે બહારથી પણ અસાર છે.

માટે, શરીરમાં રહેલી દુર્ગંધી વસ્તુઓને તથા તે જેમાંથી નિરંતર ઝરતી રહે છે, તે નવ દ્વારવાળા આ શરીરનું યથાર્થ સ્વરૂપ સમજી મુનિ તેનો સદુપયોગ કરે.

આવું જાણીને બુદ્ધિમાન પુરુષ ત્યાગ કરેલ કામભોગોને લાળને ચાટતા બાળકની જેમ ફરીથી સેવન કરે જ નહીં. તથા પોતાના આત્માને જ્ઞાન અને સંયમથી વિપરીત માર્ગે લઈ જાય નહીં.

૯૩. 'આ કામ કર્યું અને આ કામ હવે કરીશ'
–આવા પ્રકારની ચિંતાથી કામીપુરૂષ સદા વ્યાકુલ રહે છે,
માયાનું અત્યંત સેવન કરે છે,
પોતાના જ કરતૂતો તથા પ્રપંચોને કારણે તેમાં ફસાઈ,
મૂઢ જેવો બની વારંવાર તેવું જ–માયાવી આચરણ કરે છે.

જેની સાથે જીવ આવા છલ–પ્રપંચો કરે છે
તે જીવો સાથે તે સીધી કે આડકતરી રીતે દુશ્મનાવટ વહોરી લે છે.

વળી, તે એટલો બધો લોભ કરે છે કે જેથી આવા કાર્યોને લીધે તેને દુર્ગતિમાં ભમવું પડતું હોવાથી સરવાળે લાભને બદલે નુકસાન જ થાય છે.

અર્થાત્-તે પોતે જ પોતાના આત્માનો દુશ્મન થાય છે.
તે કારણથી એવું કહેવાય છે કે—કામભોગોની અતિ લાલસાવાળો આવો જીવ આ ક્ષણભંગુર અને અસાર શરીરને જ હૃષ્ટ પુષ્ટ બનાવવા માટે મોટા આરંભ-સમારંભ કરતો થકો પોતે જાણે કે અજર-અમર હોય તેમ વર્તે છે.

-આવા જીવને દુઃખી જોઈને કામાસક્તિ તજવી જોઈએ.

આ હકીકતને સમજ્યા વિના કામીપુરૂષ કામભોગો ન મળતાં,
અથવા મળેલા કામભોગો ચાલ્યા જતાં, નિરંતર શોકસંતાપ કરે છે.

૯૪. માટે, હે સુજ્ઞ! હું જે હકીકત કહું છું તે સમજ અને તેનો અમલ કર.
'કામવાસના તેના ઉપભોગથી શાંત થાય છે'
-એવી વ્યર્થ હિમાયત કરનારા અને પોતાને ડાહ્યા માનનારા,
અજ્ઞાની જીવો તુચ્છપ્રયોગોથી બીજા જીવોનું છેદન-ભેદન કરે છે.
વળી, જે કોઈની તે ચિકિત્સા કરે છે તેને,
'હું અપૂર્વ કાર્ય કરી બતાવીશ'—એમ કહી મનમાં ઠસાવે છે.
આવી ચિકિત્સા કરનાર કે કરાવનાર અજ્ઞાનીની સોબત તજવી જોઈએ.

આવી ચિકિત્સા કરવી કે કરાવવી મુનિને કલ્પતી નથી
હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર **સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

卐

पुरिसा ! अताणमेव अभिणिगिज्झ

हे मानव ! तूं अपनी आत्माको ही वश कर,

जीससे तूं सभी उपाधिसे छूट जाय !

૯૫. જંબુ ! પૂર્વોક્ત વસ્તુસ્વરૂપને સમજીને,
સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો સ્વીકાર કરીને,
મુનિ જયણાપૂર્વક સંયમનું પાલન કરે.
અર્થાત્-પોતે પાપ કાર્યો કરે પણ નહીં
અને બીજા પાસે પાપકાર્યો કરાવે પણ નહીં.

૯૬. સાધક કદાચ કોઈપણ એક કાયના જીવોની હિંસા કરે, તોપણ છયે કાયનું અનુસંધાન હોવાથી તે છયે કાયનો વિરાધક ગણાય છે. અધિક સુખ મેળવવા ચોતરફ દોડધામ કરતા અજ્ઞાની જીવો પોતે ઉભા કરેલા દુઃખને કારણે મૂઢ જેવા બની વિપરીત આચરણ કરે છે,
વિવિધ રીતે પ્રમાદી બનીને વ્રતોનું ખંડન કરે છે,
તે કારણે અનેક યોનિઓમાં પરિભ્રમણ કરે છે,
—કે જ્યાં ઉત્પન્ન થયેલા આ જીવો ખરેખર ! દુઃખી હોય છે.

૯૭. કર્મોનું આવું સ્વરૂપ સમજીને, સાધક પરપીડાકારી કાર્યો કરે નહીં,
આને જ સાચું જ્ઞાન કે વિવેક કહેવાય છે.
તેવું આચરણ કરવાથી જ સર્વથા કર્મક્ષય થઈને જીવનો મોક્ષ થાય છે.
જે સાધક પરિગ્રહ ઉપરના મમત્વ-મૂર્છાનો ત્યાગ કરી શકે છે
તે સાધક પરિગ્રહનો પણ ત્યાગ કરી શકે છે.
જેને મમત્વ નથી તે જ ખરેખર ! મોક્ષમાર્ગનો જ્ઞાતા છે.
પરિગ્રહનું સ્વરૂપ સમજીને તેનો જે ત્યાગ કરે તે જ બુદ્ધિશાળી છે.
લોકનું સ્વરૂપ જાણીને, લોકૈષણાનો ત્યાગ કરીને,
સુજ્ઞપુરુષ સંયમ માર્ગમાં પુરૂષાર્થ કરે...એમ હું કહું છું.

૯૮. કદાચ મોહોદયને કારણે સંયમમાં અરૂચિ કે કંટાળો ઉત્પન્ન થાય,
અને પદાર્થો ઉપર રાગ થાય, તો વીર મુનિ તે ચલાવી લે નહીં,
પરંતુ, બેય પ્રકારના સંસ્કારોને દૂર કરે.

૯૯. મુનિ ! પાંચેય ઇંદ્રિયોના વિષયોને સમભાવે સહન કરતો એવો તું રાગદ્વેષથી રહિત થા. વળી, અસંયમી જીવનના આનંદ-પ્રમોદ અને મોહક પ્રસંગોમાં તું ન ફસાતાં, તેમને ઘૃણાની નજરે જો. કારણ કે- સંયમનો સ્વીકાર કર્યા પછી મુનિ એ રીતે કર્મોને આત્માથી દૂર કરે. પરમાર્થને જાણનારા વીરપુરૂષો થોડો અને લુખો-સૂકો આહાર લે છે.

—આવા મુનિ સંસારના પ્રવાહને રોકી (તરી) શકે છે.

તેઓ જ સંસારથી પાર પામેલા, પરિગ્રહથી મુક્ત થયેલા,

તથા સંયમી કહેવાય છે...એમ હું કહું છું

૧૦૦. જે સાધક સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે ન ચાલતાં સ્વચ્છંદી થઈને વિચરે છે, તે મુનિ મોક્ષે જવા લાયક નથી. તે સાધક સમ્યગ્જ્ઞાનાદિથી રહિત હોવાથી પૂછવા છતાં, શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરવામાં સંકોચ તથા ગ્લાનિ અનુભવે છે.

૧૦૧. સાંસારિક પદાર્થોનો તથા તેની આસક્તિ(મમતા)નો જે ત્યાગ કરે છે.

તેને જ્ઞાતા કહ્યો છે. અને તે જ વીર પુરૂષ પ્રશસ્ય છે.

આ સંસારમાં મનુષ્યોને દુઃખ પ્રાપ્ત થવાના જે કારણો ભગવાને બતાવ્યા છે. તે જાણીને કુશળ પુરૂષો તેનો ત્યાગ કરે છે.

—એ પ્રમાણે કર્મોનું યથાર્થ સ્વરૂપ જાણીને, શુદ્ધાચરણ કરવાથી, કર્મોથી સર્વથા મુક્ત થઈ શકાય છે.

જે સાધક તત્ત્વદર્શી છે,

તેનું ચિત્ત મોક્ષમાર્ગ સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી.

અર્થાત્ જેનું ચિત્ત મોક્ષમાર્ગમાં જ સ્થિર છે તે તત્ત્વદર્શી છે.

૧૦૨. આવા મુનિ જેવા ભાવથી રાજાને ઉપદેશ આપે છે,

તેવા જ ભાવથી રંકને પણ ઉપદેશ આપે છે.

અને, જેવા ભાવથી રંકને ઉપદેશ આપે છે,

તેવા જ ભાવથી રાજાને પણ ઉપદેશ આપે છે.

અર્થાત્-તેની દૃષ્ટિમાં ભેદભાવ હોતો નથી,

પરંતુ, મુનિએ તે ઉપદેશ શ્રોતાનો અભિપ્રાય, શ્રોતાનો ધર્મ અને શ્રોતાના વિચારાદિ જાણીને કરવો જોઈએ. નહિં તો કોઈક વ્યક્તિ તે અણગમતો ઉપદેશ સાંભળી મુનિને દંડે, હણે અથવા અનાદર કરે. માટે હે શિષ્ય! ઉપદેશ આપવાની બાબતમાં પણ તું એવું સમજ કે–
સામેની વ્યક્તિ કોણ છે તથા તે કયા ધર્મને અનુસરે છે?
—એવું જાણ્યા સિવાય ઉપદેશ આપવો હિતકર નથી.

૧૦૩. ઊર્ધ્વ, અધો અને તિર્છી દિશાઓમાં કર્મોથી બંધાયેલાને જે મુક્ત કરે
—તે વીર પુરૂષ પ્રશંસનીય છે.
સમ્યગ્જ્ઞાનપૂર્વક ક્રિયા કરનારો તે મુનિ ક્યારેય હિંસાથી લેપાતો નથી.

૧૦૪. જે સાધક બંધ તથા મોક્ષના સ્વરૂપને યથાર્થ રીતે જાણે છે,
અને કર્મક્ષય કરવામાં નિપુણ છે તે જ ખરેખર! વિદ્વાન છે.
આવા પુરૂષો કેવલી અવસ્થામાં કર્મોથી યુક્ત પણ નથી, મુક્ત પણ નથી
આવા મહાપુરૂષ જે ધર્મ પંથે વિચર્યા હોય તે પંથે ચાલવું,
અને જે પાપને રસ્તે પગ પણ ન મુક્યો હોય તે રસ્તે જવું નહીં.
હિંસાના સાધનો, હિંસાના કારણો તથા લોકસંજ્ઞાનું સ્વરૂપ સમજીને,
તેનો સર્વથા ત્યાગ કરવાથી કર્મોથી સર્વથા મુક્ત થઈ શકાય છે.

૧૦૫ જંબુ! તત્ત્વોનો જે જાણકાર છે અર્થાત્ જે પરમાર્થદર્શી છે,
તેને વિધિ–નિષેધના ઉપદેશની જરૂર રહેતી નથી.
કારણ કે––અજ્ઞાની જીવ જ રાગના બંધનમાં બંધાઈને કામભોગોમાં આસક્ત રહે છે. છતાં, અગ્નિમાં ઘીની જેમ, કામભોગથી તૃપ્તિ થતી જ ન હોવાથી તે અતૃપ્ત રહે છે.
વળી ભોગાસક્તિને કારણે કર્મબંધ થાય છે.
અને તેના ફલ સ્વરૂપે પ્રાપ્ત થતા દુઃખોને લીધે.
તે દુઃખી જીવ દુઃખોના જ ચક્રમાં અટવાયા કરે છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

## શીતોષ્ણીય

### ૩-૧

૧૦૬. અજ્ઞાની જીવો ગાઢ મોહનિદ્રામાં હોવાથી સુતેલા સમજવા.
સંયમી મનુષ્યો હંમેશાં આત્માભિમુખ હોવાથી જાગ્રત સમજવા.
જંબુ !
આ સંસારમાં અજ્ઞાન અને મોહ દુ:ખના કારણરૂપ હોઈ અહિતકર છે
—એમ તું જાણ.
સંસારનું આવું સ્વરૂપ જાણીને,
હિંસા-અસત્ય-કુશીલ તથા પરિગ્રહાદિ સંયમના ઘાતક શસ્ત્રો છે,
—એવું સમજીને જ્ઞાનીપુરૂષ તેથી દૂર રહે.

૧૦૭. જે સાધકને શબ્દાદિ ૨૩ વિષયો પ્રાપ્ત થવા છતાં રાગ-દ્વેષ ન થાય,
તે આત્મસ્વરૂપનો જાણકાર છે, તે જ્ઞાની છે,
તે ધર્મ તથા બ્રહ્મસ્વરૂપનો પણ જાણકાર છે.
—આવા વિશિષ્ટ જ્ઞાન દ્વારા સંસારનું યથાર્થ સ્વરૂપ
જે જાણે છે તે મુનિ કહેવાય છે.
આ રીતે ધર્મના સ્વરૂપનો જાણકાર-સરલ પ્રકૃતિવાળો મુનિ,
સંસારચક્રનો વિષયો-આસક્તિ અનેરાગાદિ સાથે જે સંબંધ છે—
અર્થાત્ 'સંસારનો પ્રવાહ રાગ-દ્વેષથી ચાલે છે'
—તે હકીકત જાણે છે.
તેથી, સુખ-દુઃખની જરાપણ પરવા કર્યા વિના તે મુનિ-
અનુકુલ અને પ્રતિકુલ ઉપસર્ગોને સમભાવે સહન કરે છે,
'સંયમપંથે દુઃખ છે' એવો વિચાર પણ કરતો નથી,

અને સદા જાગ્રત રહીને વેર-વિરોધોથી દૂર રહે છે.
હે વીરપુરુષ ! તું આ રીતે જ દુઃખોથી મુક્ત થઈ શકીશ.

૧૦૮. પરંતુ, વૃદ્ધત્વ અને મૃત્યુના સપાટામાં સપડાયેલા,
અને મહામોહથી મુંઝાઈ ગયેલા,
--મનુષ્યો ધર્મના રહસ્યને જાણી શકતા નથી.

આ સંસારમાં પ્રાણીઓને વિહ્વલ જોઈને,
તથા 'મોહ એજ વિહ્વલતાનું કારણ છે'-એવું સમજીને,
અપ્રમત્ત થઈને મુનિ સંયમમાં વિચરે.

હે મુમુક્ષુ ! જગતમાં જીવો અનેક પ્રકારના જે આ દુઃખો ભોગવે છે,
તે બધા આરંભ-સમારંભ તથા હિંસાના ફળસ્વરૂપ છે,
--એવું જાણીને તું હિંસાથી દૂર રહે.

માયાવી, કષાયી અને પ્રમાદી જીવ વારંવાર જન્મ-મરણ કર્યા કરે છે,
પરંતુ, જન્મ-મરણથી ડરનાર વ્યક્તિ વિષયોમાં રાગ-દ્વેષ ન કરતાં,
તેમાં નિર્લેપ રહીને સમભાવે પ્રવૃત્તિ કરે છે,
અથવા તેથી દૂર રહે છે
જીવોને દુઃખ દેતાં ડરનારો સરલ મુનિ મૃત્યુના ભયથી મુક્ત થાય છે.

૧૦૯. વિષયાસક્તિથી પ્રાપ્ત થનારા દુઃખોને જે જાણે છે, તે જ્ઞાની વીરપુરૂષ
આત્મસંયમ કેળવીને, વિષયોમાં નહી ફસાતાં, પાપકાર્યોથી દૂર રહે છે.
'શબ્દાદિ વિષયો આત્માના શસ્ત્રરૂપ છે.
--એવું જાણનાર સંયમનું યથાર્થ સ્વરૂપ જાણે છે.
અર્થાત્-સંયમનું યથાર્થ સ્વરૂપ જે જાણે છે,
તે શબ્દાદિ વિષયભોગોને આત્માના શસ્ત્રરૂપ સમજે છે.

૧૧૦. જંબુ ! અકર્મા સાધકને સંસારની ઉપાધિઓ વળગતી નથી,
કારણ કે--આધિ-વ્યાધિ અને ઉપાધિઓ કર્મોથી જ ઉત્પન્ન થાય છે.

૧૧૧. માટે, કર્મોનું યથાર્થ સ્વરૂપ જાણીને,
તથા હિંસા અને હિંસક વૃત્તિને કર્મોનો જડ સમજીને,
સાધકે તેથી દૂર રહેવું.
હે બુદ્ધિમાન પુરુષ ! તું રાગ-દ્વેષને કર્મોથી જડ સમજીને,
સર્વ ઉપાયો અજમાવીને રાગ-દ્વેષથી દૂર રહે.
તથા સંસારના સ્વરૂપને સમજીને,
અને લોકૈષણાનો ત્યાગકરીને
સંયમમાર્ગમાં પુરુષાર્થ કર.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

लोगं च आणाए अभिसमेच्चा, अकुतोभयं ।
ભગવાનની આજ્ઞા મુજબ પૃથ્વીકાયાદિ દ્રવ્યલોક
તથા કષાયાદિ ભાવલોકનું સ્વરૂપ બરાબર સમજીને
જેથી કોઈ પણ જીવને ભય ન રહે તેમ મુનિએ વર્તવું.
આ રીતે જીવન જીવવાથી તે મુનિને પણ ક્યાંયથી ભય રહેશે નહીં.

अतिविज्जो णो पडिसंजलेज्जा
જ્ઞાની પોતાના હૃદયમાં ક્રોધરૂપી અગ્નિને સળગતો રાખે નહીં.

૧૧૨. આર્ય ! આ સંસારમાં જન્મમરણ અને વૃદ્ધાવસ્થાના દુઃખોને તું જો.
"સંસારના બધા ય જીવોને પોતાની સમાન માન
કેમકે-તને જેટલું સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે.
તેટલુંજ બધાય જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે.
કર્મબંધનથી મુક્ત થવાનો આ જ ઉત્તમ અને સરલ માર્ગ છે
-એવું સમજીને સમ્યગ્દષ્ટિ સાધક હિંસાદિપાપકાર્યો કરતો નથી.

૧૧૩. આ સંસારમાં અસંયમી ગૃહસ્થો સાથે સ્નેહસંબંધ બાંધવો નહીં,
અથવા, સ્નેહસંબંધ બંધાયો હોય તો તોડી નાખ. કેમકે-
અસંયમીગૃહસ્થ હિંસાદિપાપકાર્યોથી આજીવિકા ચલાવે છે
આલોક-પરલોક સંબંધી વિષયસુખોની સ્પૃહા કરે છે,
તથા વિષયોમાં આસક્ત થઈને કર્મબંધ કરે છે.
આ રીતે કર્મોથી બંધાયેલા તેઓ વારંવાર જન્મ-મરણ કરે છે.

૧૧૪. અજ્ઞાની માણસ હાસ્યવિનોદને કારણે હિંસા કરીને આનંદ માને છે.
-આવા અજ્ઞાનીઓની સોબત છોડી દેવી
કારણકે-આવા હાસ્યવિનોદને કારણે દુઃખી થયેલા કે ઘાયલ થયેલા
અનેક જીવો સાથે આત્માને વેરભાવ બંધાય છે.

૧૧૫. 'કર્મબંધનથી મુક્ત થવાનો આ જ ઉત્તમ અને સરલ માર્ગ છે,
-એવું સમજીને તથા નરકાદિ દુઃખોનું મૂલ કારણ 'હાંસી' પણ છે,
તથા વ્યવહારમાં પણ તેનું દુષ્પરિણામ પ્રત્યક્ષ જોઈને-જાણીને
મુમુક્ષુ આવા પાપકાર્યો કરે નહીં.
હે ધીરપુરૂષ ! તું ઘાતી અને અઘાતી કર્મોના ભેદને જાણીને,
તેના મૂલ કારણરૂપ મોહાદિ દોષો દૂર કરવા તરફ લક્ષ આપ.
એ રીતે કર્મોનું બંધન તૂટી જવાથી તું નિષ્કર્માબની જઈશ.

૧૧૬ નિષ્કર્મા જીવ જન્મમરણના ચક્કરમાંથી મુક્ત થઈ જાય છે.

આ સંસારમાં જન્મ-મરણનો ભય જાણનાર જ ખરેખર! મુનિ છે.

તે મુનિ મોક્ષનો દ્રષ્ટા બની, લોકનિશ્રામાં રહેવા છતાં, એકાંત રાગદ્વેષ રહિત સમભાવે જીવન જીવી, કાળની પણ પરવા ન કરતાં વીરતાપૂર્વક મોક્ષમાર્ગે આગળ વધે છે.

કદાચ મોહોદયને કારણે સંયમમાં અરુચિ કે કંટાળો ઉત્પન્ન થાય,

અને બાહ્ય પદાર્થો ઉપર રાગ થાય, તો વિચારવું કે--

"હે જીવ! તેં ખરેખર! પૂર્વે ઘણા પાપકાર્યો કર્યા છે,

૧૧૭ માટે તેનો નાશ કરવા સંયમમાં દૃઢતા રાખ."

સંયમમાં લીન થવાથી સાધક સર્વપાપકર્મોનો ક્ષય કરી નાખે છે.

૧૧૮. પરંતુ-સંસારસુખનો અર્થી ખરેખર! બહુ સંકલ્પવિકલ્પો કરે છે.

સમુદ્રને ચાલણીમાં ભરવા જેવા અશક્ય કાર્યો કરવા માટે પણ, લોભ વશ તે વ્યર્થ કોશિષ કરે છે

અને તે કારણે બીજા જીવોને મારવા, સતાવવા કે તેમની ઉપર અધિકાર જમાવવા તે સતત પુરૂષાર્થ કરે છે.

૧૧૯. એ રીતે લોભ-મોહવશ અનેક કુકર્મો કરી ધન-ઐશ્વર્યાદિ મેળવ્યા પછી,

તેનો ત્યાગ કરી સંયમપંથે વળ્યાના અનેક દૃષ્ટાંતો છે.

માટે, પદાર્થોની ક્ષણભંગુરતા સમજીને જ્ઞાની તેનો ત્યાગ કરે,

ત્યાગકર્યા પછી બીજીવાર તેનું સેવન કરે નહીં.

કારણકે-લીધેલું વ્રત પણ ભાંગે,

અને મૃષાવાદનો દોષ પણ લાગે.

'મુનિ! સંસારની પ્રત્યેક વ્યક્તિને જન્મ-મરણની ઉપાધિ વળગેલી છે

એ કારણે આ જીવન અસાર છે'

-એવું સમજીને સંયમમાં સુખપૂર્વક વિચર.

મુનિ પોતે કોઈ પણ જીવની હિંસા કરે નહીં,

બીજા પાસે હિંસા કરાવે નહીં,

તથા હિંસા કરનારને પ્રોત્સાહિત પણ કરે નહીં.

હે ધીર પુરુષ !

તું સ્ત્રીઓ ઉપર આસક્તિ ન રાખતાં કામવાસનાની ઘૃણા કર.
તથા સંયમી જીવન જીવવા પૂર્વક તું પાપકાર્યોથી દૂર રહે.

૧૨૦. હે પરાક્રમી સાધક ! ક્રોધ ઉત્પન્ન થવાના મૂલ કારણ રૂપ અહંકારનો નાશ કરીને, તું લોભના સ્વરૂપને પણ જાણ, કે જેને લીધે જીવને લાંબા વખત સુધી નારકીના દુઃખો ભોગવવા પડે છે.

—એવું જાણીને હે વીર ! હિંસા કે હિંસકવૃત્તિથી તું દૂર રહે.
કર્મોથી હળવા કે મુક્ત થવાની ઇચ્છાવાળાએ
કર્મપ્રવાહ રોકવો જોઈએ.

૧૨૧. વીર પુરુષ !

આ સંસારમાં પરિગ્રહ તથા તેની મૂર્છાને અહિતકર સમજીને,
તેનો આજે જ ત્યાગ કર.

હે સંયમી !

સંસારપ્રવાહના આ મૂલ કારણો જાણીને તું સંયમી જીવન જીવ,
કારણ કે—ચારેય ગતિમાં મનુષ્યોને જ મોક્ષમાર્ગ સુલભ છે.
વળી મનુષ્યોમાં પણ ઉચ્ચ ભૂમિકાએ તું પહોંચેલો હોવાથી,
કોઈ પણ જીવની હિંસા કરતો નહીં.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि से उवट्ठिए मारं तरति ।

હે માનવ ! તું સત્યને જ બરાબર ઓળખી તેને વળગી રહે
સત્યની મર્યાદામાં રહી પુરુષાર્થ કરનાર
સંસાર તરી જાય છે.

૧૨૨, હે જીવ!

આ સંસારમાં કર્મોથી મુક્ત થવાનો સુઅવસર આવેલો જાણીને,

પ્રમાદ કર નહીં,

બધાય જીવોને પોતાની જેવા જ માની સમાન આચરણ કર.

માટે, જીવહિંસા કરવી નહિં કે કરાવવી નહીં.

(પ્રશ્ન) પરંતુ, એકબીજાની બીક કે શરમને કારણે જો કોઈપણ વ્યક્તિ પાપ કાર્યો કરતાં અટકે તો તેને સંયમી કહેવાય?

૧૨૩. (ઉત્તર) ત્યાં તો લોકૈષણા મુખ્ય કારણ છે, સમતા નહીં.

સાચો સાધક તો સમભાવથી જ આત્માને પ્રસન્ન કરે.

જ્ઞાની, સંયમમાં ક્યારેય પ્રમાદ કરે નહીં, પરંતુ-દેહને સંયમ-યાત્રાનું સાધન માની, તેના નિર્વાહ પૂરતો પ્રમાણસર અને નીરસ આહાર લઈ, સંયમનું પાલન કરે.

સાધક દીવ્ય કે સામાન્ય રૂપ જોઈ, આસક્ત ન થાય, કિંતુ વિરક્ત રહે,

કારણ કે-તેથી જન્મ-મરણનું પર્યટન ચાલુ જ રહે છે,

—એવું સમજીને તે રાગ-દ્વેષથી દૂર રહે.

તેમ છતાં, સાધનામાં આવી પડતાં ઉપસર્ગોને પ્રસંગે પોતે વિચારે કે-મારા આત્માને આ જગતમાં કોઈપણ છેદી-ભેદી કે બાળી શકવા સમર્થ નથી. વળી, આ દેહ તો ગમે ત્યારે વિનશ્વર છે.

૧૨૪. આ જગતમાં કેટલાક એવા મનુષ્યો પણ છે કે જેઓ—

'આ જીવને ભૂતકાળમાં શું વીત્યું અને ભવિષ્યમાં શું વીતશે?'

—તે સંબંધી કાંઈપણ વિચાર જ કરતા નથી.

(સંયમથી રંગાયેલ ચિત્તવાળા કેટલાએક મુનિઓ પૂર્વે ભોગવેલા વિષયસુખોને યાદ પણ કરતા નથી તથા ભવિષ્યમાં દેવ કે માનવ સંબંધી ભોગોની આકાંક્ષા પણ કરતા નથી).

વળી કેટલાક એવા માણસો પણ છે, કે જેઓ એમ કહે છે કે-
'આ જીવને પહેલાં જે સુખદુઃખ હતું તેવું જ અત્યારે મળ્યું છે
અને ભવિષ્યમાં પણ તેવું જ મળશે.'
'પૂર્વે જેવું હતું તેવું સુખ-દુઃખ વર્તમાન કાળે કે ભવિષ્યમાં મળે છે.'
—એવું સર્વજ્ઞ ભગવંતો માનતા નથી.
પરંતુ-'જીવોને સ્વકર્માનુસારે સુખ દુઃખ મળે છે'
—એવું સર્વજ્ઞ ભગવાન કહે છે.
માટે, સર્વજ્ઞની આજ્ઞાને અનુસરીને કર્મક્ષય કરનાર મહર્ષિ,
કર્મોનો સર્વથા ક્ષય કરીને મોક્ષે જાય છે.
મુનિને વળી દુઃખ શું અને સુખ શું ?
છતાં, સાધના એ કંઈ સિદ્ધ દશા નથી.
કદાચ, હર્ષ-શોકનો પ્રસંગ આવે તો તેને અનાસક્ત ભાવે વેદી લે.
સાધક બધી જાતના હાસ્ય-વિનોદ કે કુતુહલના પ્રસંગે-
ઉદાસીન રહીને, મન-વચન-કાયાને ગોપવીને વિચરે.

૧૨૫. હે જીવ !
તું પોતે જ તારો મિત્ર છે. બહાર બીજા મિત્રને કેમ શોધી રહ્યો છે ?
સાધક ! કર્મક્ષય કરવાનો સાચો પુરૂષાર્થ કરનાર મોક્ષનો અધિકારી છે.
અર્થાત્-મોક્ષનો અધિકારી કર્મક્ષય માટેનો સાચો પુરુષાર્થ કરે છે.
—એમ તું જાણ.

૧૨૬. સાધક ! તું તારા આત્માને જ વશ કર,
જેથી તું બધા દુઃખોથી મુક્ત થાય.
(સાધક ! તું તારા આત્માને જ વિષય માર્ગે જતો રોક.
એ રીતે તું દુઃખોથી મુક્ત થઈ શકીશ.)

૧૨૭. માનવ ! તું સત્યને જ બરાબર ઓળખી તેને વળગી રહે.
સત્યની મર્યાદામાં રહી પુરુષાર્થ કરનાર વિદ્વાન સંસાર તરી જાય છે.
તથા સમ્યગ્જ્ઞાનપૂર્વક સત્ક્રિયાનું આચરણ કરતાં કરતાં,
તે હિતેચ્છુ આત્મકલ્યાણ સાધી લે છે.

પરંતુ રાગ-દ્વેષથી કલુષિત કેટલાક જીવો-
આ ક્ષણભંગુર જીવનને વધુ ટકાવવા માટે,
માન-કીર્તિ કે પૂજા-પ્રતિષ્ઠા મેળવવા માટે,
પાપ કાર્યો કરીને ખુશ થાય છે.
પરંતુ-જ્ઞાની સાધક સાધના માર્ગમાં
દુઃખ કે મુસ્કેલી આવતાં ગભરાઈ જાય નહીં.
સાધક! તું આ વાતને બરાબર સમજી લે કે-
આ રીતે મોક્ષ માર્ગની સાધના કરનાર પુરુષ કે સ્ત્રી
સંસારની સમસ્ત ઉપાધિઓથી મુક્ત થઈ જાય છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

---

आसं च छंदं च विगिंच धीरे
ધીર પુરુષ! તું વિષયોની આશા-તૃષ્ણા અને સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કર.

★

कम्मं च पडिलेहाए कम्ममूलं च जं छणं ।
કર્મોનું યથાર્થ સ્વરૂપ જાણીને,
તથા હિંસા અને હિંસકવૃત્તિને કર્મોની જડ સમજીને,
સાધકે તેથી દૂર રહેવું.

૧૨૮. જંબુ ! દ્રવ્ય તથા ભાવ શસ્ત્રોથી સર્વથા નિવૃત્ત થયેલ હોવાથી,
કર્મોથી સર્વથા મુક્ત થયેલા સર્વજ્ઞ ભગવાનનો આ અનુભવ છે કે-
'જે સાધક ઉપર વર્ણવેલા ત્યાગ માર્ગનો ઉપાસક હોય છે,
તે નિશ્ચે ક્રોધ-માન-માયા-લોભથી ક્રમશઃ નિવૃત્ત થતો હોય છે.'

૧૨૯. *જે સાધક આત્મસ્વરૂપને જાણે છે,
તે સાધક સર્વ પદાર્થોનું સ્વરૂપ પણ જાણે છે
અર્થાત્-જે સાધક સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણે છે,
તે સાધક આત્મ સ્વરૂપને પણ સારી રીતે જાણતો હોય છે.
પ્રમાદીને ચોતરફથી ભય રહેલો છે. અપ્રમત્તને ક્યાંયથી પણ ભય નથી.
જે સાધક પોતાની જાતને ×(મનને) વશ કરે છે,
તે સાધક જગતને પણ વશ કરી શકે છે.
અર્થાત્-જગતને જે વશ કરી શકે છે,
તેણે પોતાની જાતને પણ વશ કરેલી હોય છે.
સંસારના દુઃખોને જાણીને, તથા તે દુઃખોના મૂલ કારણરૂપ
પૌદ્ગલિક સંયોગો તથા આસક્તિનો ત્યાગ કરીને,
ધીર પુરુષો સંયમ પંથે વિચરે છે
ક્રમશઃ આગળ વધતાં હળુકર્મી જીવો તે જ ભવે મોક્ષે જાય છે,
અને કેઇક જીવો પરંપરાએ મોક્ષે જાય છે.

---

* जो अप्पाणं जाणदि सो सव्वं सत्थं जाणदि । स्वामि०
જેને આત્મ સ્વરૂપનું જ્ઞાન હોય છે
તેને સર્વ જીવોના સુખ-દુઃખનું પણજ્ઞાન હોય છે.
અર્થાત્-જેને સર્વ જીવોના સુખ-દુઃખનું જ્ઞાન હોય છે
તેને આત્મસ્વરૂપનું પણ જ્ઞાન હોય છે.
તે જ કારણે આત્મજ્ઞાનીને સર્વશાસ્ત્રવેત્તા કહ્યો છે.

× મન સાધ્યું તેણે સઘળું સાધ્યું એહ વાત નહિં ખોટી-
-આનંદઘન ચોવીશી.

પરંતુ-મુમુક્ષુ લાંબુ આયુષ્ય કે અસંયમી જીવનની ઇચ્છા કરે નહીં.
મોહને જીતનાર બધાય કર્મોનો ક્ષય કરી શકે છે.
અર્થાત્-સર્વ કર્મોનો ક્ષય કરનાર મોહને પણ જીતી લે છે.
બુદ્ધિમાન સાધક તીર્થંકર ભગવાનની આજ્ઞામાં શ્રદ્ધાળુ હોય છે.
ભગવાનની આજ્ઞા મુજબ પૃથ્વીકાયાદિ દ્રવ્યલોક
તથા કષાયાદિ ભાવલોકનું સ્વરૂપ બરાબર સમજીને,
જેથી કોઈપણ જીવને ભય ન રહે તેમ મુનિએ વર્તવું.

આ રીતે જીવન જીવવાથી તે મુનિને પણ ક્યાંયથી ભય રહેશે નહીં.

શસ્ત્રો એક-બીજાથી ચડતા-ઉતરતા હોય છે, પરંતુ-
ઉત્કૃષ્ટ સંયમ કે ઉત્કૃષ્ટ સામાયિકમાં તરતમતા હોતી નથી.

૧૩૦. જે સાધક ક્રોધનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક માનનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક માનનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક માયાનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક માયાનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક લોભનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક લોભનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક રાગનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક રાગનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક દ્વેષનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક દ્વેષનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક મોહનું પણ સ્વરૂપ જાણીને તેને છોડે.
જે સાધક મોહનું સ્વરૂપ જાણીને તેને છોડે,
તે સાધક ગર્ભનું પણ સ્વરૂપ જાણીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.
જે સાધક ગર્ભનું સ્વરૂપ જાણીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે,
તે સાધક જન્મનું પણ સ્વરૂપ જાણીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.
જે સાધક જન્મનું સ્વરૂપ જાણીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.
તે સાધક મૃત્યુનું પણ સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.
જે સાધક મૃત્યુનું સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે,
તે સાધક નરકગતિનું પણ સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.

**જે સાધક નરકગતિનું સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે,**
**તે સાધક તિર્યંચગતિનું પણ સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.**
**જે સાધક તિર્યંચગતિનું સ્વરૂપ સમજીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે,**
**તે સાધક સાંસારિક દુઃખોના મૂળને જાણીને તેથી છૂટવાનો પુરુષાર્થ કરે.**

**માટે, બુદ્ધિમાન સાધકે ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ તથા મોહનું સ્વરૂપ જાણીને તથા તેથી નિવૃત્ત થઈને, ગર્ભ-જન્મ-મૃત્યું-નરક અને તિર્યંચગતિનાં દુઃખોથી મુક્ત થવા પુરુષાર્થ કરવો.**

તલવાર આદિ દ્રવ્યશસ્ત્રો તથા કષાયોદિ ભાવશસ્ત્રોથી સર્વથા નિવૃત્ત થયેલ હોવાથી કર્મોથી સર્વથા મુક્ત એવા સર્વજ્ઞ ભગવાનનું આ કથન છે કે—

**કર્મબંધ થવાના કારણરૂપ પાપસ્થાનકોથી નિવૃત્ત થનાર સાધક પોતાનાં કર્મોનો ક્ષય કરે છે.**

**૧૩૧. (પ્રશ્ન)** સંસારનું સત્ય સ્વરૂપ સમજનાર,
અને તે કારણે તેની સારી-માઠી અસરથી નિર્લેપ રહેનાર,
સાધકને સાંસારિક ઉપાધિ તથા કર્મોની વળગણ વળગે ?

**(ઉત્તર)** બિલકુલ નહીં.

**હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.**

**आरंभजं दुक्खमिणं ति णच्चा ।**

**હે મુમુક્ષુ ! જગતના જીવો અનેક પ્રકારનાં જે આ દુઃખો ભોગવે છે,**
**તે બધા આરંભ-સમારંભ તથા હિંસાનાં ફળ છે,**
**—એવું જાણીને તું હિંસાથી દૂર રહે.**

# ×સમ્યક્ત્વ

## ૪-૧

૧૩૨. જંબુ! સર્વજ્ઞ ભગવાન પાસેથી સાંભળેલું હું તને કહું છું કે—

ભૂતકાળમાં જે થઈ ગયા છે, વર્તમાનકાળમાં જેઓ વિચરે છે તથા ભવિષ્યમાં જેઓ થવાના છે તે બધાય અરિહંતો અને કેવલી ભગવંતો એમ ફરમાવે છે કે—

*કોઈ પણ જીવને દંડાદિથી મારવો નહીં
કે તેની ઉપર હુકમ બજાવવો નહીં.
કોઈ પણ રીતે તેને પીડવો નહીં કે તેને મારી નાખવો નહીં.

જગતના જીવોને દુઃખી જાણીને જ્ઞાનીઓએ એવું ફરમાવ્યું છે કે—

આ અહિંસાધર્મ જ શુદ્ધ, શાશ્વત અને સનાતન છે.

આ અહિંસાધર્મનું સ્વરૂપ સાંભળવા કે પાળવા—

જેઓ ઉદ્યમી થયા હોય કે ઉદ્યમી ન થયા હોય;
તે સાંભળવા જેઓ સામે આવ્યા હોય કે ન આવ્યા હોય;

મન-વચન-કાયા દ્વારા થતા પાપકાર્યોથી—

જેઓ નિવૃત્ત થયા હોય કે નિવૃત્ત ન થયા હોય;

---

× સમકિતનું મૂલ જાણીયેજી સત્યવચન સાક્ષાત્ ।
સાચામાં સમકિત વસેજી માયામાં મિથ્યાત્વ
રે પ્રાણિ ! મ કરીશ માયા લગાર ॥

* હંમેશાં પ્રાણો ધારણ કરતા હોવાથી પ્રાણીઓ કહેવાય છે.
ત્રણેય કાળમાં રહેતા હોવાથી ભૂત કહેવાય છે.
ત્રણેય કાળમાં જીવતા હોવાથી જીવ કહેવાય છે.
ત્રણેય કાળમાં વિદ્યમાન હોવાથી સત્ત્વ કહેવાય છે.
આ શાબ્દિક વ્યાખ્યા થઈ. શાસ્ત્રીય વ્યાખ્યા માટે જુઓ સૂત્ર-૪૯

સોનું વિગેરે દ્રવ્ય ઉપધિ તથા શલ્યોરૂપ ભાવ ઉપધિનો—
ભાર વહન કરનારા ગૃહસ્થો હોય કે તેના ત્યાગી મુનિઓ હોય;
દુઃખોના મૂલ કારણરૂપ સાંસારિક પદાર્થોમાં ગળાબૂડ રહેલા—
રાગી હોય કે તેના ત્યાગી હોય; યોગી હોય કે ભોગી હોય;
એ બધાયને ભગવાને એક જ સરખો ઉપદેશ આપ્યો છે કે—

૧૩૩. દયાપ્રધાન આ ધર્મ જ શ્રેષ્ઠ છે.

કેમકે-સર્વ જીવોને એકસરખો હિતકારી હોવાથી તે યથાર્થ છે.
સૂક્ષ્મ દયાપ્રધાન આવો ધર્મ ફક્ત જૈન શાસનમાં જ બતાવેલ છે.
અહિંસામય શુદ્ધ ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણીને, સ્વીકારીને
અને તેની ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને સાધક ક્યારેય પ્રમાદી બને
નહીં તથા પ્રતિકૂળ સંયોગોમાં પણ તેનો ત્યાગ કરે નહીં,
દુનિયામાં દેખાતા મોહક રૂપ-રંગ કે વિષયોમાં સાધક ફસાય નહિં.
તથા દુનિયાનું અંધ અનુકરણ કરે નહીં.
જેને લોકૈષણા, બહિર્મુખ દૃષ્ટિ કે દેખાદેખી પ્રવૃત્તિ કરવાની વૃત્તિ નથી,
તેને બીજી સાવદ્ય પ્રવૃત્તિ કે કુમતિ પણ ક્યાંથી હોય ?
અથવા, જેમાં અહિંસક વૃત્તિ નથી
કે ઉપરોક્ત અહિંસા ધર્મ ઉપર શ્રદ્ધા નથી,
તેમાં બીજી કયી સત્પ્રવૃત્તિ કે
સન્મતિ હોવાની સંભાવના છે?
હે જંબુ! મેં જે આ ધર્મ કહ્યો છે તે, ભગવાને કેવલજ્ઞાન દ્વારા
જોયેલો-જાણેલો છે અને મેં તેમની પાસેથી સાંભળીને મનન કરેલ છે.
ભોગોમાં આસક્ત તથા ઇંદ્રિયોના વિષયોમાં મૂર્છિત થનારા જીવો,
વારંવાર એકેંદ્રિયાદિ જાતિઓમાં પરિભ્રમણ કરે છે.
માટે, હે તત્ત્વદર્શી વિવેકી સાધક!
રાત-દિવસ મોક્ષમાર્ગમાં પ્રયત્નશીલ થઇને,
પ્રમાદીઓને ધર્મથી બાહર્મુખ જાણીને
હંમેશાં અપ્રમત્ત થઇને તું પુરુષાર્થ કરજે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

૧૩૪. જંબુ! કર્મબંધના સાધન ક્યારેક કર્મક્ષયના હેતુ પણ બની શકે છે અને કર્મક્ષયના સાધન ક્યારેક કર્મબંધના હેતુ પણ બની જાય છે.

+ વ્રત-નિયમાદિ કે જે પ્રત્યક્ષરૂપે કર્મબંધના હેતુરૂપ નથી, પરંતુ અશુભ અધ્યવસાયોને કારણે તે વ્રતાદિ પણ નિર્જરાના કારણરૂપ ન બનતાં ક્યારેક કર્મબંધના હેતુરૂપ પણ બની જાય છે.

* તથા, અસત્યાદિ કે જે પ્રત્યક્ષરૂપે કર્મબંધના કારણરૂપ હોવા છતાં, ક્યારેક શુભ પરિણામોને લીધે પાપના કારણરૂપ ન બનતાં તે પુણ્યબંધ કે કર્મક્ષયના હેતુરૂપ પણ બની જાય છે.

ઉપરના રહસ્યોને સારી રીતે સમજનાર સર્વજ્ઞ ભગવાને પૃથ્વીકાયાદિ દ્રવ્યલોક તથા કષાયાદિ ભાવલોકનું સ્વરૂપ જ્ઞાનથી જોઇને, બંધ તથા નિર્જરાનાં સ્થાનો સ્પષ્ટ રીતે સમજાવ્યા છે.

જ્ઞાનીઓ સંસારમાં રહેલા સરલ બોધિ અને બુદ્ધિશાળી મનુષ્યોને એવી સુંદર રીતે ઉપદેશ આપે છે કે —

તેઓ આર્તધ્યાનથી આકુલવ્યાકુલ અથવા પ્રમાદી હોવા છતાં ધર્માચરણમાં ઉદ્યમી થઈ જાય છે.

એ હકીકત બિલકુલ સત્ય છે....એમ હું કહું છું.

કોઈ પણ સંસારી જીવ યમરાજાના સપાટાથી પર નથી,

છતાં —આશા-તૃષ્ણાના પાશમાં બંધાયેલા અસંયમી જીવો મૃત્યુના મુખમાં રહેલા હોવા છતાં પાપકાર્યો કરવામાં એટલા બધા તલ્લીન થઈ ગયા હોય છે કે-જાણે તેમને મરવાનું જ નથી તે કારણે તેઓ અનેક જન્મોની પરંપરા વધારે છે.

---

+ તપ કીધો માયા કરીજી મિત્રસું રાખ્યો રે ભેદ ।
મલ્લિ જિનેશ્વર જાણજોજી તે પામ્યા સ્ત્રીવેદ,
રે પ્રાણિ! મ કરીશ માયા લગાર ॥

* જંગલમાં મુનિપાસેથી હરણ પસાર થઈ ચાલ્યું ગયું, થોડીવારે એક પારધીએ આવીને પૂછ્યું- અહિંથી હરણ ગયું? સમયજ્ઞ મુનિએ કહ્યું-હા, હરણ તો સામેની દિશામાં ગયું છે. પારધી તે બાજુ દોડ્યો— આ પ્રત્યક્ષ અસત્ય વચન હોવા છતાં તેમ કહે તોજ જીવ બચે. લાભા-લાભનો ઉદ્દેશ એજ મુખ્ય સાર છે.

૧૩૫. આ સંસારમાં કેટલાએક ભારે કર્મી જીવોને તે તે નરકાદિ સ્થાનોનો ખૂબ પરિચય હોય છે. તે જીવો અત્યન્ત ક્રૂર પાપકાર્યો કરીને નરકાદિ ગતિઓમાં ઉત્પન્ન થાય છે અને પૂર્વકૃત પાપકાર્યોના ફળરૂપે ત્યાં ભયંકર દુઃખો ભોગવે છે; પરંતુ—

જે જીવો ક્રૂરકર્મો કરતા નથી

તે જીવો નરકાદિ ભયંકર સ્થાનોમાં ઉત્પન્ન થતા નથી.

આ પ્રમાણે જેવું શ્રુતકેવલી ફરમાવે છે તેવું જ કેવલજ્ઞાની ફરમાવે છે, અને જેવું કેવલજ્ઞાની ફરમાવે છે તેવુંજ શ્રુતકેવલી ફરમાવે છે.

૧૩૬. પરંતુ, આ જગતમાં કેઈક શાકયાદિ સાધુઓ અથવા બ્રાહ્મણો ધર્મથી વિપરીત પણે વાદવિવાદ કરીને કહે છે કે—

અમે શાસ્ત્રોમાં જોયું છે, ગુરુમુખે સાંભળ્યું છે, જાણ્યું છે અને તે સત્ય સ્વીકાર્યું છે તથા ઊર્ધ્વ-અધો અને તિર્છી દિશાઓમાં બરાબર તપાસ કરીને, પરીક્ષા કરીને નિર્ણય કર્યો છે કે-

'યજ્ઞાદિ ધર્મકાર્ય નિમિત્તે કોઈપણ જીવનો હોમ-હવનકે વધ થઈ શકે,

તેમની ઉપર આજ્ઞા ચલાવી શકાય,

તેમને પકડી પણ શકાય અને મારી પણ શકાય.

ધર્મકાર્ય નિમિત્તે આમાં કોઈ દોષ લાગતો નથી.

પરપીડાકારી આવું કથન અનાર્યોનું છે.

૧૩૭. પરંતુ, ધર્મી અને દયાળુ જીવો તો એવું કહે છે કે--

ઉપરોક્ત જાણેલું, સાંભળેલું, જોયેલું, માનેલું અને સ્વીકારેલું તમારું કથન મિથ્યા છે. વળી, તમે ઊર્ધ્વ-અધો અને તિર્છી દિશાઓમાં સત્યનું બરાબર અવલોકન કર્યું નથી અને તેથી જ-

યજ્ઞ જેવા પવિત્ર પ્રસંગે કોઈ પણ નાના-મોટા નિર્દોષ જીવને મારી શકાય, છતાં શાસ્ત્રાજ્ઞા મુજબ આમાં કોઈ દોષ લાગતો નથી'

-એવું કહો છો. એવું કથન અધર્મી અને નિર્દય માણસોનું છે.

૧૩૮. પરંતુ, અમે તો એવું કહીએ છીએ અને એવી પ્રરૂપણા કરીએ છીએ કે-
"કોઈ પણ નાના-મોટા જીવને દુઃખ દેવાય નહીં,
તેની ઉપર આજ્ઞા-હુકમ કરાય નહીં,
તથા, તેને પકડીને વધ પણ કરી શકાય નહીં."
આમ કરવાથી જ કોઈ પણ દોષ લાગે નહીં.
ધર્મી અને દયાળુ માણસોનું આ કથન છે.

૧૩૯. બધાય ધર્મશાસ્ત્રોનો અભિપ્રાય તપાસીને હું દરેકને પૂછું છું કે-
હે વાદિઓ! તમને સુખ ગમે છે કે દુઃખ?
સત્ય હકીકત સમજી-વિચારી તેમણે એમ કહેવું જોઇએ કે—
'સર્વ જીવોને દુઃખ અશાંતિકારક અને ભયંકર હોવાથી અપ્રિય છે'

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

मायी पमायी पुणरेति गब्भं

માયાવી, કપાયી અને પ્રમાદી જીવ વારંવાર જન્મમરણ કર્યા કરે છે.
તેથી જ ભગવાને કહ્યુ છે કે-

बंध-पमोक्खो तुज्झऽज्झत्थेव ।

હે આર્ય! બંધ અને મોક્ષ તારા જ હાથમાં છે.

૧૪૦. હે આર્ય ! લોકસમૂહ સંસારપ્રિય હોવાથી-તેની, તથા
અહિંસાધર્મથી વિરુદ્ધમાર્ગે ચાલનારા લોકોની-તું ઉપેક્ષા કર.

આવું આચરણ કરનાર જગતમાં શ્રેષ્ઠ વિદ્વાન છે.

હે સાધક ! તું વિચાર કરીને નિશ્ચયે સમજ કે-
દુઃખને આરંભ-સમારંભનું ફળ જાણીને,
જેઓ આરંભ-સમારંભનો ત્યાગ કરી દે છે,
વળી, દેહવિભૂષાથી પર રહીને ધર્મના સ્વરૂપને જાણીને,
સરલ પ્રકૃતિવાળા થઈને કર્મોનો ક્ષય કરે છે.
તેઓ ખરા સમ્યગ્દષ્ટિ છે.

એ પ્રમાણે સર્વ તત્ત્વવેત્તાઓ - કર્મોનું સ્વરૂપ બરાબર સમજીને,
દુઃખો દૂર કરવાના ઉપાયો કરવામાં કુશલ બનીને,
પાપકાર્યો છોડવાનો ઉપદેશ કરે છે.

૧૪૧. આ જગતમાં સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનુસાર વર્તવાની ઇચ્છા રાખનાર પંડિત પુરુષ રાગ-દ્વેષ રહિત થઈ, પોતાના આત્માને એકલો જાણીને શરીરને કૃશ કરે. ચિત્તવૃત્તિઓનું દમન કરીને તથા મમતા ઓછી કરીને તપ દ્વારા શરીરને જીર્ણ કરે.
જેમ, અગ્નિ સૂકા લાકડાને જલદી ભસ્મ કરી નાખે છે-
તેમ, સમાધિસ્થ સાધક મમતા રહિત થઈ,
તપરૂપી અગ્નિથી જલદી કર્મોનો ક્ષય કરી નાખે છે.

૧૪૨. હે સાધક ! આયુષ્યનો ભરોસો નથી - એમ સમજીને,
તું હિંમતપૂર્વક ક્રોધનો નાશ કર, કારણકે —
ક્રોધને કારણે આ જ ભવમાં ઉત્પન્ન થતા--
શારીરિક અને માનસિક દુઃખોને તું પ્રત્યક્ષ જો.

વળી, આગામી ભવોમાં ક્રોધવશ પ્રાપ્ત થનાર નરકાદિ ગતિમાં-
વિવિધ દુઃખો જીવને ભોગવવાં પડે છે....તે તું નિશ્ચે જાણ.
આ દુઃખો દૂર કરવા આમતેમ દોડતા-ભાગતા જગતના જીવોને તું જો.
પરંતુ, જેઓ ક્રોધાદિ કષાયો અને પાપકાર્યોથી નિવૃત્ત થયા છે,
તેઓ ઇચ્છા-આકાંક્ષા રહિત=નિઃસ્પૃહી હોવાથી સુખી ગણાયા છે.
માટે, જ્ઞાની પોતાના હૃદયમાં ક્રોધરૂપી અગ્નિને સળગતો રાખે નહીં.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

‘અનેકાંત સત્ય’

अलिअं न भासिअव्वं अत्थि हु सच्चं पि जं न वत्तव्वं ।
सच्चं पि होइ अलिअं जं परपीडाकरं वयणं ॥

‘જે ભાષા કઠોર અને બીજાને દુઃખ પહોંચાડનારી છે’
પછી ભલે તે સત્ય જ હોય પરંતુ-તેવી ભાષા બોલવી નહીં.
કારણ કે-તેથી પાપ લાગે છે.
બુદ્ધિમાન એવી ભાષા બોલે જે હિતકારી અને પ્રિય હોય.
‘મન-વચન-કાયાથી બીજાને પીડા ન થાય’
એ રીતે વર્તવાનું જૈન દર્શન કહે છે.
સત્ય વચન હોવા છતાં બીજાને પીડા કરનારી વાણી
અસત્ય કહેવાય છે.

‘આજ્ઞા’

आणाए धम्मो
વીતરાગની પૂજા કરવાની અપેક્ષાએ-
તેમની આજ્ઞાનું પાલન કરવું-વધુ મહત્ત્વપૂર્ણ છે.
આજ્ઞાની આરાધના મુક્તિ માટે, અને-
વિરાધના કર્મબંધન માટે થાય છે.
આપની શાશ્વત આજ્ઞા એ છે કે-
હેય-ઉપાદેયનો વિવેક કરવો.
આશ્રવ = (આરંભ-સમારંભ) સર્વથા હેય છે.
(આરંભ-સમારંભથી નિવૃત્તિ = ) સંવર સર્વથા ઉપાદેય છે.

૧૪૩. જંબુ! પૂર્વસંબંધોનો ત્યાગ કરીને,
પૂર્વ અધ્યાસોની અસરથી નિવૃત્ત થઇને,
તથા ઉપશમ વૃત્તિને ધારણ કરીને,
મુમુક્ષુ ક્રમશઃ જઘન્ય-મધ્યમ તથા ઉત્કૃષ્ટ :
-એમ નાના-મોટા તપ કરી દેહદમન કરે.
વળી આત્મસ્વરૂપમાં તલ્લીન થઇને,
સમિતિગુપ્તિ અને સમ્યગ્જ્ઞાનાદિથી યુક્ત થઇને,
હંમેશાં સંયમમાં સ્થિર રહે.

હે સાધક! મોક્ષગામી વીરોનો આ પંથ દુષ્કર છે.
હે આર્ય! તું તપશ્ચર્યાથી લોહી-માંસને સૂકવી નાખ.
જે સાધક સંયમમાં સ્થિર થઇને, તપથી દેહ અને કર્મોને કૃશ કરે.
તે વીરપુરુષ મુક્તિ મેળવવાનો માનનીય અધિકારી ગણાય છે.

૧૪૪. પરંતુ, ચક્ષુરિન્દ્રિયાદિના વિષયોથી નિવૃત્ત થઇને, જે સાધક ફરી તેમાં આસક્ત થઈ જાય છે, તેવા અજ્ઞાની જીવો સાંસારિક સંબંધો તથા પૌદ્ગલિક સંયોગોની માયાજાળથી ન છૂટી શકવાને લીધે કર્મબંધનથી પણ મુક્ત થઈ શકતા નથી.

મોહરૂપી અંધારામાં અટવાઈ પડેલા,
અને તેથી કલ્યાણમાર્ગને ન સાધી શકનાર,
આવા મનુષ્યો ભગવાનની આજ્ઞા પાળી શકવા અસમર્થ હોવાથી-
આજ્ઞામાં નથી....એમ હું કહું છું.

૧૪૫. જંબુ! જેણે પૂર્વભવે (પૂર્વે) ધર્મસાધના કરી નથી,
ભવિષ્યમાં ધર્મપ્રાપ્તિ થાય એવી યોગ્યતામાટે પુરુષાર્થ કરતા નથી
તેને માટે વર્તમાનકાળે કેટલી આશા રાખી શકાય?
જ્ઞાની અને તત્ત્વજ્ઞ તો તે જ છે કે જે આરંભસમારંભોથી નિવૃત્ત થયેલ છે.

હે શિષ્યો ! તેનો આ આરંભત્યાગ સુંદર છે – એમ સમજો,
કારણકે – સાવદ્ય પ્રવૃત્તિને લીધે જીવને વધ-બંધ-સંતાપ તથા
ભયંકર દુઃખો સહન કરવાં પડે છે.
માટે,સાધકો! આસંસારમાં સાંસારિક પ્રતિબંધો દૂરકરી, પાપકાર્યોથી
નિવૃત્ત થઈ, માત્ર દ્રષ્ટા બની મોક્ષમાર્ગની સાધનામાં આગળ વધો.
તત્ત્વજ્ઞ કર્મોનું સ્વરૂપ સમજીને, કર્મબંધનાં નિમિત્તોથી સદા દૂર રહે છે.
(હે શિષ્યો ! તમે આ સમ્યક્ત્વને ઓળખો, કે જેની હયાતિમાં જીવ
વધ-બંધ-ભયંકર વેદના તથા બાહ્યપદાર્થો ઉપરની મૂર્છાનું સ્વરૂપ
સમજીને, સમભાવપૂર્વક સહન કરીને, કર્મોનો ક્રમશઃ ક્ષય કરીને
નિષ્કર્મા બની જાય છે.
માટે, તત્ત્વજ્ઞ પુરૂષ કર્મોના ફળને પ્રત્યક્ષ જોઈને
પાપ કાર્યો તથા તેના નિમિત્તોથી સર્વથા દૂર ખસી જાય છે.)

૧૪૬. હે આર્ય ! આ સંસારમાં જે વીરપુરુષો થઈ ગયા,
તેઓ હંમેશાં સમિતિ-ગુપ્તિ અને સમ્યગ્જ્ઞાનાદિયુક્ત હતા,
પાપકાર્યોથી નિવૃત્ત થયેલા હતા,
જગતને યથાસ્વરૂપે જોનારા હતા,
તથા પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ અને ઉત્તર એમ ચોતરફથી,
આવતા રાગાદિ સંયોગોને ઉવેખીને
સંયમમાં સ્થિર રહ્યા હતા.
એ પ્રમાણે સમિતિ-ગુપ્તિ અને સમ્યગ્જ્ઞાન યુક્ત, સદા જયણાવંત,
નિરંતરદષ્ટા, પાપકાર્યોથી સર્વથા નિવૃત્ત થયેલ,
તથા જગતને યથાસ્વરૂપે જોનાર,
–એવા તે વીરપુરુષોનો આ અનુભવ હું તને કહું છું.

(પ્રશ્ન) સંસારનું સત્યસ્વરૂપ સમજનાર,
અને તે કારણે તેની સારી-માઠી અસરથી નિર્લેપ રહેનાર,
સાધકને સાંસારિક ઉપાધિ તથા કર્મોની વળગણ વળગે કે નહીં ?.

(ઉત્તર) બિલકુલ નહીં.
હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

★

# લોકસાર

## ૫-૧

૧૪૭. જંબુ! આ સંસારમાં જે કોઈ માણસો --
સકારણ કે વિનાકારણ છ કાય જીવોની હિંસા કરે છે,
તે જીવો મરીને તેવી જ ગતિઓમાં વારંવાર ઉત્પન્ન થાય છે
અને ત્યાં વિવિધ દુઃખો ભોગવે છે.
કામભોગોનો ત્યાગ કરવો તેમને માટે દુષ્કર હોઈ,
તે જીવો જન્મ-મરણના ચક્કરમાં અટવાયા જ કરે છે.
તેઓ જન્મ-મરણના ચક્કરમાં અટવાયેલા હોવાથી,
તથા તેથી છૂટી શકતા ન હોવાથી, તેઓ મોક્ષથી પણ દૂર રહેલા છે

૧૪૮. દુર્ભાગ્યવશ ઇષ્ટપ્રાપ્તિ કે ઇચ્છાપૂર્તિ થતી ન હોવાથી,
તેઓ વિષયસુખની નજીક પણ નથી,
અને તેનો ત્યાગ ન હોવાથી તેથી દૂર પણ નથી.

તત્ત્વદર્શી એ હકીકત સમજે છે કે – જેમ ઘાસના અગ્રભાગ ઉપર રહેલું પાણીનું ટીપું પાણીનું બીજું બિંદુ તેના ઉપર પડતાં જ અથવા વાયુથી કંપિત થતાં તુરત નીચે પડે છે, તેની જેમ અવિવેકી અને પરમાર્થને નહીં જાણનાર અજ્ઞાનીનું જીવન પણ ચંચળ છે.

અજ્ઞાની માણસ ક્રૂર પાપકાર્યો કરે છે અને તે કારણે બંધાયેલાં કર્મોના ફળસ્વરૂપ દુઃખો ભોગવતાં તે મૂઢ જેવો બની ફરી વિપરીત આચરણ કરે છે.

ખરેખર! અજ્ઞાનતાને લીધે તેને સન્માર્ગ સૂઝતો નથી.
મોહની પ્રબલતાને લીધે તે જીવ–
વારંવાર જન્મ-મરણના ચક્કરમાં અટવાયા જ કરે છે,

૧૪૯. જે જીવને જિજ્ઞાસાવૃત્તિ છે તે જીવ સંસારનું સ્વરૂપ જાણી લે છે,
પરંતુ જિજ્ઞાસાવૃત્તિ વિનાના જીવને-
સંસારના સ્વરૂપનું કે તેમાં રહેલા પદાર્થોનું જ્ઞાન થતું નથી.
કુશલ સાધક વિષયભોગોનું સેવન કરતો જ નથી,
પરંતુ કોઈક દુર્બુદ્ધિ સાધક દોષોનું સેવન કરીને તે છુપાવે છે.
એમ કરીને તે અજ્ઞાની બેવડું પાપ કરે છે.
માટે, બુદ્ધિમાન પુરુષ વિષયભોગો મલવા છતાં, તેના ફળનો વિચાર કરીને, તેનું યથાર્થ સ્વરૂપ સમજીને તેનું સેવન [કરે નહીં. એ રીતે વિષયોથી દૂર રહીને આત્માને કર્મોથી અલિપ્ત રાખવો ] ન કરવા, આત્માને ભાવિત અને શિક્ષિત કરે...એમ હું કહું છું
હે ભવ્ય જીવો ! તમે જુઓ,
કેટલાક વિષયાસક્ત જીવો રૂપસૌંદર્યમાં આસક્ત થઈ, નરકાદિ દુર્ગતિઓમાં વારંવાર ઉત્પન્ન થઈ ત્યાં ભયંકર દુઃખો ભોગવે છે.

૧૫૦. આ સંસારમાં આરંભસમારંભથી આજીવિકા ચલાવનાર મનુષ્યો-
મરીને તેવી જ ગતિઓમાં ઉત્પન્ન થાય છે.
આ સંસારમાં વીતરાગભાષિત સંયમ સ્વીકાર્યા પછી પણ,
વિષય-કષાયોથી સંતપ્ત કોઈક અજ્ઞાની સાધક
ફરીથી તે વિષયોમાં તણાઇને,
અશરણને શરણ માનતો થકો પાપકાર્યોમાં રાચે છે.

૧૫૧. આ સંસારમાં કેટલાએક સાધકો(મુનિઓ) એકલા થઇને વિચરે છે.
તેઓ બહુ ક્રોધી-બહુ અભિમાની-બહુ માયાવી-બહુ લોભી-
બહુ પાપી-વિષયભોગો માટે આમતેમ ભટકનારા,
બહુ ઢોંગી-ધૂર્ત-દુષ્ટ અધ્યવસાયવાળા, હિંસક,
અને કુકર્મી હોવા છતાં પોતાની પ્રશંસા કર્યે જાય છે.
કોઈ તેમને ખરા સ્વરૂપે ઓળખી ન જાય
તે માટે તેઓ એકલા વિચરે છે-રહે છે.

અને અજ્ઞાનતા તથા પ્રમાદવશ કરાતા પોતાના પાપોને છુપાવે છે.
આ રીતે ધર્મના મર્મને ન સમજતો એવો તે
હંમેશાં મૂઢ જેવો થઈને વિચરે છે.

હે મુમુક્ષુ ! જીવો દુઃખી છે, છતાં,—
આરંભસમારંભરૂપ પાપકાર્યોથી નહીં અટકતાં તેમાં ઓતપ્રોત થઈ,
'અજાણ્યો માણસ નિર્દોષ છે, તે કારણે તેનો પણ મોક્ષ થશે'
—એમ બોલે છે.

પરંતુ,
તેઓ ખરેખર ! જન્મ-મરણના ચક્કરમાં અટવાયા જ કરે છે.

---

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

अकम्मस्स ववहारो न विज्जइ

જે સાધક અકર્મ દશામાં પહોંચી ગયો છે.
તે સિદ્ધપુરુષ લોકવ્યવહારની સીમા પાર કરી ગયેલ છે.

૧૫૨. જંબુ !

આ જગતમાં આરંભસમારંભથી નિવૃત્ત થયેલા જે કોઈ મુનિઓ છે,
તેઓ ગૃહસ્થો પાસેથી જ નિર્દોષ આહારાદિ લઈને જીવન જીવે છે.
તેઓ આરંભ-સમારંભથી નિવૃત્ત થઈને,
'પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરવાની આ સુંદર તક મલી છે'.
—એમ સમજી સંયમ પાળે છે.

'આ દેહ દ્વારા કાર્ય સાધી લેવાની મળેલી આવી તક વારંવાર
મલતી નથી'—એવું સમજીને તેઓ સદા અપ્રમત્ત રહે છે.
સાધક! સર્વજ્ઞ ભગવાને આ માર્ગ ઉપદેશેલો છે કે-
'દરેક જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે'
—એવું સમજીને સંયમ લઈને પ્રમાદ કરવો નહીં.

આ જગતમાં દરેક જીવોના આશય ને અભિપ્રાયો જેમ ભિન્ન હોય છે.
તેમ બધાય જીવોના સુખ-દુઃખ પણ ભિન્ન ભિન્ન હોય છે.
માટે, સર્વ જીવોના સુખ-દુઃખનો વિચાર કરીને,
સાધક જીવ હિંસા કરે નહીં તથા જુઠું બોલે નહીં
પરીષહો આવે ત્યારે તે સહન કરે,
પરંતુ આકુલવ્યાકુલ થાય નહીં.
આ રીતે પરીષહોને સહન કરવા પૂર્વક જે સંયમ પાળે
તેને મુનિ કહેલ છે.

૧૫૩. પાપકાર્યોથી નિવૃત્ત થયેલ સાધકને પણ પૂર્વ કર્મના ઉદયથી કદાચ રોગ ઉત્પન્ન થાય, તો ધીરપુરુષ તે રોગાદિને સમ્યક્ પ્રકારે સહન કરે —એમ ભગવાને કહ્યું છે.

તે સમયે મુનિ મનમાં વિચારે કે-
આવો રોગ મેં પહેલાં પણ સહન કરેલો,
વળી, ભવિષ્યમાં પણ આ કષ્ટ મારે જ સહન કરવાનું છે.
વળી, આ શરીર ક્ષણ ભંગુર છે, અનિત્ય છે, અશાશ્વત છે,
તથા હાનિ-વૃદ્ધિ થવાના વિલક્ષણ સ્વભાવવાળું છે.

માટે, હે જીવ! પ્રાપ્ત થયેલી આ અપૂર્વ તકને તું ઓળખ.
આ રીતે દેહ સ્વરૂપના જ્ઞાતા હોવાથી તેમાં નિરાસક્ત,
તથા રત્નત્રયી રૂપ આત્મ ગુણમાં તલ્લીન,
-એવા નિઃસ્પૃહી ત્યાગી મુનિને સંસાર પરિભ્રમણ નથી
....એમ હું કહું છું.

૧૫૪. આ સંસારમાં સંયમ સ્વીકાર્યા પછી પણ જે કોઈ મુનિ પરિગ્રહી થાય
તે પરિગ્રહ પ્રમાણમાં ભલે નાનો હોય કે મોટો હોય,
તે પરિગ્રહ પ્રમાણમાં સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય,
તે પરિગ્રહ સચિત્ત પદાર્થોનો હોય કે અચિત્ત પદાર્થોનો હો
પરંતુ તે પરિગ્રહી મુનિ ગૃહસ્થ જેવો જ ગણાય છે.
આ પરિગ્રહ જ કેટલાકને મહાભય રૂપ બને છે.
માટે, હે, સાધક! આહાર-ભય-મૈથુન તથા પરિગ્રહાદિ-
લોક સંજ્ઞાઓને અહિતકર સમજી તેનો ત્યાગ કર.

૧૫૫. 'આ પરિગ્રહમાં મૂર્છિત નહિ થનાર સાધક સંયમી અને જ્ઞાની છે,
-એવું જાણીને, તું દિવ્યદષ્ટિ રાખીને સંયમમાં પુરુષાર્થ કર.
દિવ્યદષ્ટિ સંપન્ન તથા નિષ્પરિગ્રહી સાધકોને જ
બ્રહ્મ(આત્મ) જ્ઞાનની પ્રાપ્તિ થાય છે
અને તેઓ જ ખરા સંયમી છે...એમ હું કહું છું
હે જંબુ! મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે અને અનુભવ્યું છે કે-
કર્મબંધનથી મુક્ત થવાનું કાર્ય પોતાના આત્માથીજ સિદ્ધ થઈ શકે
અર્થાત્-
બંધ અને મોક્ષ પોતાના જ પુરુષાર્થ ઉપર અવલંબે છે.

૧૫૬. માટે, પરિગ્રહથી મુક્ત થઈને,
સાધક સાધનાપંથે આવતા ક્ષુધાદિ પરીષહો અને સંકટોને
યાવજ્જીવ સમભાવે સહન કરે તથા,
પ્રમાદી જીવોને ધર્મથી પરાઙ્મુખ જોઈને,
પોતે અપ્રમત્ત થઈને સંયમમાં પુરુષાર્થ કરે.

હે સાધક! તીર્થંકરભાષિત આ સંયમનું તું યથાર્થપણે પાલન કર.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

★

कम्मुणा उवाही जायइ
કર્મોથી જ સમસ્ત ઉપાધિઓ ઉત્પન્ન થાય છે. વળી–

कम्ममूलं च जं छणं
આ કર્મોનું મૂળ પણ હિંસા જ છે. માટે તે ત્યાજ્ય છે.

૧૫૭. જંબુ! આ જગતમાં જે કોઈ વ્યક્તિ અપરિગ્રહી થાય છે, તેઓ તીર્થંકર ભગવાનની દેશના સાંભળીને અથવા ગણધર ભગવંત કે જ્ઞાની પુરુષોનો ઉપદેશ સાંભળીને, પૂર્વોક્ત સર્વ પદાર્થોને ત્યાગ કરીને જ અપરિગ્રહી થાય છે.

તીર્થંકરોએ સમતા-સમભાવમાં જ ધર્મ કહ્યો છે.

હે મુમુક્ષુ! જે રીતે સમભાવપૂર્વક મેં કર્મક્ષય કર્યો છે,
તે સિવાય બીજી કોઈપણ રીતે કર્મોની ગાંઠ તોડવી અસંભવિત છે.
માટે જ હું કહું છું કે--
કોઈ પણ સાધકે પોતાની શક્તિ છુપાવવી નહીં.

૧૫૮. આ સંસારમાં કેટલાક સાધકો એવા હોય છે કે—
જેઓ સંયમ લઈને અંતસુધી નિષ્ઠાપૂર્વક તેનું પાલન કરે છે.
આ સંસારમાં કેટલાક સાધકો એવા પણ હોય છે કે—
જેઓ સંયમ લઈને પતિત થઈ જાય છે.
આ સંસારમાં કેટલાક સાધકો એવા પણ હોય છે કે—
જેઓ સંયમ લઈ શકતા પણ નથી,
અને તેથી તેમનો પતિત થવાનું પણ હોતું નથી.
જે સાધકો સાંસારિક પદાર્થોનું સ્વરૂપ જાણીને તેનો ત્યાગ કરે છે,
અને પછી તેની ઇચ્છા કરે છે-તેઓ પણ ગૃહસ્થ જેવા જ છે.
ભગવાને એવું ફરમાવ્યું છે કે-
આ સંસારમાં સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનો ઉપાસક;
સત્-અસતનો વિવેકી, નિરાસક્ત સાધક—
રાત્રિના પહેલા ને છેલ્લા પહોરે જયણા પૂર્વક ઉપયોગવાળો થઈને
શીયલને મોક્ષનું અંગ સમજીને,
શીયલથી થતા લાભનો વિચાર કરવા પૂર્વક
તેનું યથાર્થ રીતે પાલન કરે.
તથા. સદાચારથી લાભ છે,
અને દુરાચારથી થતા ગેરલાભનો વિચાર કરીને
વાસના-લાલસા અને ઉપાધિ રહિત થાય.

૧૫૯. હે સાધક ! કામ-મદ-માયા અને લોભાદિ દુર્ગુણો રૂપી
અભ્યંતર શત્રુઓ સાથે તું યુદ્ધ કર.
બહારના શત્રુઓ તો નિમિત્ત માત્ર છે.
તેમની સાથે યુદ્ધ કરવાથી કાંઈ વળવાનું નથી.
આત્મયુદ્ધ કરવા માટે સુયોગ્ય એવું મળેલું
આ ઔદારિક શરીર ખરેખર ! દુર્લભ છે.

આ જૈન શાસનમાં તીર્થંકરોએ--
જ્ઞાન મેળવ્યા પછી તેનો અમલ કરવાનું જે રીતે કહ્યું છે તેમ કરવું,
પરંતુ-અજ્ઞાની, પદાર્થોમાં આસક્ત થવાથી--
સંયમથી પતિત થઈ જાય છે,
તે કારણે ગર્ભ-જન્મ તથા મરણાદિના ચક્કરમાં અટવાઈને,
તે ખરેખર ! દુઃખો ભોગવે છે.
જૈન શાસ્ત્રમાં એવું કહેલું છે કે—
-જે વ્યક્તિ રૂપાદિમાં આસકત થાય છે,
તે વ્યક્તિ આરંભસમારંભ નેહિંસામાં પ્રવૃત્તિ કરતો હોય છે.
તેજ સાધક ખરેખર ! મુનિ છે કે-જે,
આ સંસારમાં આરંભસમારંભ તથા હિંસાની પ્રવૃત્તિ કરતા લોકોને
સરવાળે દુઃખી જોઈને પોતે સમ્યક્પ્રકારે મોક્ષમાર્ગે ચાલે છે.

૧૬૦ એ રીતે શુદ્ધ સંયમનું પાલન કરનાર મુનિ,
કર્મોનું સ્વરૂપજાણીને તથા પ્રત્યેક જીવના સુખદુઃખનો વિચાર કરીને,
ધૃષ્ટતાનો ત્યાગ કરીને,
કોઈ જીવની હિંસા ન કરતાં-શુદ્ધ સંયમનું પાલન કરે છે.
શાણો સાધક ઐહિક કીર્તિ માટે યશોભિલાષી બની—
આ જગતમાં કોઈપણ આરંભસમારંભ કે પાપી પ્રવૃત્તિ કરે નહીં
પરંતુ, ફક્ત આત્મ સ્વરૂપમાં એકાગ્ર થઈને,
અને મોક્ષ સિવાયની બીજી દિશાઓથી વિમુખ થઈને,
તથા ખાસ કરીને સ્ત્રીઓથી વિરક્ત થઈને વિચરે.
આવો સંયમી મુનિ બધી રીતે ઉત્તમ અને પવિત્ર બોધ પામીને,
જે કાર્ય પોતાને માટે અપ્રિય અને અહિતકર હોય,
તેવું પાપ કાર્ય બીજા જીવો માટે પણ કરે નહીં.

૧૬૧. હે સાધકો! 'જ્યાં સમ્યકત્વ અથવા આત્મજ્ઞાન છે ત્યાં જ મુનિપણું છે.
અર્થાત્–'જ્યાં મુનિપણું છે ત્યાં જ સમ્યકત્વ અથવા આત્મજ્ઞાન છે'
–એવું તમે સમજો.
ધૈર્ય હીન–શિથિલાચારી–સ્ત્રી પુત્રાદિના સ્નેહપાશમાં જકડાયેલા–
વિષયાસક્ત–કપટી–પ્રમાદી તથા ઘર આદિ પૌદ્ગલિક પદાર્થો ઉપર–
મમતાવાળા જીવો આ સંયમ પાળી શકવા સમર્થ નથી.
સમતાવાળા વીરપુરુષો સંયમ લઈને શરીરને કૃશ કરવા પૂર્વક
કર્મોને પણ પાતળા કરે છે તથા સંયમની સાધના માટે તેઓ
અલ્પ અને લુખો–સૂકો આહાર લઈને શરીરને જીર્ણ કરે છે.
આવા મુનિઓ સંસાર સમુદ્રને પાર કરી જાય છે.
તેમણે પાપારંભ–પ્રવૃત્તિ રોકી દીધી હોવાથી, તથા–
કર્મબંધનાં કારણો (રાગ–દ્વેષ–આસક્તિ)થી અલિપ્ત હોવાથી
તેમને કર્મ બંધ થતો નથી અને થવાનો નથી.
તેથી તેઓ અલ્પ સમયમાં જ તીર્ણ અને મુક્ત થશે

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

★

अणभिक्कंतं च वयं संपेहाए खणं जाणाहि पंडिए
હે સાધક! જે ક્ષણો વીતી ગઈ તેની ચિંતા શી?
શેષ જીવનને ધ્યાનમાં રાખીને
પ્રાપ્ત તકનો તું સદુપયોગ કર.

૧૬૨. આર્ય ! જ્ઞાન અને વયથી અપરિપક્વ મુનિને એકલા વિચરવું હાનિકારક હોવાથી વર્જ્ય છે.

કેટલાએક મુનિઓ તો ગુરુની હિતશિક્ષા માત્રથી જ ગુસ્સે થઈ જાય છે, અને તે અભિમાની શિષ્યો અજ્ઞાનતાને કારણે વિવેકશૂન્ય બની ગચ્છથી જુદા પડી જાય છે.

આવા અજ્ઞાની અને તત્ત્વને નહિ જાણનાર મુનિઓને વારંવાર અનેક અનુકૂળ કે પ્રતિકૂળ પરીષહો આવે છે, ત્યારે તે તેમને અસહ્ય થઈ પડે છે.

હે મુમુક્ષુ ! સર્વજ્ઞ ભગવાનનો આ અભિપ્રાય છે કે—

'આવી એકાકી ચર્યા તને ન હો !'

માટે, મુનિએ હમેશાં ગુરુની નજર સમક્ષ રહીને,
નિર્લોભતા અને બહુમાનપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી-
તેમની આજ્ઞાનુસાર જયણાપૂર્વક વિચરવું.

૧૬૩. તેમ છતાં, જતાં-આવતાં, હાથપગને વાળતાં કે ફેલાવતાં પ્રમાર્જન કરતાં, અથવા ક્યારેક અપ્રમત્તપણે ચાલતાં પગના કે શરીરના સ્પર્શથી કોઈક જીવ ઘાયલ થઈ જાય કે હણાય તો આ ભવમાં જ તે પાપનું ફળ ભોગવીને ક્ષય થઈ જાય એવું અલ્પ કર્મ બંધાય છે.

વળી, સકારણ જાણી-બૂઝીને કરેલા દોષનું વિવેકપૂર્વક નિરીક્ષણ કરીને પ્રાયશ્ચિત્ત લેવાથી તેવું કર્મ પણ ક્ષય થઈ જાય છે, પરંતુ તે પ્રાયશ્ચિત્ત અપ્રમત્તપણે કરવાથી જ કર્મક્ષય થાય છે - એમ જ્ઞાની ફરમાવે છે.

૧૬૪. દીર્ઘદર્શી-જ્ઞાની-સમિતિગુપ્તિયુક્ત તથા જયણાવંતમુનિ સ્ત્રીઓને જોઈને આત્માને શિક્ષિત કરે કે—

'આ સ્ત્રીઓ મારું શું હિત કરી શકવાની છે ?'

આ સંસારમાં સ્ત્રી પ્રત્યેનો મોહ જ ચિત્તને વધુ મુંઝવનારો છે.'

મહાવીરદેવે કહેલી આ હિતશિક્ષાનું મુનિ ચિંતવન કરે.
તેમ છતાં, મુનિ કામવશ પીડાય તો—
તે ક્યારેક લૂખો-સૂકો આહાર કરે,
ક્યારેક ઉણોદરી કરે,
ક્યારેક ઊંચી જગ્યાએ કાયોત્સર્ગ કરવાપૂર્વક આતાપના કરે.
ક્યારેક ત્યાંથી વિહાર કરી બીજે ગામ જાય,
ક્યારેક આહારનો સર્વથા ત્યાગ કરે,
ક્યારેક સ્ત્રી સંબંધી બિલકુલ વિચાર કે પરિચય વર્જે.
પરંતુ- અબ્રહ્મનું સેવન કરે નહીં.

ક્યારેક વિષયસેવન કરતાં પહેલાં ઘણાં પાપો કરવાં પડે છે,
તથા ઘણાં સંકટો વેઠવાં પડે છે,
ત્યાર બાદ કામભોગો ભોગવી શકાય છે.
ક્યારેક કામભોગો ભોગવ્યા પછી અનેક પાપો કરવાં પડે છે,
તથા ઘણાં સંકટો અને દેહદંડ ભોગવવા પડે છે.
સ્ત્રીઓ એ રીતે કલેશ તથા રાગદ્વેષને ઉત્પન્ન કરાવનારી છે.
--એવું સમજીને સ્ત્રી-સંગ ન કરવા માટે
આત્માને ભાવિત અને શિક્ષિત કરે.
...એમ હું કહું છું.

૧૬૫. મુનિ શૃંગારરસ પોષક કથા-વાર્તા કરે નહીં,
સ્ત્રીઓનાં અંગોપાંગ જુએ નહીં,
હાસ્ય-વિનોદ કે ખાનગી વાર્તાલાપ કરે નહીં,
અર્થાત્- સ્ત્રીઓ સાથેની વાતચીતમાં મર્યાદા રાખે,
તેમની ઉપર મમતા રાખે નહીં,
તેમનું કામકાજ કરે નહીં,
તે સંબંધી સંકલ્પ-વિકલ્પો પણ કરે નહીં,
તથા હમેશાં પોતાના મન ઉપર કાબૂ રાખીને પાપકાર્યોનો ત્યાગ કરે.
હે સાધક! એ પ્રમાણે તું સંયમનું યથાર્થ પાલન કરજે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી**
પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

૧૬૬. જંબુ! મહર્ષિ-સાધક કેવા હોય?
તે સરખાવવા હું સરોવરનું દૃષ્ટાંત કહું છું :

નિર્મળ મીઠા પાણીથી ભરેલું, ઉપશાંત રજવાળું તથા જલચર જીવોની રક્ષા કરતું સરોવર જે રીતે સમતલ ભૂમિમાં પણ પોતાના સ્વરૂપમાં મસ્ત રહી, જલપ્રવાહ તથા તરંગોને પોતાનામાં શમાવી આત્મરક્ષા કરતું રહે છે,

તે રીતે આ સંસારમાં મહર્ષિ સાધકો પણ બુદ્ધિમાન, તત્ત્વજ્ઞ, જાગ્રત અને આરંભ–સમારંભરૂપ પાપકાર્યોથી વિરમેલા હોય છે. તેઓ પણ સરોવરના ઉપરોક્ત ગુણયુક્ત હોય છે. હે મુમુક્ષુ! તું મધ્યસ્થ ભાવથી તેમના જીવનનું નિરીક્ષણ કર, અને જો—
તેઓ ફક્ત સમાધિ–મરણની આકાંક્ષા રાખવાપૂર્વક,
સંયમનું પાલન કરે છે

...એમ હું કહું છું.

૧૬૭. +પરંતુ, ફળમાં શંકાશીલ વ્યક્તિ સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી.
કેટલાક મુનિઓ જ્ઞાનીના વચનને સમજી શકે છે અને તેને અનુસરે
કેટલાક ગૃહસ્થો પણ તત્ત્વ સમજી શકે છે અને તેને અનુસરે છે.

પરંતુ મહર્ષિ સાથે રહેવા છતાં અને સમજાવવા છતાં–કદાચ કોઈક સાધક તત્ત્વને સમજી કે અનુસરી ન શકે તો તેને ખેદ ન થાય? (અવશ્ય થાય, પરંતુ મહર્ષિ તેને આશ્વાસન આપતાં કહે કે—હે પુણ્યવાન્! )

૧૬૮. જિનેશ્વરોએ જે ફરમાવ્યું છે તે જ ખરેખર! સત્ય છે.
શ્રદ્ધાપૂર્વક વિચારવાથી અંતરાય કર્મ દૂર થશે અને તત્ત્વ સમજાશે.

---

+નીતિશાસ્ત્રકારે પણ કહ્યું છે કે—शंकाशीलो विनश्यति।

૧૬૯. મહાપુરુષો પાસેથી વસ્તુસ્વરૂપ સમજીને શ્રદ્ધાળુ બનેલા-
કેટલાક સાધક દીક્ષા લેતી વખતે--
'જિન કથિત ધર્મ જ સાચો છે' -એવું માને છે
અને તેમની શ્રદ્ધા અંત સુધી ટકી રહે છે.
કેટલાક સાધક દીક્ષા લેતી વખતે-શ્રદ્ધાળુ હોય છે,
પરંતુ પાછળથી શંકાશીલ થઈ જાય છે.
કેટલાક સાધક દીક્ષા લેતી વખતે-શ્રદ્ધાળુ હોતા નથી,
પરંતુ પાછળથી શુદ્ધ શ્રદ્ધાવાળા બને છે.
કેટલાક કદાગ્રહી જીવો તો પ્રથમ અને પછી અશ્રદ્ધાળુ જ રહે છે.
જે સાધકની શ્રદ્ધા શુદ્ધ અને પવિત્ર છે
તેને સાચા કે ખોટા : બધાય તત્ત્વો સમ્યક્ વિચારણા હોવાને
લીધે તેને તે બધું સમ્યક્ રૂપે જ પરિણમે છે,
તથા, જે સાધકની શ્રદ્ધા દૂષિત છે,
તેને સાચા કે ખોટા : બધા ય તત્ત્વો વિપરીત વિચારણા હોવાને
લીધે તેને તે બધું મિથ્યા રૂપે જ પરિણમે છે.
જાગ્રત વિચારશીલ સાધક દુર્મતિવાળા સાધકને કહે કે—
વિવેકી ! સત્ય અને સંયમને ઓળખ અને તેની ઉપર શ્રદ્ધા રાખ.
કારણકે-સત્ય અને સંયમમાં પ્રવૃત્તિ કરવાથી જ કર્મક્ષય થાયછે.

વળી હે સાધક ! જાગ્રત શ્રદ્ધાળુ સાધક અને અજાગ્રત શિથિલાચારી સાધકની ગતિ-સ્થિતિને તપાસ, પરંતુ તેના સમાગમમાં આવતાં તું પોતે જ અસંયમી માર્ગમાં સપડાઈ જતો નહીં.

૧૭૦. હે આત્મા ! જેને તું મારવા ઇચ્છે છે તે ખરેખર ! તું જ છે.
જેની ઉપર તું હુકમ કરવા ઇચ્છે છે તે પણખરેખર ! તું જ છે.
જેને તું દુ:ખ દેવા ઇચ્છે છે તે પણ ખરેખર ! તું જ છે.
જેને તું દબાવવા ઇચ્છે છે તે પણ ખરેખર ! તું જ છે.
જેને તું મારી નાખવા ઇચ્છે છે તે પણ ખરેખર ! તુંજ છે.
—એવું તું તત્ત્વદૃષ્ટિથી સમજ

સરલ પ્રકૃતિવાળા મુનિ જ આ રીતે સમજે છે અને—
દરેક જીવને પોતાની સમાન માની સર્વ ઉપર મૈત્રીભાવ રાખે છે.
હે સાધક! આ રીતે અંતઃકરણપૂર્વક વિચારીને
કોઈ જીવને મારવો નહીં કે હણવો નહીં,
પરંતુ પોતે એવું વિચારે કે—
જે વ્યક્તિ હિંસા કરે છે તેને તેનું ફળ આગળ ભોગવવું જ પડે છે,
માટે, કોઈપણ જીવની હિંસા કરવાનો વિચાર પણ કરવો નહીં.

૧૭૧. આત્મા જ આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે, અર્થાત્—
આત્માનું યથાર્થ સ્વરૂપ જે જાણે છે તે જ સ્વયં આત્મા છે.
જે જ્ઞાનવડે વસ્તુસ્વરૂપ જાણી શકાય તેને આત્મા કહેવાય છે.
કારણ કે-તે જ્ઞાન દ્વારા આત્માની પ્રતીતિ થાય છે,
આત્મા અને જ્ઞાનના આ અભેદ્ય સંબંધને જે સારી રીતે જાણેછે,
તે જ આત્માવાદી કહેવાય છે,
અને સમભાવપૂર્વકનું તેનું જ સંયમાનુષ્ઠાન યથાર્થ છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

★

निट्ठियट्ठे वीरे आगमेण सया परक्कमेज्जासि
હે શ્રદ્ધાશીલ વીર!
તું શાસ્ત્રાનુસાર સદા પુરૂપાર્થ કર

●

अणुवीइभासी से णिग्गंथे
વિચારીને બોલે તેજ ખરો મુનિ છે.

૧૭૨. જંબુ! આ જગતમાં કેટલાક સાધકો પુરુષાર્થી હોય છે
પરંતુ, સર્વજ્ઞ ભગવાનની આજ્ઞામાં શ્રદ્ધાળુ હોતા નથી
વળી, કેટલાક સાધકો શ્રદ્ધાળુ હોવા છતાં પુરુષાર્થી હોતા નથી.
સાધકને માટે આ બન્નેય સ્થિતિ વર્જ્ય હોવાથી,
હે સાધક! તને આવી ચર્યા ન હો!
—એવો ભગવાનનો અભિપ્રાય છે.
જે સાધક હમેશાં ગુરુની આજ્ઞા મુજબ વર્તે,
ગુરુએ બતાવેલ મુક્તિમાર્ગને સ્વીકારે,
ગુરુનું શ્રદ્ધાપૂર્વક બહુમાન કરે,
તથા ગુરુકુલની મર્યાદામાં જે રહે.
તે સાધક પરીષહ-ઉપસર્ગોને સહન કરીને-
-તત્ત્વદર્શી બને છે.
આવા તત્ત્વદર્શી સાધકે પોતાના મન પર વિજય મેળવ્યો હોવાથી,
સારા કે નરસા: કોઈપણ નિમિત્તોથી તે પરાભવ પામતો નથી.
જે મહાપુરુષ સર્વજ્ઞોપદેશથી જરા પણ વિરુદ્ધવર્તન કરતા નથી,
તેઓ કોઈપણથી પરાભવ પામતા નથી, તથા-
કોઈપણના આલંબન વિના સમભાવે જીવન જીવવા સમર્થ છે.
આવું આત્મતત્ત્વદર્શન—
જાતિસ્મરણજ્ઞાન, તીર્થંકરોની દેશના કે જ્ઞાનીના ઉપદેશ દ્વારા
થઇ શકે.
માટે, જ્ઞાનીઓ પાસેથી અનુભવ મેળવવો જોઇએ.

૧૭૩. બુદ્ધિમાન સાધક—
આ સર્વ રહસ્યોનો સારી રીતે વિચાર કરીને,
તથા તેમાંથી સત્યનો સ્વીકાર કરીને,
સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે નહીં.

પરંતુ આ સંસારમાં સંયમને હિતકર જાણીને તેનો સ્વીકાર કરીને
જીતેન્દ્રિય થઈને, સાધક પોતાની પ્રગતિ સાધે.
આ રીતે મોક્ષાર્થી વીર સાધક સદા સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રનું
આલંબન લઈને સંયમમાં સતત પુરુષાર્થ કરે..એમ હું કહું છું.

૧૭૪. પાપપ્રવાહો :
ઊર્ધ્વ-અધો અને તિર્છી — એમ ત્રણેય દિશામાં સર્વત્ર છે.
પરંતુ, જીવને જ્યાં જ્યાં આસક્તિ થાય છે, ત્યાં ત્યાં કર્મબંધ થાય છે
—એમ સમજો.
કર્મબંધ દ્વારા ચાલતું જન્મ-મરણનું સંસારચક્ર જોઈને,
તથા પરમાર્થનો વિચાર કરીને-
જ્ઞાની કર્મબંધના નિમિત્તોથી દૂર રહે.

૧૭૫. જે સાધક કર્મબંધના પ્રવાહને રોકવા માટે—
દીક્ષા લઈને સંયમપૂર્વક જીવન વિતાવે છે,
તે મહાપુરુષ અનાસક્ત બનતો જાય છે,
અર્થાત્-દ્રષ્ટા બની બધુંય જુએ-જાણે, પરંતુ ઇચ્છે નહીં.

૧૭૬. વળી આ સંસારમાં જન્મમરણનું સ્વરૂપ જાણીને
તે તે નિમિત્તોમાં ન ફસાતાં, સ્વ-સ્વરૂપમાં મગ્ન રહે.
આ રીતે સંસારનો પાર પામી સાધક મોક્ષમાં બિરાજમાન થાય છે.
જંબુ! મુક્તાત્માનું સ્વરૂપ સમજાવવા કોઈ પણ શબ્દ સમર્થ નથી.
તે સમજવા તર્કશક્તિ કે બુદ્ધિ પણ કારગત નીવડે તેમ નથી.
આ વિષયમાં ફક્ત એટલું જ કહી શકાય કે -
તે મુક્ત જીવ નિષ્કર્મા થયેલ હોવાથી-
સંપૂર્ણ જ્ઞાનદશામાં જ્યોતિસ્વરૂપે બિરાજમાન છે.
સંસ્થાનની અપેક્ષાએ:—મોક્ષે ગયેલા આ મુક્ત જીવો-
લાંબા કે ટૂંકા પણ નથી, ગોળ, ત્રિકોણ કે ચતુષ્કોણ પણ નથી.
વર્ણની અપેક્ષાએ :—કાળા-ધોળા પણ નથી,
અથવા, લાલ-લીલા કે પીળા પણ નથી.

ગંધની અપેક્ષાએ :—સુગંધવાળા ય નથી કે દુર્ગંધવાળા **પણ નથી**
રસની અપેક્ષાએ :—તીખા-તૂરા પણ નથી,
અથવા, મધુર-ખાટા કે કડવા પણ નથી.
સ્પર્શની અપેક્ષાએ :-કર્કશ પણ નથી કે મૃદુ સ્પર્શવાળા પણ નથી.
ગુરુ પણ નથી કે લઘુ સ્પર્શવાળા પણ નથી.
ઉષ્ણ પણ નથી કે શીત સ્પર્શવાળા પણ નથી.
સ્નિગ્ધ પણ નથી કે રૂક્ષ સ્પર્શવાળા પણ નથી
શરીરી પણ નથી, કે
લેશ્યાવાળા પણ નથી.
વેદની અપેક્ષાએ :—પુરુષ-સ્ત્રી કે નપુંસક લિંગી પણ નથી
જેઓ આસક્તિરહિત હોવાને લીધે ને તેથી કર્મબંધ ન થવાને કારણે
જેમનો પુનર્જન્મ થવાનો નથી.

પરંતુ, સર્વાત્મ પ્રદેશોના જ્ઞાતા તથા જ્ઞાન-દર્શનોપયોગથી યુક્ત હોઈ જેઓ નિજ સ્વરૂપમાં બિરાજે છે, વળી જેમની સાથે કોઈ પણ પદાર્થની સરખામણી કરી શકાય તેમ ન હોવાથી તેઓ અવક્તવ્ય છે.

તેઓ કેવળ શુદ્ધ-ચૈતન્ય અરૂપી સત્તાવાળા છે, અને
કોઈ પણ અવસ્થા રહિત છે.
કોઈ પણ રૂપી વસ્તુના આ પાંચ ગુણ હોય છે—
શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

卐

समेमाणा पलेमाणा जाइं पकप्पेंति
કામભોગોમાં આસક્ત જીવો જન્મ-મરણ કરે છે.
તેથી જ કહ્યું છે કે—
अणोहंतरा एए ओहं नो तरित्तए
જેઓ વાસનાઓ જીતી શકતા નથી
તેઓ સંસારસમુદ્ર તરી શકવા સમર્થ નથી.

# ધૂત

## ૬-૧

૧૭૭. આ સંસારમાં મનુષ્યોમાં તેઓ નરરત્ન છે, કે જેઓ સંસારના સમસ્ત પદાર્થોને કેવલજ્ઞાન દ્વારા જાણીને લોકોને હિતાર્થે ધર્મોપદેશ કરે છે.

એ જ રીતે જેમને એકેંદ્રિયાદિ સર્વ જાતિઓના સૂક્ષ્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે, તે શ્રુતકેવલી આદિ પણ લોકોને અનુપમજ્ઞાનનો ઉપદેશ કરે છે.

જંબુ! તે જ્ઞાનીઓ ધર્માચરણ માટે ઉત્સાહી બનેલા, આરંભ-સમારંભથી નિવૃત્ત થયેલા તથા સાવધાન અને સમજુ સાધકોને આ મનુષ્યલોકમાં મુક્તિનો માર્ગ બતાવે છે.

૧૭૮. આમ છતાં, થોડા જ વીરપુરુષો સંયમમાં પુરુષાર્થ કરે છે.
ત્યાં પણ આત્મભાન ભૂલી-સંયમ માર્ગથી ભ્રષ્ટ થઈને-
આમતેમ અથડાતા-કૂટાતા કેટલાક સાધકોને તમે જુઓ.
હું તે હકીકત વિસ્તારથી સમજાવું છું.

રાચી-માચીને રહેતો કોઈક કાચબો-
સેવાળથી આચ્છાદિત કોઈક મોટા સરોવરમાંના છિદ્રમાંથી-
દૈવયોગે પૂર્ણિમાના આકાશનું સુંદર દૃશ્ય જોઈને,
પોતે તેની મજા ન માણતાં, સગા ઉપરના સ્નેહને લીધે-
તેમને તે દૃશ્યની મજા ચખાડવા માટે અંદર લેવા ગયો.
પરંતુ-તેમને લઈને આવતાં સુધીમાં તો-
પવનના ઝપાટાથી તે છિદ્ર પુરાઈ ગયું.

તે કાચબાને તે સ્થાન ફરી મળવું જેમ દુર્લભ છે, એ રીતે જીવ સંયમી થવા છતાં, પદાર્થોના મોહમાં તથા સગાંસંબંધીઓના વ્યામોહમાં તણાઈને સંયમનો સાચો આનંદ લઈ શકતો નથી. વળી તે કાચબાની જેમ તેને આવો સુઅવસર ફરી મળવો મુશ્કેલ છે.

ઠંડી–ગરમી તથા બીજાં અનેક કષ્ટો સહન કરવાં પડતાં હોવા છતાં,
વૃક્ષો પોતાનું સ્થાન છોડી શકવા જેમ સમર્થ નથી.
એ રીતે કેટલાક લોકો એવા અનેક પ્રકારનાં કુલોમાં ઉત્પન્ન થાય છે,
–કે જ્યાં રૂપાદિ વિષયોમાં તેઓ આસક્ત થઇ જાય છે
ત્યાંના કુલાચારો તથા પૂર્વગ્રહોને તેઓ છોડી શકતા નથી.
સંસારની ભયંકરતાનો તે બાલજીવોને અનુભવ નહિ હોવાથી,
જ્યારે તેનું દુઃખદ પરિણામ ભોગવવાનું આવે છે,
ત્યારે તેઓ રુદન કરવા માંડે છે. *
બીચારા આવા જીવો 'દુઃખનું મૂળ પોતાનાં જ કર્મો છે'
તે હકીકતથી અજાણ હોઈ–તે દુઃખમાંથી પણ છૂટી શકતા નથી,
અને કર્મોથી પણ મુક્ત થઈ શકતા નથી.

૧૭૯. જંબુ! મનુષ્યો પૂર્વગ્રહો (કદાગ્રહ) ને કારણે જુદાં જુદાં કુલોમાં
પોતપોતાનાં કર્મોનાં ફળ ભોગવવા માટે કેવી રીતે ઉત્પન્ન થાય છે
તે તું હવે જો.
કોઇકને કંઠમાળનો રોગ થાય છે, તો કોઇકને ક્ષયરોગ થાય છે,
કોઇકને કોઢ નીકળે છે, તો કોઇકને હિસ્ટોરીયા આવે છે,
કોઇકને આંખના રોગો થાય છે, તો કોઇકને લકવા થાય છે,
કોઇકના હાથપગ પાંગળા થઈ જાય છે, કોઈક ખૂંધો થઈ જાય છે,
કોઈકને ભસ્મરોગ થાય છે, તો કોઈકને કંપવા થાય છે,
કોઈકને પ્રમેહ થાય છે, તો કોઈક કૂબડો થઈ જાય છે,
કોઈકને હરસ–મસા થાય છે, તો કોઇકને ભગંદર પણ થાય છે.
ઉપરના ૧૬ રાજરોગ ઉપરાંત કોઈકને ભયંકર શૂલાદિરોગ પણ
ઉત્પન્ન થાય છે– કે જેને કારણે મૃત્યુ પણ નીપજે છે.

---

* બંધ સમય ચિત્ત! ચેતીએ રે ઉદયે શો સંતાપ? સલુણા...
—વીરવિજયજી
પૂજામાં પણ આગમ ગ્રંથોનો ઘણો જ સાર ઠાલવ્યો છે.

૧૮૦. તેમનું તથા જ્યાં રોગોનો ઉપદ્રવ નથી એવા દેવોનું પણ દેવલોકમાં જન્મ-મરણ થતું હોવાનું જાણીને તથા કર્મોના ફળને દુઃખકર સમજીને, વિવેકી બનવું જોઈએ.

અર્થાત્-'પૂર્વકૃત કર્મોનો તપથી ક્ષય કરવો જોઇએ, અને-

નવાં કર્મો ન બંધાય એ રીતે સંયમી જીવન જીવવું જોઇએ.

હે મુમુક્ષુ! તું આ પણ સાંભળ કે--જ્ઞાનચક્ષુ વિનાના અવિવેકી જીવો ગાઢ અંધકારવાળા નરકાદિ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં કર્મવશ એક કે અનેકવાર ઉત્પન્ન થઈને અતિભયંકર દુઃખોનો અનુભવ કરે છે ....એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે.

મુમુક્ષુ! આ સંસારમાં બેઇંદ્રિયાદિ જીવો, સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય જીવો તથા મનુષ્યો, જલચર જીવો અને પક્ષી આદિ જીવો એકબીજા પ્રાણીઓને દુઃખ દે છે.

તેથી-આ જગતમાં મહાભયનું વાતાવરણ સર્જાયેલું છે.

તે કારણે જગતમાં જીવો ખરેખર! ઘણા જ દુઃખી છે-તે તું જો.

છતાં, મનુષ્યો વિષય-ભોગોમાં આસક્ત છે. વળી,

નિઃસાર-ક્ષણભંગુર શરીર માટે નિર્બળ જીવોની હિંસા કરે છે.

આ સંસારમાં વિવેક-વિચારહીન જીવ પોતે દુઃખી હોવાથી આકુલ-વ્યાકુલ થઇને ઘણાં પાપો કરે છે. તે પાપોના ફળસ્વરૂપ ઉપરોક્ત રોગો ઉત્પન્ન થાય છે.

માણસ પોતાને દુઃખી જોઇને, તેમાંથી મુક્ત થવા આતુર થઇને, તેના ઉપચાર માટે ઘણા જીવોની હિંસા કરે છે. પરંતુ,

કર્મક્ષય થયા પહેલાં તે રોગો દૂર થતા નથી- તે તું સમજ

માટે હે મુમુક્ષુ! તું આ સાવદ્યપ્રવૃત્તિથી દૂર રહે.

સાવદ્યપ્રવૃત્તિને મહાભયંકર સમજી તું કોઈ જીવની હિંસા કરીશ નહિ.

---

૧૮૧. હે જિજ્ઞાસુ! તું આ વાત ધ્યાનપૂર્વક સાંભળ અને સમજ.

હું તને કર્મક્ષય કરવાનો ઉપાય બતાવું છું.

આ સંસારમાં ઘણાય જીવો પોતપોતાના કર્માનુસાર, તે તે કર્મોનું ફળ ભોગવવા માટે તે તે કુળોમાં માતપિતાના શુક્ર-રજના સંયોગથી ગર્ભમાં આવી ઉત્પન્ન થયા. ક્રમશઃ પરિપકવ વયના થયા અને

ધર્મકથાદિ સાંભળીને પ્રતિબોધ પામી ત્યાગમાર્ગ સ્વીકારીને ક્રમશઃ મહામુનિ તરીકે પ્રસિદ્ધ થઇ ગયા છે.

૧૮૨. પરંતુ, સંયમ લેતી વખતે વિલાપ કરતા સ્વજનો આક્રંદપૂર્વક રડતાં–રડતાં સાધકને આ પ્રમાણે કહે છે :

"હે પુત્ર! તું અમને ઘણો વહાલો છે, વળી અમે તારી ઇચ્છાનુસાર વર્તીએ છીએ, માટે તું અમને છોડીને જઈશ નહિ. માબાપને આ રીતે દુઃખી કરીને, છોડીને ચાલ્યો જાય તે સાચો મુનિ કહેવાય નહિ, તથા તે–સંસાર પાર પણ કરી શકે નહિ."

પરિપકવ વૈરાગ્યવાળો મુનિ આવા મોહક વચનોમાં અંજાઈ જાય નહિ.

આત્મવિકાસની ભાવનાવાળો અને નિશ્ચલપણે સાધના કરનારો મુનિ સંસારમાં શી રીતે મુગ્ધ બને?

મુમુક્ષુ! જ્ઞાનપૂર્વકની આ સમજણને તું હંમેશાં હૃદયમાં ધારી રાખ. હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

✶

जेण सिया तेण णो सिया।
इणमेव णावबुज्झंति जे जना मोहपाउडा।

'જે ધનથી ભોગાદિ સામગ્રી મેળવી શકાય છે
તે ધન હોવા છતાં પૂર્વકૃત અંતરાયકર્મને કારણે
તે ભોગાદિસામગ્રી પ્રાપ્ત ન પણ થઈ શકે.

અથવા મળ્યા પછી ભોગવી પણ ન શકાય'
–એવું આ સંસારમાં પ્રત્યક્ષ અનુભવાય છે. છતાં–
જે લોકો મોહ અને અજ્ઞાનથી ઘેરાયેલા છે
તેઓ આ સીધી–સાદી વાત સમજી શકતા નથી.

૧૮૩. જંબુ ! સંસારની ચંચલતા તથા તે પ્રત્યેની આતુરતા સમજીને,
મા બાપ તથા સગા-સ્નેહીઓના મોહમય સંબંધો છોડીને, અને
સાચી શાંતિ મેળવવા સાધના માર્ગમાં પ્રવેશ કરીને,
બ્રહ્મચર્યમાં લીન થયેલા કેટલાક મુનિઓ કે ગૃહસ્થો :
પોતે સ્વીકારેલી ધર્મની જવાબદારીને જાણવા છતાં,
પૂર્વના કોઇક કુસંસ્કારો(કર્મ)ને વશ થઈને
મોહજાળમાં ફસાઇ જાય છે અને સદાચારના માર્ગને છોડી દે છે.
વળી, મુનિઓ સાધનામાર્ગમાં આવી પડતા પરીષહો કે પ્રલોભનોને
જીરવી ન શકવાથી વસ્ત્ર–પાત્ર–કંબલ તથા રજોહરણાદિ છોડી,
ભ્રષ્ટ થઇને કામભોગોમાં આસક્ત થાય છે.
આસક્તિપૂર્વક ભોગો ભોગવતાં તે રખડી–રવડીને મરી જાય છે.
આ રીતે અલ્પસમયમાં જ આ ક્ષણભંગુર શરીરથી જુદા પડયા પછી
તે પુરુષને અનંતકાળ સુધી આવી સામગ્રી મળવી મુશ્કેલ છે.

–આ રીતે અનેક પ્રકારના વિઘ્નોવાળા હોવા છતાં, અતૃપ્તિ-કારક એવા કામભોગોમાં અતૃપ્ત તે બિચારા કામાંધ જીવોને સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે.

૧૮૪. પરંતુ–કેટલાક સાધકો ધર્મના સ્વરૂપને સમજીને, સ્વીકારીને અને પ્રથમથી જ સાવધાન રહીને જગતના કોઈપણ પ્રપંચો કે મોહ-માયામાં ન ફસાતાં લીધેલી પ્રતિજ્ઞાનું દઢતાપૂર્વક પાલન કરે છે.
તથા 'આસક્તિ એ જ સર્વદુ:ખોનું મૂળ છે.'
–એવું જાણીને, તેનો ત્યાગ કરીને તે મુનિ સંયમમાં મગ્ન રહે છે.
સાધક સર્વપ્રકારના પ્રપંચોનો તથા આસક્તિનો સર્વથા ત્યાગ કરીને,
'હું એકલો છું, મારું કોઈ નથી'–એ ભાવના ભાવે, તથા
પાપ ક્રિયાથી વિરમીને અને દ્રવ્ય–ભાવથી મુંડિત થઇને,
શાસ્ત્રોક્ત દશ પ્રકારની સામાચારીમાં જયણાપૂર્વક વિચરે.
વળી, તે સાધક વસ્ત્રાદિથી અપરિગ્રહી થઈને,
તથા દેહ ઉપર પણ નિર્મોહી થઇને,
સંયમમાં ઉલ્લસિત થઇને,
પરિમિત આહાર લેવાપૂર્વક સંયમી જીવન વિતાવે.

**આ** દરમ્યાન કોઈક પુરુષ મુનિના પૂર્વ જીવનની–
કોઈક એબ કે ભૂલ યાદ કરીને અથવા ખોટું આળ ચડાવીને,
નિંદા કરે, આક્રોશ કરે, મારે કે બાલ ખેંચે તો,
'આ મારા કર્મોનું ફળ છે'–એમ સમભાવપૂર્વક વિચારે.

૧૮૫ તથા સર્વ પ્રકારની શંકા–કુશંકા કે ગ્લાનિને દૂર કરીને,
અનુકુળ કે પ્રતિકૂળ પરીષહોને
સમભાવપૂર્વક સહન કરતાં કરતાં સંયમમાં વિચરે.

આ સંસારમાં તે જ ખરા મુનિ કહેવાય
કે જેઓ દીક્ષિત થઈને ફરી મોહક પદાર્થોમાં ફસાય નહિ.

જૈન શાસ્ત્રમાં તીર્થંકર ભગવાને મનુષ્યોને શ્રેષ્ઠ અને સરલ ફરમાન કરેલું છે કે–
હે ભવ્યજીવો! **આજ્ઞામાં** (આજ્ઞા એ) જ ખરો ધર્મ છે.
જે સાધક આજ્ઞાને શિરોમાન્ય કરીને 'સંયમમાં પ્રવર્તે છે
તે જ કર્મોને ખપાવે છે.

માટે આજ્ઞા પૂર્વક સંયમમાં લીન રહી કર્મક્ષયના હેતુપૂર્વક ધર્મક્રિયાનું આચરણ કરવું. ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી તે મુજબ ધર્મક્રિયા કરવાથી કર્મક્ષય થાય છે.

૧૮૬ જૈન શાસનમાં કેટલાએક સાધકો એકાકી વિચરવાની પ્રતિજ્ઞાવાળા હોય છે. તે પ્રતિમાધારી મુનિઓ સુખી કે દુ:ખી, ઉચ્ચ કે નીચનો ભેદભાવ રાખ્યા વિના પ્રત્યેક કુળમાંથી સારો કે નરસો; જેવો આહાર મળે તેમાં રાગ-દ્વેષ ન કરતાં, તેથી દેહનો નિર્વાહ કરવા પૂર્વક સંયમમાં વિચરે.

જંગલમાં ભયંકર પ્રાણીઓ બીજા જીવોને ઉપદ્રવ કરે છે. તેવો ઉપદ્રવ સહન કરવાનો પ્રસંગ આવે ત્યારે ધૈર્યવાન સાધક તે સમભાવપૂર્વક સહન કરે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

★

૧૮૭. સદ્ધર્મનો આરાધક અને પવિત્ર ચારિત્ર પાળનાર મુનિ
ધર્મોપકરણ સિવાય બધા પદાર્થોનો ત્યાગ કરે.
જે મુનિ અલ્પવસ્ત્રાદિ રાખે છે કે તદ્દન નગ્ન રહે છે,
–એવા મુનિને આવી ચિંતા કે સંકલ્પ–વિકલ્પો થતા **નથી** કે–
'મારાં વસ્ત્રો ફાટી ગયાં છે કે જીર્ણ થઈ ગયા હોવાથી હું બીજું વસ્ત્ર માગી લાવીશ, દોરા તથા સોય માગી લાવીશ, તેનાથી કપડું સાંધીશ અને સીવીશ, બે કટકા જોડીશ અથવા જીર્ણ ભાગ કાઢી નાખી સીવી લઇશ, પછી તે પહેરીશ અને મારું શરીર ઢાંકીશ.' અથવા–
સંયમની સાધના કરતાં વસ્ત્રરહિત અથવા અલ્પ વસ્ત્રવાળા સાધકને
ક્યારેક તૃણસ્પર્શનું કષ્ટ સહન કરવું પડે છે,
ક્યારેક ઠંડી–ગરમીનું કષ્ટ સહન કરવું પડે છે.
ક્યારેક ડાંસ–મચ્છરનું કષ્ટ સહન કરવું પડે છે. અથવા–
ક્યારેક તેમાંથી કોઈક મંદ કે તીવ્ર સ્પર્શવાળા પરીષહ નડે,
અથવા બીજા કોઇક પરીષહ નડે ત્યારે તે અચેલક મુનિ
'પરીષહોને કર્મભારથી હલકા થવાનું સાધન માની'
તે દુઃખ સમભાવે સહન કરે છે.
આવા સાધકો જ ખરા તપસ્વી ગણાય છે.
ભગવાને આ સંબંધી જે ફરમાવ્યું છે તે–
ઉપકરણ ને આહારાદિની લઘુતા તથા નિરાસક્ત ભાવનો જ વિચાર કરીને
સાધક સમભાવપૂર્વક તેનું આચરણ કરે.

હે સાધક! પૂર્વે ઘણા વીરપુરુષોએ આ રીતે ઘણા સમય સુધી
યાવજ્જીવ સંયમનું પાલન કરીને જે કષ્ટો સહન કર્યાં છે,
તે તરફ તું લક્ષ રાખ.

૧૮૮. જ્ઞાનયુક્ત સંયમ પાળનારની ભૂજાઓ દૂબળી હોય છે,
કારણકે-તેમાં લોહી અને માંસ ઘણું ઓછું હોય છે.
આવો સાધક તત્ત્વજ્ઞાન દ્વારા સમભાવપૂર્વક રાગદ્વેષ અને કષાયરૂપ
સંસારની શ્રેણીનો નાશ કરીને સંસાર સમુદ્રથી તરી જાય છે.
તેઓ પાપકાર્યોથી નિવૃત્ત થવાથી
કર્મબંધનથી મુક્ત થઇ જનારા કહ્યા છે.
........એમ હું કહું છું.

૧૮૯. હે જંબુ!
પાપ કાર્યોથી નિવૃત્ત થઇને ઘણા સમયથી સંયમ પાળતા હોવા છતાં,
આવા મુનિને ક્યારેક સંયમમાં અરુચિ ઉત્પન્ન થાય,
તો શું તે તેને ચલિત કરી શકે?
ના, બલ્કે-આવો સાધક હંમેશાં જાગ્રત રહીને,
શુભ અધ્યવસાયોની શ્રેણી ઉપર ચઢતો જાય છે.
તેથી તે પાણીમાં ડૂબી નહિ જનાર દ્વીપ જેવો રક્ષિત છે.
આ પ્રમાણે,તીર્થંકર ભાષિત આ ધર્મ પણ આવા દ્વીપતુલ્ય-રક્ષક છે
આવો સાધક-ભોગોની ઇચ્છા ન રાખવાથી,
તથા પ્રાણીઓની હિંસા ન કરવાથી,
સર્વલોકમાં જીવમાત્રને પ્રિય બનીને,
બુદ્ધિમાન પંડિત રૂપે પ્રતિષ્ઠિત થયેલ છે.
જે રીતે પક્ષીઓ પોતાના બચ્ચાનું સાવધાનીથી પાલનપોષણ કરે છે,
તે રીતે ભગવાનના આ શાસનમાં તે શિષ્યો પણ,
ગુરુઓ દ્વારા ક્રમશ; રાત-દિવસ શિક્ષિત કરાય છે.
હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી**
પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

सोही उज्जुअभूयस्स धम्मो सुद्धस्स चिट्ठइ

સરલ આત્માની જ શુદ્ધિ થાય છે અને
શુદ્ધ આત્મામાં જ ધર્મ સ્થિર રહી શકે છે.

૧૯૦. જંબુ ! એ પ્રમાણે વીર અને વિદ્વાન ગુરુઓ
રાત–દિવસ સતત તાલિમ આપી શિષ્યોને તૈયાર કરે છે.
છતાં, તેમાંના કેટલાક શિષ્યો ગુરુઓ પાસેથી જ્ઞાન મળ્યા પછી,
ઉપશમભાવનો (સંયમનો) ઉત્સાહપૂર્વક સ્વીકાર કરીને,
તેઓ સંયમમાં રહેવા છતાં શાસ્ત્રાજ્ઞા મુજબ વર્તતા નથી,
અથવા ગુરુની આજ્ઞાને તીર્થંકરની આજ્ઞા માનતા નથી,
પરંતુ, જ્ઞાનની વિકૃતિ થવાથી અભિમાની, સ્વચ્છંદી-ઉદ્ધત બની જાય છે.

કેટલાએક શિષ્યો તત્ત્વોપદેશ સાંભળીને તથા સમજીને,
'આપણે સૌને માન્ય–પૂજ્ય થઈને જીવન વ્યતીત કરીશું"
–એવી વૃત્તિથી દીક્ષા લે છે,
પરંતુ મોક્ષમાર્ગની સાધના કરતા નથી.

વળી, વિષયોમાં આસક્ત થવા છતાં, તે પદાર્થો અલભ્ય હોઈ,
તેઓ કામાગ્નિથી સળગતા હોવાથી,
જિનભાષિત–સમાધિને મેળવી શકતા નથી,
પરંતુ હિતશિક્ષા દેનારને જ કઠોર વચન કહે છે.

૧૯૧. તેઓ સુશીલ, ક્ષમાવંત તથા વિવેકી મુનિઓને
શિથિલાચારી, ભ્રષ્ટ અને કુશીલ કહે છે.
ખરેખર! તે અજ્ઞાની સાધુની આ બેવડી મૂર્ખાઇ છે.
કેટલાએક સાધકો શુદ્ધસંયમ ન પાળી શકવા છતાં,
બીજાપાસે શુદ્ધ આચારની પ્રરૂપણા કરે છે,
પરંતુ, જ્ઞાન અને શ્રદ્ધાભ્રષ્ટ કેટલાએક મુનિઓ
અશુદ્ધ–અસંયમી જીવન જીવતા હોવા છતાં,
પવિત્ર મુનિઓ પાસે દંભથી વંદનાદિ કરાવે છે.

કેટલાએક સાધકો પરીષહો આવતાં જ સંયમમાર્ગેથી પાછા વળી,
મોજમજા કરવા અસંયમી જીવનમાં પ્રવૃત્ત થઈ જાય છે.
તેમની દીક્ષા પણ વગોવાય છે
અને સામાન્ય માણસો પણ તેમની નિંદા કરે છે.
આવા માણસો ખરેખર! સંસારમાં બહુ રઝળે છે.

પોતે સંયમભ્રષ્ટ હોવા છતાં પોતાને વિદ્વાન માનતો એવો કોઇક સાધક
'હું કાંઇક છું"-એવો ગર્વ કરે છે,
રાગ-દ્વેષ વિનાના ખરા સાધકને કઠોર વચન કહે છે,
અને પૂર્વજીવનની કોઇક ભૂલ કે એબ સંભાળીને,
અથવા જૂઠા આરોપ ચડાવીને નિંદા કરે છે.
માટે, બુદ્ધિમાન સાધક ધર્મનું સત્ય સ્વરૂપ સમજે.

૧૯૨. હે પુરુષ! તું ખરેખર! અજ્ઞાની છે
અને તેથી જ અધર્મનો અભિલાષી છે.
તું પોતે સાવદ્યારંભમાં પ્રવૃત્ત થઇને
બીજા પાસે જીવ હિંસા કરાવે છે
અને હિંસા કરનારની પરોક્ષરીતે અનુમોદના કરે છે.

ભગવાને વીરપુરુષોથી સાધી શકાય એવા કઠણ ધર્મની પ્રરૂપણા કરી છે.

પરંતુ, કાયરપુરુષ તેની ઉપેક્ષા કરીને સર્વજ્ઞની આજ્ઞા વિરુદ્ધ ચાલીને
સ્વેચ્છાપૂર્વકની પ્રવૃત્તિ કરે છે.
ભગવાને આવા સાધકને અજ્ઞાની અને હિંસક કહેલ છે.
.... એમ હું કહું છું.

૧૯૩. માબાપ અને સ્વજનોથી મને શું લાભ થવાનો છે?
-એવું સમજીને માબાપ, જ્ઞાતિજનો તથા ધનધાન્યાદિનો ત્યાગ કરીને,
કોઇક સાધક વીરપુરુષની જેમ સંયમ સ્વીકારે છે
અને અહિંસક, શ્રેષ્ઠ વ્રતધારી તથા જીતેંદ્રિય થઈને
સંયમપંથે વિચરે છે.
પરંતુ, તેમાંથી પણ કોઇક કર્મવશ પતિત થઇને દીન બને છે-તે તું જો.

વિષયકષાયોને વશ થનારા કાયરપુરુષો જ વ્રતભંગ કરે છે

૧૯૪. તેથી કેટલાંકની અપકીર્તિ થાય છે કે-

તે સાધુ થઇને ભ્રષ્ટ થઇ ગયો છે-ભ્રષ્ટ થઇ ગયો છે.

હે સાધકો! જુઓ,

કેટલાક સાધકો ઉગ્રવિહારી સાથે રહેવા છતાં પ્રમાદી રહે છે,
,, વિનયી સાથે રહેવા છતાં અવિનયી રહે છે,
,, ત્યાગી સાથે રહેવા છતાં અવિરત રહે છે,
,, પવિત્ર-સંયમી સાથે રહેવા છતાં અસંયમી રહે છે.

૧૯૫. -આવું સમજીને મર્યાદા શીલ, પંડિત, મોક્ષાર્થી તથા વીરસાધક સર્વજ્ઞ ભગવાનના ઉપદેશાનુસાર હમેશાં સંયમમાં પુરુષાર્થ કરે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

□

छणं छणं परिण्णाय लोगसण्णं च सव्वसो

હિંસાના કારણો, હિંસાના સાધનો અને લોકસંજ્ઞાનું સ્વરૂપ સમજીને તેનો સર્વથા ત્યાગ કરવાથી કર્મોથી સર્વથા મુક્ત થઈ શકાય છે.

□

इति कम्मं परिण्णाय सव्वसो

એ રીતે કર્મોનું યથાર્થ સ્વરૂપ જાણીને શુદ્ધાચરણ કરવાથી કર્મોથી સર્વથા મુક્ત થઈ શકાય છે.

૧૯૬. જંબુ! ઘરોમાં કે ઘરોની આસપાસ,
ગામોમાં કે ગામોની આસપાસ.
નગરોમાં કે નગરોની આસપાસ,
પ્રાંતોમાં કે પ્રાંતોની આસપાસ,
ગામ કે શહેરની વચ્ચે, ગામ કે પ્રાંતની વચ્ચે
નગર કે પ્રાંતની વચ્ચે ભિક્ષાર્થે ફરતા મુનિને
કોઈક માણસો ત્રાસ આપનાર પણ હોય છે.
અથવા બીજા દુઃખો પણ આવી પડે છે.
આ વખતે તે વીરમુનિ તે દુઃખો સમભાવે સહન કરે.
આગમોના જ્ઞાતા, સમદૃષ્ટિવાળા અને રાગદ્વેષ રહિત તે મુનિ-
પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ તથા ઉત્તર દિશામાં રહેલા,
પરંતુ માર્ગ ભૂલેલા લોકોની દયા સમજીને
તેમને ધર્મોપદેશ આપે, ધર્મના વિભાગ બતાવે
તથા ધર્મનું કીર્તન કરે.
તે મુનિ ધર્મશ્રવણ માટે આતુર હોય કે ન હોય-તેવા સાધકોને
અહિંસા-ત્યાગ-ક્ષમા-મુક્તિ-પવિત્રતા-સરલતા-
કોમલતા તથા નિષ્પરિગ્રહિતા વિગેરેનો બોધ આપે,
તથા નાના-મોટા સર્વ જીવોના હિતનો,
તથા તેમની ભૂમિકાનો વિચાર કરીને
-તે મુજબ તેમને ધર્મ સમજાવે.

૧૯૭. સર્વ જીવોના હિતનો તથા તેમની ભૂમિકાનો વિચાર કરીને
ધર્મોપદેશ દેનાર મુનિ કોઈપણ જીવનું મન દૂભવે નહિ,
તથા પોતાના આત્માનું અહિત કરે નહિ.
આ પ્રમાણે કોઈ પણ જીવને નહિ દૂભવનારો તે મહામુનિ
આ સંસારમાં હણાતા નાના-મોટા જીવોને માટે.
સમુદ્રમાં નહિં બુડનાર બેટની જેમ શરણરૂપ થાય છે.

આ પ્રમાણે સાવધાન થઈને તે મહામુનિ
મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થિર કરે, રાગ-દ્વેષરહિત થાય,
પરીષહો તથા ઉપસર્ગો આવતાં ચંચળ ન થાય
એક સ્થાને ન રહેતાં, દેશ-પરદેશ વિચરતાં વિચરતાં
સંયમનું પાલન કરે અર્થાત્ પોતે આત્માભિમુખ અને
સંયમાભિમુખ બની રહે.
ધર્મને પવિત્ર જાણીને સદનુષ્ઠાન કરનાર સાધક મુક્ત થઈ જાય છે.

૧૯૮. માટે, ધન-ધાન્યાદિની આસક્તિના કટુફળનો
વિવેકપૂર્વક વિચાર કરો અને જુઓ કે-
લોકો આસક્તિમાં ડૂબેલા છે,
પરિગ્રહથી બંધાયેલા છે,
અને કામ-ભોગોથી પીડાયેલા હોવાથી
કાર્યાકાર્યના વિશિષ્ટ બોધથી રહિત છે. માટે-
મુમુક્ષુએ સંયમથી ડરવું નહિ કે ચલિત થવું નહિ.
અવિવેકી અને હિંસક વૃત્તિવાળા લોકો જે પાપકાર્યો કરતા ડરતા નથી
તે બધી આરંભ-સમારંભની પ્રવૃત્તિઓને દુ:ખના હેતુરૂપ જાણીને
જ્ઞાની સાધક તેથી સર્વથા દૂર રહે છે.
તથા સાધનામાં વિઘ્નરૂપ
ક્રોધ-માન-માયા અને લોભનો પણ ત્યાગ કરે છે
આવા સાધકને જ કર્મબંધનથી મુક્ત થનાર કહ્યો છે.
........એમ હું કહું છું.

આ શરીરનો નાશ થશે (મૃત્યુ આવશે)
-એવા ભય ઉપર વિજય મેળવવો,
તેને આત્મસંગ્રામનો અંતિમ વિજય કહ્યો છે.
કષ્ટોથી નહિ ડરતો અને લાકડાના પાટિયાની જેમ અચલ રહેતો
જે મુનિ મૃત્યુસમય નજીક આવતાં,
જીવ અને શરીર જુદા ન થઈ જાય ત્યાં સુધી
મૃત્યુનું સ્વાગત કરવા સહર્ષ તૈયાર રહે છે.
તે મુનિ સંસારનો પાર પામી જાય છે.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

## ૭ મહાપરિજ્ઞા

મોહક પ્રસંગો ઉપસ્થિત થતાં,
તેના નિવારણ માટેના ઉપાયો
અહીં દર્શાવ્યા હતા.

શ્રી વજ્રસ્વામીએ આ અધ્યયનમાંથી આકાશગામિની વિદ્યા ઉદ્ધૃત કરી હતી—એવો ઉલ્લેખ આચારાંગનિર્યુક્તિ તથા પ્રભાવક-ચરિત્રમાં મળે છે.

તેનું જ્ઞાન ભાવિ પ્રજાના હિતમાં ન હોવાથી વીર સં. ૯૮૦માં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ અધ્યયનને પુસ્તિકારૂઢ કર્યું જ નહિ. તે રીતે વિચ્છિન્ન થયેલ છે.

ટૂંકમાં તેની નિર્યુક્તિ મળે છે.

## વિમોક્ષ

### ૮-૧

૧૯૯. જંબુ! હું પ્રત્યેક સદાચારી સાધકને ઉદ્દેશીને કહું છું કે-
ઉપરોક્ત મુનિ શિથિલાચારી જૈન અથવા અન્ય મતના સાધુઓને
અશન-પાન-મુખવાસ-વસ્ત્ર-પાત્ર તથા કંબલાદિ ચીજો
આપે નહિ કે લેવા આવવાનું આમંત્રણ પણ આપે નહિ,
તથા તેમની સેવા-ચાકરી પણ કરે નહિં,
પરંતુ તેમની સેવા-ચાકરીનો અનાયાસે સ્વીકાર કરે.
...એમ હું કહું છું.
કેમકે-તેવા સબંધો વધારવાથી તમારે એ નિશ્ચે સમજવું કે-
અન્યધર્મી સાધુઓ આવતા-જતાં આહારાદિ આપે,
અથવા કહે કે-તમને બીજેથી આહારાદિ મળે કે નમળે,
તમે ભોજન કર્યું હોય કે ન કર્યું હોય તો પણ,
રસ્તો બદલીને અથવા વચ્ચે આવતાં ઘરો છોડીને પણ
તે ચીજો લેવા આવવાનું આમંત્રણ આપે,
અથવા તેમની સેવા-ચાકરી કરે,
પરંતુ મુનિ તેનો સ્વીકાર કરે નહિ-એમ હું કહું છું.

૨૦૦. આ જગતમાં કેટલાકને આચારસંબંધી સંપૂર્ણ જ્ઞાન પણ હોતું નથી.
તેઓ આરંભાર્થી થઇને હિંસાનું સીધું કે આડકતરું સૂચન કરે છે,
બીજા પાસે હિંસા કરાવે છે,
તથા હિંસા કરનારને પ્રોત્સાહન આપે છે,
અથવા નહિં આપેલી ચીજો પણ લે છે,
અથવા આવા પ્રકારના વચનો બોલે છે-

| | |
|---|---|
| કોઈક કહે છે કે–લોક છે. | કોઈક કહે છે કે–લોક નથી. |
| ,, લોક શાશ્વત છે. | ,, લોક અશાશ્વત છે. |
| ,, લોકની આદિ છે | ,, લોક અનાદિ છે. |
| ,, લોકનો અંત છે. | ,, લોક અનંત છે. |
| કોઇક જેને સારું કામ કર્યાનું કહે છે | તેનેજ બીજો ખરાબ કામ માને છે |
| ,, ,, કલ્યાણ–પુણ્ય માને છે, | ,, ,, પાપ માને છે. |
| ,, ,, સાધુ–સજ્જન પુરુષ કહે છે | ,, ,, દુર્જન પુરુષ કહે છે. |
| કોઈક કહે છે કે–મોક્ષ છે | કોઈક કહે છે કે–મોક્ષ છેજ નહિ. |
| ,, નરક છે | ,, નરક છે જ નહિ, |

*એ પ્રમાણે પોતપોતાના માનેલા ધર્મને જ સત્યસિદ્ધ કરવા માટે વિવાદ કરતા એવા તે વાદીઓ પોતે ડૂબે છે અને બીજાને પણ ડુબાવે છે.

---

* જૈન દર્શન સૌ કોઈની માન્યતાનો સદુદ્દેશ બતાવે છે અને તેથી જ તેને 'અનેકાંત ધર્મ' કહેવાય છે.

એ તો એમ જ કહે છે કે–જોનારની દૃષ્ટિ જેવી હોય તેવું દેખાય અને સમજાય, માટે દૃષ્ટિને સમ્યક્ કરો અને સમન્વય કરતાં શીખો.
દાખલા તરીકે–स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।

ગીતામાં આ સ્થળે 'સમજદારીપૂર્વક સ્વીકારેલ આત્મધર્મની અને તે સિવાયના જડપદાર્થોરૂપ પરધર્મની' વાત ચર્ચી છે, પરંતુ ગીતાનો મર્મ નહિ સમજનારા કેટલાક તેમાંથી ટૂંકી દૃષ્ટિ તારવી परधर्मो भयावहःનો ઊલટો અર્થ સમજી–સમજાવી હિંસક હાઉ ઊભો કરે છે.

દર્શન એ લડવા માટેનું શસ્ત્ર નથી, પરંતુ વિકાસ સાધવાનું એક સાધન છે. ગમે તે સાધક ગમે ત્યાં રહીને પોતાની દૃષ્ટિ વિકસાવીને આત્મવિકાસ કરી શકે છે.

૨૦૧. પરંતુ, આ વિષયમાં તમે નિશ્ચે એમ સમજો કે-
તેમનું આ કથન એકાંતિક હોઇ હેતુ અને વિવેકરહિત છે,
કારણ કે- તેમનો ધર્મ જ્ઞાની ભગવંત કથિત નથી,
અને તેથી તેમની પ્રરૂપણા પણ બરાબર નથી.
આ કારણે તે પ્રમાણિક ન હોઇ આદરણીય પણ નથી.
સર્વજ્ઞ ભગવાને ધર્મની જેરીતે પ્રરૂપણા કરી છે,
તે રીતે મુનિ કાં તો તેમને સમજાવે, નહિ તો મૌન રહે...એમ હું કહું છું"

૨૦૨. અન્ય સર્વ ધર્મોને પાપકાર્યો સંમત છે,
પરંતુ-તે બધાય પાપકાર્યોથી નિવૃત્ત થવા રૂપ
વિવેક કરવાનું મારા ધર્મમાં ફરમાવેલું છે.'
આ વિવેક હોય તો ગામમાં કે જંગલમાં પણ ધર્મ પાળી શકાય છે
અને વિવેક ન હોય તો જંગલમાં જવાથી કે ગામમાં રહેવાથી પણ
ધર્મની આરાધના થઈ શકતી નથી.
માટે, 'ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજો'
-એમ સર્વજ્ઞ ભગવાને ફરમાવ્યું છે.
ભગવાને ત્રણ વ્રતો કહ્યા છે.
આર્યપુરુષો આ વ્રતોનું રહસ્ય સમજીને તેની આરાધનામાં તલ્લીન છે.
જેઓ પાપકાર્યોથી નિવૃત્ત થયેલા છે,
તેમને નિઃસ્પૃહ મુનિ કહેલા છે.

૨૦૩. "ઊર્ધ્વ-અધો અને તિર્છી
તથા બધી દિશાઓ અને વિદિશાઓને આશ્રયીને રહેલા જીવોની
આરંભ-સમારંભ દ્વારા હિંસા થતી હોય છે"
-એવું સમજીને વિવેકી સાધક પોતે પૃથ્વીકાયાદિ જીવોની હિંસા કરે નહિ
બીજા પાસે કરાવે નહિ,
તથા હિંસા કરનારની અનુમોદના પણ કરે નહિ.
જેઓ આ જીવોની હિંસા કરે છે તે લોકોથી પણ અમે શરમાઇએ છીએ.
-એવું સમજીને હિંસાથી ડરનાર બુદ્ધિમાન સાધક
કોઈ પણ રીતે જીવહિંસાનો આરંભ-સમારંભ કરે નહિ.
હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીરસ્વામી** પાસેથી
સાંભળેલું આહું તને કહું છું.

૨૦૪. જંબુ ! સાધક મુનિ સ્મશાનમાં, શૂન્ય ઘરમાં, પર્વતની ગુફામાં,
ઝાડ નીચે, કુંભારાદિના ખાલી ઘરમાં કે બીજા તેવા એકાંત
સ્થળે ફરે, ઊભા રહે, બેસે અથવા સુએ.

આવા સ્થાનોમાં વિચરતા તે મુનિની પાસે આવીને કોઇક ગૃહસ્થી કહે કે-

હે મુનિ ! હું ખરેખર ! તમારા માટે આહારાદિ તથા વસ્ત્રાદિ ચીજો
નાના મોટા જીવોનો આરભ-સમારંભ કરીને,
અથવા તે ચીજો ખરીદીને કે બીજેથી ઉધાર માગીને,
કોઈનું છીનવીને કે બીજાનું વિના પૂછયે લાવીને,
અથવા મારા ઘેરથી લાવીને આપું છું. તે ખાઓ-પીઓ,
તથા તમારે રહેવા માટે મકાન બનાવી આપું છું,
હે આયુષ્માન્ મુનિ ! તેમાં સુખેથી રહો.

ઉપરોક્ત વિનંતિ સાંભળીને મુનિ
તે પૂર્વપરિચિત મિત્ર અથવા લાગણીપ્રધાન ગૃહસ્થને કહે કે-

'હે આયુષ્માન્ ! તમે મારા માટે જે આહારાદિ તથા વસ્ત્રાદિ ચીજો
નાના-મોટા જીવોનો આરંભ-સમારંભ કરીને,
અથવા તે ચીજો ખરીદીને કે બીજેથી ઉધાર માગીને
કોઈનું છીનવીને કે બીજાનું વિનાપૂછયે લાવીને,
અથવા તમારા ઘેરથી લાવીને આપવાનું,
તથા મકાન બનાવી આપવાનું કહો છો'
તે તમારું વચન ખરેખર ! હું સ્વીકારી કે પાળી શકું તેમ નથી,
કારણકે-તેવા દોષોથી નિવૃત્ત થવા માટે તો હું ત્યાગી બન્યો છું.

૨૦૫. સાધક મુનિ સ્મશાનાદિમાં અથવા ઉપરોક્ત સ્થાનોમાં કયાંય
હરતા-ફરતા હોય, ઊભા હોય, બેઠાં હોય કે સૂતા હોય,
આવાં સ્થાનોમાં વિચરતા તે મુનિની પાસે આવીને કોઈક ગૃહસ્થ
તે મુનિને જમાડવાનો મનમાં સંકલ્પ કરીને આહારાદિ કે વસ્ત્રાદિ

લાવીને આપે અથવા તેમના માટે મકાન બનાવવા માંડે, તો તે મુનિ 'આ ગૃહસ્થ ખરેખર! મારા માટે જ આહારાદિ તથા વસ્ત્રાદિ તૈયાર કરીને અહીં લાવે છે અને મકાન બનાવરાવે છે'

–એવું પોતાની બુદ્ધિથી, ભગવાને બતાવેલા શાસ્ત્રોના નિયમો દ્વારા અથવા બીજા કોઈક ગુરુજનો પાસેથી સમજીને તથા વિચાર કરીને તેવી ચીજો અકલ્પ્ય માનીને તેનો સ્વીકાર ન કરવા માટે ગૃહસ્થને સૂચના કરી દે....એમ હું કહું છું.

૨૦૬. કોઇક ગૃહસ્થ, સાધકમુનિને પૂછીને કે વિનાપૂછ્યે ઘણો પૈસો ખરચીને આહારાદિ બનાવીને તે ચીજો આપે, પરંતુ–
અકલ્પ્ય હોવાથી તે ચીજો લેવાનો ઇન્કાર કરવાથી ગૃહસ્થ પોતે કદાચ મુનિને પીડે અથવા બીજાને આજ્ઞા કરે કે–
'તે મુનિને મારો, કૂટો, હાથપગ છેદો, અગ્નિથી બાળો, વસ્ત્રાદિ લૂંટો, બધુંય પડાવી લ્યો, મારી નાખો અથવા અનેકરીતે તેને હેરાન કરો.'
–આવાં કષ્ટો આવી પડતાં મુનિ સમભાવે સહન કરે અથવા સમજાવી શકે તેમ હોય તો તે ગૃહસ્થને મુનિના આચારવિચાર સંબંધી અનેક રીતે સમજાવે અથવા મૌન રહે,
પરંતુ, તે આહારાદિ ન લેતાં ક્રમશઃ આત્મગુપ્ત થઈને આચારાદિનું સમ્યક્ પ્રકારે પાલન કરે. ...એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે.

૨૦૭. આત્મલક્ષી સંવેગી મુનિ,
શિથિલાચારી જૈનમુનિ કે જૈનેતર સાધુને આહારાદિ આપે નહિ,
કે લેવા આવવાનું નિમંત્રણ પણ આપે નહિ,
અથવા આદરપૂર્વક તેમની સેવા–ભક્તિ પણ કરે નહિ,
પરંતુ, અનાયાસે તેમની સેવા–ભક્તિનો સ્વીકાર કરે
.......એમ હું કહું છું.

૨૦૮. હે સાધકો! તમે ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજો
—એમ સર્વજ્ઞ ભગવાને ફરમાવ્યું છે.
સંવેગીમુનિ સંવેગી મુનિને આદરપૂર્વક આહાર કે વસ્ત્રાદિ આપે,
તેમને તે ચીજો લેવા આવવાનું નિમંત્રણ પણ આપે,
અથવા તેમની સેવા–ચાકરી પણ કરે
તથા તેમની સેવા–ભક્તિનો સ્વીકાર પણ કરે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

૨૦૯. જંબુ ! કેટલાએક સાધકોએ યુવાવસ્થામાં પણ જાગ્રત થઈને
ત્યાગમાર્ગ સ્વીકારી, તેને સફલ કરવાનો પુરૂષાર્થ કર્યો છે.
માટે, બુદ્ધિમાન પુરુષ જ્ઞાનીઓનો ઉપદેશ સાંભળીને,
હૃદયમાં ઉતારીને સમભાવ ધારણ કરે. કારણ કે-
જ્ઞાનીઓએ સમભાવ ધારણ કરવામાં જ ધર્મ અનુભવ્યો છે-કહ્યો છે.

કામ ભોગોની ઇચ્છા નહિ કરનાર,
કોઇ જીવોની હિંસા નહિ કરનાર તથા
પૌદ્ગલિક ચીજોનો સંગ્રહ નહિ કરનાર,
કે તેની ઉપર મમતા નહિ રાખનાર,
સાધક જગતમાં નિષ્પરિગ્રહી કહેવાય છે.

કારણકે-પ્રાણીસમૂહ સાથે વ્યવહાર રાખવા છતાં,
તે સાધક પાપ કાર્યો કરતો નથી. અર્થાત્—
બીજાને દંડવાની વૃત્તિનો ત્યાગ કરવાથી,
તે દ્વારા કોઈ પાપકાર્ય થતું નથી.
આવા સાધકને મહાન નિર્ગ્રંથ કહેલ છે.

કારણકે-તે, જન્મ અને મૃત્યુનું રહસ્ય જાણતો હોવાથી
રાગદ્વેષરહિત આવો સાધક મોક્ષમાર્ગનો જ્ઞાતા ગણાય છે.

૨૧૦. જંબુ! જો,
'શરીર આહારદ્વારા ટકવાના, વધવાના કે પુષ્ટ થવાના સ્વભાવવાળું છે
અને સંકટ કે શ્રમથી ક્ષીણ થવાના સ્વભાવવાળું છે.'
—એ હકીકત સમજી સાધક તેનો તે રીતે સદુપયોગ કરતો રહે છે,
પરંતુ તેમાં મુંઝાઈ જતો નથી.
આ જગતમાં કેટલાક માણસો બધી ઇંદ્રિયોથી શરીર ક્ષીણ થતાં
ગ્લાનિ અનુભવે છે, પરંતુ જ્ઞાની સાધક પરીષહોને પ્રસંગે પણ
દયાધર્મનું રક્ષણ કરે છે.

જે સાધક હિંસા-સંયમ અને કર્મોના સ્વરૂપનો જ્ઞાતા છે.
તે મુનિ સમયસૂચક પણ હોય,
આત્મબલનો પારખુ પણ હોય,
આહારાદિ ક્યાંથી કેટલું લેવું ? તેનો જાણકાર પણ હોય,
તથા વિનયી પણ હોય.
આવો સાધક પરિગ્રહ ઉપરથી મમતા ઉતારીને,
નિઃસ્પૃહપણે યથાસમય સંયમાનુષ્ઠાન કરતો થકો
રાગદ્વેષથી દૂર રહીને મોક્ષમાર્ગે આગળ વધે જાય છે.

૨૧૧. સાધના દરમ્યાન કોઇકવાર ઠંડીથી કંપતા, આવા મુનિ પાસે કોઈક ગૃહસ્થ આવીને કહે કે– હે આયુષ્માન્ શ્રમણ ! આપને ખરેખર ! કામવાસના તો પીડાકરતી નથી ને ? જવાબમાં તે કહે કે–
હે આયુષ્માન્ ગૃહસ્થ ! મને કામવાસના તો બિલકુલ સતાવતી નથી,
પરંતુ મારાથી ઠંડી સહન થઈ શકતી નથી.
વળી અગ્નિ સળગાવી શરીર તપાવવું કે તેમ કરવાં બીજાને કહેવું
તે પણ મને કલ્પતું નથી.

૨૧૨. આમ કહેવા છતાં કોઇક ગૃહસ્થ અગ્નિ સળગાવી મુનિના શરીરને તપાવવાનો પ્રયાસ કરે તો, મુનિ હિંસા તથા કર્મવિપાકનું સ્વરૂપ યાદ કરીને તેનું સેવન ન કરવા માટે ગૃહસ્થને સૂચના કરે.
હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

## ૮–૪

૨૧૩. જે પ્રતિમાધારી મુનિને એક પાત્ર તથા ત્રણ વસ્ત્રની પ્રતિજ્ઞા હોય છે,
તેમને ચોથું વસ્ત્ર લેવાનો વિચાર જ આવતો નથી.

૨૧૪. કદાચ વસ્ત્રો કલ્પાનુસાર પૂરતા ન હોય તો,
તે મુનિ એષણીય વસ્ત્રોની યાચના કરે,
તથા જેવા મળે તેવા પહેરે.

વસ્ત્ર લાવ્યા પછી ધોવે નહિ કે રંગે નહિ
તથા ધોઇને રંગેલું વસ્ત્ર પહેરે નહિ
એક ગામથી બીજે ગામ જતાં માર્ગમાં ચોરોની બીકથી
વસ્ત્ર સંતાડવા ન પડે-એ માટે અલ્પ વસ્ત્ર રાખે.

વસ્ત્રધારી સાધકની ખરેખર! આ જ સામગ્રી છે ને આ જ આચાર છે

હવે સાધક મુનિ એવું જાણે કે-
હેમંત ઋતુ વીતી ગઇ છે અને ગ્રીષ્મઋતુ આવી ગઈ છે,
તેથી ઠંડીને કારણે રાખેલા વસ્ત્રો તજી દે,
જીર્ણ હોય તો પરઠવી દે કે જરૂરત હોય ત્યારે પહેરે,
બે રાખે, એક રાખે કે વસ્ત્રરહિત પણ થઇ જાય.

'ઉપધિ ઓછી રાખવાથી આત્મા કર્મભારથી હળવો થાય છે'
-એવું સમજનારને લાઘવગુણ, નિર્મમત્વ ને સમભાવ પ્રગટ થાયછે.
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મળે છે.

સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના રહસ્ય'ને જ સમજીને,
સાધક સર્વપ્રકારે પૂર્ણરૂપે સમભાવનું જ પાલન કરે.

૨૧૫. જે સાધકમુનિને ક્યારેક એવું લાગે કે-
હું ખરેખર! ઉપસર્ગોથી ઘેરાઇ ગયો છું. અથવા-
મૈથુનાદિ અનુકૂળ પરીષહો સહન કરી શકું તેમ નથી,
ત્યારે તે સંયમી પોતાની સમસ્ત બુદ્ધિથી વિચારીને
અકાર્ય નહિ કરતાં પોતાના આત્માને બચાવે.

પ્રતિમાધારી તપસ્વીમુનિ માટે આ જ માર્ગ શ્રેયસ્કર છે કે-
આવા પ્રસંગે સાધક અનશનાદિ દ્વારા મૃત્યુને ભેટે.
તેમનું આવું મરણ અકાલ મરણ ગણાતું નથી.
પરંતુ કર્મક્ષય કરનારૂં સમાધિ મરણ ગણાય છે.
તેથી તે હિતકર છે, સુખકર છે, તથા-
ભવાંતરમાં પણ પુણ્ય પરંપરાવર્ધક છે અને
અંતે ક્રમશઃ મોક્ષે પહોંચાડનારું છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

૨૧૬. જે પ્રતિમાધારી મુનિને એક પાત્ર તથા બે વસ્ત્રની પ્રતિજ્ઞા હોય છે
તેમને ત્રીજું વસ્ત્ર લેવાનો વિચાર જ આવતો નથી.

૨૧૭. કદાચ વસ્ત્રો કલ્પાનુસાર પૂરતા ન હોય તો,
તે મુનિ એષણીય વસ્ત્રોની યાચના કરે.
તથા જેવા મળે તેવા પહેરે.
વસ્ત્ર લાવ્યા પછી ધોવે નહિં કે રંગે નહિં,
તથા ધોઈને રંગેલું વસ્ત્ર પહેરે નહિ.
એક ગામથી બીજે ગામ જતાં માર્ગમાં ચોરોની બીકથી-
વસ્ત્ર સંતાડવા ન પડે, એ માટે અલ્પવસ્ત્ર રાખે
પ્રતિમાધારી સાધકની ખરેખર ! આ જ સામગ્રી છે, આ જ આચાર છે.
હવે સાધક મુનિ એવું જાણે કે-
હેમંત ઋતુ વીતી ગઈ છે અને ગ્રીષ્મ ઋતુ આવી ગઈ છે,
તેથી ઠંડીને કારણે રાખેલાં વસ્ત્રો તજી દે
જીર્ણ હોય તો પરઠવી દે કે જરૂરત હોય ત્યારે પહેરે
અથવા એક રાખે કે વસ્ત્રરહિત પણ થઈ જાય.
'ઉપધિ ઓછી રાખવાથી આત્મા કર્મભારથી હલકો થાય છે'
એવું સમજનારને લાઘવગુણ, નિર્મમત્વ ને સમભાવ પ્રગટ થાય છે.
જ્ઞાન પૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મળે છે.
સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના રહસ્ય'ને જ સમજીને
સાધક સર્વપ્રકારે પૂર્ણરૂપે સમભાવનું જ પાલન કરે.

૨૧૮. જે સાધક મુનિને ક્યારેક એવું લાગે કે-
'હું ખરેખર ! રોગોથી ઘેરાઈ જવાથી નિર્બળ થઇ ગયો છું.
અને તેથી એક ઘરથી બીજે ઘેર ભિક્ષા લેવા જવા માટે સમર્થ નથી.'

આવું કહેનાર મુનિ પાસે કોઇક ગૃહસ્થ સામે લાવીને
આહારાદિ આપે તો, તે મુનિ તે ચીજો લેતા પહેલાં જ
વિચાર કરીને તેને કહે કે—

હે આયુષ્યમાન્ ગૃહસ્થ ! સામે લાવેલા આહાર-પાણી અથવા બીજી કોઇ પણ ચીજો મારે ખાવી-પીવી કે વાપરવી કલ્પે નહિં.

૨૧૯. કોઇક સાધક મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે-

"હું રોગોથી ઘેરાઈ જાઉં તો પણ મારે બીજા કોઇપણને મારી સેવા-ચાકરી માટે કહેવું નહિ, પરંતુ બીજાને નહિં કહેવા છતાં કર્મનિર્જરા માટે બીજા તંદુરસ્ત મુનિઓ રોગી એવા મારી સેવા-સુશ્રુષા કરે તો હું તેનો સ્વીકાર કરીશ.

વળી હું તંદુરસ્ત હોઉં ત્યારે બીજા અસ્વસ્થ શ્રમણોની સેવા ચાકરી તેમના કહ્યા સિવાય સ્વેચ્છાપૂર્વક કર્મનિર્જરા માટે પણ કરીશ."

-એવી પ્રતિજ્ઞાવાળો હું બીજાને શુદ્ધ આહારાદિ લાવી આપીશ,
અને તેમના લાવેલા શુદ્ધ આહારાદિ હું સ્વીકારીશ.

કોઈક સાધક મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે-

"હું રોગોથી ઘેરાઈ જાઉં તો પણ મારે બીજા કોઈ પણને મારી સેવા ચાકરી માટે કહેવું નહિ, પરંતુ બીજાને નહિ કહેવા છતાં કર્મ નિર્જરા માટે બીજા તંદુરસ્ત મુનિઓ રોગી એવા મારી સેવા-ચાકરી કરે તો પણ હું તેનો સ્વીકાર કરીશ નહિ.

પરંતુ મારી તબીયત તંદુરસ્ત હોય ત્યારે હું સહધર્મી
મુનિઓને આહારાદિ લાવી આપીશ."

કોઈક સાધક મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે-

"હું રોગોથી ઘેરાઈ જાઉં તો પણ મારે બીજા કોઇપણને મારી સેવાચાકરી માટે કહેવું નહિ, પરંતુ બીજાને નહિ કહેવા છતાં કર્મ નિર્જરા માટે બીજા તંદુરસ્ત મુનિઓ રોગી એવા મારી સેવાચાકરી કરે તો હું તેનો સ્વીકાર કરીશ, પરંતુ મારી તંદુરસ્ત હાલત હોવા છતાં હું તેમની સેવા-સુશ્રુષા કરીશ નહિ."

કોઈક સાધકને એવી પ્રતિજ્ઞા હોય કે-

"હું રોગોથી ઘેરાઇ જાઉં તો પણ મારે બીજા કોઈ પણને મારી સેવા-ચાકરી માટે કહેવું નહિ, પરંતુ બીજાને નહિ કહેવા

છતાં કર્મ નિર્જરા માટે બીજા તંદુરસ્ત મુનિઓ રોગી એવા મારી સેવા-સુશ્રુષા કરે તો પણ હું તેનો સ્વીકાર કરીશ નહિ અને મારી તંદુરસ્ત તબીયત હોવા છતાં હું પણ તેમની સેવા-ચાકરી કરીશ નહિ.

-એમ કરવાથી લાઘવ ગુણ, નિર્મમત્વ તથા સમભાવ પ્રગટ થાય છે,
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મળે છે,

સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના રહસ્ય'ને જ સમજીને,
સાધક સર્વપ્રકારે પૂર્ણરૂપે સમભાવનું જ પાલન કરે.
એ પ્રમાણે ઉપરોક્ત ચાર પ્રતિજ્ઞામાંની ઇષ્ટ પ્રતિજ્ઞાનુસાર
સદ્ધર્મની આરાધના કરતાં કરતાં સંકટો આવવા છતાં,
વિરક્ત થઈને સદ્દભાવની શ્રેણી ઉપર ચડતાં ચડતાં
કદાચ મૃત્યુને ભેટે તો પણ
તેમનું અકાલ મરણ ગણાતું નથી.
પરંતુ કર્મક્ષયકારી સમાધિમરણ ગણાય છે,
તેથી તે હિતકર છે, સુખકર છે,
ભવાંતરમાં પણ પુણ્ય પરંપરાવર્ધક છે
અંતે ક્રમશઃ મોક્ષે પહોંચાડનારું છે

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

---

एतं पास मुणि ! महब्भयं । णातिवातेज्ज कंचणं ।

જંબુ ! જો, આ સંસારમાં દરેક જીવોને
ચોતરફથી એકબીજાનો વત્તો ઓછો ભય છે.
અને તે કારણે-આખુંય જગત દુઃખી છે,
માટે-મુનિ કોઈપણ જીવને દૂભવે નહિ.

૨૨૦. જે પ્રતિમાધારી મુનિને એકપાત્ર તથા એક જ વસ્ત્રની પ્રતિજ્ઞા હોય,
તેમને બીજું વસ્ત્ર લેવાનો વિચાર જ આવે નહિ.

૨૨૧. કદાચ વસ્ત્રો કલ્પાનુસાર પૂરતા ન હોય તો,
તે મુનિ એષણીય વસ્ત્રોની યાચના કરે.
વસ્ત્ર જેવું મળે તેવું પહેરે
વસ્ત્ર લાવ્યા પછી ધોવે નહિ કે રંગે નહિ.
ધોઈને રંગેલું વસ્ત્ર પહેરે નહિ.

એક ગામથી બીજે ગામ જતાં માર્ગમાં ચોરોની બીકથી
વસ્ત્ર સંતાડવા ન પડે-તે માટે અલ્પ વસ્ત્ર રાખે.

પ્રતિમાધારી સાધકની ખરેખર ! આ જ સામગ્રી અને આ જ આચાર છે,
હવે સાધક મુનિ એવું જાણે કે-
હેમંતઋતુ વીતી ગઈ છે અને ગ્રીષ્મઋતુ આવી ગઈ છે,
તેથી ઠંડીને કારણે રાખેલ વસ્ત્રનો ત્યાગ કરે,
જીર્ણ હોય તો પરઠવી દે કે જરૂરત હોય ત્યારે પહેરે
કે વસ્ત્ર રહિત પણ થઈ જાય.

'ઉપધિ ઓછી રાખવાથી આત્મા કર્મભારથી હળવો થાય છે.'
-એવું સમજનારને લાઘવગુણ-નિર્મમત્વ અને સમભાવ પ્રગટ થાય છે
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મલે છે.
સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના રહસ્ય'નેજ સમજીને,
સાધક સર્વપ્રકારે પૂર્ણરૂપે સમભાવનુંજ પાલન કરે.

૨૨૨. જે મુનિને એવો વિચાર આવે કે-
"હું એકલો છું, મારુ કોઇ નથી તથા હું પણ કોઈનોય નથ"
એ પ્રમાણે આત્માના એકત્વ ભાવનો જ જે વિચાર કરે તે,
"પૌદ્ગલિક સંયોગો અને સંબંધો દુ:ખ પરંપરા વર્ધક છે, *
માટે, તેથી દૂર રહેવાથી કર્મભારથી હળવા થવાય છે.
-એવું પણ સમજે છે.
આવા મુનિને લાઘવગુણ નિર્મમત્વ અને સમભાવ પ્રગટ થાય છે.
આ રીતે જ્ઞાનપૂર્વકના તપનું વિશિષ્ટ ફળ મળે છે.
સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના આશય'ને જ સમજીને
સાધકે સર્વથા પૂર્ણરૂપે સમભાવનું જ પાલન કરવું જોઈએ.

૨૨૩. સાધુ કે સાધ્વી આહારાદિને ખાતા-પીતાં સ્વાદને નિમિત્તે,
ડાબા જડબા તરફથી જમણા જડબા તરફ, અને
જમણા જડબા તરફથી ડાબી તરફ ન લઈ જાય,
અર્થાત્ સાધક સ્વાદ પ્રિય ન બને.
આ પ્રમાણે સ્વાદ નહિ કરવાથી
લાઘવગુણ, નિર્મમત્વ અને સમભાવ પ્રગટ થાય છે.
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મલે છે.
સર્વજ્ઞ ભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના આશય'ને જ દૃષ્ટિ સન્મુખ રાખીને
સાધકે સર્વથા પૂર્ણરૂપે સમભાવનું જ પાલન કરવું જોઈએ.

૨૨૪. જે મુનિને એવું સમજાય કે-
"હવે હું ખરેખર! આ શરીરને ધારણ કરી શકવા સમર્થ નથી"
ત્યારે તે મુનિ ક્રમશ: આહારનો સંક્ષેપ કરે.
તેમ કરવાથી કષાયો પાતળા થાય.
ત્યાર બાદ કાયવ્યાપારને નિયમિત કરીને,
લાકડાના પાટીયાની જેમ સહનશીલ થઈને
સમાધિમરણ માટે તૈયાર થઈને,
શરીર સંબંધી વ્યાપારથી રહિત થાય.

* संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं सव्वं तिविहेण वोसिरियं ॥

ત્યાર બાદ ગામ-નગર-ખેડ-કસ્બો-પાટણ-બંદરગાહ-ખાણ-આશ્રમ-યાત્રાસ્થાન-વ્યાપારમંડી કે રાજધાનીમા પ્રવેશ કરીને ઘાસની યાચના કરે.

તે લઇને એકાંતસ્થળે જઇને, ઇંડાં-જીવજંતુ-બીજ-લીલોતરી-
ઝાકળપાણી-કીડીમકોડીનાં નગરાં-લીલફુલ-લીલીમાટી કે
કરોળિયાનાં જાળાઆદિથી રહિત એવા નિર્જીવ શુદ્ધ સ્થાનની
સારી રીતે પ્રતિલેખના-પ્રમાર્જના કરીને ત્યાં તે ઘાસ બિછાવે
અને ક્રમશઃ મૃત્યુસમય નજીક આવતાં,
શરીર, તત્પ્રવૃત્તિ સૂક્ષ્મ હલન-ચલન પણ છોડી
સમભાવપૂર્વક મૃત્યુને ભેટે.

સત્યવાદી, પરાક્રમી, રાગદ્વેષરહિત, ભય અને નિરાશારહિત
વસ્તુસ્વરૂપનો જાણકાર તથા સંસારના બંધનમાં નહિ ફસાયેલો
એવો તે મુનિ વીતરાગપ્રણીત શાસ્ત્રોમાં શ્રદ્ધા હોવાથી
નશ્વર શરીરની માયા છોડીને
પરીષહો તથા ઉપસર્ગોની અવગણના કરીને
કાયરો માટે દુશ્ચર એવા સત્યધર્મનું આચરણ કરે છે.

*આવું મરણ અકાલ મરણ ગણાતું નથી, પરંતુ-
કર્મક્ષય કરનારું સમાધિમરણ ગણાય છે અને તેથી-
તે હિતકારી છે, સુખકારી છે, ભવાંતરમાં પુણ્યપરંપરાવર્ધક છે
અને અંતે ક્રમશઃ મોક્ષે પહોંચાડનારું છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

< >

* ભક્ત પરિજ્ઞામાં માત્ર ચારેય પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

ઇંગીત મરણમાં ચારેય પ્રકારના આહાર ત્યાગ ઉપરાંત ક્ષેત્રની પણ મર્યાદા હોય છે. મર્યાદિત ક્ષેત્રમાં હરીફરી કે બેસી ઉઠી શકે તથા બીજાની સેવાનો સર્વથા ત્યાગ હોય છે. પાદપોપગમનમાં ચારેય પ્રકારના આહારનો ત્યાગ તથા ક્ષેત્ર મર્યાદાની સાથે યાવજ્જીવ તે સ્થાને સ્થિર-નિશ્ચેષ્ટ રહેવાનું હોય છે. તથા બીજાની સેવા લેવાનો પણ ત્યાગ હોય છે.

૨૨૫. જે પ્રતિમાધારી મુનિ નગ્ન થઈને સંયમમાં વિચરે છે,
તે મુનિને ક્યારેક એવો વિચાર આવે કે—
હું તૃણ-સ્પર્શની વેદના સહન કરી શકું છું,
ઠંડી કે ગરમીની વેદના સહન કરી શકું છું,
ડાંસ-મચ્છરના ડંખની વેદના સહન કરી શકું છું,
અનુકૂળ પ્રતિકૂળ પરીષહો કે ઉપસર્ગો પણ સહી શકું છું,
પરંતુ શરમને કારણે નગ્ન રહી શકવા હું સમર્થ નથી.
તો તે મુનિ ચોલપટ્ટો પહેરી શકે છે,
તે કારણ ન હોયતો મુનિ નિર્વસ્ત્રપણે વિચરે.

૨૨૬. અથવા-સંયમમાં નગ્નપણે વિચરતા મુનિને-
વારંવાર તૃણસ્પર્શની વેદના, શીત કે ઉષ્ણ સ્પર્શની વેદના,
ડાંસમચ્છરના ડંખની વેદના સહન કરવાના પ્રસંગો આવે છે
અનુકુળ પ્રતિકુળ પરીષહો કે ઉપસર્ગો પણ સહન કરવા પડે છે
તેને સાધક સમભાવે સહન કરે છે.
'ઉપધિ ઓછી રાખવાથી આત્મા કર્મભારથી હળવો થાય છે'
-એવું સમજનારને લાઘવગુણ, નિર્મમત્વ ને સમભાવ પ્રગટ થાય છે.
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મલે છે.
'સર્વજ્ઞભગવાને જે આ કહ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના આશય' ને જ સમજીને,
સાધક સર્વથા સમભાવ-સમ્યક્‌ત્વનું જ પાલન કરે.

૨૨૭. કોઈ મુનિને એવો અભિગ્રહ હોય કે-
હું બીજા મુનિઓને આહારાદિ લાવીને આપીશ.
તથા તેમના લાવેલા આહારાદિ હું પણ વાપરીશ.
કોઈ મુનિને એવો અભિગ્રહ હોય કે-
હું બીજા મુનિઓને આહારાદિ લાવીને આપીશ,
પરંતુ તેમના લાવેલા આહારાદિ હું વાપરીશ નહિ.

કોઈ મુનિને એવો અભિગ્રહ હોય કે-
હું બીજા મુનિઓને આહારાદિ લાવી આપીશ નહિ,
પરંતુ તેમના લાવેલા આહારાદિ હું વાપરીશ.
કોઇ મુનિને એવો અભિગ્રહ હોય કે-
હું બીજા મુનિઓને આહારાદિ લાવી આપીશ પણ નહિ
અને તેમના લાવેલા આહારાદિ હું વાપરીશ પણ નહિ.
પરંતુ, મારા વધેલા નિર્દોષ આહારાદિ નિર્જરાનિમિત્તે આપવા-
પૂર્વક હું બીજા મુનિઓની સેવાભક્તિ પણ કરીશ
તથા તેમના વધેલા શુદ્ધઆહારાદિ આપે તો વાપરીશ.
'ઉપધિ ઓછી રાખવાથી આત્મા કર્મભારથી હળવો થાય છે'
-એવું સમજનારને લાઘવગુણ, નિર્મમત્વને સમભાવ પ્રગટ થાય છે.
જ્ઞાનપૂર્વકના આ તપનું વિશિષ્ટ ફળ મળે છે.
સર્વજ્ઞભગવાને જે આ ફરમાવ્યું છે કે-
'નિર્મમત્વ અને સમભાવ લાવવાના આશય'ને જ સમજીને
સાધક સર્વથા સમભાવ-સમ્યક્ત્વનું જ પાલન કરે.

૨૨૮. (સૂત્રાંક ૨૨૪ની જેમ અક્ષરશઃ)
હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન **શ્રી મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

## ૮-૮

૨૨૯. પ્રથમ દીક્ષા, તે પછી તદ્યોગ્ય શિક્ષા, સૂત્રાર્થનું અધ્યયન અને જ્ઞાનપૂર્વક આચારની પરિપકવતા પ્રાપ્ત થતાં, અંતે શરીર ઉપરથી પણ મોહ દૂર કરવાના સાધન રૂપ ભક્તપરિજ્ઞાદિ મરણોમાંથી પોતાની શક્તિ મુજબ એકનો સ્વીકાર કરીને સંયમી અને બુદ્ધિમાન ધીરપુરુષો,-
'કર્મક્ષય કરવાનું આવું અનુપમ વિધાન બીજે ક્યાંય નથી'
-એવું જાણીને, લાભાલાભનો વિચાર કરીને સમાધિવંત બને.

२३०. શરીરાદિ બાહ્યઉપધિ તથા રાગાદિ આંતરિક શત્રુઓ :
એ બન્નેનું યથાર્થ સ્વરૂપ સમજીને જેઓ તેથી મુક્ત થશે
તે ધર્મના પારગામી અને જ્ઞાની સાધકો,
સાધનામાર્ગમાં ક્રમશઃ આગળ વધી કર્મોથી સર્વથા મુક્ત થશે.
(ધર્મના મર્મને જાણનારા બુદ્ધિમાન પુરુષો,
બેય પ્રકારના તપને જાણીને તથા આચરીને,
દેહ છૂટવાનો સમય ક્રમશઃ નજીક જાણીને,
બધીય શારીરિક ક્રિયાઓ છોડી દે છે.)

२३१. કષાયો પાતળા કરવા માટે ક્રમશઃ નિરાહારી બનીને ક્ષમા ધારણ કરે, પરંતુ–આહારના ત્યાગથી જ પ્રકૃતિનો કાબૂ સચવાતો ન હોય તો સમાધિશાંતિ જાળવવા માટે તે આહાર લે.

२३२. પરંતુ, જીવવાની ઇચ્છાથી શરીરને પુષ્ટ પણ ન કરે કે–
જલ્દી મરી જવાની પ્રાર્થના પણ ન કરે,
અર્થાત્ જીવન કે મરણ એ બેયમાંથી એક્કેયની ઇચ્છા નહિ કરતાં
પ્રાપ્ત પરિસ્થિતિમાં સમભાવ ધારણ કરે

२३३. વળી, મધ્યસ્થભાવમાં સ્થિર થઈને ફક્ત કર્મક્ષયનો અભિલાષી મુનિ સમાધિવંત થાય, તથા કષાયાદિ આંતરિક ઉપધિ અને ઉપકરણાદિ બાહ્યઉપધિનો ત્યાગ કરીને અંતઃકરણની શુદ્ધિ કરે.

२३४. અણસણ સમયે કદાચિત્ આકસ્મિક રીતે કોઈક રોગ ઉત્પન્ન થઈ જાય અને તેથી પોતાના દેહ કે આયુષ્ય સંબંધી કોઈપણ વિઘ્ન માલૂમ પડે તો તે પંડિત મુનિ સંલેખના કાળની વચ્ચે જ ભક્તપરિજ્ઞાદિ મરણની પ્રતિજ્ઞા કરી લે.

२३५. ગામ અથવા નિર્જન વનાદિમાં યોગ્યભૂમિની તપાસ કરીને,
તેને જીવ જંતુ રહિત–શુદ્ધ જાણીને તે ઉપર મુનિ ઘાસ બિછાવે.

२३६. ત્યાર બાદ, આહારનો ત્યાગ કરીને તેની ઉપર સૂવે, અને
પરીષહો કે ઉપસર્ગો આવે તો તેને સમભાવે સહન કરે.
મનુષ્યો તરફથી ઉપસર્ગો આવે તો પણ
પોતાની પ્રતિજ્ઞાથી પણ ચલિત થાય નહિ.
તથા મનથી પણ કલુષિત થાય નહિ.

૨૩૭. કીડી-મકોડા આદિ જીવડા, ગીધ વિગેરે પક્ષીઓ, સાપ વિગેરે પ્રાણીઓ કે ડાંસ-મચ્છરાદિ બીજા કોઈપણ જીવજંતુ કરડે-માંસ ખાય કે લોહી પીવે, તો પણ સંથારામાં સુઈ રહેલા તે મુનિ તે જીવોને હણે નહિ કે ઓઘા આદિથી દૂર કરે નહિ.

૨૩૮. પરંતુ, મનમાં વિચારે કે-
'આ જીવો મારા શરીરની જ હિંસા કરે છે કે-
જે અંતે મારું થવાનું નથી'
-એવો વિચાર કરીને મુનિ ત્યાંથી દૂર ખસે નહિ,
પરંતુ આ સ્રવોથી દૂર રહીને વેદનાને સમભાવે સહન કરે.

૨૩૯. બાહ્ય પૌદ્ગલિક સંબંધો અને
અભ્યંતરના કષાયાદિ સબંધો વાળા સંયોગોથી દૂર રહીને
જીવનની છેલ્લી ઘડી સુધી શુભધ્યાનમાં રહે.

૨૪૦. આ ઇંગિતમરણ વિશેષરૂપે ગીતાર્થ મુનિએ સ્વીકારવાનું હોય છે.

કેમકે-ઇંગિતમરણવાળા અણસણ સંબંધમાં ભગવાને ફરમાવ્યું છે કે-
સાધકમુનિએ બીજી વ્યક્તિ દ્વારા લેવાતી સેવાનો ત્રણકરણ અને ત્રણ યોગથી ત્યાગ કરવાનો છે.

૨૪૧. સાધકમુનિ લીલોતરી ઉપર ન સૂતાં ભૂમિને શુદ્ધ જાણીને તે ઉપર સૂવે. ત્યાર બાદ ઉપધિ તથા આહારનો સર્વથા ત્યાગ કરીને પરીષહ તથા ઉપસર્ગો આવતાં તે સમભાવે સહન કરે.

૨૪૨. પરંતુ, ઇંદ્રિયોને શિથિલ થયેલી જોઈને મુનિ આર્તધ્યાન ન કરતાં સમભાવ ધારણ કરે, છતાં શરીર અકડાઈ જાય તો નિયત ભૂમિમાં કાયાનું હલનચલન કરવા છતાં તે સમાધિમાં રહેતો હોઇ દોષિતનથી.

૨૪૩. કારણ કે--ઇગિત મરણની આરાધના કરનાર મુનિ
શરીરની સુવિધા અને સમાધિ માટે
નિયત પ્રદેશમાં આવ-જા કરી શકે છે,
હાથ-પગ કે બીજા અવયવો લાંબા ટૂંકા કરી શકે છે અથવા
પાદપોપગમનની જેમ સ્થિર પણ રહી શકે છે.

૨૪૪. બેઠાં-બેઠાં થાકી જતાં મુનિ થોડું હરે-ફરે અથવા ઊભા રહે
અને એ રીતે થાકી જતાં બેસે અથવા સૂઈ જાય.

૨૪૫. આવા અનુપમ ઇંગિત મરણનો સ્વીકાર કરનાર મુનિ પોતાની ઇંદ્રિયોને શિથિલ જોઈને હર્ષ-શોક કે ખેદ ન કરતાં આત્માને પ્રેરણા કરે. ઓઠીંગણ માટે લીધેલું પાટીયું જીવજંતુયુક્ત હોય તો તે છોડી દઇને નિર્દોષ પાટિયાની યાચના કરે.

૨૪૬. કારણ કે–તે જીવોની હિંસા થઈ જતાં વજ્ર સમાન ભારે કર્મ બંધાય,
માટે તેવા સજીવ પાટિયાનો ટેકો લે નહિ,
પરંતુ પાપ વ્યાપારથી આત્માને દૂર રાખે અને
આવનાર પરીષહો કે ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે.

૨૪૭. આખા શરીરમાં તીવ્રવેદના થવા છતાં તે સ્થાનથી નહિ ખસતાં મુનિ અડગપણે તેનું પાલન કરે.

૨૪૮. આ કારણે આ પાદપોપગમન મરણ પૂર્વોક્ત ભક્તપરિજ્ઞા તથા ઇંગિત મરણની અપેક્ષાએ વિશેષ મહત્ત્વનું છે. આ મરણ ઘણું કઠણ હોવાથી સર્વોત્તમ છે, કેમકે પૂર્વોક્ત બન્નેય મરણોની અપેક્ષાએ આ મરણ વિશેષ કષ્ટ સાધ્ય છે.

૨૪૯. મુનિ યોગ્ય ભૂમિની પ્રતિલેખના કરીને પાદપોપગમન મરણની વિધિનું યથાર્થ પાલન કરે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ સ્થાનાંતર કરે નહિ મુનિ નિર્જીવ સ્થાને જઇને ત્યાં પોતાના દેહને સ્થિર કરે અને સર્વથા કાયાને વોસિરાવે.

૨૫૦. 'જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે,
ત્યાં સુધી પરીષહો અને ઉપસર્ગો આવવાના છે'–
–એવો વિચાર કરીને આત્મા અને શરીરનો ભેદ કરવા માટે
તથા કર્મક્ષય કરવા માટે
બુદ્ધિમાન મુનિ આવનાર કષ્ટો સમભાવે સહન કરે.

૨૫૧. વિપુલ કામભોગો મલવા છતાં, તેને વિનશ્વર અને તુચ્છ માનીને મુનિ તેમાં રાગ કરે નહિ તથા મોક્ષનું ધ્યેય નજર સમક્ષ રાખીને કોઈપણ ઇચ્છાનું નિયાણું કરે નહિ

૨૫૨. શાશ્વત સુખ કે દેવતાઈ ઋદ્ધિસિદ્ધિની જો કોઈ લાલચ બતાવે તો તે સાચું માને નહિ, પરંતુ સત્ય વસ્તુસ્થિતિને સમજીને મુનિ સર્વપ્રકારની માયા જાલને મનમાંથી દૂર કરે.

૨૫૩. સહનશીલતાને ઉત્તમ સમજીને,
આ રીતે કોઈપણ પદાર્થોમાં આસક્ત નહિ થનાર મુનિ,
સંસારને પેલે પાર પહોંચી જાય છે,
માટે કોઈ પણ પ્રકારનું સમાધિમરણ શ્રેયસ્કર–હિતકર છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

# ઉપધાનશ્રુત

## ૯–૧

૨૫૪. હે જંબુ! મેં જેવું સાંભળ્યું છે તેવું હું કહું છું કે–
શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કર્મક્ષય કરવા માટે તત્પર થઈને, રાજ્યાદિ પૌદ્ગલિક સંબંધોને કર્મબંધના કારણરૂપ જાણીને, તેનો ત્યાગ કરીને, તે હેમંત ઋતુમાં દીક્ષા લીધી અને તે જ દિવસે ત્યાંથી વિહાર કરી ગયા.

૨૫૫. "ઇંદ્રે ખભા ઉપર મૂકેલા આ વસ્ત્રથી હું યાવજ્જીવ મારા શરીરને 'ટાઢને કારણે કે લજ્જાના ભયથી' ઢાંકીશ જ નહિ"–
એવો દૃઢ સંકલ્પ ભગવાને કર્યો.
ભગવાન લીધેલી પ્રતિજ્ઞાના અજોડ પાલક હતા
તથા ઉપસર્ગ કે પરીષહોના પારગામી હતા,
પરંતુ ભગવાને જે આ દેવદૂષ્યનો સ્વીકાર કર્યો તે ખરેખર!
* પૂર્વપરંપરાને નિભાવવા તથા
પોતાના અનુયાયીઓનો આચાર સ્પષ્ટ કરવાનું સૂચક છે.
[દીક્ષા લેતી વખતે ભગવાને સર્વ વસ્ત્રાભરણોનો ત્યાગ કરી દીધો હતો, પરંતુ ઇંદ્રે ભગવાનના ખભા ઉપર મૂકેલું દેવદૂષ્ય
ભાવિપ્રજાને સચેલકતા કે અચેલકતા :
એ બેય અવસ્થામાં નિર્મમત્ર ભાવ રાખવાનો ઉદ્દેશ
નહિ ભૂલવાના સંકેતરૂપે ભગવાને થોડો સમય રહેવા દીધું]

૨૫૬. દીક્ષા લીધા પછી ચાર મહિનાથી કાંઈક વધારે સમય સુધીમાં દેવોએ કરેલા બાવનાચંદનના વિલેપનની સુવાસને કારણે ઘણાં પ્રાણીઓ ત્યાં આવીને, ભગવાનના શરીર ઉપર ચડીને વિવિધ રીતે દુઃખ દેતા હતા અને કરડતા હતા.

---

* જૈન ધર્મ પોતે સ્થાપ્યો નથી, પરંતુ અનાદિ અનંત છે. તે अणुक्कम्मिस्सं પદથી સૂચિત થાય છે.

૨૫૭. એક વર્ષથી કાંઈક અધિક સમય સુધી
ભગવાને તે દેવદૂષ્યનો જે ત્યાગ કર્યો નહિ તેથી સચેલક,
અને ત્યાર બાદ તે વસ્ત્રને છોડીને નગ્નપણે વિચર્યા
તેથી અચેલક કલ્પની સ્થાપના થઈ.

૨૫૮. ત્યાર બાદ ફક્ત પુરુષની છાયા જેટલા માર્ગ ઉપર નીચી નજર રાખવાપૂર્વક શુભધ્યાનમાં તલ્લીન થઈને ભગવાન વિચરતા હતા.
ભગવાનને આ સ્થિતિમાં જોવાથી કેટલાક બાળકો ડરી જતાં હોવાથી તેમનાં માબાપો 'એને મારો, કાઢી મૂકો'–એમ બોલીને કોલાહલ કરતા હતા.

૨૫૯. ગૃહસ્થના સંપર્કવાળા સ્થાનોમાં રહેવાનું બને ત્યારે ભોગોની પ્રાર્થના કરવા છતાં, સ્ત્રીઓને ત્યાજ્ય ગણીને કામભોગોનું સેવન ન કરતાં પોતાના આત્માને તેથી વિરક્ત કરીને ભગવાન શુભધ્યાનમાં તલ્લીન રહેતા હતા.

૨૬૦. ગૃહસ્થો સાથે સંપર્ક નહિ રાખતાં ભગવાન ધ્યાનમાંજ મસ્ત રહેતા હતા.
બોલાવવા છતાં ભગવાન કોઈની સાથે વાતચીત કરતા નહોતા.
આ રીતે સંયમમાર્ગનું ઉલ્લંઘન નહિ કરવાપૂર્વક
પવિત્ર અંતઃકરણવાળા ભગવાન વિચરતા હતા.

૨૬૧. અનાર્ય દેશમાં પુણ્યહીન અજ્ઞાનીઓ દ્વારા લાકડીઓનો માર ખાવા છતાં તથા બાલ ખેંચવા છતાં ભગવાન તેમની ઉપર ગુસ્સો કરતા નહોતા તથા નમસ્કાર કરનાર ઉપર પ્રસન્ન પણ થતા નહોતા, વળી તેમને જવાબેય આપતા નહોતા, પરંતુ સમભાવમાં રહેતા હતા.
આ રીતે સહજદશામાં પ્રવર્તવું એ સામાન્ય જીવો માટે સરલ નથી.

૨૬૨. કઠોર દુઃસહ્ય વચનોની અવગણના કરીને ભગવાન સંયમસાધનામાં પુરુષાર્થ કરતા હતા,
ક્યાંક કથા-નૃત્ય-ગીતાદિ સાંભળીને તેમને કુતૂહલ થતું નહોતું
ક્યાંક દંડયુદ્ધ-મુષ્ટિયુદ્ધાદિ જોઈને તેઓ વિસ્મિત થતા નહોતા.

૨૬૩. કામોત્પાદક, શૃંગાર રસવાળી કથાઓ સાંભળીને કે તેમાં પ્રવૃત્ત થયેલા લોકોને જોઈને ભગવાનને હર્ષ કે શોક થતો નહોતો.
આ બધા દુઃસહ્ય અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહોને અદીનપણે સહન કરીને ભગવાન સંયમમાર્ગમાં વિચરતા હતા.

૨૬૪. વળી માતપિતાના સ્વર્ગગમન પછી બે વર્ષથી કાંઇક અધિક સમય સુધીમાં ભગવાને સચિત્ત પાણીનો ઉપયોગ કર્યો નહોતો, તથા એકત્વ ભાવના ભાવવા પૂર્વક ક્રોધાદિકષાયોથી રહિત થઈને ભગવાન સમભાવપૂર્વક સમય વિતાવતા હતા.

ત્યાર બાદ ભગવાને દીક્ષા લીધી.

૨૬૫-૭ 'પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાયુકાય-લીલફુલ-સેવાલ - અન્ય વનસ્પતિકાય તથા ત્રસકાયાદિ સચેતન જીવો છે, તે સૌને જીવન પ્રિય છે માટે તેમને દુભવવું એ પાપ છે' સ્થાવરજીવો ત્રસરૂપે પણ ઉત્પન્ન થઇ શકે અને ત્રસજીવો પ્રમાદવશ સ્થાવરરૂપે પણ ઉત્પન્ન થતા હોય છે.

જીવો સ્વકર્માનુસાર તે તે ગતિમાં તે તે યોનિઓ ધારણ કરે છે'
-એવું સમજી આરંભ-સમારંભરૂપ જીવોની હિંસાથી સર્વથા વિરમીને ભગવાન વિચરતા હતા.

૨૬૮. ભગવાને જ્ઞાનથી એવું જાણ્યું કે-

'દ્રવ્ય ઉપધિ (પૌદ્ગલિક પદાર્થો) તથા તેની મમતા,

અને ભાવ ઉપધિ(રાગ-દ્વેષ-ક્રોધાદિ)ને લીધે કર્મો બંધાય છે.

કર્મોથી ખરડાયેલા અજ્ઞાની જીવો સંસારમાં ક્લેશ પામે છે'

- આ કારણથી કર્મબંધનના કારણરૂપ પાપનું સ્વરૂપ બરાબર જાણીને ભગવાને તેનો સર્વથા ત્યાગ કર્યો.

૨૬૯. ક્રોધ-માન-માયા-લોભ તથા રાગદ્વેષાદિ કષાયવશ તથા
નિષ્કષાયભાવે થતી ક્રિયાનું સ્વરૂપ જાણીને,
કર્મબંધનના કારણભૂત ઇંદ્રિયોનો અનિરોધ, હિંસાદિ પાપો
તથા મન-વચન-કાયાના અશુભયોગોનું સ્વરૂપ જાણીને,
તથા તેનો ત્યાગ કરીને ભગવાને
અનુપમ સંયમાનુષ્ઠાનનું કથન કર્યું.

૨૭૦. ભગવાને પોતે નિષ્પાપ થઇને અહિંસાનું આચરણ કર્યું અને બીજાને પણ પાપ અને હિંસાથી દૂર રહેવાનો ઉપદેશ આપ્યો.

'સ્ત્રીઓ સર્વપાપકાર્યોનું મૂળ છે'

-એવું જાણીને ભગવાને તેમનો ત્યાગ કર્યો, અને
તે કારણે તેઓ પરમાર્થદર્શી (સર્વજ્ઞ) બની શક્યા.

૨૭૧. ભગવાન તેમને માટે બનાવેલા ભોજનાદિ લેતા નહોતા, કેમકે તેને અનેક રીતે કર્મબંધનના કારણરૂપ જાણતા હતા વળી બીજું જે કાંઇ પણ હિંસા તથા પાપના કારણરૂપ હોય તેનો ત્યાગ કરવા પૂર્વક ભગવાન નિર્દોષ આહાર-પાણી વાપરતા હતા.

૨૭૨. ભગવાન અચેલક તથા કરપાત્રી હતા, અને તેથી તેઓ બીજા કોઇનું વસ્ત્ર કે પાત્ર પણ વાપરતા નહોતા.

માન-અપમાનનો વિચાર નહિ કરતાં ભગવાન અદીન થઇને દાનશાળામાં પણ ગોચરી લેવા જતા હતા

૨૭૩. આહાર-પાણી ક્યાંથી કેટલા લેવા ? તેના ભગવાન જ્ઞાતા હતા. તેઓ રસવંતા પદાર્થોમાં અનાસક્ત હતા. છતાં તે પદાર્થો લેવાના ત્યાગી પણ નહોતા. આંખમાં પણ ધૂળ કે કચરો પડવા છતાં ભગવાન તે કાઢતા નહોતા તથા શરીરને ખંજવાળતા પણ નહોતા.

૨૭૪. ભગવાન ધુંસરી પ્રમાણ માર્ગનું અવલોકન કરતાં કરતાં સામે નજર રાખી, જયણાપૂર્વક ચાલતા હતા અર્થાત્ ઊંચે-નીચે કે પાછળ પણ પ્રાયઃ જોતા નહિ.

ભગવાન સ્વયં બોલતા પણ નહિ અને પૂછવા છતાં જવાબ પણ પ્રાયઃ આપતા નહોતા.

૨૭૫. તે દેવદૂષ્યનો ત્યાગ કર્યા પછી શિશિરઋતુમાં માર્ગમાં ચાલતી વખતે ભગવાન હાથ લાંબા રાખીને ચાલતા હતા અર્થાત્ ઠંડીને લીધે હાથ સંકોડતા નહોતા કે ખભા ઉપર પણ હાથ રાખતા નહોતા.

૨૭૬. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કોઇ પણ જાતના બદલાની આશા રાખ્યા સિવાય

ફક્ત કર્મક્ષયનિમિત્તે આ આચારોનું પાલન કર્યું હતું.

અન્ય મુમુક્ષુઓ પણ આવું જ આચરણ કરે છે.

હે જંબુ ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

ૐ

[અત્યાર સુધી શ્રી સુધર્માસ્વામીએ વિના પૂછયે ઉપદેશરૂપે ભગવાનનું કહેલું કહ્યું. હવે શ્રી જંબુસ્વામી વિનંતિ કરે છે-]

૨૭૭. હે ભગવંત! મુનિને આસન તથા શય્યાદિ વાપરવા માટેનું શાસ્ત્રોમાં જે વિધાન છે અને તેના ઉત્તમ દૃષ્ટાંતરૂપે મહાવીરભગવાને જે જે સાધનોનો ઉપયોગ કર્યો -તે આપ ફરમાવો.

૨૭૮-૯. [શ્રી સુધર્માસ્વામી કહે છે-જંબુ!] દીક્ષા લીધા પછી ભગવાન,- ક્યારેક શૂન્ય ઘરોમાં, ક્યારેક વિશ્રાંતિ-ગૃહોમાં, ક્યારેક પરબોમાં, ક્યારેક ખુલ્લી દુકાનોમાં, ક્યારેક સુથાર કે લુહારની કોઢમાં, ક્યારેક ઘાસના ઝૂંપડામાં, ક્યારેક મુસાફરખાનામાં, ક્યારેક બગીચાના મકાનમાં, ક્યારેક ગામમાં, ક્યારેક નગરમાં, ક્યારેક સ્મશાનમાં, ક્યારેક ખંડેરમાં તથા ક્યારેક ઝાડ નીચે નિવાસ કરતા હતા.

૨૮૦. આ રીતે ઉપરના સ્થાનોમાં અપ્રતિબદ્ધ પણે વિચરીને રાત-દિવસ પ્રમાદને તજીને તથા સમાધિમાં લીન થઈને ન્યૂન તેર વર્ષ સુધી તપસ્વી શ્રી મહાવીર ભગવાન પવિત્ર ધ્યાન ધરતા રહ્યા.

૨૮૧. ભગવાને દીક્ષા લીધા પછી અધિકનિદ્રા પણ લીધી નહોતી, વળી ક્યારેક અચાનક નિદ્રા આવી જતાં તેઓ પોતાના આત્માને જાગ્રત કરી લેતા હતા.

૨૮૨. નિદ્રારૂપ પ્રમાદને સંસારનું કારણ સમજતા એવા ભગવાન સદા અપ્રમત્તભાવે સંયમમાં વિચરતા હતા. રાત્રે તેમને ક્યારેક ઊંઘ આવતી ત્યારે ભગવાન આમ તેમ ફરીને નિદ્રા ટાળવાનો પુરુષાર્થ કરતા હતા.

૨૮૩-૪. પૂર્વોક્ત સ્થાનોમાં રહેતા ભગવાનને ઘણી વાર અનેક પ્રકારના આવા ભયંકર ઉપસર્ગો આવતા હતા–

ક્યારેક સાપ-નોળિયા આદિ ઝેરી પ્રાણીઓ, તથા ગીધ વિગેરે પક્ષીઓ ઉપસર્ગ કરતા હતા,

ક્યારેક ચોર-જાર વિગેરે દુરાચારી માણસો તથા ચોકિયાતો પણ ભગવાનને ચોર સમજીને ત્રાસ ઉપજાવતા હતા.

ક્યારેક કોઈક કામી સ્ત્રી-પુરુષો પણ હેરાન કરતા હતા.

૨૮૫. ક્યારેક ભગવાનને તિર્યંચ-મનુષ્ય કે દેવતરફથી કામસંબંધી અનુકૂળ કે પ્રતિકૂળ એમ અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો થતા હતા.

ક્યારેક સુગંધ કે દુર્ગંધ આવતી,

ક્યારેક અનેક પ્રકારના સારા-નરસા વેણ સાંભળવા પડતા હતા.

૨૮૬. ક્યારેક મૃદુ કે કર્કશ સ્પર્શો સહન કરવાનો પ્રસંગ આવતો. સમિતિ-ગુપ્તિયુક્ત ભગવાન તે બધું સમભાવે સહન કરતાહતા.

આવા અનુકૂળ કે પ્રતિકૂળ પરીષહોમાં પણ ભગવાન હર્ષ કે શોકથી પર રહેતા. તેઓ પ્રાયઃ મૌન ધારણ કરીને વિચરતા હતા.

૨૮૭. ક્યારેક દિવસે કે રાત્રે ચોર-જાર આદિની તપાસ માટે કાંઈક પૂછતાં, ધ્યાનસ્થ એવા ભગવાન તરફથી જવાબ નહિ મલતાં, તેઓ ગુસ્સે થઈને મારવા દોડતા,

પરંતુ સામર્થ્ય હોવા છતાં, બદલો લેવાની વૃત્તિ વિનાના ભગવાન સમાધિમાં તલ્લીન થઈને તે બધું સમભાવે સહન કરતા હતા.

૨૮૮. અંદર કોણ છે? એવું પૂછતાં ભગવાન ધ્યાનમગ્ન ન હોય તો કહેતા કે–હું ભિક્ષુ છું. પરંતુ કદાચ ધ્યાનમગ્ન હોવાથી જવાબ ન મલતાં ગૃહસ્થો ગુસ્સે થઈ જતા,

*પરંતુ 'સહન શીલતા એ તો મુનિનો ખાસ ધર્મ છે' –એમ સમજીને ભગવાન ચૂપચાપ ધ્યાનમગ્ન રહેતા અને સમભાવે બધું સહન કરતા હતા.

---

* આ યાદ તાજી રાખવા ક્રિયાસૂત્રોમાં જ્યાં ત્યાં મુનિને खमासमण કહેલ છે. આ શબ્દપ્રયોગ ઠેરઠેર આવે છે.

૨૮૯-૨૯૧. શિશિર ઋતુમાં-

જ્યારે ઠંડો પવન જોરથી ફૂંકાતો હતો ને લોકો થરથર ધ્રુજતા હતા,
જ્યારે બીજા કેટલાક સાધુઓ બંધિયાર સ્થાન શોધતા હતા.
અથવા વસ્ત્રો પહેરવાનો વિચાર કરતા હતા.
જ્યારે તાપસો લાકડા બાળીને ઠંડીનું નિવારણ કરતા હતા,
જ્યારે દરેકને માટે ઠંડી સહન કરવી ઘણી મુશ્કેલ હતી,
ત્યારે ઉપરોક્ત કોઇપણ ઈચ્છા વિનાના ભગવાન
ખુલ્લા સ્થાનમાં રહીને પણ ઠંડી સહન કરતા હતા, પરંતુ
ક્યારેક રાત્રે બહુ ઠંડીને પ્રસંગે ભગવાન અંદર ચાલ્યા જઈ
સમભાવ કેળવી ઠંડી સહન કરતા હતા.

૨૯૨. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કોઈપણ જાતનું નિયાણુ
કર્યા સિવાય ફક્ત કર્મક્ષય મિમિત્તે આ આચારોનું પાલન કર્યું હતું.
અન્ય મુમુક્ષુઓ પણ આવું જ આચરણ કરે છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી
સાંભળેલું આ હું તને કહું છું.

चेतोहरा युवतयः स्वजनोऽनुकूलः,
सद्बान्धवाः प्रणयगर्भगिरश्च भृत्याः।
वल्गंति दंतिनिवहास्तरलास्तुरंगा:

'રાણીઓ, અનુકૂળ કુટુંબ પરિવાર તથા બંધુવર્ગ, નોકર-ચાકર, હાથી-ઘોડા વિગેરે વૈભવ અને ઠાઠમાઠ મારે કેટલો બધો છે?'

આ વિચારમાં મોહાંધ અને વિચાર મગ્ન બનેલો રાજા આગળ બોલતો નથી. સંયોગવશ ચોરી કરવા આવેલો ચોર જ્ઞાની અને વિવેકી હતો. પોતે પકડાઇ જશે તેની પરવા કર્યા વિના 'ભાન ભૂલેલાને સમજાવવું' એ પોતાની નૈતિક ફરજ છે એમ સમજીને તે ચોથું પદ બોલે છે.

[सन्मीलने नयनयोर्न हि किंचिदस्ति]

પરંતુ-આંખો મીંચાતાં તેમાંનું કાંઈ તારું નથી

૨૯૩. સમિતિ–ગુપ્તિથી યુક્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ઘાસનો તીક્ષ્ણ સ્પર્શ, ભયંકર ઠંડી કે ગરમી તથા ડાંસ–મચ્છરના ડંખ આદિ વિવિધ પરીષહોને હંમેશાં સમભાવપૂર્વક સહન કરતા હતા.

૨૯૪. દુર્ગમ લાઢદેશના વજ્રભૂમિ તથા શુભ્રભૂમિ નામના બેય પ્રદેશમાં ભગવાન વિચર્યા હતા, કે જ્યાં તેમને રહેવાના અને બેસવા ઉઠવાના સ્થાનો વિષમ પ્રકારના મળતા.

૨૯૫. ભગવાનને આ રીતે લાઢદેશમાં ઘણા કષ્ટો સહન કરવા પડયા–
ઘણા લોકો ભગવાનને મારતા, ત્યાં કૂતરાઓ પણ ભસી ભસીને
કરડવા માટે સામે આવતા અને ક્યારેક કરડતા પણ હતા.
ત્યાં આહાર પણ લૂખો–સૂકો અને અપૂરતો મળતો હતો.

૨૯૬. આવા ભસતા અને કરડવા આવતા કૂતરાઓને ભાગ્યે જ કોઈક રોકતું, ઘણા તો છુ–છુ કરીને તે કુતરાઓને કરડવા માટે પ્રેરણા કરતા અને તે કૂતરાઓ ભગવાનને કરડે તે કુતૂહલ જોવા ઉત્સુક રહેતા.

૨૯૭. આવા સ્વભાવવાળા અનાર્ય લોકોની આવી વસતીમાં
ભગવાન કર્મ નિર્જરા માટે અનેકવાર વિચર્યા હતા.
અહીંના મોટા ભાગના લોકો લૂખો–સૂકો–તુચ્છ તથા તામસી ખોરાક ખાતા હતા.
બૌદ્ધાદિ સાધુઓ તો હાથમાં લાકડી રાખીને જ અહીં વિચરતા હતા.

૨૯૮–૯ છતાં કૂતરાઓ તેમની પાછળ પણ પડતા અને કરડતા.
આ રીતે–આ લાઢ પ્રદેશ મુનિઓ માટે અતિવિકટ હતો, છતાં ભગવાન તે પરિસ્થિતિમાં રહી, દેહભાન ભૂલી, દુષ્ટ મનોવૃત્તિથી દૂર રહી, પ્રત્યેક પ્રાણી પ્રત્યે પ્રેમ કેળવીને ત્યાં વિચર્યા.
વળી, અનેક પ્રકારના સંકટો અને અનાર્ય લોકોના કડવાં વચનોને સમભાવે તથા પ્રસન્નચિત્તો સહન કર્યા.

૩૦૦. યુદ્ધને મોરચે રહેવા છતાં, અપ્રતિહત રહેનાર હાથીની જેમ, ભગવાન પરીષહોની પરવા નહિ કરતાં તેના પારગામી થયા હતા.

તે લાઢદેશમાં ગામડાઓ પણ એટલા બધા ઓછા હતા કે-ક્યારેક સંધ્યાસમય થઈ જવા છતાં કોઈપણ ગામ ન આવવાને લીધે ભગવાનને જંગલમાં વૃક્ષ નીચે રહેવું પડતું હતું.

૩૦૧. નિયત નિવાસ નહિ કરતા હોવાને લીધે-ભોજન લેવા કે રહેવા માટે વસ્તીમાં આવી રહેલા ભગવાનની પાસે ગામમાં આવતા પહેલાં જ લોકો બહાર આવીને ભગવાનને મારીને કહેતા કે-અહીંથી બીજે ચાલ્યોજા.

૩૦૨. તે લોકો ભગવાનને લાકડી–મુઠ્ઠી–ભાલાનો અણી–માટીનું ઢેફું અથવા ઘડાની ઠીકરીથી મારતા હતા તથા મારી–મારીને ઘણા અનાડી લોકો કુતૂહલવશ બહુ કોલાહલ કરતા હતા.

૩૦૩. કોઇક વાર તેઓ ભગવાનના શરીરમાંથી માંસ કાપી લેતા હતા, કોઇકવાર શરીર ઉપર આક્રમણ કરીને ઘણી જાતના કષ્ટો આપતા હતા. અથવા ધૂળ ઉછાળતા હતા.

૩૦૪ ક્યારેક ભગવાનને ઊંચે ઉછાળીને પછાડતા હતા.

અથવા આસન ઉપરથી નીચે પાડી નાખતા હતા.

છતાં શરીર ઉપરની મમતા છોડીને, કોઇપણ પ્રકારનો બદલો લેવાની ઇચ્છા રાખ્યા સિવાય ભગવાન તે બધા કષ્ટો સહન કરતા હતા.

૩૦૫. યુદ્ધને મોરચે રહેવા છતાં અપ્રતિહત રહેનાર સુભટની જેમ, કઠોર પરીષહો સહન કરવા છતાં નિશ્ચલ રહીને ભગવાન મહાવીર સંયમમાર્ગમાં વિચરતા હતા.

૩૦૬. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કોઈપણ પ્રકારના બદલાની આશા રાખ્યા સિવાય ફક્ત કર્મક્ષયનિમિત્તે આ આચારોનું પાલન કર્યું હતું.

અન્ય મુમુક્ષુઓ પણ આવુંજ આચરણ કરે છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીરસ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

૩૦૭. ભગવાન નીરોગી હોવા છતાં અલ્પ આહાર કરતા હતા.
કદાચ કર્મોદય વશ રોગનો ઉદય થવા છતાં
તેના ઉપચારની ઇચ્છા પણ કરતા નહોતા.

૩૦૮. 'શરીર અંદરથી પણ અશુચિમય તથા ક્ષણભંગુર છે'
–એવું સમજીને શરીરશુદ્ધિ માટે 'જુલાબ લેવો, વમન કરવું, તેલ માલીશ કરવી, સ્નાન કરવું, હાથપગની ચંપી કરવી અને દંતમંજન કરવું'–આ બધી ક્રિયાઓ તેઓ કરતા નહોતા.

૩૦૯. ભગવાન વિષયવિકારોથી પરાઙ્‌મુખ રહેતા
અને અલ્પભાષી થઈને વિચરતા હતા.

૩૧૦. ભગવાન ક્યારેક શિશિરઋતુમાં છાયામાં બેસીને ધ્યાન ધરતા હતા અને ગ્રીષ્મઋતુમાં સૂર્ય સામે મ્હોં રાખી ઉત્કટુકાસને આતાપના લેતા હતા તથા લૂખો-સૂકો આહાર, ચોખા, બોરનું ચૂર્ણ કે અડદથી પોતાનો નિર્વાહ કરતા હતા.

૩૧૧-૨. આહારમાં આ ત્રણ વસ્તુ વાપરીને ભગવાને આઠ માસ વિતાવ્યા.
ક્યારેક પંદર દિવસ સુધી, ક્યારેક મહિના સુધી,
ક્યારેક બે મહિના સુધી, અથવા ક્યારેક છ-છ મહિના સુધી
પાણી પણ પીધા સિવાય ભગવાન રાતદિવસ અપ્રમત્ત થઈ
નિઃસ્પૃહપણે વિચરતા રહ્યા.

૩૧૩. ભગવાન ક્યારેક બબ્બે દિવસે, ક્યારેક ત્રણત્રણ દિવસે, ક્યારેક ચાર ચાર દિવસે અને ક્યારેક પાંચ પાંચ દિવસે શરીર ટકાવવાના હેતુથી નિરાસક્તપણે નીરસ આહાર વાપરતા હતા.

૩૧૪. 'જીવહિંસા તથા કર્મોનું સ્વરૂપ જાણીને,
મહાવીર ભગવાન પોતે કોઈપણ જાતનું પાપ કરતા નહિ,
બીજા પાસે કરાવતા નહિ,
તથા પાપ કરનારનું અનુમોદન પણ કરતા નહિ.

૩૧૫. ભગવાન ગામ અથવા નગરમાં પ્રવેશ કરીને
બીજા માટે બનાવેલા એવા શુદ્ધ આહારની શોધ કરતા હતા.
નિર્દોષ આહાર મેળવીને મન-વચન-કાયાના યોગોને વશમાં
રાખીને સંયમી ભગવાન તેનું સેવન કરતા હતા.

૩૧૬. ભૂમિ ઉપર પડેલા અનાજને ખાતા ભૂખ્યા કાગડાઓ કે આહાર પ્રાપ્તિની ઇચ્છાવાળા બીજા કોઈપણ પ્રાણીઓને માર્ગમાં એકત્ર થયેલા જોઈને,

૩૧૭-૮. અથવા કોઈ બ્રાહ્મણ, શાકયાદિ શ્રમણ, ભિખારી, અતિથિ, ચંડાલ, બિલાડી કે કૂતરાને કોઈક ગૃહસ્થના દ્વાર પાસે ઊભા રહેલા જોઇને તેમના આહારમાં અંતરાય ન થાય અને તે કારણે તેમને અપ્રીતિ ન થાય તે હેતુથી સંયમી ભગવાન ત્યાંથી ચાલ્યા જઇ બીજે શુદ્ધ આહારની શોધ કરતા હતા.

૩૧૯. મળેલો આહાર દૂધ-દહીંથી મિશ્રિત હોય, લૂખો-સૂકો હોય કે ઠંડો હોય, ઘણા દિવસના પકાવેલા અડદ હોય, પુરાણા ધાન્યના કે જવનાં સત્થુ હોય કે તેમાંથી કોઇપણ આહાર બનાવેલો હોય

આવો પણ આહાર મળે કે કદાચ ન પણ મળે;

તોય ભગવાન મહાવીર સમભાવ રાખતા હતા,

૩૨૦. તથા સ્થિર આસને અને સ્થિર ચિત્તે ધર્મ-શુકલ ધ્યાન ધરતા હતા.

તેઓ ધ્યાનમાં ઊર્ધ્વ-અધો કે તિર્છાલોકમાં સ્થિત જીવાદિ પદાર્થો તથા તેના પર્યાયોની નિત્યાનિત્યતાનું ચિંતન કરતા હતા તથા પોતાના અંતઃકરણની શુદ્ધિનું નિરીક્ષણ કરતા થકા કોઈપણ બદલાની આશા રાખ્યા સિવાય નિર્લેપભાવથી આત્મ-ચિંતનમાં મગ્ન રહેતા હતા.

૩૨૧. નિષ્કષાયી તથા નિરાસક્ત ભગવાન શબ્દાદિ વિષયોમાં મૂર્છિત થતા નહોતા. છદ્મસ્થ હોવા છતાં સંયમમાં પ્રયત્નશીલ ભગવાને એકકેય વખત પ્રમાદ કર્યો નહોતો.

૩૨૨. આ રીતે સ્વયમેવ તત્વદર્શી થઈને, આત્મશુદ્ધિ તરફ મન-વચન અને કાયાના યોગોને વાળીને તથા ક્રોધાદિ કષાયોથી મુક્ત થઇને યાવજ્જીવ સત્પ્રવૃત્તિમય રહ્યા અને કર્મોથી સર્વથા મુક્ત થઈ ગયા.

૩૨૩. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કોઈપણ જાતના બદલાની આશા રાખ્યા સિવાય આ આચારોનું પાલન કર્યું હતું.

અન્ય મુમુક્ષુઓ પણ આવું જ આચરણ કરે છે.

હે જંબુ! એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન શ્રી **મહાવીર સ્વામી** પાસેથી સાંભળેલું આ હું તને કહું છું.

# નવ અધ્યયનનું વિસ્તૃત વિવેચન

## सत्थ परिण्णा

## १

શસ્ત્ર પરિજ્ઞા=હિંસ્રભાવના, હિંસાના સાધનો તથા હિંસા કોની-કેવી રીતે થાય છે તેનું સર્વાંગીણ જ્ઞાન મેળવી તેથી દૂર રહેવું તે.

આ અધ્યયનનો ઉદ્દેશ બંદુક-લાઠી વિગેરે દ્રવ્ય શસ્ત્રો તથા કામ ક્રોધાદિ ભાવ શસ્ત્રોનું માત્ર જ્ઞાન મેળવવા પૂરતો જ નથી, પરંતુ **नाणस्स फलं विरई** અને **ज्ञान-क्रियाभ्यां मोक्षः** આ સૂત્રોથી એ ફલિત થાય છે કે-તેનો ખરો ઉદ્દેશ ઉપરોક્ત બેય પ્રકારના શસ્ત્રોનું જ્ઞાન મેળવી તેથી થતી જીવહિંસાથી દૂર રહેવાનો છે.

કેમકે-જીવ હિંસાને કારણે આત્મા કર્મોથી બંધાય છે અને
સંપૂર્ણ અહિંસક થવાથી જીવની મુક્તિ થાય છે.
આ અહિંસા જ એક પ્રકારનો સંયમ છે.

અને એમ પણ કહી શકાય કે-અહિંસા માત્ર સંયમથી જ સાધ્ય છે.

પરંતુ, લોકો દુઃખી હોવા છતાં દુર્બોધ અને અજ્ઞાની છે. આ કારણે પોતાના નજીવા સ્વાર્થને માટે અનેક કારણસર તેઓ બીજા જીવોને પીડે છે, તેથી પોતે પણ દુઃખી છે.

સંસારની આર્તતાનું ચિત્ર અહીં ઠેર ઠેર રજૂ કરી તેના મૂલ કારણ-રૂપ 'અજ્ઞાનતાને કારણે જીવો હિંસા કરે છે' એ જણાવ્યું છે.

વળી, હિંસા કોની કેવી રીતે થાય છે? તે પણ સમજવું જોઈએ.

આ અધ્યયનમાં, જીવોનું અસ્તિત્વ, કર્મબંધન અને મુક્તિઃ ઇત્યાદિ મુખ્ય તત્ત્વો બતાવી જીવનવિકાસ માટે વિચાર, વિવેક અને સંયમ એ ત્રણ અંગોનું વર્ણન કરતાં હિંસાથી છૂટવાના સરળ ઉપાયોનું અહીં નિદર્શન કર્યું છે, કારણકે-આપણું મુખ્ય ધ્યેય મોક્ષ છે. તેના મુખ્ય સાધનરૂપ અહિંસાનું અહીં વર્ણન છે.

કોઈ પણ જીવને પ્રત્યક્ષ મારવું કે દૂભવવું તે દ્રવ્ય હિંસા છે અને અવિવેક, દુષ્ટતા, વેરવૃત્તિ તથા ઈર્ષ્યાદિ તે ભાવહિંસા છે.

આ કાષાયિક ભાવોની ભયંકરતા પ્રમાણે દ્રવ્ય શસ્ત્રો વાપરવામાં ભયંકરતા આવે છે અર્થાત્ બેય પ્રકારની હિંસા એક બીજાની પૂરક છે. તેથી અનેક જીવો સાથે વેર બંધાય છે, વેર વિરોધથી સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે અને એ રીતે ક્રમશઃ આત્માનું અધઃપતન થાય છે,

જેમ–બ્હેરા, બોબડા, મૂંગા કે ગૂંગા માણસો દુઃખી થવાં છતાં બોલી શકતા નથી, તે રીતે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પતિનાં જીવો એક ઇંદ્રિયવાળા હોવાથી તે પણ બોલી–ચાલી શકતા નથી, છતાં અવ્યક્ત ચેતનાવાળા હોવાથી, તે જીવોને પણ વેદના તો થતી જ હોય છે.

જે રીતે–આ મનુષ્યનું શરીર ઉત્પત્તિ-વૃદ્ધિ-પુષ્ટિ તથા છેદન–ભેદનાદિ ધર્મોવાળું છે.

તે રીતે વનસ્પતિ પણ પ્રત્યક્ષપણે આ બધા ધર્મોવાળી હોવાથી સચેતન છે.

તે જીવોને તથા તેમને આશ્રયીને રહેલા બીજા જીવોને આરંભ સમારંભરૂપ શસ્ત્રપ્રયોગથી વેદના થાય છે.

**परोपकारः पुण्याय, पापाय परपीडनम्** શાસ્ત્રોના સારરૂપ આ વચનામૃત મુજબ તે જીવોને થતી વેદનાને કારણે જીવને કર્મ બંધ થાય છે. સરવાળે સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે.

માટે 'મુમુક્ષુએ જીવહિંસાથી અટકવું જોઇએ.'

એ ઉપદેશ સર્વજ્ઞ ભગવાને પોતે જ આચરી બતાવ્યો છે.

જૈન ધર્મની આજ લાક્ષણિકતા અને વિશેષતા છે.

'પૃથ્વી વનસ્પત્યાદિમાં જીવ છે'–આ સત્ય જૈન ધર્મેજ જગત સામે મૂક્યું છે. આજના વિજ્ઞાને. તે થોડે–ઘણે અંશે સિદ્ધ પણ કરી બતાવ્યું છે.

પૃથ્વ્યાદિ જીવોમાં આત્માનું અસ્તિત્વ બતાવી પુનર્જન્મના કારણરૂપ હિંસા તથા પાપ ક્રિયાઓ; અને તે કારણે બંધાતા કર્મોથી પુનર્જન્મ અને મરણ થાય છે

આ રીતે સંસાર ચક્ર ચાલુ જ રહે છે.

એ રીતે આત્માનો સંસાર–કર્મ–ચિત્તવૃત્તિ–તથા હિંસક ક્રિયાઓ સાથે કઈ રીતે શૃંખલાબદ્ધ સંબંધ છે? આત્મા સંસારમાં કેમ ભટકે છે? અને કઇ રીતે મુક્ત થાય છે? એ અહીં સમજાવેલ છે.

કર્મબંધના કારણરૂપ પાપક્રિયાઓ તથા તેથી પ્રાપ્ત થતા દુઃખોનું વર્ણન કરીને સર્વજ્ઞ ભગવાને ઠેર ઠેર એ સ્પષ્ટ કર્યું છે કે-

**सव्वे पाणा पियाउया सुहसाया दुक्खपडिकूला;**
**भूएहिं जाण पडिलेह सातं**

અર્થાત્ आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति સર્વ જીવોને જીવન તથા સુખ પ્રિય છે;વધ અને દુઃખ અપ્રિય છે, માટે પોતાના આત્માને જે પ્રિય હોય તેવું જ આચરણ બીજા જીવો પ્રત્યે કરવું'

મોક્ષે પહોંચવાની આ દિવાદાંડી નજર સમક્ષ રાખીને, સંસાર પરિભ્રમણના કારણો જાણીને, જે સાધક તેનો ત્યાગ કરે તેજ ખરો મુનિ છે.

ખાધેલો શુભાશુભ આહાર તેનું શુભા શુભ પરિણામ ઉપજાવે છે. તે રીતે જીવે બાંધેલાં શુભાશુભ કર્મો ઉદયમાં આવતાં તેનું તેવું ફળ મળે જ. તેમાં કોઈનો ઉપાય નથી. માટે, કર્મોના વિપાકથી ખરેખર! છુટવું હોય તો આરંભસમારંભથી થતી જીવહિંસાનું સ્વરૂપ સમજી તેથી અટકવું.

હિંસક ક્રિયાઓને ઓળખી તેનો ત્યાગ કરે તે જ ખરેખર! મુનિ કહેવાય છે અને રાગદ્વેષને જીતી, સમભાવે જીવન જીવવાપૂર્વક તે ક્રમશઃ મુક્ત થાય છે.

## लोगविजयो

## २

પાંચ ઈંદ્રિયોના ૨૩ વિષયો તથા પૌદ્ગલિક પદાર્થો તે દ્રવ્યલોક
ચારગતિરૂપસંસાર તે દ્રવ્યલોક
રાગદ્વેષાદિ વૈભાવિક ભાવો તે ભાવલોક
માતપિતાદિ સ્વજનો તે દ્રવ્ય (બાહ્ય) સંસાર

અને તેના સંસર્ગથી અહંતા–મમતા–આસક્તિ–વિકાર–સ્નેહ–વેર એ બધા ભાવોની આત્મા ઉપર જે અસર થાય તે ભાવ (અભ્યંતર) સંસાર

આ બન્નેય એક બીજાના પૂરક અને ઉપાધિમય હોવાથી વર્જ્ય છે. કારણકે- તેજ સંસાર પરિભ્રમણનું કારણ છે. તેનો ત્યાગ કરવાથી આત્મા મુક્ત બની શકે છે, પરંતુ–અનાદિકાળથી વાસનાનો કાટ–મેલ

આત્મા ઉપર લાગેલ છે, તેણે આત્મા ઉપર કબજો જમાવેલ છે. જોકે–આત્મા પણ અનંત શક્તિશાળી છે, તેથી 'જીવહિંસા દુઃખદાયી છે' –એવું સમજીને અંગીકાર કરેલ સંયમની સાધના દ્વારા કષાયાદિ ભાવ-લોક, ઇંદ્રિયાદિ દ્રવ્યલોક તથા કીર્તિકામના રૂપ લોકૈષણા ઉપર વિજય મેળવીને, માતપિતાદિ લૌકિક સંબંધોથી અલિપ્ત રહી આત્માને વિજયી કરવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. જોકે રાગાદિ ભાવસંસાર ઉપર વિજય મેળવવો તે જ સાચો લોકવિજય છે, પરંતુ બાહ્ય સંસારથી નિવૃત્ત થવું એ પણ સાધનાનું મુખ્ય અંગ છે.

સંબંધો ઋણાનુબંધથી યોજાય છે–એ વાત ખરી, પરંતુ જો સંબંધો માત્ર કર્તવ્ય સંબંધ રૂપે જ રહે તો વિકાસને અડચણ નથી,

પરંતુ માયાજાળમાં ફસાયેલા જીવો ઋણાનુબંધને નામે મોહ સંબંધ જ પોષતા રહે છે.

કર્તવ્ય સંબંધમાં–ઋણ પૂરુ થયે નિકટના સંબંધીનું શરીર છુટે કે સંધાય તોય ખેદ, શોક કે હર્ષ જેવું કશું જ બનતું નથી.

પરંતુ મોહ સંબંધમાં તેવી અસરો થાય છે.

| | |
|---|---|
| કર્તવ્ય સંબંધ બદલો ઇચ્છતો નથી. | મોહ સંબંધ ઋણ ઇચ્છે છે. |
| કર્તવ્ય સંબંધમાં બંધન નથી. | મોહ સંબંધમાં બંધન છે. |

માટે મોહ સંબંધ છોડીને તથા કર્તવ્ય સંબંધનો મર્મ સમજીને નવી આળ પંપાળ ઉભી કરવી નહિં. કેમકે—

**संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा**

એમ જે કહ્યું છે તે યથાર્થ છે.

આ સંસારમાં આત્મા કર્મોથી શીરીતે બંધાય છે અને જીવે તેમાંથી શી રીતે મુક્ત થવું ? તે અહીં સમજાવેલ છે.

સારા કે ખોટા પદાર્થો જોઈને તથા અનુકુળ કે પ્રતિકુળ સંયોગો ઉપસ્થિત થતાં, ભાવનામાં કે વિચારોમાં ઉત્તેજના કે વિકાર ઉત્પન્ન થાય છે. રાગદ્વેષમય કલુષિત જીવન જીવવાથી કર્મો બંધાય છે અને તે કારણે ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે.

માટે પ્રત્યેક સ્થિતિમાં સમભાવ રાખવાનું જણાવેલ છે.

આવો જીવ જ રાગદ્વેષાદિ ભાવલોક ઉપર વિજય મેળવી ચારગ-તિરૂપ દ્રવ્યલોકથી મુક્ત બની શકે છે.

પરંતુ, જ્યાં સુધી સાધક પૌદ્ગલિક પદાર્થો અને બાહ્ય સંબંધોની માયાજાળમાં વળગેલો રહે છે ત્યાં સુધી આત્માના સાક્ષાત્કારથી તે વંચિત રહે છે,

આત્મદર્શન માટે સાંસારિક પદાર્થો, ધન ધાન્ય, માતપિતા તથા સ્રીપુત્ર પરિવારનો ત્યાગ કર્યા પછી પણ તેની મમતા છોડવી જરૂરી હોવાથી તે દૂર કરવાનો પ્રયત્ન કરતા રહેવા તથા તે દરમ્યાન જાગ્રત રહેવા જણાવ્યું છે.

માતપિતાદિ સ્વજનોનો સંબંધ આ ભવ પૂરતો જ છે, વળી તે સ્વાર્થસભર છે. કોઇપણ વ્યક્તિ એકબીજાને દુઃખમાંથી બચાવી શકે તેમ નથી, વળી મોહવશ; માયા જાલ અને જૂઠ પ્રપંચોથી એકત્ર કરેલ ધન માંથી પરભવે કાંઇપણ સાથે લઈ જવાતું નથી. તેનો તો અહિંજ અનેક રીતે વિનિમય થાય છે અને બંધાયેલા કર્મોનું ફળ ભોગવવા જીવ એકલો જ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

માટે, તેની મોહ જાલમાં ન ફસાતાં આશા-તૃષ્ણાનો ત્યાગ કરી સંયમી જીવન જીવવું. શરીર સ્વસ્થ હોય ત્યાં સુધીમાં સાધકે પ્રમાદ તજી, કષાયો ઉપર વિજય મેળવી, સમભાવ કેળવવો જોઇએ.

પૂર્વભવના દુષ્કૃત્યોને કારણે તુચ્છજીવન મળે છે એ સાચું, પરંતુ–
સત્કૃત્યોથી મહાન પણ થઇ શકાય છે.

–એ હકીકત સમજી ઊંચ–નીચ વર્ણ કે જ્ઞાતિમાં જન્મ થવાના કારણે રાગ–દ્વેષ ન કરતાં યોગ્ય પુરુષાર્થ કરવો.

માનવીય દુર્બળતાને કારણે સાધક કયારેક માનના પ્રવાહમાં તણાઇ જાય છે. તેને પોતાના જ્ઞાન–તપ–સાધના–કુળ–રૂપ–કે સંપત્તિનો ગર્વ થઈ જાય છે, આ પણ પતનનું કારણ બતાવ્યું છે. ઉચ્ચ કે નીચ ગોત્ર કર્મજન્ય અવસ્થા છે. આત્માને તે સાથે કોઈ સંબંધ નથી.

પોતે ઊંચ છે બીજા નીચ છે.–એમ સમજી તેના મનમાં બીજા પ્રતિ ઘૃણા-તિરસ્કારભાવ જન્મે છે, જ્ઞાનાદિ હીનકોટિના મળતાં જીવ દીનતા અનુભવે છે. પરંતુ સાધકે આ બેય ભાવો દૂર કરવાની જરૂર છે.

**भोगे रोगभयं......**ભોગોથી તૃપ્તિ થતી જ નથી, ઊલટું તેથી રોગો ઉત્પન્ન થાય છે–એ સમજાવી ભોગાસક્ત જીવોની દુર્દશાનું વર્ણન કરેલ છે. વળી ભોગોની પૂર્તિ થવી તે તો ભાગ્યાધીન છે અને પરિણામે તે દુઃખકર છે.

વળી તેની આશા–તૃષ્ણા–આકાંક્ષા તથા અભિલાષાનું શલ્ય જીવને સતાવ્યા જ કરે છે. તેમાં અટવાયેલો જીવ નિરંતર દુ:ખી જ રહ્યા કરે છે.

લોકો અનેક કારણે આરંભ–સમારંભ કરે છે. લોકોની તૃષ્ણાનો કોઇપાર નથી. માટે દેહનિર્વાહાર્થે લોકનિશ્રામાં રહેવા છતાં આવી પ્રવૃત્તિવાળા અજ્ઞાની જીવોની સોબતથી મુનિએ દૂર રહેવું.

સંયમસાધનામાં શરીર મહત્ત્વનું સાધન છે. તે ટકાવી રાખવા આહાર–વસ્ત્ર–પાત્ર–મકાન તથા શય્યાદિ સાધનોની જરૂર પડે છે.

બીજી વસ્તુઓ વિના તો ચાલે પરંતુ આહાર વિના ચાલે નહિં છતાં તે ક્યાંથી ? કેટલો ? કેવી રીતે લેવો ? અને મળ્યાપછી તેમાં મૂર્છિત ન થવું–વિગેરે સમજાવેલ છે, કેમકે મૂર્છા એજ પરિગ્રહ છે, પરિગ્રહ જ કર્મબંધનું મુખ્ય કારણ છે અને તેને જ સંસાર કહેલ છે.

સાધકે ખાસકરીને વિષયવાસના તથા ધન અને પરિવારની મૂર્છા–આસક્તિ તજવી જોઈએ, કેમકે તે સિવાય અહિંસા સારી રીતે પાળી શકાય નહિ

પદાર્થોનો ત્યાગ કરી સંયમ સ્વીકાર્યું હોય, છતાં આસક્તિનો ત્યાગ કર્યા સિવાય સંયમમાં સ્થિરતા તથા યોગોમાં એકાગ્રતા આવી શકતી નથી. તે અહિં સમજાવ્યું છે.

'પૌદ્‌ગલિક પદાર્થોનો સંગ તથા તેની આસક્તિથી જે વ્યક્તિ જેટલે અંશે દૂર રહે છે તેટલે અંશે સંયમની સાધના સફળ થાય છે.

અર્થાત્ તેટલે અંશે તે મોક્ષની નજીક છે.

પરંતુ–પદાર્થો અને આસક્તિમાં જેટલો ડૂબેલો રહે છે તેટલે અંશે તે સંસારની નજીક છે.

આ હકીકત જ્ઞાની સમજતો હોવાથી તે તેની ઈચ્છા પણ કરતો નથી. બલ્કે જાગ્રત રહીને તેથી દૂર રહે છે.

પરંતુ અજ્ઞાની સાધક તેમાં ફસાઇ જતાં તેના બેય ભવ બગડે છે માટે જ શાસ્ત્રકારે 'एयं ते मा होउ एयं कुसलस्स दंसणं' કહીને વારંવાર ચેતાવ્યા છે.

## सीओसणिज्जं

## ३

જે વસ્તુ સુખને જન્માવે છે તેજ વસ્તુમાંથી દુઃખ પણ જન્મી શકેછે. આ અનુભવ મનુષ્યમાત્રને સ્વાભાવિકરીતે જ થાય છે. વળી શીત અને ઉષ્ણ અર્થાત્ સુખ અને દુઃખ : એ બન્નેથી પર એવી કોઈ સહજ સ્થિતિ પણ કોઈક વાર ચિત્ત અનુભવે છે.

'સાધકને એવો અનુભવ થતાં અને સૂક્ષ્મ રીતે અવલોકતાં તે જાગ્રત થઈ જાય છે અને આ અનુભવમાં જ સાચો આનંદ છે'–એવી તેને પ્રતીતિ પણ થતી જાય છે.

જૈનદર્શનમાં આ સ્થિતિને સમભાવયોગ તરીકે નિર્દેશી છે. આત્મ-વિકાસનો અને સાધનાનો પાયો સમભાવ છે. સમભાવની સ્થિતિમાં રહેલો સાધક વિષયો કદાચ સ્વયમેવ પ્રાપ્ત થઈ જાય તોપણ તેમાં મુંઝાતો નથી બલ્કે નિર્લેપ રહે છે, કેમકે તેના પરિણામનું તેને બરાબર જ્ઞાન હોય છે. સંયમ લીધા પછી સમભાવ ને નિર્લેપવૃત્તિ રાખવાનું અહીં ખાસ સૂચન છે. પરંતુ, સર્વ દુઃખોનું મૂલ કારણ અજ્ઞાન છે.

સ્વ–પરની ભેદ બુદ્ધિનો વિવેક એ જ્ઞાન છે.

આવો જ્ઞાની 'આસક્તિ એજ દુઃખનું મૂલ કારણ છે'

–એમ જાણી નિરાસક્તભાવ કેળવવા માટે સંયમને આરાધે છે. નિરાસક્તભાવ કેળવવો માટે કષાયોનું શમન જરૂરી છે. કષાયોનો ત્યાગ કર્યા સિવાય સત્યનો સાક્ષાત્કાર થઇ શકે નહિ અને તે વિના મુક્તિ મળે નહિ.

દુઃખોના કારણરૂપ આરંભ–સમારંભ–પ્રમાદ તથા ક્રોધાદિનો ત્યાગ કરી સંયમી જીવન જીવવું. ઉપરોક્ત પુરુષાર્થ કરતાં કરતાં સાધના–માર્ગમાં શીત એટલે સ્ત્રી આદિ અનુકુળ પરીષહો અને ઉષ્ણ એટલે ક્ષુધાદિ પ્રતિકૂળ પરીષહો તથા ઉપસર્ગો રૂપ બાધાઓ આવે છે.

તે કારણે થતા સુખદુઃખને સમભાવે સહન કરતાં કરતાં સાધકે જાગ્રત રહેવાનું હોય છે.

આ કસોટીમાંથી પાર થયા સિવાય વાસના જીતવી સરલ નથી,
વાસના જીત્યા સિવાય નિરાસક્તિ–વીતરાગભાવ સહજ નથી,
અને તે સિવાય કર્મોથી મુક્ત થઇ શકાતું નથી.

અર્થાત્ ઉપકરણાદિ–દ્રવ્ય ઉપધિ અને વાસનાદિ-ભાવ ઉપધિ એ સંસાર પરિભ્રમણનું કારણ છે. તેનો ત્યાગ કરવાથી આત્મા કર્મોથી મુક્ત થાય છે.

"કોઇપણ સાધક પ્રમત્ત અને સ્વાર્થી બની વિશ્વના બીજા કોઈપણ જીવને પીડીને પોતાનો વિકાસ સાધી શકે નહિ કારણકે જે સુખ પોતે ઇચ્છે છે તે સુખ બીજાને પણ જોઈએ છે. બીજાના ભોગે પોતાનું હિત સાધી શકાય નહિ. વ્યક્તિના વિકાસમાં સમષ્ટિનું પણ હિત છે જ.

આમ છતાં, મોહાંધ વ્યક્તિ જ પાપકાર્યોમાં પ્રવૃત્ત થાય છે.
નરકાદિ ગતિઓમાં પ્રાપ્ત થનારા દુઃખોમાંથી બચવાની ઇચ્છાવાળો
જીવ ક્યારેય હિંસા કે પાપ કાર્યો કરે નહિ.
હિંસાને કારણે જીવ ઉત્તરોત્તર દુઃખી થાય છે.

'પરંતુ, બાહ્યદષ્ટિથી પાપકાર્યો નહિ કરવા માત્રથી
અથવા શારીરિક કષ્ટો સહન કરવા માત્રથી
કે વેષ પરિવર્તનથી સાચા શ્રમણ થઈ જવાતું નથી
કે ત્યાગનો ખરો અર્થ પણ સરતો નથી.

વળી એકાંતવાસ સેવી માત્ર દેહને નિષ્ક્રિય રાખવાથી મનથી નિષ્ક્રિય થઈ જવાતું નથી,'

'પરંતુ જીવનમાં પ્રતિક્ષણે ઉપસ્થિત પ્રલોભનો અને સંકટોની વચ્ચે પોતાના મનને સમતોલ રાખી શકવાની યોગ્યતા કેળવી સદા જાગ્રત રહેવું"
–એ ત્યાગનો ગૂઢ ઉદ્દેશ છે.

નિરાસક્ત થવું અને સમભાવરાખી સત્યનો સાક્ષાત્કાર કરવો :
એ જ સંયમનું લક્ષ્ય છે.

બાહ્ય ત્યાગ અને નિરાસક્તિ: આ બેઉ પરસ્પર સાપેક્ષ છે હિંસાથી બચવા માટે સાધકે સંયમ લઈ અંતર્દષ્ટા બનવું જોઇએ. બધાય જીવો ઉપર સમદૃષ્ટિ આવી જતાં તે કોઇપણ જીવની હિંસા કરશે નહિં, તેથી કોઇપણ જીવો સાથે વેરભાવ પણ બંધાશે નહિ.

તે એવું સમજશે કે–
આત્મા પોતેજ પોતાનો મિત્ર કે શત્રુ (બની શકે) છે.
શુભકાર્યો કરનારની સદ્ગતિ થાય છે,
–એ રીતે આત્મા પોતાનો મિત્ર બને છે,
અને હિંસક કાર્યો કરનારની દુર્ગતિ થાય છે
–એ રીતે આત્મા પોતાનો દુશ્મન બને છે.

બહાર મિત્રો શોધવાની ઘેલછા કે
બીજાને દુશ્મન સમજવાની અજ્ઞાનતા છોડી દેવી અર્થાત્ વૃત્તિ બદલવી
સાચા ત્યાગની ઓળખ અમુક વેષ, પંથ કે સંપ્રદાયથી થતી નથી.
કષાયો એજ ભવભ્રમણનું મૂળ છે, અને તેથી
કષાયોનું શમન એ જ ત્યાગીના ત્યાગના આદર્શનું માપકયંત્ર છે.
જેટલે અંશે કષાયો ઓછા તેટલે અંશે તે ત્યાગી ગણાય.
જે ત્યાગીની છાયા કષાયોને હળવા કરવાને બદલે વધારે, તે સાચો ત્યાગી નથી.

સાચા ત્યાગીને પદાર્થો પ્રત્યે તિરસ્કાર પણ ન જન્મે, ઘૃણાય ન જન્મે, આવેશ કે લાગણી જન્ય આનંદ પણ ન જન્મે પરંતુ આત્માની સમતુલા જાગે.

દેહ ઉપરનો વિલાસ જેમ આત્મઘાતક છે તેમ
દેહ તરફની બેદરકારી પણ જીવનરસને ચૂસનારી નિવડવાનો સંભવ છે.

આથી સાધનામાં આત્મરક્ષા અને ધૈર્ય : એ બેયને નજર સમક્ષ રાખી દેહરૂપી સાધન, સંયમી અને કાર્યસાધક નિવડે—એ રીતે તેને જાળવી રાખવું જરૂરી છે, કેમકે અમુક હદ સુધી શરીર બળ સાથે મનોબળનો પણ સંબંધ છે તેથી શરીરની તદ્દન ઉપેક્ષા પણ ન કરી શકાય.

કારણકે, સંસાર બહારના પદાર્થોને લીધે નથી.
સંસાર તો આત્માની મલીનવૃત્તિને કારણે જ વધે છે.

કેટલાક જીવો મુમુક્ષુ તો હોય છે પરંતુ સમદૃષ્ટિ અને વિવેકબુદ્ધિ જાગૃત નહિ હોવાથી તેઓ પોતાના પુરુષાર્થને સન્માર્ગે વાળી શકતા નથી.
આ કારણે પ્રથમ તો સમદૃષ્ટિ કેળવવી જરૂરી છે.

મમત્વ, અભિમાન અને બાહ્ય પ્રશંસાપર ઢળતી વૃત્તિથી જેટલે અંશે દૂર રહેવાય તેટલે અંશે સમદૃષ્ટિ સધાય.

સાધકે સહિષ્ણુ પણ બનવું જોઈએ. સાધનામાં કષ્ટો આવવા છતાં તેણે અધૈર્ય કે ચંચળતા ન લાવતાં સાહસ, ધૈર્ય કે સમભાવ જ ધારણ કરવો જોઇએ, તથા જીવનથી નિરાસ થઈને સંકલ્પ-વિકલ્પોમાં ઉલઝવું જોઈએ નહિ,

કારણકે-અધૈર્ય અને ચંચળતાનું કારણ કષાય, રાગદ્વેષ તથા ભય છે.
પ્રમાદીને સર્વત્ર ભય રહેલો છે તેથી તેને હિંસાનો આશ્રય લેવો પડે છે,
અને તે કારણે તેના જીવનમાં વિષમતા હોય છે
અને તેથી તે દુઃખી હોય છે.

અપ્રમાદી સર્વથા નિશ્ચિંત હોવાથી તેને હિંસાના કામ કરવા પડતા નથી.
તે કારણે તેના જીવનમાં એકરૂપતા હોય છે
અને તેથી તે સુખી હોય છે.

## सम्मत्तं

## ૪

પ્રથમના ત્રણ અધ્યયનોમાં જીવો, જીવહિંસા તથા સંસારાદિના સ્વરૂપને ક્રમશઃ સમજાવી, તેથી અલિપ્ત રહેનારજ કર્મમુક્ત થઈ શકે છે એ સમજાવ્યું.

સત્ય વસ્તુ સમજ્યા પછી તેની ઉપર શ્રદ્ધા થવી જોઈએ, તેથી તે પછી સમ્યક્ત્વ મુક્યું છે, તે સહેતુક છે.

'જીવોનું તથા તેના આરંભ-સમારંભથી થતી જીવહિંસાનું સ્વરૂપ સમજી હિંસાથી સર્વથા દૂર રહેવું"

-આ અહિંસાને સર્વજ્ઞભગવાને ધર્મનું મૂલ કહ્યું છે.
તેમની આ આજ્ઞાને તદ્રૂપે માનવી તેને સમ્યક્ત્વ કહેવાય છે અને
તદ્રૂપે પાળવી તેને દેશવિરતિ કે સર્વવિરતિ કહેવાય છે.

હિંસાથી સર્વથા દૂર રહેનાર જ ખરો મુનિ કહેવાય છે.
હરકોઈ વ્યક્તિ ઉપર મુજબ શુદ્ધ જીવન જીવી કર્મમુક્ત બની શકે છે.
તેથી વિરુદ્ધ વર્તનાર મિથ્યાત્વી કહેવાય છે.
પ્રયત્નો કરવા છતાં આંધળો માણસ શત્રુઓ ઉપર વિજય મેળવી શકતો નથી.

તે પ્રમાણે અહિંસા એ ધર્મનો પ્રાણ હોવાથી તેથી વિરૂદ્ધ (હિંસાના) માર્ગે ચાલનારો મિથ્યાત્વી જીવ ધન-વૈભવ તથા પરિવારનો ત્યાગકરીને દીક્ષા લઈ તપ કે કાયકલેશ કરે, તો પણ તેના હૃદયમાં ધર્મનું મૂળ-અહિંસાની સાચી સમજણ-શ્રદ્ધા કે તદ્રૂપ આચરણા ન હોવાથી,

તે જીવ ત્યાંસુધી કર્મોથી સર્વથા મુક્ત થઇ શકતો નથી.
माणुसत्तं सुई सद्धा संजमम्मि अ वीरिअं એ દુર્લભ ગણાવ્યા છે.
પરંતુ सद्धा परमदुल्लहा ઉત્તરાધ્યયનમાં કહ્યું છે, તે યથાર્થ છે,
કારણકે જેમ-મજબૂત પાયા વિના મકાન ઝંઝાવાતો સામે ટકી શકે નહિ,
પ્રાણ વિના જીવન ટકી શકે નહિ,
અને મૂલ વિના વૃક્ષ સંભવે નહિ,
તે રીતે શ્રદ્ધા (સમ્યક્ત્વ) વિના ધર્મ કે મોક્ષ સંભવિત નથી.

ઉપરોક્ત ત્રણેય અધ્યયનોનું લક્ષ્ય મોક્ષ છે. સર્વજ્ઞ પ્રતિપાદિત નવતત્ત્વોને હેય–જ્ઞેય–ઉપાદેય સ્વરૂપે જાણી, તેનો યથાયોગ્ય અમલ કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય. તે ત્યારે જ શક્ય બને જો તેમાં પૂર્ણશ્રદ્ધા હોય તો. તે **શ્રદ્ધા** (સમ્યક્ત્વ)નું અહીં વર્ણન છે.

જૈન દર્શનમાં સમ્યક્ત્વની કેટલી મહત્તા છે તે બતાવતાં શાસ્ત્રકારે **सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः** તત્ત્વાર્થમાં તેને અગ્રસ્થાને મૂકયું છે. વળી–

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**

**सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति ।**

અહીં પણ સમ્યક્ત્વની વિશેષતા બતાવી છે.

ભગવાને જે કર્યું તેવું કરી શકવાની શક્તિ–યોગ્યતા કે ભૂમિકા સૌની હોતી નથી પરંતુ – **मा रूष** અને **मा तुष** જેટલા શબ્દો પણ જેમને યાદ નહોતા રહેતા તે મંદમતિવાળા મહર્ષિ પણ

‘**आत्मवत् सर्वभूतेषु मो हणेसु कदाचन**’ જિનેશ્વરની આ આજ્ઞા ઉપર શ્રદ્ધા અને તદનુરૂપ આચરણના બળે મોક્ષે જઈ શકયા.

સ્કંધકસૂરિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પીલાયા અને મોક્ષેગયા. તે પણ ભગવાનની આજ્ઞા ઉપરની શ્રદ્ધાના બળે જ અને તેથી જ તેને ધર્મના પાયારૂપે માનેલ છે.

જે ધર્મમાં વિશ્વના નાના મોટા સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાનભાવ વર્તવા જેટલી અહિંસાની ઉદાર વ્યાખ્યા હોય તે જ ધર્મ સાચો અને સનાતન હોવાનો દાવો કરી શકે.

અહિંસાનો જીવનના પ્રત્યેક ક્ષેત્ર સાથે સંબંધ છે જીવનમાં તે વણાતાં કેવળ વ્યક્તિનો જ નહિ, બલ્કિ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનો પણ વિકાસ સંભવિત છે.

જેના વ્યવહારમાં હિંસાછે ત્યાં ધર્મ નથી

જેનો વ્યવહાર શુદ્ધ છે તેનો ધર્મ પણ શુદ્ધ બની શકે.

સર્વજીવો સાથે પ્રેમની સાંકળ સાંધે તે ધર્મ.

કર્મબંધ કે મુક્તિનો આધાર સ્થાન કે ક્રિયા ઉપર નથી. સાધકના શુભાશુભ પરિણામો ઉપર તેનો આધાર છે અર્થાત્ આસ્રવ અને સંવરમાં સ્થાન અને ક્રિયાની અપેક્ષાએ ભાવનાનું વિશેષ મૂલ્ય છે. એ સમજાવ્યું છે.

જે સ્થાન કર્મબંધનું કારણ છે તે જ સ્થાન વિશુદ્ધ ભાવનાવાળા સાધક( ચિલાતીપુત્ર તથા ભરતચક્રી જેવા )ને માટે નિર્જરા–સંવર દ્વારા કર્મક્ષયનું કારણ બની જાય છે.

વળી નિર્જરા, સંવર તથા સંયમ સાધનાનું તે સ્થળ પરિણામોની અશુદ્ધિને કારણે (નાગશ્રી બ્રાહ્મણી તથા કંડરીક રાજર્ષિ જેવા) સાધકોને માટે કર્મબંધનું કારણ બને છે.

ભાવવિશુદ્ધિની સાથે પુરાણા કર્મોને તોડવા તપની પણ જરૂર છે. આ તપની સાથે ક્રોધનિગ્રહ પણ જરૂરી છે એ સમજાવ્યું છે.

સત્ય વિના ત્યાગ ટકે નહિ, તેથી જ કહ્યું છે કે-જ્યાં સત્ય છે ત્યાં આત્મજ્ઞાન છે અને આત્મજ્ઞાન છે ત્યાંજ સમભાવ, સંયમ કે મુનિપણું છે. સત્યાર્થીની શૈલી ખંડનાત્મક ન હોય, મંડનાત્મક જ હોય.

તેની કોઇ પણ પ્રવૃત્તિ વિવેક બુદ્ધિ, વચનમાધુર્ય અને અનુકંપા-ભાવથી વંચિત નહોય.

તેને અધર્મ ઉપર તિરસ્કાર હોઈ શકે પરંતુ અધર્મનું આચરણ કરનાર ઉપર તો પ્રેમ જ હોય.

સ્યાદ્વાદના આરાધક કે સનાતનધર્મના સાધકો આ રહસ્ય બરાબર વિચારે.

સત્યની આરાધનામાં તપશ્ચર્યાની પણ જરૂર છે. 'આવશ્યકતાઓ ઘટાડવી'-તે તપશ્ચર્યાનું પ્રાગ્સ્વરૂપ છે. તપશ્ચર્યાનો પ્રકાર એક નથી પરંતુ ભિન્ન ભિન્ન જીવોના ભિન્ન ભિન્ન દર્દોની સમીક્ષા કરીને શ્રમણભગવંતે તેના ૧૨ ભેદ બતાવ્યા છે. તેથી જીવ શુદ્ધ-બુદ્ધ અને મુક્ત થાય છે.

તપશ્ચર્યામાં પણ વિવેકની આવશ્યકતા છે. ક્રમ અને વિવેક જાળવવાથી પ્રત્યેક ક્રિયામાં સફલતા મળે છે.

તપશ્ચર્યાથી દેહ કૃશ કરવો સહેલો છે પરંતુ મર્કટ જેવી ચંચળ વૃત્તિને કૃશ કરવી કઠિન છે.

આત્માભિમુખ દષ્ટિના વિકાસ માટે દેહદમન, ઇંદ્રિયદમન અને વૃત્તિદમન : એ ત્રણેયની આવશ્યકતા છે. દેહદમન અને ઈંદ્રિયદમન : એ વૃત્તિનાઉશ્કેરાટને દબાવે છે તથા વિષયોના વેગને રોકે છે.

પરંતુ વૃત્તિઓ જ્યાં સુધી બદલાય નહિ ત્યાં સુધી તપશ્ચર્યાની સર્વાંગસિદ્ધિ ન ગણાય.

પૂર્વકર્મોને બાળવામાં તપશ્ચર્યાનો અગ્નિ સફળ થાય છે. તોય વર્તમાન કર્મોની શુદ્ધિ ઉપર સતત લક્ષ્ય રાખવું જોઈએ.

સાધના એ વીરનો માર્ગ છે. સાધના દરમ્યાન સાધકે શારીરિક મમત્વ તથા સુખનો ત્યાગ કરવો પડે છે. કેમકે-પૂર્વે બાંધેલા કર્મોના ફળ ભોગવવાનો સમય આવે ત્યારે ધીર-વીર બની સમભાવે તે બધું સહન કરતાં કરતાં જીવન જીવનાર ખરેખર! કર્મ મુક્ત થઈ સિદ્ધ-બુદ્ધ થઈ જાય છે.

# લોગસારો

## ૫

અહિંસકપણે જીવન જીવનાર જ અસાર સંસારમાં સારભૂત-એવો શુદ્ધ સંયમ પાળી કર્મ મુક્ત બની શકે.

કારણકે, લોકમાં સારભૂત તત્ત્વ અહિંસાધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે. ચારિત્રનું ઘડતર આંતરિક બળથી જ થાય છે. આવું બળ કેળવવા માટે સંયમ ઉપયોગી સાધન છે. આ સંયમનું ધ્યેય મુક્તિ છે એ અહીં સમજાવ્યું છે.

જીવો તથા જીવહિંસાની સમજણરૂપ સમ્યગ્જ્ઞાન પહેલા અધ્યયનમાં વર્ણવ્યું છે.'અહિંસા પરમો ધર્મ:' ભગવાનની આ આજ્ઞાને સત્ય સ્વરૂપે યથાર્થ માનવી' તદ્રૂપ સમ્યગ્દર્શન ચોથા અધ્યયનમાં વર્ણવ્યું છે.

'સંપૂર્ણ અહિંસકપણે જીવન જીવવું.' જગતમાં સારરૂપ એવું આ સમ્યક્ચારિત્ર આ અધ્યયનમાં વર્ણવ્યું છે.

આ રત્નત્રયી જૈનદર્શનનો સાર છે.

સર્વજ્ઞભગવાને અહિંસામાં જ ધર્મ બતાવ્યો છે. તેમની આ આજ્ઞાને પૂર્ણરૂપે સમજી, હૃદયમાં ઉતારી, તેને યથાર્થ પાળવાથી જીવની મુક્તિ થાય છે. તેથી જ તત્ત્વાર્થમાં **सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः** કહેલ છે. જગતમાં સારરૂપ આ રત્નત્રયી તથા તેનું ફળ 'મોક્ષ'નું અહીં નિરૂપણ કર્યું છે.

ત્યાગી પણ આસક્ત હોયતો તે આરંભજીવી છે.

અને ગૃહસ્થ પણ સંયમી કે અનાસક્ત હોય તો તે અનારંભજીવી છે. અર્થાત્- ક્રિયામાં પ્રત્યક્ષ પાપ ન દેખાય, છતાં જ્યાં પરિગ્રહવૃત્તિ-આસક્તિ છે ત્યાં પાપ અને કર્મ બંધ છેજ અર્થાત્ આસક્તિથી આરંભ જન્મે છે તથા આરંભ અને પરિગ્રહથી સંસાર વધે છે.

"સંસારની વિવિધ આશાઓ, તૃષ્ણાઓ અને ઇચ્છાઓને લીધે જ સુખ અને દુઃખનું નિર્માણ થાય છે."
સંયમી સાધક આટલું સમજી બન્નેય પ્રકારની સ્થિતિમાં સમભાવ રાખે.

સત્યમાં શ્રદ્ધા રાખવાથી અને સમભાવ પૂર્વક જીવવાથી ચારિત્રબળ ખીલે છે અને એ રીતે ક્રમશઃ આત્મજ્ઞાન થયા પછીજ કર્મમુક્તિ સંભવે છે.

કેમકે- આત્મસ્વરૂપ, દેહસ્વરૂપ, કર્મસ્વરૂપ અને જગત્સ્વરૂપની ઊંડી વિચારણા અને મંથન પછી મમતા અને પરિગૃહવૃત્તિ પણ ઘટે છે.

પરિગ્રહનો ત્યાગ જેટલો જરૂરી છે તેટલોજ તેમાં અનાસક્તભાવ પણ જરૂરીછે

કેમકે જીવને જ્યાં જ્યાં રાગ-દ્વેષ અને આસક્તિ થાય છે ત્યાં ત્યાં કર્મ બંધ થાય છે - તેમ અહીં કહ્યું છે. પરંતુ પદાર્થોની વચ્ચે રહીને સ્થૂલિભદ્રની જેમ નિરાસક્તભાવ લાવવાની વાત પણ દાંભિક છે. હાથમાં અગ્નિ લઈને શીતલતા પ્રાપ્ત કરવા જેવી આ વાત છે. સ્થૂલિભદ્રનું દષ્ટાંત તો આપવાદિક છે. વળી અનેક ભવની સાધનાનું તે પરિણામ છે. લૌકિકવિજય ચિરસ્થાયી ન હોવાથી ઉપકારી નથી. આત્મવિજય જ ખરો વિજય છે પંરતુ પરિગ્રહ કે તેની મૂર્છા આત્મવિજયમાં વિઘ્નરૂપ છે માટે સાધકે નિષ્પરિગ્રહી થવું તથા અનાસક્ત થઈને વિકારો ઉપર વિજય મેળવવો.

વિષયોમાં ગળાબૂડ રહેલો જીવ; અનેક કારણસર તે ભોગવી શકતો ન હોવાછતાં, તેની વિષયાભિલાષા અને વિષયાસક્તિ દૂર થઇ ન હોવાથી તે ભોગોની અંદર પણ નથી, તેનો ત્યાગી ન હોવાથી ભોગોથી દૂર પણ નથી.

એમ કહી જ્ઞાનીએ તેને મુક્તિથી દૂર હોવાનું કહેલ છે.

વય અને જ્ઞાનથી જે અપરિપકવ છે તે ગીતાર્થ નથી. તેવા મુનિને એકલા વિચરવામાં ઘણા દોષો ઉપસ્થિત થાય છે.

સ્વચ્છંદી સાધકના જીવનમાં કયા કયા અવગુણોની વૃદ્ધિ થાય છે ?

તથા આજ્ઞાવર્તી સાધકના જીવનમાં કયા કયા ગુણોની પુષ્ટિ થાય છે?

તે અહીં બતાવેલ છે.

વ્યવહારમાં પણ સામાન્ય કાર્યો માટે વિશ્વાસ રાખવોજ પડે છે. ધર્મનું મૂલ્ય તેથી ઓછું નથી. ધર્મમાં સંશયી સાધકને સમાધિલાભ થતો નથી.

માટે હે સાધકો!

જળાશયની જેમ ગંભીર, પવિત્ર, ઉદાર અને સ્વરૂપમગ્ન બનો.

'જે કાંઈ તમારું છે તેને કોઈ છીનવી શકશે નહિ અને જે છીનવાઈ ગયું છે તે તમારૂં નહિ હોય'

--આવો અટલ વિશ્વાસ રાખનાર દુન્યવીદૃષ્ટિએ પણ સુખી થાય છે તથા તેના ઘણાખરા સંકલ્પવિકલ્પો કે ઉપાધિઓનો પણ અંત આવી જાય છે

કેમકે--માનસિક દર્દોનું મૂળ સંકલ્પ-વિકલ્પોમાંજ છે. પ્રત્યેક સ્થળે શંકાશીલ વ્યક્તિ શ્રદ્ધાળુ બની શકતો નથી. વળી જે ક્રિયા શ્રદ્ધાયુક્ત નથી તે પ્રાણવિહોણા નિશ્ચેતન ખોખા જેવી છે.

માટે રહસ્ય સમજીને શ્રદ્ધાળુ બનો.

# धुयं

## ६

સ્વજનો, ઘર તથા છેવટે શરીર ઉપરની પણ આસક્તિ અને તજ્જન્ય રાગદ્વેષાદિ કષાયો ત્યાગ કરવાનો, જીવનજરૂરિયાતો ઘટાડવાનો તથા એ રીતે કર્મનિર્જરા દ્વારા અનાદિ કાળથી આત્મા ઉપર લાગેલા કર્મોને દૂર કરવાનો અહીં ઉપદેશ છે.

કારણ કે-ચિત્તવૃત્તિ ઉપર કુસંસ્કારોનું જોર હોય અર્થાત્ ચિત્તવૃત્તિ મલિન હોય ત્યાં સુધી જીવ સંસારમાંથી સારભૂત તત્ત્વો ખેંચી શકે નહિ.

જેમ, બોર્ડ ઉપર ચોકથી લખેલા અક્ષરો પાણીથી બરાબર ભુંસ્યા સિવાય નવા અક્ષરો સ્પષ્ટ લખી કે વાંચી શકાય નહિ તેવું ચિત્તવૃત્તિ વિષે પણ સમજવું.

ચિત્તશુદ્ધિ અનિવાર્ય હોવાથી અહિં તેના ઉપાયો બતાવ્યા છે. મેલા તથા રંગીન કપડાને જેમ સાબુ અને સોડાથી ધોઈ સ્વચ્છ કરીએ છીએ વળી વસ્ત્ર ઉપર કોઈપણ નવો રંગ ચડાવતા પહેલાં તેનો પ્રથમનો રંગ દૂર કરવો પડે છે તે પછી જ બીજા રંગની ચમક ઉઠે છે તેમ પૂર્વગ્રહો, પૂર્વના અધ્યાસો, જટિલ કદાગ્રહો અને જડ માન્યતાઓની ભૂતાવળ જીવન ઉપર એવી તો સજ્જડ રીતે વળગી ગઇ હોય છે કે તેને દૂર કરવા જટિલ પ્રયત્નો કર્યા સિવાય ચિત્તશુદ્ધિ શક્ય નથી.

જે કાંઇ નિર્માણ થયું છે તે કર્મોનું પરિણામ છે. અર્થાત્, જે ભય કે દુઃખ બહાર દેખાય છે તેનું કારણ બહાર નથી પણ અંદર રહેલો આ આત્મા પોતે જ કારણભૂત છે, એમ વિચારવું

સિંહ બાણ મારનારને જ પકડે છે.

અને કૂતરો જે લાકડીથી તેને મારીએ તેને જ બટકા ભરે છે

વળી દાંતમાંથી નીકળતું લોહી ચાટતાં તે રાજી થાય છે.

તેની જેમ અજ્ઞાની જીવો 'કર્મોનો જે કર્તા છે તે જ તેના ફળનો ભોક્તા છે, બીજા તો નિમિત્તમાત્ર છે'-એમ સમજતા નથી. નિમિત્તોને પકડવાથી તો વેરની પરંપરા વધે છે અને એ રીતે સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે.

ખરી વાત તો એ છે કે-વિવેકપૂર્વક સમભાવે જીવન જીવવું કે જેથી નવા કર્મોનો નિરર્થક ભાર વધે નહિ અને બંધાયેલા કર્મોનો ક્ષય થાય.

પૂર્વગ્રહોનો ત્યાગ સાધકની સાધનાનું પ્રથમ પગથીયું છે તેથી હૃદયશુદ્ધિ થાય છે.

પરંતુ પૂર્વગ્રહોને છોડી દેવામાંય બળની જરૂર પડે છે કારણકે જડના સંસર્ગની જે જીવને જેટલી અસર હોય તેટલા પ્રમાણમાં સ્થિતિસ્થાપકતાના સંસ્કારો રૂઢ થઈ ગયા હોય છે.

પોતે જે દેશમાં, જે કુળમાં કે જે ધર્મમાં જન્મ્યો હોય છે ત્યાંના પરંપરાગત સંસ્કારો મુજબ જીવન જીવવા તે ટેવાયેલો હોય છે પરંતુ માનવજાતનો મોટો વર્ગ માનવજીવનમાં મળેલી આટલીબધી અનુકૂળતાઓ-નો લાભ આધ્યાત્મિક ઉત્કર્ષ માટે લઇ શકતો નથી.

કોઇકને પાષાણગોલક ન્યાયે સત્સંગને પ્રતાપે આ સાધનામાર્ગ સુઝે છે.

પરંતુ સંયમ લેવા માત્રથી કાંઈ પતી જતું નથી, દીક્ષા લીધા પછી પણ ક્યારેક મોહજન્ય કામવિકારો નડતા હોય છે. પૂર્વસંસ્કારો જાગ્રત થઈને સાધકને વિચલિત કરી શકે છે. તે કારણે પળેપળે વૃત્તિઓ અને સંકલ્પ–વિકલ્પોથી સાવધ રહેવાનું હોય છે.

પરંતુ ઘણાખરા સાધકો આ વાત તદ્દન ભૂલી જાય છે. સાધના-માર્ગમાં જોડાયા પહેલાં તેમનામાં જે ઉત્સાહ, જિજ્ઞાસા, નિરભિમાનતા અને જાગૃતિ હોય છે તે થોડા જ સમયમાં ઓસરી જતા દેખાય છે. જેમ જેમ તે સાધક શિથિલ થાય તેમ તેમ પૂર્વસંબંધો અને પૂર્વે ભોગવેલા કામભોગોની વાસનાના કાતિલ ઝેરની તેના ઉપર અસર થવા માંડે છે.

આ વખતે જાગ્રત થવાને બદલે 'એમાં તે શું?' એવી બેદરકારી સેવે અને તેના ઉપર દંભનું ખોખું ચડાવે તો અન્યની દૃષ્ટિએ ત્યાગી–તપસ્વી દેખાતો હોવા છતાં વૃત્તિથી તે પામર બનતો જાય અને ક્રમશઃ ભયાનક પતન વહોરી લે.

માટે વીરસાધકે સુભટની જેમ નિયમોની દૃઢતાનું બખ્તર પહેરી રાખવું જોઇએ કારણ કે–પ્રકૃતિ અને આત્મવિકાસના ચાલતા યુદ્ધમાં તેની પૂર્ણ જરૂર છે.

જો મુનિ સુખશેલીઓ થઈ જાય તો તે બધુંય હારી જાય. વૃત્તિને વશ કરવામાં દેહદમનાદિ શારીરિક તપનું મહત્ત્વ ઓછું નથી. પરંતુ, જે રીતે વિલાસ અને ભોગોથી ટેવાયેલું શરીર આળસ અને પ્રમાદને લીધે સાધકનું પતન કરે છે તે રીતે શક્તિથી અધિક અને ક્રમથી વિરુદ્ધ કરાયેલી તપશ્ચર્યા પણ દેહરૂપી સાધકને અકાળે કચડી નાખે છે.

તપશ્ચર્યાનો હેતુ શરીર કસવાનો છે તથા મન અને ઇંદ્રિયોના ઉશ્કેરાટને શમાવવાનો છે, શરીરને શિથિલ બનાવવાનો નહિ.

ઉપધિ અને સાધનસામગ્રી ઘટે એટલે ઉપાધિ અને પાપ બન્નેય ઘટે જેટલો દેહાધ્યાસ છૂટે તેટલું જ જીવન નૈસર્ગિક બને.

કેટલાક સાધકો પૂર્વગ્રહો અને પૂર્વાધ્યાસના સંઘરી રાખેલા વળગાડને સાથે લઇને ફરતા હોવાથી સમર્પણભાવ કેળવી શકતા નથી.

વ્યક્તિ અને વિશ્વનો ગાઢ સંબંધ છે. વ્યક્તિનું સૂક્ષ્મ કે સ્થૂળ : પ્રત્યેક આંદોલન જળાશયના કુંડાળાની પેઠે ઠેઠ કિનારા સુધી ફરી વળે છે.

વ્યક્તિના સુધાર વિના વિશ્વનો સુધાર શક્ય નથી, સ્વદયા વિના પરદયા શક્ય નથી, સંયમ વિના દયા કે વિશ્વબંધુત્વ પ્રાપ્ય નથી, ત્યાગ સિવાય વિશ્વૈક્ય સાધ્ય નથી, સ્વાર્પણ સિવાય નિરાસક્તિની પ્રાપ્તિ નથી અને નિરાસક્તિ વિના સાચું સુખ કે શાંતિ શક્ય નથી.

કોઈક મુનિ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે, પરંતુ શ્રદ્ધાવાળો હોવાને લીધે શુદ્ધ આચારનો ઉપદેશ આપે છે, પરંતુ કેટલાક તો ચારિત્રની સાથે શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ થઈ જાય છે તેથી તેઓ સંસારમાં દીર્ઘ પરિભ્રમણ કર્યા કરે છે.

જેમ, કાચબાને ભાગ્યયોગે તક મળી હોવા છતાં મોહમાં મુંઝાઈ તક હારી ગયો, તેમ કોઇક સાધક રૂપાદિમાં આસક્ત થઇ સંયમથી પતિત થઇ જાય છે તેથી રાજરોગો પણ ઉત્પન્ન થઈ જાય છે. સાધનાની તક મલી હોવા છતાં નજીવા સુખને માટે તે બધું ગુમાવી દે છે અને સંસારચક્રમાં અટવાયે જાય છે.

## विमोक्खो

## ૮

ચિત્તમાં ઉદ્ભવેલા વિકારો દૂર કરવા અનેક ઉપાયો બતાવ્યા છે.

મોહ અને કામ વાસનામાં સપડાયા બાદ એના વેગને સહન ન કરી શકે તો વ્રતભંગ ન થાય તે હેતુથી સાધક છેવટે દેહની મમતા છોડીને મૃત્યુને ભેટવા સુધીની તૈયારી પણ કરે

એમ કહી ત્રણ પ્રકારના મરણોનું સ્વરૂપ બતાવ્યું છે.

મુનિએ અકલ્પ્ય આહારાદિ લેવા નહિ આ કારણે કોઈક ગૃહસ્થ ગુસ્સે થાય તો તેને સાધ્વાચાર સમજાવવો, છતાં કષ્ટ આપે તો તે સમભાવે સહન કરી સમાધિમરણને પણ ભેટે, પરંતુ અકલ્પ્ય લે નહિ.

વળી સંયમપાળવા શરીર અશક્ત થઇ ગયું હોય ત્યારે જીવન કે મરણની ઇચ્છા ન કરતાં મુનિ ઈત્વરિતમરણ અંગીકાર કરે.

સમભાવપૂર્વક પરીષહોને સહન કરતાં કરતાં સાધકનું જો મરણ થાય તો ત્રણમાંથી ગમે તે પ્રકારનું મરણ હિતકારી છે, કારણ કે—

સાધનાની દૃષ્ટિએ ત્રણેય પ્રકારના મરણો મહત્વના છે.

અહીં એ સમજવાનું છે કે–

સાધન ઉત્તમ હોય કે હીન હોય તે બહુ અપેક્ષિત નથી.

અધ્યવસાયોની શુદ્ધિ જ વધુ હિતકર છે.

વળી, આ અકાલમરણ પણ કહેવાતા નથી. કારણકે–સમાધિપૂર્વકનું મરણ થતું હોઇને તે સદ્‌ગતિના કારણ રૂપ છે.

પરીષહોનો વિજેતા જ આ રીતે સંયમનું શુદ્ધ પાલન કરી શકે

ત્યાગી થયા પછી તૃષ્ણાદિ વૃત્તિઓ ઉપર વિજય મેળવવા માટે સાધકને બીજા પણ અનેક પ્રકારના ત્યાગ કરવાના હોય છે. કારણકે બાહ્ય પદાર્થોનો ત્યાગ તો સાધનાની શાળામાં જોડાવા પૂરતો ઉપયોગી છે. પરંતુ તે પછી વૃત્તિઓ ઉપર લાગેલા કુસંસ્કારોની શુદ્ધિ પણ આવશ્યક છે. કેમકે આ શુદ્ધિ થયા પછી જ જીવનમાં ઉચ્ચ ગુણોની ખીલવણી થાય.

વસ્ત્ર–પાત્રાદિ સાધનોના ત્યાગ કે સ્વીકારની પાછળ, દેહ પરનું મમત્વ ઉતારી દેહની મર્યાદા અને સ્વાસ્થ્ય જાળવવાનો હેતુ છે. કારણકે વસ્ત્રપાત્ર અને ભોજનાદિનું સેવન સંયમયાત્રાના મુખ્ય સાધનરૂપે છે. તેમ છતાં સાધક બહુ જ ઓછા સાધનોથી ચલાવો લેતાં શીખે,

કેમકે બાહ્ય સાધનો ઘટવાથી અંતરની ઉપાધી પણ ઘટે છે,

ઉપાધિ ઘટવાથી અશાંતિમાં ઘટાડો થાય છે. અને સાધનાનો માર્ગ સરલ બને છે.

વળી એક વ્યક્તિ પાસેથી ( અનીતિથી દૂભવીને ) લઇને બીજાને આપવું તે ખરું દાન નથી.

પોતાની જરૂરિયાત ઘટાડી, તેમાંથી બીજાને આપવું તેજ આદર્શ શુદ્ધદાન છે.

---

વૃત્તિના પૂર્વ અધ્યાસો – સંસ્કારોને લીધે ભૂલી ન જવાય એ સાવધાનતા માટે તથા ગમે તેવી કસોટીને પ્રસંગે પણ અડગ રહેવા માટે પ્રતિજ્ઞા લેવાની આવશ્યકતા છે. સાધક સિદ્ધ ન બને ત્યાં સુધી ખાવા-પીવાથી માંડી પ્રત્યેક કાર્યમાં પ્રતિજ્ઞા જરૂરી છે.

પ્રતિજ્ઞા કેવી લેવી ? તે તો સાધકની શારીરિક ક્ષમતા ઉપર આધારિત છે.

પરંતુ પ્રતિજ્ઞાના ભંગ માટે લેશ માત્ર અપવાદ નથી. નાની શી પ્રતિજ્ઞા માટે પણ જીવન સમર્પી દેવું જોઇએ. સંકલ્પ બળની સિદ્ધિ પ્રતિજ્ઞાની દૃઢતા ઉપર અવલંબે છે. જેને જીવનનો મોહ નથી અને મૃત્યુનો ભય નથી તે જ જ્ઞાની છે. આવા સહિષ્ણુ સાધકમાં જે સંકલ્પ બળ હોય છે તે લાખ્ખોના વિજેતા વીરમાં પણ નથી હોતું.

આ રીતે પ્રતિજ્ઞા એ સાધકની જનેતા છે. તે પડતાને બચાવે છે અને પડેલાને ઉગારે છે. પ્રતિજ્ઞાથી ઉપાધિઓ ઘટે છે અને જીવન હળવું ફુલ બને છે. આ રીતે પ્રતિજ્ઞામાં પ્રચંડ તાકાત છે.

પ્રલોભનો સોનાની સાંકળ જેવા છે. સાંકળ સોનાની હોય તોપણ તે સાંકળ જ છે ને ! વિકાસના માર્ગનું એ ગતિરોધક કારણ છે, પ્રલોભનોમાં એવું આકર્ષણ છે કે મનુષ્ય હોંશેહોંશે તેમના બંધનમાં બંધાય છે અને ઊલટું તેને સારું માને છે. જગતમાં આ અતિઆશ્ચર્યજનક છે.

સંયમના કડક નિયમોથી કંટાળેલા મુમુક્ષુઓ પણ કેટલીકવાર આ બેડીમાં સપડાઇ જાય છે. તેમની માનસિક નબળાઇનો લાભલઈ પ્રલોભનો પોતાની અસર તેમના મન ઉપર જમાવે છે અને ઘણા પ્રયત્નોથી પ્રાપ્ત થયેલ સુસંસ્કારોની અસરને નષ્ટ કરી નાખે છે. તેથી સાધક સાંસારિક વિષયોપ્રાત પ્રેરાય છે. ત્યાર બાદ વૃત્તિ કે ક્ષુદ્રાભિમાનના પોષણ માટે તે નવો ચોકો જમાવે છે

માટે હિતૈષી સાધક પોતાના માર્ગમાં એકબાજુ સંકટના કાંટા અને બીજી બાજુ પ્રલોભનોના પુષ્પો હોવા છતાં સંકટોથી કંટાળે નહિ કે પ્રલોભનોમાં મુગ્ધ બને નહિ.

જીવનમાં લઘુભાવ લાવવો એ અતિકઠણ છે.

જેને આત્મજ્ઞાન થયુ છે તે દેહનું ભાન ભુલી શકે. દેહનું ભાન ભૂલવા માટે સ્વાદ ઉપરનો વિજયપણ જરૂરી છે એ સાધનાનું અગત્યનું અંગ છે.

જીવનનો અંતસમય આવે તે પહેલાં સ્વયં સાવધાન થઇ હસતા મુખે મૃત્યુને ભેટવાનો દૃઢ સંકલ્પ કરવો અને દેહભાન ભૂલી આત્મભાવમાં લીન થવું-તેનું જ નામ અણસણ છે.

અણસણનો આરાધક નથી દીર્ઘ જીવનકાળને ઝંખતો કે મૃત્યુ જલ્દી આવે તો પીડા મટે એવું પણ નથી ઇચ્છતો. તેને મન બેય અવસ્થા સમાન છે.

અંત સમયે શરીર જન્ય આસક્તિ જીવાત્માને જકડી ન લે તે માટે અણસણ ઉપયોગી સાધન છે. પરંતુ દરેકે તે કરવું જ જોઇએ એવો આગ્રહ નથી. શક્તિ હોય તે જ તેવી પ્રતિજ્ઞા લે.

જે પ્રતિજ્ઞા જેવાસદ્ભાવ, જેવી શ્રદ્ધા અને જેવી નિર્ભયતાથી સ્વીકારાય તેવાજ ભાવપૂર્વક જોતેપળાય તો જ તે પ્રતિજ્ઞા સાર્થક નિવડે

કોઇ પણ વાદો કે મતો પોતપોતાની દૃષ્ટિએ ખોટા નથી, છતાં તે પૂર્ણ પણ નથી, પરંતુ તેમાંથી જે કાંઈ સત્યાસત્ય હોય તે શોધવું અને અન્ય કદાગ્રહી સાધકોને તેનું ભાન કરાવવું. કારણકે- વિચાર, અને વિવેક જિજ્ઞાસાના મૂળ પાયા છે. તે પ્રગટ્યા પછી પરભાવનો ત્યાગ કરી સ્વભાવ તરફ વળવાની પ્રક્રિયા શરૂ થાય છે.

પ્રત્યેક સાધકમાં જિજ્ઞાસાવૃત્તિ મુખ્યત્વે હોવાથી તે હંમેશાં સત્સંગ તરફ આકર્ષાતો રહે છે. સત્સંગ એ તેના સાધનામાર્ગનું નંદનવન છે એના શરણમાં જઇને એ સંશય, ગ્લાનિ અને થાક ઉતારી નાખવા મથે છે.

આ સમયે તેનું હૃદય પ્રેમ અને શ્રદ્ધાથી એટલું તો તરબોળ હોય છે કે તેણે સ્વીકારેલું શરણ તે કલ્પવૃક્ષ છે કે કિંપાકવૃક્ષ છે? તે જોવાની અને તપાસવાની તેની અન્વેષક બુદ્ધિ હોવા છતાં, તેની બુદ્ધિનો ઉપયોગ કરવા તે રોકાતો નથી. તેથી તે કોઇ દંભીની જાળમાં ન ફસાઇ જાય અને સાધનામાં લીન રહી પરિપકવ બનતો જાય તે માટે સંગદોષથી બચવાના કેટલાક નિયમો અહીં બતાવ્યા છે, અને તેથી જ અસમાન આચાર-વિચારવાળા સાધુઓ સાથે આહાર-વસ્ત્રાદિ આપવા-લેવાનો વ્યવહાર નહિ રાખવાની આજ્ઞા કરી છે. કારણકે-**संसर्गजा दोषगुणा भवन्ति** આ ઉપરથી ધર્મમાં વિવેકની જ મહત્તા રહેલી છે તેમ સમજવું.

## उवहाणसुयं

### ૧

તકિયા આદિ જે ચીજોને સહારે જીવને બાહ્ય આનંદ તથા પૌદ્ગલિક સુખશાંતિ મળે તે= દ્રવ્ય ઉપધાન

જે તપ અને સંયમ દ્વારા જીવને અનંત-ચિરસ્થાયી સુખ મળે તે=ભાવ ઉપધાન

'અહિંસાનો માર્ગ ભગવાન મહાવીરસ્વામીએ બતાવ્યો છે' - એવું શ્રી સુધર્માસ્વામીએ આચારાંગમાં ઠેર ઠેર જણાવ્યું છે પરંતુ તે પોથી-માંના રીંગણા જેવું નથી.

પૂર્વોક્ત આઠ અધ્યયનમાં અહિંસા સંબંધી જે વર્ણન આવ્યું તેવું વિશુદ્ધ જીવન જીવતાં જે ઉપસર્ગો અને પરીષહો આવ્યા તે બધા સમભાવે સહન કરીને શ્રી વીર કેવી રીતે કર્મ મુક્ત થયા ? તે મહાવીર-સ્વામી ભગવાનના આદર્શ જીવનનું વર્ણન આ અધ્યયનમાં છે.

હરકોઈ વ્યક્તિ આ રીતે અહિંસામય-નિર્લેપ જીવન વ્યતીત કરીને કર્મમુક્ત થઈ શકે છે. તે જૈન દર્શનનો સ્પષ્ટ મત છે.

ભગવાન મહાવીર પોતે જન્મથી ક્ષત્રિય હોવા છતાં ચારેય ઉદ્દેશાને અંતે माहणेण मईमया આવે છે. તે એ બતાવે છે કે-કોઈપણ વ્યક્તિ જન્મથી બ્રાહ્મણ હોવા છતાં તેના કાર્યો હલકા હોય તો તે ખરેખર બ્રાહ્મણ નથી. એ રીતે કોઈ પણ વ્યક્તિ જન્મથી શૂદ્ર હોય, પરંતુ તેની સાધના ઉંચા પ્રકારની હોય તો તે ખરેખર ઉત્તમ છે.

ભગવાન મહાવીરની સાધના मा+हण અહિંસક હતી. બીજાને સંતાપવાના કે રંજાડવાના પરાક્રમો કરીને તેઓ મહાવીર કહેવાયા નથી. પરંતુ અહિંસાની ઉત્કટ સાધનાને કારણે જ તેઓ महावीर અને माहण કહેવાયા છે. તે યથાર્થ છે.

ભગવાને દીક્ષા લીધી ત્યારે સર્વ વસ્ત્રાભૂષણોનો ત્યાગ કર્યો. પરંતુ પ્રણાલિકા મુજબ ઇંદ્રે ભગવાનના ખભે કિંમતી વસ્ત્ર મુકયું. ભગવાનને તેની જરૂર નહોતી પરંતુ પૂર્વ તીર્થંકરોની પરંપરા જાળવી રાખવા, સમાજ વ્યવહારને અનુસરવા તથા सचेल અને अचेल એ બેય અવસ્થામાં મુનિજીવનની સાધના થઈ શકે છે કારણકે બેય અવસ્થામાં નિર્મમત્વ ભાવ જ આવશ્યક છે. તે હકીકતો ભાવિપ્રજાને ધ્યાનમાં લાવવા તે વસ્ત્ર રહેવા તો દીધું, પણ 'હું આ વસ્ત્રથી હેમંત ઋતુમાં ઠંડીને કારણે, ડાંસમચ્છરોથી બચવા કે લજ્જાને કારણે મારા શરીરને ઢાંકીશ નહિ'-તેવો કડક અભિગ્રહ પણ કર્યો છે. આનું નામ જ નિર્મમત્વભાવ

જ્યાંસુધી કેવલજ્ઞાન થયું નહિ ત્યાંસુધી ભગવાન જમીન ઉપર બેઠા નહિ, મૌન પણે કાઉસ્સગ્ગમાં જ ઉભા રહ્યા, સૂવાની તો વાત જ નહિ ક્યારેક બેઠા તે પણ વીરાસને કે ઉત્કટાસને.

આધ્યાત્મિક જીવનની સર્વતોમુખી પ્રગતિ માટે અનિવાર્ય એવા અહિંસા સત્ય-ત્યાગ-સંયમ-અનાસક્તિ તથા તપાદિનુ તલસ્પર્શી વિવેચન અર્થાત્ આત્મતત્વજ્ઞાનની ચર્ચા ઉપરના આઠ અધ્યયનોમાં કરી છે. તેમાં દર્શાવ્યા મુજબ જીવન જીવવાની ઈચ્છા વાળા મુનિએ કેવા આચારો પાળવા ?

તે સંબંધી વિસ્તૃત વિવેચન બીજા શ્રુતસ્કંધમાં આવે છે, પરંતુ ભગવાને જે આ સાધનાપંથ બતાવેલ છે તેના ઉત્તમ આદર્શરૂપ મહાવીર ભગવાન પોતે સંયમ અને સમભાવપૂર્વક કર્મો ખપાવીને કેવી રીતે મોક્ષે ગયા ? તેનું વિસ્તૃત જીવનચરિત્ર અહીં વર્ણવેલ છે.

સાધકને માટે ત્યાગ અને સંયમની દૃષ્ટિએ પાદવિહાર જેટલો ઉપયોગી છે, તેટલો જ લોકકલ્યાણની દૃષ્ટિએ પણ તે ઉપયોગી છે.

ગ્રામ્યજીવનનું નિરીક્ષણ, નૈસર્ગિક આનંદ અને સ્વચ્છ વાતાવરણની જેટલી અનુભૂતિ પાદવિહારથી મળે છે તેટલી વાહનો દ્વારા કદાપિ ન જ મળી શકે, વળી વાહનને કારણે સાધકને પરાવલંબીપણું, કંચનાદિનો સંગ્રહ કરવાની વૃત્તિ તથા તે માટે રાગીમંડળ જમાવવાની પ્રવૃત્તિ સહેજે થતી જવાની. 'એ ભયથી બચવા માટે અને કોઈપણને લેશમાત્ર બોજારૂપ થયા વિના સંયમી જીવનની અખંડ અને અડોલ સાધના થાય'–એ હેતુની પૂર્તિ માટે પાદવિહાર સ્વ–પર કલ્યાણકારી છે.

વળી, કોઈપણ વાહનનો આશ્રય લીધા વિના માત્ર વિહાર કરી અમુક સ્થળે અમુક વખત પડ્યા રહેવાથી પાદવિહારનો સંપૂર્ણ હેતુ જળવાઈ જતો નથી. નિર્મમત્વ ભાવ કેળવવા માટે પાદવિહાર અપ્રતિબદ્ધ હોવો જોઈએ. એક જ સ્થાન ગમે તેટલું પવિત્ર અને સુંદર હોવા છતાં સાધકને માટે ઘણી વાર દોષિત બની જવાનો સંભવ રહે છે.

કોઈ પણ સ્થાન ઉપર મારાપણાનો ભાવ પણ દેખીતી રીતે નાનો હોવા છતાં મહાન શત્રુ સમાન છે, પ્રલોભન અને સંકટોના અનુભવ પણ અપ્રતિબદ્ધ વિહારથી જ થાય છે. વળી અજાણ્યા સ્થળોમાં જ સાધકની કસોટી થાય છે. કસોટી વિના સાચા–ખોટાની પ્રતીતિ શી રીતે થાય ?

અપ્રતિબદ્ધવિહારી સાધક કેટલો મસ્ત હોય ? તે પોતાને રહેવા માટે કેવા સ્થાનો પસંદ કરે ? તેનુ અહીં વર્ણન છે.

આવા એકાંત સ્થાનોમાં ધ્યાનમગ્ન રહી તપશ્ચર્યાસહિત કષ્ટો સહન કરવાને લીધે ભગવાન સદેહી હોવા છતાં દેહાધ્યાસથી પર રહેવામાં સફલ થતા ગયા. પ્રત્યેક સાધકની સાધના આ રીતે સફલ થઈ શકે.

પાદવિહાર અને ભિક્ષામય જીવનમાં પરીષહો કે ઉપસર્ગોનો અનુભવ થવો સહજ છે. વળી સાધનાની વિકટ વાટે પ્રલોભનની ખીણો અને સંકટોના ટેકરાઓ હોવા પણ સ્વાભાવિક છે, પરંતુ મુશ્કેલીઓ જ પુરુષને મહાન બનાવે છે–એમ કહીએ તો ખોટું નથી.

કષ્ટોનો કોઈપણ જાતનો પ્રતિકાર કર્યા વિના ચુપચાપ સહી લેવા-તેનું જ નામ સહિષ્ણુતા. આપત્તિનો ખરો પ્રતિકાર પ્રત્યાઘાતમાં નથી, પણ સહિષ્ણુતામાં જ છે. પ્રત્યાઘાતના પરિણામ પરસ્પર હાનિકારક જ નીવડે છે, તે લક્ષમાં રાખી કોઈપણને પ્રહાર ન કરવો.

કારણકે વ્યક્તિ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તને તિરસ્કારવું કે તેની શુદ્ધિ કરવી--તેના કરતાં ઉપાદાનની શુદ્ધિ કરવી તે જ સરલ અને સાચો માર્ગ છે.

★

## અપવાદમાર્ગ

પગપાળા મુસાફરી કરનાર ભૂખ-તરસ કે થાક વિગેરે લાગતાં રસ્તામાં પડાવ નાખે છે અને જરૂરત લાગેતો ત્યાં રાત્રિવાસો પણ કરે છે. તેમ છતાં જેમ એ પ્રવાસીનો વાસ કે રાત્રિવાસ તેને આગળ પહોંચવામાં અંતરાયરૂપ નથી, બલ્કે સહાયક છે;

તેરીતે અપવાદ માર્ગનું વિધાન જીવનની ભૂમિકાને નિર્બળ બનાવવા માટે નથી, પરંતુ થાક લીધા પછી બેવડા વેગથી આગળ વધવામાં સહાયક છે

વળી અપવાદ માર્ગનું સેવન કરનાર માટે પાકી ગયેલ ગુમડાવાળા માણસનું ઉદાહરણ પણ અપાય છે. ગુમડું પાકી ગયા પછી ઓછામાં ઓછા દર્દથી જેમ રસી કઢાય છે અને સ્વસ્થતા પ્રાપ્ત કરાય છે તેરીતે અપવાદ માર્ગનું સેવન કરનાર મુનિ પણ,

પોતાના વ્રતોમાં ઓછામાં ઓછા દૂષણ લાગે તે રીતે વર્તે-એ ભાવ છે.

### स्वाध्याय

जहा सुई ससुत्ता पडिया वि न विणस्सइ ।
तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ ॥

દોરાવાળી સોય નીચે પડી જાય તો પણ ખોવાતી નથી,
તેમ જીવ સૂત્ર-સિદ્ધાંતના જ્ઞાનસહિત હોય તો કર્મવશ તે ગૃહસ્થાવાસમાં રહેતો હોય,
તોપણ તે ચતુર્ગતિમાં અટવાતો નથી,
કારણકે—ज्ञानस्य फलं विरतिः
વિધિમાર્ગ-અપવાદમાર્ગનું રહસ્ય તે જાણતો હોવાથી
તેનું જીવન તદનુસાર મોક્ષપથાભિમુખ હોય,
માટે અર્થાનુસંધાનવાળા સ્વાધ્યાયની ખૂબ જ જરૂર છે.

| | |
|---|---|
| રીઝે જોને રામ | સદા વ્રત સત્યનું ધરતાં |
| ,, | સંતનું સ્વાગત કરતાં |
| ,, | દૃષ્ટિ સમ જેણે કીધી |
| ,, | તૃષ્ણા સૌ ત્યાગી દીધી |
| ,, | દામ કામ ન આપે પરનું |
| ,, | દૂભે નહિં દિલ અવરનું |
| ,, | સદા સંતોષી રહેતાં |
| ,, | કુપંથે પગ નવ ધરતાં |
| રીઝે છે વળી રામજી | અંતરની શુદ્ધિ થકી |
| ઉત્તમ ભાવના ભાવતાં | સદા હજુર છે શ્રી હરિ |